શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક ૧લું

## ભગવાનનો મહિમા અને ભગવાનના ભક્તનો મહિમા ન જાણે તે અર્ધો વિમુખ

(કારીયાણી વ.૧) શ્રીજીનું કૃપા વાક્ય. ઉત્પત્તિ કરે છે તે જીવના કલ્યાણ સારૂ ને પ્રલય કરે છે, તે જીવના સુખ સારૂ છે; ને એવા જે પરમાત્મા તે કૃપા કરીને આ પૃથ્વી ઉપર આવે તે સંતના સમાગમથી જણાય છે. અર્થાત્ તેને જાણવામાં કારણ તે સંત જ છે. ભગવાનને બતાવનારા તે સંત જ છે. તે ઉત્પત્તિ નથી કરતા, સ્થિતિ નથી કરતા, પ્રલય નથી કરતા; તે તો પરમાત્મા રૂપ જ ધન આપે છે. અને તે પરમાત્માને પામવાનું જે સાધન તે સંત વતે જ થાય તેવું છે. તો તે સંત બહુ જ મોટા છે. તેનો મહિમા નિગમ ન કહે ! તે તો તે જ કહે. ને તે સિવાય ન જ કહે, ને કહે તો સંત જ છે,એમ જાણવું. ગુણાતીતાનંદસ્વામીએ પ્રથમ પ્રકરણની વાતુમાં કહ્યું જે, એવો મહિમા સમજવાનું કારણ તો એવા ભગવદી જ છે. એ વાત પહેલી છે. (કા.વ.૨) પ્રશ્ન- ૨જું ભગવદાનંદસ્વામીનું છે. તેનો ઉત્તર સ્વયં શ્રીજીએ કર્યો છે જે બધાની બરોબર સાધન પાળે તો શાપિત બુદ્ધિ ન ટળે; તે તો સહુથી વિશેષ પાળે તો ટળે.

પરંતુ તે બરોબર સાધન પાળી શકે તેમ નથી. તેથી જ તે ઉત્તર ઘટતો નથી. ને તે દોષ બુદ્ધિમાં ઘટતો છે. તો તેમાં ઉત્તર બીજો સમાયો છે ને તેનો ઉત્તર નિર્દોષ સમજવાનું છે. તો તે વિશેષ વર્તમાન છે તે જાણવું. તે શાપિત બુદ્ધિ ટાળનારા સંત જ છે. તેના મહિમાથી ટળી જાય. અર્થાત્ વિશેષ સાધન તે સંતનો મહિમા સમજવો એ જ છે. (કા.વ.૩) માં

નિષ્કુળાનંદસ્વામીએ પૂછ્યું જે, એમ રહેવાય છે તે વિચારે કરીને રહેવાય છે કે વૈરાગ્યે કરીને રહેવાય છે ? ઉત્તરમાં શ્રીજીએ મોટા સંત જ બતાવ્યા છે. ને તેનો સમાગમ બતાવ્યો છે. અર્થાત્ કાયમ વિષયથી નોખા રહેવું તે સંત સમાગમ જ છે. માટે સંત સમાગમ કરવો તો જ તે બુદ્ધિવાળો છે.

(કા.વ.૬) બ્રહ્માનંદસ્વામીએ પૂછ્યું, મત્સર ટાળ્યાનો શો ઉપાય છે ? અર્થાત્ શ્રીજીએ કહ્યું, સંત ને માર્ગે ચાલે તેનો મત્સર ટળે, તે સંત હોય તો ટળે; ને સંત જ હોય તો મત્સર કહેવાય કેમ ? તો સંત જ ન કહેવાય, તો તેમાં એમ સમજવું જે નિરમત્સરવાળા સંત હોય તેનો શ્રદ્ધા સહિત સંગ કરે તો ટળે. અર્થાત્ મત્સર ટાળ્યાનું કારણ તો સંત જ છે. માટે તેને ઓળખવાનું કારણ સદ્ગુરુ ગુણાતીતાનંદસ્વામીએ(પ્ર.૩.વા.૧) માં કહ્યું; તેનું વૃત્તાંત જોવું; ને તેણે જેને સેવ્યા છે તેનું સામર્થ્ય જોવું; ને તે થકી જે ભક્ત થયા તે જોવા. એવી રીતે જોઈને ગુરુ કરવા અને શ્રીજીએ પોતાના વૃત્તાંત તરીકે કહ્યું, અમારે તો કામ, ક્રોધ, લોભ, માન, મત્સર, ઈર્ષા એ સર્વેનો ક્યારે લેશ જ આવતો નથી. તો તે સંતના લક્ષણ છે. તેને જીવ જાણી શકતો નથી. કારણ કે શ્રીજી કહે છે જે, અમારે તો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સર્વેનો હૈયામાં લેશ જ નથી આવતો ને તેનું ગ્રહણ કરીએ છીએ તે તો ભક્તની ભક્તિ દેખીને જ કરીએ છીએ. અને તેને અર્થે ન જણાય ને પોતાને અર્થે જણાય તો આ દેહનો પણ ત્યાગ કરી દઈએ; તો આવા સંતના લક્ષણને જીવ જાણતો જ નહીં હોય તો જ કહેવું પડે છે. અને ખરા ભક્તનું લક્ષણ એ, જે રમણીય પંચવિષયમાં આનંદ ન પામે; ને તેમાં આનંદ પામે તો ખરો ભક્ત નહિ. અને ખરો ભક્ત હોય તે પદાર્થમાં લોભાય નહિ. તે પોતે પોતાના વૃત્તાંતે બતાવ્યું છે. તે અતિ મૂલ્યવાળા વસ્ત્ર લાવ્યા તે ગ્રહણ કરીને તુર્ત બ્રાહ્મણને આપી દીધાં પણ તેમાં તે લેવાણા નહિ. તે જ રીતે પદાર્થ અંતરમાં નથી તે જાણવું. એ સાધુતાનું લક્ષણ છે. તેવા લક્ષણવાળા સાધુને મળે તો મત્સર ટળે. તો તે

શ્રદ્ધા ને સંતનો વિશ્વાસ રૂપી શ્રદ્ધા હોય તો જ નિરમત્સર થવાય છે. અર્થાત્ તે સર્વેનું કારણ નિરમત્સર એવા પરમાર્થી સંત જ છે.(કા.વ.૭) પ્રશ્ન ત્રીજું વૈરાગ્ય ઉદય થયાનું કારણ શું છે ? અર્થાત્ તેનો ઉત્તર કરતા સ્વયં કહે જે, જે સંત તથા સદ્‌ગ્રંથને સાંભળીને ચટકી લાગે તેને ઉપજે છે. તે ચટકી લાગી ને પાછી ઉતરી જાય છે તે સંત-સમાગમ વગર. માટે વૈરાગ્યને ટકાવનારા તો સંત છે, તો તે કાર્ય સંત વડે છે. તો તે સંત વૈરાગ્ય વાળા જોઈને તેનો પ્રસંગ તે જોઈએ તો તેનો હેતુ તો તરત જ માનવા.

અને વૈરાગ્યવાનને વૈરાગ્ય આપવાનું ન હોય, તેને તો તમામનો ત્યાગ જ રહે છે. પણ તેમાં જેને હેત થાય તેને જ વૈરાગ્ય થાય છે ને તેની પાસે રહેવાય. ને તેમાં રાજસી, તામસી, સાત્ત્વિકી તેના કર્મ જ છે. ને તેથી તેવા તેને મળે છે તો વૈરાગ્યરૂપી સાધનના પ્રવર્તાવનારા તો સંત જ છે. અર્થાત્ તે સંતને ઓળખવાનું લક્ષણ શાસ્ત્રોમાં છે. તો લક્ષણ જોઈને જે સમાગમ કરે છે તે પરમપદને પામે છે. તેથી તેમાં ભ્રષ્ટતા ઘટતી જ નથી જો સંતને કહીએ સંત ભ્રષ્ટ કહેવાય છે ને જીવ તો કામ્ય ગ્રંથી છે. માટે તેમાં તો એમ સમજવું જે શાસ્ત્રમાં અસંત તથા સંત બતાવ્યા છે તો તેને અસંતનો જોગ સમજવો. કારણ કે સંત તો નૌકારૂપ કહાવ્યા છે. તે વહાણનો તો એવો સ્વભાવ છે જે તમામને તારે, તારે ને તારે ! એમ સમજવું. અર્થાત્ દેશકાળના પ્રવર્તાવનારા શુભ-અશુભ પુરુષ છે. તે જોવું ને સંતને મળવું. તો જ તે થકી તે કાર્ય થાય છે. તો તે સંત સમાજ બહુ ભારે સમજવો. તે સંત તેમાં આ વાત પણ એક જ છે.(કા.વ.૭) કૃપા વાક્ય શ્રીજીએ કહ્યું છે. ને તેનો ઉત્તર કોઈથી ન જ થયો ત્યારે ઉત્તર કરતા સ્વયં કહે, આત્યંતિક કલ્યાણ કેને કહેવું ? તો પીંડનો ને બ્રહ્માંડનો નાશ થયા પછે પ્રકૃતિનું કાર્ય નાશ. પ્રકૃતિમાં લય તે ચોવીશ તત્ત્વનો ને પ્રધાન ને પુરુષનો નાશ. ને પ્રકૃતિ પુરુષ અક્ષર બ્રહ્મમાં લય પામે, ત્યારબાદ એકલું ચિદ્‌ઘન તેજ તે રહે, ને તે તેજમાં એક પુરુષોત્તમ રહે છે તે તો કાયમ રહે છે. તે છતાં

શ્રીજી કહે છે જે, હું મનુષ્ય આકૃતિ ધારું છું. તે શું સમજવું ? તો તેમાં કહેવાનું છે જે સંત તરફ અજવાળું ને માયા તરફ અંધારું રહે છે. તે જ જાતનો પ્રલય કહ્યો છે. તેની કૃપાદષ્ટિરૂપ પ્રકાશ થાય તે જ તેને દેખે છે. અને અધર્મરૂપ અંધારું નાશ થાય છે. ને તેમાં સ્થિતિરૂપ પુરુષોત્તમ રહે છે. અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વિશે રહેશે તે બન્નેને દેખવા. કૃપારૂપ સંત મેળાપ બતાવ્યો છે. તે સ્વરૂપમાં માયિક ભાવ દેહભાવ ન જાણવો. તે દેહભાવ ટાળ્યા સારું વેદાંત શાસ્ત્ર નિર્ગુણપણે પ્રતિપાદન કરે છે. જે સર્વે કારણ સર્વે વ્યાપકપણે કહે છે. તે શું આત્મસ્થિતિને પામવા ? ને ભગવાન પરાયણ રહેનારાનો મહિમા સમજવાનો છે. તો તે સંત આપે તો પ્રકાશ સમજવો. એવા પ્રકાશરૂપ વિશ્વાસથી તે પુરુષોત્તમનો અખંડ સાક્ષાત્કાર સંબંધ તે આત્યંતિક કલ્યાણ કહેવાય. અને તે પુરુષોત્તમ તો ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય ત્રણેય કાળમાં અચળ પદવી તો પુરુષોત્તમની છે. તે શું છે ? સમજાતું નથી. તે પુરુષોત્તમે કૃપા કરી તો પણ ન સમજાય તો તેમાં શું સમજવું બાકી છે ? તો તેમાં સંતપ્રસંગરૂપ સાધન તેમાં જેને કામ, ક્રોધાદિક ન વ્યાપતા હોય તેનો પ્રસંગ તે પ્રસન્નતારૂપ અંજવાળું. અને શાસ્ત્રનો તથા ધર્મનો તથા સંતપુરુષની પ્રસન્નતારૂપ શું છે ? જે સંતપુરુષનો સંબંધ છે, તે જીવની અજ્ઞાન અવસ્થા ઘટે છે. માટે તેને તે જ નેત્રથી જોવારૂપથી જ પૃથ્વીએ અચળ પુરુષોત્તમ જોઈ શકાય છે. પરંતુ આપણી દષ્ટિથી પૃથ્વી ઉપર ઘટતા જ નથી. ને પુરુષોત્તમ તો કાયમ પૃથ્વી ઉપર રહે છે. ને તેના સંત પણ પૃથ્વી ઉપર રહે છે. તેને જાણવામાં વિઘ્નરૂપ કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, માન છે. તે નારાયણના ચરણમાં સ્થિર થવા દેતા નથી. અને આત્યંતિક કલ્યાણ સંત છે. તો પણ તે દોષ સંત પાસે રહેવા દેતા નથી, તેથી તે આંત્યતિક કલ્યાણ ઘટતું નથી. પરંતુ તે આત્યંતિક પ્રાપ્તિ તો સંતની પ્રાપ્તિ છે. ને તેની જ સેવાપરાયણ દીન થયે તે દેખવારૂપ જોવાનું ઘટે છે, તો તેના મહિમારૂપ પ્રાપ્તિથી જ્યાં જુવે ત્યાં

તે જ ભાસે તે પ્રાપ્તિ પુરુષોત્તમના સંતથી થાય છે. અર્થાત્ તે સંત જેવા સંત જ છે. સદ્. ગુણાતીતાનંદસ્વામીએ પ્રથમ પ્રકરણ વાત ૩૧૨માં કહ્યું છે, અજ્ઞાન અવસ્થારૂપ અંધારું છે. તેમાં સાક્ષાત્ રીતે સંતપ્રસંગથી પ્રકાશ થાય તે ચિદ્ઘન તેજ છે. તે તેજ એક રહે ને તેમાં એક પુરુષોત્તમના સંબંધરૂપ સ્થિતિ તે સિદ્ધદશા ગણાય છે. તો સત્સંગ તો મહાવિશ્નુરૂપ છે. તો તે સિદ્ધ આજ ઘણા છે. તે પ્રકરણ ૧ વાત ૨૯ માં લખ્યું છે. તે સિદ્ધદશાવાળાથી જ આત્યંતિક કલ્યાણ પમાય છે. અર્થાત્ તે પ્રકાશે શ્રીજી તે, અખંડ છે. તે પુરુષોત્તમ સર્વોપરી ગણાય છે. તેથી બીજાની મોટપ નજરમાં ન આવે તે સિદ્ધદશા ગણાય છે. તેથી તેને કશું સાધન ને બીજું આવરણ કાંઈ છે જ નહિ. તેને કાયમ પૃથ્વી ઉપર સાક્ષાત્. તો તે દૃષ્ટિ તેથી જ છે. અર્થાત્ આ વાત સમજે તો જ સંતાપ શમે છે, પરંતુ આ વાત સમજાય તેવી નથી. તેમાં ગુરુવિશ્વાસ ઘટે છે. તે જ મોટું સાધન છે. (કા.વ.૮)

નિર્ગુણપણું તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ ગણાય છે. તે પૃથ્વી આદિક તત્ત્વ ગણાય છે. તે શું ? તો સ્વધર્મ ગણાય છે ને તેના આત્મારૂપ ધર્મ ગણાય છે. તે તેમાં વર્ણના ધર્મમાં બ્રાહ્મણ ગણાય છે. તે સૂક્ષ્મતા તો શ્રીજીનું ગણાય છે. અને તે થકી પર પ્રધાન ને પુરુષ ગણાય છે. તો તે પર છે. શું પર છે ? જે આ પૃથ્વીએ જે સૂક્ષ્મધર્મ છે. તો તે ધર્મમાં વર્ણાશ્રમ સરસ ધર્મ ગણાય. તેથી વિશેષ ધર્મ વિશેષ તત્ત્વરૂપ ગણાય છે અને તે થકી પર શુદ્ધ પ્રકૃતિ ને પુરુષ ગણાય છે, તેનું પણ આત્મા ગણાય છે. તે શું છે ? જે ધર્મ બ્રહ્મચર્ય ગણાય છે, તો તેનું ફળરૂપ વિશેષ ગણાય છે. અને અકર્મરૂપ ધર્મનું તત્ત્વ ગણાય, ને કર્મરૂપ ધર્મ ગણાય છે. ને ફળ તે ધર્મનું તત્ત્વ ગણાય છે. ફળ છે તે તત્ત્વ છે. અને ન ઈચ્છે તે પ્રધાનરૂપ તત્ત્વ છે ને બ્રહ્મ છે તે પ્રકૃતિરૂપ સૂક્ષ્મ છે. ને તેમાં સેવા રૂપ તત્ત્વ છે અને તેથી પર અક્ષર તેથી સૂક્ષ્મ છે.

તે શું છે ? તો જીવસત્તા સૂક્ષ્મ છે ને તેનું તત્ત્વ સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરમાત્મા છે પણ એ સર્વે શરીર છે. ને પરમાત્મા શરીરિ છે. જેમ દેહ

થકી જીવ સૂક્ષ્મ છે. ને શુદ્ધ છે ને ઘણો જ પ્રકાશમાન છે. ને દેહરૂપ ચોવીસ ઈન્દ્રિયું છે તેથી સૂક્ષ્મ જીવ ઈન્દ્રિયુંમાં રહે પણ તે પોતાની સત્તા રહે અને ઈન્દ્રિયુંના કર્મ તો ઈન્દ્રિયું ને ઈન્દ્રિયુંમાં વિકાર નહિ. તે સૂક્ષ્મ છે અને જીવને વિષયરૂપ ઈન્દ્રિયું છે. તે વિષયથી જ વિષય ટળે તે શું છે ? પ્રકાશરૂપ ઈન્દ્રિયુંના અવકાશમાં પ્રકાશ આપે તે પ્રકાશમાં ન ગણાય. તેમાં જીવ, પ્રધાનપુરુષ ને પ્રકૃતિપુરુષ ને અક્ષર એ બે થકી સૂક્ષ્મ છે. ને પરમાત્મા એથી સૂક્ષ્મ છે. અને જીવ થકી સૂક્ષ્મરૂપ પરમાત્મા છે તે સૂક્ષ્મ સમજવું ને પ્રધાન થકી પરમાત્મા સૂક્ષ્મ શું છે ? અર્થાત્ પ્રધાન પુરુષરૂપ ઈશ્વર તેમાં સૂક્ષ્મ પરમાત્મા અરૂપ થકા કર્તા ગણાય છે. એટલે અગોચરને તે થકી પ્રકૃત્તિ પુરુષ થકી સૂક્ષ્મ શું છે ? જે પરમાત્મા સૂક્ષ્મ છે તે અરૂપ એટલે અગમ સમજવું અને અક્ષર થકી સૂક્ષ્મ પરમાત્મા શું છે ? અર્થાત્ કર્તાને ન જાણે તે છે. કોઈપણ ન જાણે; ને જાણે તો પોતા તુલ્ય જાણે. તેથી જ તે જીવ થકી પરમાત્મા શુદ્ધ શું છે ? જે જીવ કર્મ કરે તેનો તેને લેપરૂપ કર્મ લાગે, ને પરમાત્માને ન લાગે. અને પ્રધાન અને પુરુષ થકી પરમાત્મા શુદ્ધ શું છે ? જે ઈન્દ્રિયું કર્મ કરે તે કર્મ ઈન્દ્રિયું ને ન લાગે તેમ બ્રહ્માંડની સ્થિતિ કરે તે છતાં નોખા રહેવાય તે તેનો સ્વાભાવિક ગુણ છે. છતાં નોખા રહે તેને પ્રકૃતિ ને પુરુષ થકી શુદ્ધ પરમાત્મા છે તે શું છે ? જે પ્રકૃતિ ને પુરુષનો મેળાપ થયે નોખા રહેવાય તે. અને અક્ષરથકી પરમાત્મા શુદ્ધ તે શું છે ? તો તેમાં રહીને તેનું નિયમન કરે અને જીવથી પરમાત્મા નિર્લેપ તે શું છે ? તો ઈન્દ્રિયુંનો સ્વભાવ જે, જે વિષયનો જોગ થાય તે તે રૂપ થઈ જાય છે. ને તે રૂપ ન થાય તે નિર્લેપ છે. અને પ્રધાન પુરુષ થકી પરમાત્મા નિર્લેપ તે શું છે ? તો આસક્તિ પ્રધાન તે છતાં ન લેવાય તે નિર્લેપ પરમાત્માનું સ્વરૂપ છે. અને પ્રકૃતિને પુરુષ થકી પરમાત્મા નિર્લેપ તે શી રીતે છે ? પ્રકૃતિરૂપ માયા તે પુરુષને છે. પુરુષને સ્ત્રી માયા છે. તેથી નિર્લેપ જે રીતે રહે તે પરમાત્મા નિર્લેપ સ્વરૂપ છે. અને અક્ષરથી

પણ નિર્લેપ પરમાત્મા શું છે ? તો તેમાં દોષ ન ભાસે ને ગુણ પણ ન ભાસે ને સદા સંબંધ છે તે નિર્લેપ રહે. તે નિર્લેપ સ્વરૂપ પરમાત્મા છે. જીવના કર્મ ને તેના ફળને પ્રકાશે તે પરમાત્મા અતિ પ્રકાશવાન છે. તે પ્રધાનપુરુષની સત્તા લેવી તે સત્તાથી સત્તા રહે છે. તે શું છે ? તો માનીથી નિર્માની છે તે વિશેષ પ્રકાશ છે ને પ્રકૃત્તિ ને પુરુષ સત્ય ગણાય. ને અનંત કોટી બ્રહ્માંડના કર્તા સત્ય પ્રકાશ તે શું ? પરમાત્મા પ્રકાશ છે. પ્રકૃતિનો ને પુરુષનો સ્વભાવ નોખો છે, છતાં ભેળા રહે ને અખંડ ગણાય તે વિશેષ પ્રકાશ છે. અને અક્ષર પ્રકાશ છે તો તેમાં વિશેષ પ્રકાશ શું છે ? તો વેદરૂપ પ્રકાશ છે. તો તેમાં પરાવાણીરૂપ વિશેષ પ્રકાશ પરમાત્મા છે. જેમ આકાશ છે તે ચાર ભૂતમાં રહ્યો છે ને વ્યાપક છે. તે તો જેમ તલમાં તેલ, તેમ સર્વમાં પરમાત્મા છે ને તે તે ભૂત થકી પરમાત્મા અસંગી છે. તે તો જેમ અવસ્થામાં રહે ને તે જ અવસ્થાનું કર્મ કરે, તે કર્મ ન લાગે તે સ્વરૂપ અસંગી સમજવું. અને પોત પોતાનો સ્વભાવ હોય તે છતાં કર્મ, કર્મ ન લાગે તે પરમાત્મા છે.

તે પરમાત્મા સર્વત્ર સમજવા ને તે જેવા થવાને કોઈ સમર્થ નથી થતું તેવી રીતે સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્વરૂપ ને નિર્લેપમાં નિર્લેપ ને શુદ્ધમાં શુદ્ધ પરમાત્મા ને અસંગીમાં અસંગી પરમાત્મા ને પ્રકાશમાં પ્રકાશ પરમાત્મા. ઐશ્વર્યમાં ઐશ્વર્ય યુક્ત તે પરમાત્માનું નિર્ગુણપણું છે. અને જેમ ગિરનાર પર્વત છે, તેને લોકાલોક પાસે મુકીએ ત્યારે તે અતિ નાનો ભાસે, પણ ગિરનાર પર્વત કાંઈ નાનો થયો નથી ! તે તો દૃષ્ટાંત છે. પરંતુ એમાં સમજવાનું શું છે ? જે પદાર્થ મોટું જણાય તે જ પરમાત્મા છે. અર્થાત્ મોટાથી મોટા પરમાત્મા જણાય છે. અને જીવથી મોટા ને ઈશ્વરથી મોટા તે પરમેશ્વર છે. ને તેથી વૈરાટ પુરુષ ને તેથી પ્રધાન પુરુષ મોટા; ને તેથી પ્રકૃતિ પુરુષ મોટા; ને તેથી અક્ષર. આ સર્વે એકબીજાથી મોટા છે. તો તેથી મોટા પરમાત્મા જણાય તે કેવી રીતે જણાય છે ? તો કામી મનુષ્યમાં

વિશેષ કામી જણાય છે. ને લોભી મનુષ્યમાં લોભી વિશેષ જણાય છે. ને સ્વાદીમાં વિશેષ સ્વાદી જણાય છે. માની મનુષ્યમાં વિશેષ માની જણાય છે. એ જ રીતે ભગવાનની બહુ જ મોટપ છે. ને તેની મોટપ આગળ બીજાની મોટપ જણાતી નથી. તે દૃષ્ટાંતેથી જ જાણવું. તે દૃષ્ટાંત લૌકિક જણાય છે. પણ તે જ રીતે જીવથી ને ઈશ્વરથી ને અક્ષરથી એ સર્વથી ભગવાન મોટા છે. તેમ બ્રહ્માંડ તો આવડા ને આવડા જ રહે છે. પણ પરમાત્માની મોટપ આગળ નાના જણાય છે. ત્યારે કોઈને શંકા થાય જે પુરુષ ને પ્રકૃત્તિ તે વિશેષ કામી ગણાય. તો તેમાં વિચાર કરવો જે તેને બેન ભાઈનો સાંધો છે. પણ મોટામાં દોષ જ ઘટતો નથી. તે જ રીતે પરમાત્માની વડાઈ છે તે સગુણરૂપ છે. અને નિર્ગુણમાં ધર્મ બતાવ્યો ને સગુણમાં સ્વભાવ બતાવ્યો તો તે બેય સ્વરૂપનું ધરનારું મૂળ સ્વરૂપ શ્રીજીનું કેવું હશે ! તો તે સદા મનુષ્ય આકાર જ છે. ને તે જ સ્વરૂપ સર્વકાળે સત્ય છે.

તો તે જ સ્વરૂપનું તે બેય સ્વરૂપ તો તે મૂર્તિનું ઐશ્વર્ય છે. તે મહારાજે પોતે જ કહ્યું છે જે શ્રીકૃષ્ણ ભગવાન બ્રાહ્મણના પુત્રને લેવા ગયા ત્યારે પંચભૂતના દેહવાળા ઘોડા ને રૂપ માયિક હતા. છતાં માયા પર થયા તો તે શ્રીકૃષ્ણ ભગવાનને પ્રતાપે માયા પર થયા. તે સ્થૂળ પદાર્થને એવી રીતે સૂક્ષ્મપણાને પમાડે તે ભગવાનની મૂર્તિને વિશે નિર્ગુણપણું છે. અને તે શ્રીકૃષ્ણે પોતાની માતાને પોતાના મુખમાં બ્રહ્માંડ બતાવ્યું તે જ પોતામાં સગુણપણું છે. તો બંને સ્વરૂપનું મૂળ સ્વરૂપ તો સદા મનુષ્ય આકારે જ છે. અને જે ભક્ત નિર્ગુણ તથા સગુણપણું સમજે તેને કાળ, કર્મ ને માયા તે બંધન ન કરે. ને જે ભક્ત નિર્ગુણપણું સમજે તો તેને કર્મરૂપ ધર્મ બંધન ન કરે. ને સગુણપણું સમજે તો કાળ ન નડે. ત્યારે શું સમજવું ? જે કાળ બંધન જ કરે નહિ. તેથી કહેવાનું એ છે જે, પરમાત્માના કર્મ, તે જીવના કર્મ ખપાવવા સારુ જ છે. તે વાત પ્રસિદ્ધ શાસ્ત્રમાં છે. તો તે જાણી ચતુર

આનંદમાં રહે તે કર્મથી કર્મ છે તે તે પાપથી પાપ વધે છે.તેથી તેનો તેને ભય જ નથી ! તે જ રીતે તે અશુદ્ધ કર્મ ન જ બંધન કરે. તેમાં મુખ્ય સાધન તે ભય નથી તે જ જણાય છે. તે સગુણવાળાને સાંખ્ય વિચાર જણાય છે. ને નિર્ગુણવાળાને ફળ મળે તેથી તે કર્મ ન નડે તો જે જીવે જેમાં આનંદ માન્યો, તેમાં તેને બંધન ન જણાય તે જે જીવ દુઃખ જ માગે છે તે જાણવું. તેથી જ શાસ્ત્રે જીવને પંચવિષય જીવન લખ્યું છે તે જાણવું. અને શાસ્ત્રમાં અન્નમય બ્રહ્મ ને મનોમય બ્રહ્મ કહ્યો છે તેનું કારણ તે સગુણ બ્રહ્મ શાસ્ત્રમાં છે તેથી જ માયા કાયમ ગણાણી તો તે બંધન ન ગણાય, તે જાણવું. અને સગુણને તથા નિર્ગુણને જાણે તેને તે ત્રણેય બંધન ન કરે તે જાણવું પણ આત્યંતિક મોક્ષ તે સ્વરૂપને સંબંધે નહિ. તે તો તેનું કારણ સ્વરૂપ પ્રત્યક્ષ મનુષ્ય સ્વરૂપથી આત્યંતિક કલ્યાણ છે. ને તેના સંતથી જ થાય છે તે જાણશો. અને મનુષ્ય સ્વરૂપમાં તે બંને ઐશ્વર્ય રહ્યા છે. ને તેમાં તે પ્રત્યક્ષરૂપ પરમાત્મા છે. પણ અવશ્ય સુખનો હેતુ તો મનુષ્ય સ્વરૂપ છે. મનુષ્ય સ્વરૂપના શાસ્ત્રમાંથી લક્ષણ જાણીને તેનું શરણ લેવું તો જ મોક્ષરૂપ બારણું ઉઘાડું થાય અને સ્વરૂપ તેના આશ્રિતથી તે પ્રભુ સ્વામિનારાયણ છે. તો તેના વાક્યરૂપ શિક્ષાપત્રી તથા વચનામૃતમાં તેના સંતના લક્ષણ છે. તે લક્ષણે તે સંત ઓળખવા; પરંતુ અત્યારે કહે છે જે, એ તો ગોપાળાનંદસ્વામી વર્તી ગયા. તો તેથી શું સ્વામિનારાયણ મળવાના છે ? નહિ. ને તેના લક્ષણ સિવાય જેના સંબંધથી સ્વામિનારાયણ મળે તો જરૂર આત્યંતિક મોક્ષ ન કરે ? માટે તે સ્વરૂપ તો સંતથી જ ઓળખાય છે. અને સંત ઓળખવા તે સગુણ નિર્ગુણપણું સમજે તો તે સંત સમજ્યા કહેવાય છે. અને તે આત્મારૂપ થયે આ વાત બંધ બેસે છે, નહિ તો નહિ જ બંધ બેસે અર્થાત્ નહિ સમજાય. માટે પ્રત્યક્ષ મનુષ્ય સ્વરૂપ સમજવામાં તેના આશ્રિત સિવાય તેનો મેળાપ ન સમજવો. ને આ વાત તો મારા અનુભવમાં નક્કી છે. તે જરા લખી છે

માટે “સંત મળે સંતતા લહે.” તે વાત જાણવી ને અવશ્ય સાધુતા શીખવી તો આ વાત સમજાશે. નહિ તો નહિ સમજાય.

(કા.વ.૯) ભગવાનનો મહિમા ન જાણે તથા ભગવાનના ભક્તનો મહિમા ન જાણે તો તે અર્ધો વિમુખ છે. અર્થાત્ ભેળા રહે ને ન જાણે તેનું કારણ શું છે ? અર્થાત્ ભેગા રહે તોય તેનો વિશ્વાસ નથી. તેથી જીવ નોખો રહે છે. જો તે સાધનથી મેળાપ રાખીને તે સાથે રહે તો તેનો મહિમા તે જીવને સમજાય છે. કેમ ? જે ગોપીયુંની ચરણ રજ જેને અડતી એવા વૃંદાવનમાં વૃક્ષ તથા લતા તે ભેળો ઉદ્ધવજીએ તેનો સંબંધ માગ્યો પણ ગોપી ભેળા રહેનારાને તે વાતની ખબર નોતી તેમ આપણે પણ સ્વામિનારાયણ ને તેના દાસ સાથે કાયમ રહીએ છીએ તે છતાં તે ભગવાન ને તેના દાસ મનુષ્ય સરખા જણાય છે. તો જો આપણે તેનો પુરો યોગ્ય મહિમા જાણતા જ નથી ને જો તેનો ખરો મહિમા જાણતા હોઈએ તો તેના દાસની પાસે કેમ માન રહે ? ને તે કેમ ન મનાય ? ને જો તેની પાસે રહે તો તેનો વિશ્વાસ જ ન હોય, તો તેનું પુરુ વચન ન મનાય. વળી તેને મનુષ્ય સરખા જાણે તે મનુષ્ય કામનો ત્યાગ કરી શકતો જ નથી. તો સર્વે પ્રકારે છેટા જ રહેશે તો તે સંતો, સંત તુલ્ય મનુષ્ય ગણાય જ નહિ. આવી રીતે વિચારીએ તો તેનો મહિમા તેણે જાણ્યો ગણાય નહિ તો તે અર્ધો સત્સંગી ગણાય છે. અને ભેળા રહે ને તેનો વિશ્વાસ રાખે તો તેને જાણ્યા કહેવાય. નહિ તો જાણ્યા ન ગણાય. તે મહિમા તો એક ઉદ્ધવ ગોપીયુંનો જાણે ને ગોપીયું ઉદ્ધવનો જાણે; તે સિવાય કોઈપણ જાણતા જ ન હતા. તેવો મહિમા તો ગોપીયુંના સંબંધથી ઉદ્ધવ જાણે છે. તો તેમાં તેને સ્ત્રીભાવ જ રહ્યો નથી. ને રહ્યો હોય તો તેની આગળ હલકા થવાય નહિ. તેમ આપણે શ્રીજીને ભજીએ છીએ તે છતાં સત્પુરુષનો આપણને વિશ્વાસ નથી તો સ્વામિનારાયણ રાજી ન થાય. તો તેને પૂરો સત્સંગી ન જાણવો. અને તેના દાસના દાસ થવામાં બહુ જ સુખ છે. તે સુખ તેના

સંત સમાજમાં છે. તો તે સંત પાસે નિષ્કપટ વર્તવું તો જ પુરો મહિમા જણાય. ને બ્રહ્મરૂપ થવાય છે. ને અક્ષરધામમાં જવાય છે. અને શ્રીજીની સેવામાં કાયમ રહેવાય છે. તે સિવાય તો દયા કરીને શ્રીજી ધામમાં તેડી જાય તો પણ ત્યાં ન રહેવાય. ત્યારે આપણે શ્રીજીની સેવામાં રહેવું હોય, તો તો સંત મેળાપ સુધો રાખવો. તો તે ધામમાં રહેવાય. નહિ તો જરૂર નહિ રહેવાય. અર્થાત્ તે સંત સંબંધથી સુખ છે. ને તે સંતની પાસે ભગવાન છે. તો તેને મહિમા સમજવામાં અપૂર્ણ રહેવું જનહિ, પરંતુ સર્વથી સરસ રીતે વર્તવું તેમાં પણ નિમમાં તો તેની બરોબર જ વર્તવું તો જ શ્રીજીનો તે પુરો આશ્રિત છે.

આ રીતથી તેના દર્શનથી જ અનંત પતિતનો ઉદ્ધાર થાય છે. તો તેમાં આપણે આવ્યા છીએ કે બાકી છીએ ? તેનો તપાસ આપણા જ અંતઃકરણમાં કરવો. તો જ પુરો સત્સંગી ગણાય. નહિ તો અર્ધો સત્સંગ છે. માટે સત્સંગી થાવું; તેના દાસ થાવું તે શું છે ? અર્થાત્ સંતની ને પુરુષોત્તમની આજ્ઞા કાયમ રાખવી તો દાસ પદવી છે. ને મહિમા તેના હૃદયમાં છે. તે મહિમા બ્રહ્માને નથી. જો તેણે શ્રીકૃષ્ણ ભગવાનનો મહિમા જાણ્યો જ હોત તો તે વાછડાને હરી ન જાત. તેમ આપણે શ્રીજી મહારાજનો મહિમા જાણ્યો હોય તો તેના સંત પાંચ પાંચ ખાસડા મારે તો પણ કાયમ રાજી રહેવાય છે. તો એ જેવું આપણે કેવું દુઃખ છે ? અર્થાત્ જરા પણ દુઃખ નથી અને મહિમા તો પાંચશે બખતરિયા છે. તેથી ચોરનો ભય ન રહે. અને કાળરૂપી ચોરનો જો આપણને ભય છે, તો સમજવું જે સ્વામિનારાયણ ને તેના દાસનો આપણને સંબંધ નથી. અને પુરુષોત્તમ ને તેના દાસનો સંબંધ થયો હોય તો આપણા જ દર્શને અનંત પતિત જીવનો મોક્ષ થાય છે. આ જ રીતે પુરુષોત્તમ ને તેના દાસનો મહિમા યોગ્ય રીતે આપણે જાણ્યો છે. તો આપણે મોક્ષમાં શું બાકી છે ? અર્થાત્ કાંઈ બાકી નથી. જેમ

**"રવિ મંડળમાં રાત તણું દુઃખ નવ નડે,**
**પારસ પામે ધન દુર્બળતા જાય જો;**
**તેમ પ્રગટ પુરુષોત્તમને જે જે મળે**
**તેનો મહિમા ભવ બ્રહ્માદિક ગાય જો.**
**સુખ સાગર હરિવર સંગે સુખ માણજો."**

આ કીર્તનમાં કહ્યું જે; પ્રગટ પુરુષોત્તમને મળે તેનો જ મહિમા સર્વ શાસ્ત્ર ગાય છે. તો તે જેવો આપણે કેટલોક ભગવાનના ભક્તનો મહિમા જાણ્યો છે ? ને તેનો મહિમા જાણ્યો હોય તો તેને અર્થે શું ન થાય ? અર્થાત્ જે દોષનો ત્યાગ ન થાય તે છતાં તેનો તરત જ ત્યાગ કરાય છે. આવા પ્રતાપી પરમાત્માના દાસ છે. તો તેના દાસ થાવામાં શું લાજ નડે ? તેની આગળ તો દાસના દાસ થવાય જ. તેથી તેના વખાણ શાસ્ત્ર તો બહુ જ કરે, તેમાં આપણે અટકીએ છીએ પણ શાસ્ત્ર તો તેના દાસને જ પુરુષોત્તમ કહે છે પરંતુ આપણે તે કહેવામાં અટકીએ છીએ તેનું કારણ શું છે ? અર્થાત્ જેમ ઘોડાનો પગ સ્વપ્નમાં ભાંગ્યો તે તોળી રહ્યો ! તેમ આપણને એવા નપુંસકના વાક્ય જ અટકાવે છે. તો તેની વાત ન સાંભળવી, ને સાંભળે તો દોષ લાગે જ. તે કુસંગ સત્સંગમાં કહેવાય છે.

ઈતિશ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક સ્વામી જોગી ધર્મપ્રસાદદાસજી વિરચિતા વિનય સીતા પુસ્તક પ્રથમ સમાપ્ત થતું હવું. ॥૧॥ (સંવત્ ૧૯૯૪)

શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક રજું

## સંત-અસંતને ઓળખવાના વિવેકનું નિરુપણ

(કા.વ.૧૨) શ્રી પુરુષોત્તમનો પ્રશ્ન છે; જે સ્થુળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણેય જીવની માયા છે. અને વૈરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત તે ઈશ્વરની માયા છે. તે વજસાર જેવી છે. તે માયા ટાળવાનું કારણ જે સંતના વચનથી ભગવાનનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે સ્વરૂપનું ધ્યાન ને જ્ઞાન રાખે તો તે કારણ શરીરરૂપ માયા જીવથી નોખી પડે છે. જેમ આંબલીના આંબલ્યાની છાલ તેની સાથે અતિ ચોટી છે, તે જુદી કોઈ રીતે ન થાય. પરંતુ જો તેને અગ્નિમાં શેકે ને પછે જરા ચોળે તો તુર્ત જ જુદી પડી જાય છે. તેમ સંતના વિશ્વાસથી ભગવાનનું સ્વરૂપ ઓળખે; તે જ સ્વરૂપનું ધ્યાન કરે તો તે કારણ દેહનો નાશ થાય છે. પણ તે સિવાય તો ધ્યાન ને વચન ભલે રાખે છતાં પણ તે કારણ જતું જ નથી અને ઈશ્વર જે વૈરાટ તે શાસ્ત્રમાં ભગવાન કહેવાય; ને ભગવાનની આજ્ઞામાં કાયમ રહે છે. તેનો જ તેને ભય કાયમ રહે છે. તે છતાં તેને તે ઉત્પત્તિરૂપ માયાની ઉપાધિ નાશ થતી નથી. તો શું તે વૈરાટ આજ્ઞામાં નથી વર્તતો ? ને ઈશ્વર જે વૈરાટ્ તો તે પરમાત્માની આજ્ઞામાં થરથર ધ્રુજે છે ! તો તેમાં શું સમજવું ? અર્થાત્ સંત વચનથી જ શ્રીજી મહારાજ જાણવામાં આવે ને તે સ્વરૂપનું ધ્યાન કરે તો કારણ શરીર નાશ થાય છે. અને તે શ્રી પુરુષોત્તમ સ્વામિનારાયણ આપણને પ્રત્યક્ષ મળ્યા છે કે બાકી છે ? જો મોક્ષ થાવો છે એમ રહે તો શ્રીજી અત્યારે પરોક્ષ જ છે, તો પરોક્ષથી કદી મોક્ષ જ ન થાય અને કારણ શરીર ન બળે. ને જો બળે ને કામ ક્રોધાદિક ન નડે ને

શાંત સ્વભાવ વર્ત્યા જ કરે ને માન ન નડે તો ગુણાતીતાનંદસ્વામીએ પ્ર.ઉ.વા.૧૪૯માં કહ્યું છે જે, માન અપમાને આપણને અક્ષર માનવું ને આપણાથી કોઈ મોટો નથી તો જ તે રીતે વિચાર રહે છે. ને સંત વિશ્વાસથી જ આ જ રીતે પ્રકાશ થાય છે. આ જ રીતે કારણ શરીર નાશ ગણાય છે. તે વિચાર અત્યારે તેના ભક્ત જ આપે ને તેના દાસ સિવાય બીજો શ્રી પુરુષોત્તમનો સાક્ષાત્ મેળાપ ન કરવો, તે મેળાપ એટલે પ્રગટ પુરુષોત્તમનો નિશ્ચય કરાવે છે. ને તે પ્રગટનું ધ્યાન કરાવે છે. તેથી જ વાસના નાશ થાય છે. અને તે પ્રત્યક્ષ સ્વરૂપ સ્વામિનારાયણની આજ્ઞા પળાવે તેથી જ કારણ ગળે છે. અર્થાત્ કારણ દેહ ટાળવાનું કારણ પ્રગટના દાસ જ છે. તે સિવાય અન્ય કોઈ ઉપાય નથી. માટે શ્રીજીની આજ્ઞામાં વર્તનારા સાધુનો વિશ્વાસ રાખવો તો જ તેના સંગથી માયા ટળે છે. અર્થાત્ આવો જબરો તે સંતનો મહિમા આવે. તો કારણ શરીર ટળે છે. પરંતુ આગળ થઈ ગયા જે અવતારો તેણે કારણ ટાળીને કલ્યાણ કર્યા જ નથી, નહિ તો ગોલોકમાં કજીયો શા સારુ થાય ? માટે ત્યાં કારણ નહિ જ ગળ્યું હોય. અને આ સંત તો પ્રગટ શ્રીજીના પ્રતાપથી તરત જ ટાળી નાખે છે. તેથી આ સંત તો બહુ જ મોટા કહેવાય ! અને તેથી જ અત્યારે મોક્ષ અવશ્ય થાય છે; જો તેનો વિશ્વાસ રાખે તો. અર્થાત્ તે દોષ થકી રહિત વર્તવું તો કલ્યાણ અત્યારે જ આ સાધુથી થાય છે. તે સાધુ સૌના આત્મા છે. તે જ્યારે આપણા આત્મા થાય, ત્યારે જરૂર કારણ રૂપ માયા જાય છે; ને સંતોષરૂપ આનંદ આ પૃથ્વીએ અત્યારે આવે; નહિ તો ન આવે અર્થાત્ આ જ રીતે મોટપ જોવી; તો બીજા ઐશ્વર્યમાં ન લેવાય. શ્રીજી તથા મોટા સંતોનો આ જ હેતુ છે તે લગારેક કહ્યો છે અને પ્રગટ સંત જ મહાપ્રાણ છે તે જ આ દેહના પ્રવર્તાવનારા છે. મારે તો તેથી જ બધું સુખ સંપત જણાય છે. ને તેને જોઈ મારા નેણ ઠરે છે. તો તે જ જોવા; જરૂર જોવા. તે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે જોયા જેવા તો

સાધુ જ છે. તેને જ જોવા ને તે સાથે હેત રાખવું, તે જેવું કારણ ટાળવાનું મોટું સાધન નથી અને તે વાત અમોને જીવમાં છે. તો જ શ્રીજી સંત બહિર્પ્રાણ છે, તે માયા ટાળવાનું સાધન છે; તે સિવાય સાધને માયા ટાળવાનો રસ્તો છે જ નહિ અર્થાત્ આ જ રસ્તો લેવો. તે જેવો બીજો કારણ શરીર ટાળવાનો સહેલો ઉપાય નથી, તે સારુ કહ્યું છે; પરંતુ પોતાને પ્રભુ થાવા સારુ કહ્યું નથી. પણ આ તો જીજ્ઞાસુ સારુ કહ્યું છે. તેમાં દૈવી જીવને સમુ પડે ને આસુરીને સારુ ન લાગે. એમ સ્વામીએ કહ્યું. વળી સ્વામી કહે, શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, જાગ્રત અવસ્થામાં સત્ત્વગુણ વર્તે છે ને સ્વપ્ન અવસ્થામાં રજોગુણ વર્તે છે તો પણ જાગ્રત અવસ્થામાં સાંભળ્યું હોય તેનું સૂક્ષ્મમાં મનન કરે ત્યારે જ પાકું થાય છે. તેનું કારણ શું છે ? પછી મુનિ સર્વે મળીને જેવો આવડ્યો તેવો ઉત્તર કર્યો. પણ શ્રીજી મહારાજના પ્રશ્નનું સમાધાન ન થયું પછે મુનિ સર્વે હાથ જોડીને બોલ્યા જે, હે મહારાજ ! આ તમારા પ્રશ્નનો ઉત્તર તો તમો જ કરો તો જ થાશે. આવું મુનિનું વાક્ય સાંભળીને શ્રીજી પોતે અતિ પ્રસન્નતાથી બોલ્યા, જે હ્રદયને વિશે ક્ષેત્રજ્ઞનો નિવાસ તો જાગ્રતમાં સાંભળ્યું તેનું સૂક્ષ્મમાં મનન કરે ત્યારે જ પાકું થાય છે. ને સૂક્ષ્મ શરીર તે ક્ષેત્રજ્ઞની સમીપે વર્તે છે. તે જે વાત ક્ષેત્રજ્ઞ પ્રમાણ કરે તે જ વાત અતિશે દ્રઢ થાય છે. તે વચન મુનિએ વિશ્વાસ પૂર્વક માન્યું ત્યારે શ્રીજી રાજી થઈ ને બોલ્યા જે ગમે તેવો કામી, ક્રોધી, લોભી, લંપટ જીવ હોય પણ જો આવી રીતે વિશ્વાસ રાખી શ્રી પુરુષોત્તમની વાત સાંભળવી, તેથી અન્ય નિર્વિષય થાવાનું મોટું સાધન નથી. તે માળા ફેરવતા હશો, ને ધ્યાન કરતા હશો ત્યારે આવું નિર્વિષયી નહિ થવાતું હોય ! માટે વિશ્વાસ રાખીને ભગવાનની વાત સાંભળવી તે બરોબર સાધન નથી.

અને સ્વપ્ન અવસ્થામાં સૂક્ષ્મ શરીર છે. ને યથાર્થ જ્ઞાન છે. ને જાગ્રતમાં યથાર્થ જ્ઞાન છે. તે છતાં સૂક્ષ્મમાં વિશેષ થયું તેનું કારણ શું

છે ? અર્થાત્ સત્ત્વગુણ ને તેનું ફળ સ્વર્ગ તરીકે ગણાય છે. ને રજોગુણ ને તેનું ફળ મધ્યલોક ગણાય છે. તો તે મધ્યલોકમાં શું વિશેષ છે ? અર્થાત્ શ્રી પુરુષોત્તમ ને તેના દાસ સાક્ષાત્ રીતે વિચરે છે. તે રૂપ ક્ષેત્રજ્ઞની સમીપે શ્રીજી ને તેના સંતનું સમીપપણું છે. તો આ અક્ષરધામની પ્રાપ્તિ આ જીવને થાય છે. તો તે પુરુષોત્તમનો ને તેના મહામુક્તનો શો વિચાર કરીને તે મહિમા કહેવો ? શ્રીજી તો ઓગણપચાસ વર્ષ જ આ પૃથ્વીએ રહ્યા ને હવે તો સાધુરૂપે જ મોક્ષ થાય છે. અર્થાત્ તે સાધુ દ્વારે જ અત્યારે જીવનો મોક્ષ થાય છે. તેથી તે દ્વારે અત્યારે પ્રગટ ગણાય છે. પરંતુ જો તે દ્વારે સ્વામિનારાયણ ન કહે તો અત્યારે મોક્ષ જ ન થાય. માટે સ્વામિનારાયણ તુલ્ય તેના સાધુને સમજવાથી મોક્ષ થાશે. પરંતુ તે સિવાય તો પરોક્ષ ગણાશે. અને જો બીજી રીતે પ્રત્યક્ષ ગણાશે તો તેને આપણે પરોક્ષ ગણીએ છીએ. ને આપણે સ્વામિનારાયણ પ્રગટ ગણીએ છીએ તો તે પણ પરોક્ષ ગણાય છે. માટે તેના સંત ધર્મ નિયમ નક્કી પાળે છે. તે તેનો જે જીવને સેવા સમાગમ થાય છે તો તેને સ્વામિનારાયણ તેડવા આવે. તેથી તે સંત સંબંધરૂપ ઋતુ સમો ગણાય છે અને તે ઋતુ સિવાય વનસ્પતિ ફળતી જ નથી. માટે સંત સંબંધરૂપ ઋતુ સંજોગ જોઈએ. તો સંજોગથી શ્રીજીનો મેળાપ આ જીવને નક્કી થાય. અર્થાત્ સંત સંબંધ થાય તો જ જન્મ મૃત્યુ જીવને માથેથી અવશ્ય જાય છે. તે અનુસાર અત્યારે હજારો જીવોને શ્રીજી સંત સહીત તેડવા આવે છે અને સંત જીવને નિયમ ધરાવે ને તર્ત જ તેડવા આવે. તે સિવાય તો સંતના દર્શનથી પણ ધામ મળે છે. તેનો ગુણ લેવા માત્રથી જ ધામ મળે છે. અર્થાત્ સંત સંબંધરૂપ ઋતુ છે. પરંતુ તે સિવાય કુસંગ કરે તેને સ્વામિનારાયણ તેડવા ન આવે. એ રીતે આ સમયે શ્રીજી પ્રત્યક્ષ છે. નહિ તો અન્ય રીતે પરોક્ષ ગણાય છે. અને સંત સંબંધથી પ્રગટ મુખો મુખ સ્વામિનારાયણ છે. નહિ તો મળ્યા પરંતુ ન મળ્યા ગણાય છે. તો આપણે અત્યારે સર્વ રીતે પ્રગટ પ્રાપ્તિ

નક્કી છે. તે વાતની જીવમાં નક્કી ગાંઠ વાળવી ને તે ગાંઠ ન છૂટે તો જ અક્ષરધામમાં શ્રીજી મેળાપ થાશે. ને તે જીવ અક્ષરધામમાં જાશે અર્થાત્ આપણે અક્ષરમાં જાવું તો જે તે ભાવે સંત સંબંધ રાખવો. તે દ્વેષભાવ, ભયભાવ, કામભાવે જરૂર સંતનો સંબંધ થાવો જ ઘટે છે. તે સંત સંબંધથી જ આ મૃત્યુલોક દેવલોક રૂપે જાગ્રત અવસ્થાથી સ્વપ્ન અવસ્થા અધિક ગણાય છે. તે પ્રત્યક્ષરૂપે સાક્ષાત્ સંબંધથી અધિક છે. અને તે સંત સંબંધે દેવલોક આ જીવને મળે છે. સકામ ભક્ત છે માટે મહારાજ કાળને આજ્ઞા કરે જે એના માનને ખંડન કરીશ મા. જો સંત સંબંધ જીવને મળે તો જે ઈચ્છે તે તેને અવશ્ય મળે છે. અને શ્રીજી પણ તેને જરૂર જડે. તો જ જીવને કાળ કદી ન નડે. અર્થાત્ સંત સંજોગ આવો જબરો છે. તે અત્યારે પ્રગટ સૂર્ય ગણાય છે.

સ્વામિનારાયણના આવા જબરા પ્રતાપરૂપ અંજવાળુ છે, તે સંત વિશ્વાસરૂપ આંખ્યું ને સંતકૃપારૂપ શ્રી પુરુષોત્તમ પ્રગટ કલ્પવૃક્ષ છે તે જીવના સંકલ્પ સત્ય કરે છે. ને જીવને ન્યાલ કરે છે. અને જીવને સંત દ્વારે જ અક્ષરધામ જડે; નહિ તો માયાનું અંધારું જીવને અવશ્ય નડે છે. ગમે તેવો યોગી હોય તો પણ તેને કાળ જરૂર નડે છે. અર્થાત્ શ્રીજી મહારાજના એકાંતિકથી જ આ વાત થઈ શકે છે. ને તે સિવાય સાધનથી થાય નહિ. સાધન તો સૌભરી, પરાશરના કેવા ? પણ તેને અક્ષરધામ ન જડે તે તો આવા સાધુને હાથ જોડે એટલામાં જ જડે છે. માટે સુખનો હેતુ તો આ બ્રહ્માંડમાં સંત જ મહત્ પુરુષો જ છે.

**"સંત કૃપાથી સુખ ઉપજે, સંત કૃપાથી સરે કામ,**
**ને સંત કૃપાથી પામીએ પુરણ પુરુષોત્તમધામ"**

એ અનુસારે સુખ જ થાય છે. માટે આ બ્રહ્માંડમાં સુખ બીજું નથી; અધિક સંતથી જ સુખ છે, નહિ તો વિષયના સુખથી જ સ્વામિનારાયણનું સુખ જીવને મળે છે. તો આપણે પ્રમાદનો સર્વ પ્રકારે ત્યાગ કરવો. તો જ

સંત સંબંધે અક્ષરનું સુખ આવે છે. તો તે સંતને ઓળખવા સારુ શ્રી પુરુષોત્તમ(લો.વ.૧માં) કહે છે ને સુખને કરે તે શંકર કહીએ ત્યારે સ્વામિનારાયણ પોતે જ બોલ્યા આજ અર્ધ રાતે અમોને શિવજીએ દર્શન દીધું ને શિવજી પોઢિયે હતા ને ભેળા પાવર્તીજી હતા ને શિવજીએ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા. ને તે શિવજીની ચાલીશ વરસની અવસ્થા હતી ને શાંત હતા. તે શિવજીને મારી ઉપર બહુજ હેત જણાણું પણ મારે તો તે શિવજી ઉપર હેત ન થયું; તેનું કારણ એ છે કે જે એ તો તમોગુણના દેવતા છે ને આપણે તો શાંત મૂર્તિ એવા શ્રીકૃષ્ણનારાયણના દાસ છીએ. તેથી તેની ઉપર ભાર બેસેજ નહિ. તથાપિ જે શિવજીને માનીએ છીએ, તે તો જોગી ને ભગવાનના ભક્ત છે તો જ તેને માનીએ છીએ. આ જગતમાં સંત ને સાધુને ભક્ત નામથી જ તેને જીવને આસ્થા ને ભાવ બંધાય છે. ને સંત તથા સાધુતાને ભક્તતાથી જ  જીવને પરલોક પ્રાપ્તિ થાય છે. તો તેમાં સંત-અસંત, સાધુ તથા અસાધુ, ભક્ત-અભક્તપણું બતાવ્યું છે. તેમાં શિવજી તો ભક્ત છે. મોટા જોગી તરીકે સાધુ છે. પણ તમોગુણના દેવ છે. તેથી જ તેની ઉપર ભાવ બેસે નહિ પણ દુનિયા આખીને તો પ્રભુ મનાય છે તેથી જ જીવને સંસ્કારરૂપી ફળ પ્રાપ્ત થાય છે. ને જગતની સ્થિતિ તે સંત શિવજી જેવાથી છે. પરંતુ મોક્ષ ન થાય. તેથી તેવા ભક્ત મર ભગવાનના હોય. તો સંત અસંતતા તે વૃત્તાંતથી ને ભગવાનની ઉપાસનાથી જ તે સંતને ઓળખવા. ને જેવા મળે તેવા જ જીવના કલ્યાણ કરે છે. તે સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીએ વાતમાં કહ્યું: (પ્ર.૧.વા.૨૪૭) જેમ છે તેમ કહેવાય નહિ ને કહીએ તો અર્ધી સભા ઉઠી જાય. પણ શાસ્ત્રે કહ્યા એવા સાધુ મળે તો કોટિ જન્મે કસર ટળવાની હોય તે આજ ટળી જાય. એ તો 'ગોકુળ ગામનો પિંડો હે ન્યારો' આજ જ કસર ટાળે તેવા સંત શ્રી પુરુષોત્તમના આ જ રીતના હોય છે. તો સ્વામિનારાયણના દાસ તે જેવા જ છે. તેવા સંતને નમ્યે, સ્વામિનારાયણને નમ્યા એમ માનવું.

આજ દુનિયામાં સાધુ થઈને ક્રોધ રાખતો હોય ને કહે જે એ તો બીજાને સારુ છે; તો તે સંત થકી મોક્ષ કદી ન મળે; ને મળે તો કારણ કદી ન ગળે. તે આજ મહામુક્તના દર્શનથી જ જીવ ભવસાગર તરશે. એવા મહામુક્તથી જ શ્રીજી જડે ને તેને કુસંગ કદી ન નડે. તેમ છતાં જો કુસંગના જ પેટમાં આવે તો તે અનંત જીવને તેમાંથી કાઢે જ ખરો; તો તેને શું નડે ? અર્થાત્ ન જ નડે. આવો એકાંતિકનો પ્રતાપ જણાય છે. તે દ્વારે જે આ પૃથ્વી રહેશે ત્યાં લગી એકાંતિકથી એકાંતિક કલ્યાણ રહેશે. તો તે તો આપણને મુખો મુખ મેળાપ છે. તો પરોક્ષ એકાંતિક ધર્મ કદી ન જ કહેવાય. આ પૃથ્વી ધર્મ વિના ન રહે, તેમ એકાંતિક વિના પણ ન રહે. તો જ તે વાત અત્યારે બની શકે છે. ને તે સિવાય તો જે તપ કરે તો તે તપસી ગણાય છે. તે તપથી સિદ્ધ થાય છે પણ તેના સંગથી અક્ષરમાં ન જવાય. માટે ઉપરથી સાધુતા દેખીને ભોળાજનો ભોળવાય જાય છે. તે ખોટાથી કદી મોક્ષ ન મળે; પણ તેની સેવાથી પૂન્યદાન કરે છે તેનું તેને પૂન્ય થાય છે. એટલું તો અસંતથી થાય છે; તો સંતતાથી તો સંત મિલે છે. કારણ કે આ દુનિયામાં પારેવાને જાર નાખે ને ગાયને પાળે તો પણ તેને સ્વર્ગ મળે છે; તો આ તો મનુષ્ય છે. મનુષ્યના રક્ષણથી વિશેષ રક્ષણ કહેવાય છે તો સાધુ છે. ને ધર્મ, વૈરાગ્ય છે ને પ્રગટનો આશરો નથી ને ધર્મ હોય તો ને સંતથી મોક્ષરૂપી બારણું નથી મોક્ષ તો સાચાથી છે, તે ઈના ઈ જ ધર્મ, ભક્તિ, વૈરાગ્યરૂપ શુભ ગુણ હોય ને પ્રગટની ઓળખાણ હોય, તો તેવા સાધુ તો અત્યારે સ્વામિનારાયણને ત્યાં જ છે. તે સંતથી મોક્ષ પમાશે. અર્થાત્ તે કર્મ જરૂર ખપાવે છે. માટે સંત ધનવંતરી વૈદ્ય છે. તે

**"જેસો રોગી જેહુ મુક્ત બતાવે,**
**તાહીકું તેવો ઔષધ તેહુ"**

માટે આ જગતમાં સંત તો સંત જ છે. માટે તેને કેના જેવા કહેવા ? ને આ જગતમાં કામી, ક્રોધી, લોભી, સ્વાદી, સ્નેહી ને માનીથી સંસ્કાર

કદી નહિ જ થાય. તેના સંગથી તો પૂર્વનું પૂન્ય નાશ થાશે; માટે ધર્મવાન સંત જ ગણાય છે. અને અધર્મી તે અસંત જ ગણાય છે. તે અધર્મીના સંગથી અધર્મ જરૂર વધશે. ને ધર્મવાળાના સંગથી ધર્મ વધશે. માટે સંત અસંત વિવેક શ્રીજીએ બતાવ્યો છે. તે વિચારથી સત્સંગ જણાય છે. તે સંતને જેણે નરતન પામીએ ન સેવ્યા તેણે નિજ જનેતા વગોઈ ! ને સાર અસારનો જે વિવેક ન કરે, સંત અસંતને ન જુવે તો આ અમૂલ્ય મનુષ્ય દેહ અસંતના સંગથી નકામો ગુમાવે છે. ને સંત તો જનની તરીકે ગણાય છે. જેમ માતા બાળકની રક્ષા કરે છે તેમ આ જીવનું સંત રક્ષણ કરે છે તો નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું છે જે ;

**"સંત વિના સાચી કોણ કહે સારા સુખની વાત"**

એમ આ જગતમાં સંત વિના બીજા કોઈ સાચું હેત ન જ કરે ને હેત કરે તો ઈન્દ્રિયુંનું પોષણ કરે છે. માટે આ દુનિયામાં સાધુ વિના જીવને વિષયથી કોઈ ન જ છોડાવે. અસંત તો સામા જગતમાં જોડે છે ને ફેલ વળગાડે છે. અર્થાત્ સંત સિવાય આ દુનિયા તો અસંત જ છે. અને સંત તો જીવને કટુ વચન કહે તે સારુ તો,

**"જેમ ભમરી ભરે ભારે ચટકો પલટવા ઈચળનું અંગ"**

તેમ સંત આકરું વચન કહે છે, તે જ વચન બ્રહ્મરૂપ કરે અને પ્રિય બોલનારા તો જરૂર અસંત જ ગણવા. તેને કદી ભૂલ્યે કોઈ સંત માનતા નહિ; ને તેને સંત માને તે જરૂર જન્મ નકામો ગુમાવે છે. માટે સંત જ આનંદ આપનારા ગણાય છે. તે આનંદ સૂર્ય તરીકે ગણાય ને જેમ સૂર્ય આખા બ્રહ્માંડમાં પ્રકાશ આપે છે તેમ સંત બ્રહ્માંડના જીવને જરૂર તારે છે. અર્થાત્ સંતથી જ સંત થવાય છે. માટે તે સંતને સંત-અસંતના વિવેકે સહિત જોવા તો જોયા ગણાય છે. અવિવેકે ન જોયા ગણાય છે. માટે સંત બડે પરમાર્થી ગણાય છે. ને સંત સંબંધે જરૂર અક્ષરધામ મળે છે. તે

શાસ્ત્રમાં લખ્યું છે જે,

**"ખોટા સંગે દન ખોય, તે તો જેમ મહા અરણ્યમાં રોય રે"**

તે તુલ્ય સમજવું. અને સંત જ ઓળખવા ને જરૂર સંતથી સરે કામ. ને અસંત તો જરૂર જીવના ઘાતકી છે. તે મુક્તાનંદસ્વામીએ કહ્યું છે;

**"કામ ક્રોધકો જબલગ ઉરમેં વાસ,**
**મુક્ત કહે સો કપટ ગુરુ બેઠન જોગ પાસ."**

આ જ રીતથી અસંત જમ ગણાય છે. તે તેમને ઓળખીને તેનો સર્વ રીતે ત્યાગ રાખવો. ને તેના પેચમાં ન આવવું અર્થાત્ જો તેના પેચમાં આવે તો જરૂર તેને કાળ ચાવે છે માટે ભગવાનનો આશરો કરવો. તેમ શ્રી વ્યાસજીએ કહ્યું છે. તે સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત છે. તેમ ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું છે જે, સર્વેનું કારણ સંત સમાગમ જ છે. તો તેવા પુરુષે જે સિદ્ધાંત કર્યો તે સત્ય જ છે. તો જ આ સિદ્ધાંત સત્ય છે. તે સિવાય બીજો આધાર ન રાખવો રાખવો ને તે જ જીવને અભય પદ ગણાય છે. ને તેને જ પરમપદ કહે છે. ને તેને જ આત્યંતિક કલ્યાણ કહ્યું છે.

તેવા આત્યંતિક કલ્યાણને મેલી બીજે ફાંફા ન દેવા ને તેવા આત્યંતિક કલ્યાણનો ત્યાગ કરીને બીજે જે જે સુખ શાંતિ ને કલ્યાણ ને ધામને ઈચ્છવું, તે તો જેમ ગંગાજીને કાંઠે કૂવો ખોદવો તે જેવા જ સાધન છે ને તે સાધન થકી કદી મોક્ષ ન માનવો ને મોક્ષ તો એકાંતિકથી જ લેવો. તે તો જેમ નાવમાં બેસી સમુદ્ર તરવો તેવો સુગમ માર્ગ છે. માટે સાચી વસ્તુથી જ સાચું ગણાય છે. ને તેથી જ ધામ મળે છે. તે સિવાય જે જગતમાં માથા ફોડે છે તેને તો જરૂર જમનું ધામ મળે. ને તેને વિષે હેત રૂપી જગા આ લોકમાં મળે. માટે આ જ રીતે જમપુરી અહિયા નજર આગે દેખાય છે. પરંતુ તે દેખતો નથી, તો તે સંતને દેખે છે ? નથી જ દેખતો તે તો વિવેક વિચાર રહિત છે. ને તેને આંધળો માનવો. તે જો કૂવો ન ભરે તો સારુ છે

ને વિવેકીને જ સંત ગણવા ને તે સિવાય તો અવિવેકી તો અસંત જ ગણાય છે. અને ભગવદાનંદસ્વામીએ પૂછ્યું જે ક્યારેક તો હરિજનનો મહિમા અતિશે સમજાય છે. ને ક્યારેક તો નથી સમજાતો તેનું શું કારણ છે ? જે સંત તો ધર્મવાળા છે. તેને અધર્મમાં ચાલતો દેખે ત્યારે ટોંકે, પછે જે દેહાભિમાનીને સંતનો ગુણ લેતા ન આવડે ને તે સંતનો અવગુણ લ્યે ને ઉલટો વિમુખ થઈ જાય છે. તે સંતનો અવગુણ કોઈ પ્રાયશ્ચિતથી ન ટળે. જેનો અવગુણ આવ્યો તેની પ્રાર્થના કરે ને રાત દિવસ નિદ્રા ન આવે ને જળ વિનાનું માછલું જેમ તરફડે તેમ તેને સુખ ન થાય ને અન્ન જમે તો તેના સ્વાદુ કુસ્વાદુપણાની ખબર ન પડે. પછે જેનો અપરાધ કર્યો છે તેની જ પ્રાર્થના કરે, તેનો અતિ ગુણ જ લે ને તેનો જ્યારે તેના ઉપર અનુગ્રહ થાય ત્યારે તે પાપ નાશ થાય છે. માટે સંતનો અવગુણ તો ન જ લેવો આ વાત અવશ્ય રાખવા જેવી છે. તે જતન કરીને રાખવી. તેની સેવા થાય તો કરવી; નહિ તો અસેવા તો ન જ કરવી. તે અસેવા શું ? તો તેનો અવગુણ લેવો તે. અને સંતનો અવગુણ તો જીવનું માથું કપાણા જેવું છે. તો માથું ન જ કાપવું.

અર્થાત્ સંત અવગુણ તે મોટામાં મોટો અપરાધ છે. તે અપરાધથી મોક્ષ જરૂર નાશ થઈ જાય છે. માટે સંત દ્રોહ થઈ જાય તે સારુ કોઈનો અવગુણ તો ન જ લેવો. તે આત્મારૂપે પોતે નથી વર્તતો તો જરૂર સંતને નહિ જ ઓળખે. તો જો હવે કેને સંત માનવા ? માટે આપના બળને અનુસરીને તેને સંત ગણીએ છીએ. તો શાસ્ત્ર સંત કોને કહે છે ? તો દયાળુ, કૃપાળુ, કોમળતાવાળાને સંત કહ્યા. પણ કપટી, માનીને સાધુ નથી જ કહ્યા. તે તો જગતના જીવને ઠગનારા જ જાણવા અર્થાત્ સાધુતાને તે જ કાળી ટીલી દે છે. અને સાધુતાને વગોવે છે. તેથી તેનું મુખ ન જોવું ને તેને સ્પર્શતા પૂન્ય જાય છે. અસંતરૂપી પાપીને કદી સાધુ ન જાણવા. ને તેને જો સાધુ જાણે તો સત્શાસ્ત્રના રસ્તામાંથી જીવને નક્કી પાડી નાખે છે. તો

જે ધર્મામૃત, નિષ્કામ શુદ્ધિ, શિક્ષાપત્રીને ન પાળે, તે તો સંપ્રદાય થકી બહાર છે. ને વિમુખ છે. તો તેને સંત શી રીતે ગણવા ? તે તો લબાડ ને કુતરા જેવા છે તેના સંગમાં જો રહીએ તો જરૂર ડાગ લાગે. ને અસંતનો જરા પણ ગુણ લઈએ તો જરૂર દોષ જ લાગે. અને સંતનો જરાપણ ગુણ લેવાય તો પૂર્વના પાપ નાશ પામે છે. માટે સંત-અસંતતા ઉપરથી નથી જણાતી. તે તો વેવાર કર્યે જણાય છે.

અને કોઈક તો હેઠું જોઈને ચાલે ને માંહિ તો અતિ કામી હોય; ને કોઈ તો ફાટી દૃષ્ટિથી ચાલે ને માંહિ તો અતિ નિષ્કામી હોય છે. તેથી જીવ નથી ઓળખતો. વળી તે સંત-અસંતને ઓળખવા તે શું જીવના હાથમાં છે ? નથી જ. તે તો જો મોટાનો જીવને પ્રસંગ થાય ને તેની ક્રિયા જુએ તો જ જણાય છે. નહિ તો જીવ સંતને જરાપણ જાણતો જ નથી. તો શું સંતની રીતની ખબર પડે ? તે તો સંત કૃપા કરે તો જ અસંતને જીવ કળી શકે. નહિ તો અસંત તો સંતતા બતાવે; ને સંત અસંતની રીત બતાવે તે જ ઐશ્વર્ય રહ્યું છે. ને સંતમાં અસંતતા બતાવે, તે પાપ જ તેમાં. કારણ કે અસંતને કદી બોલીનો ઠા ન જ હોય. તે જ અસંતતા માનવી. અર્થાત્ તે અસંત જ જીવના ઘાતકી છે. ને સંત તો ભગવાનની મૂર્તિને દેખતા જ હોય. તે છતાં ગાંડા તુલ્ય વર્તતા હોય. ને જડભરતની પેઠે જાણે ને ગાંડા જગત વ્યવહારમાં હોય તે સંતને જીવ કદી નહિ જ ઓળખે. આ જ વાત સિદ્ધાંત છે. અર્થાત્ તેમાં મોટાની કૃપારૂપી આંખ જોઈએ છે. તે સંતથી જ સંત થવાય છે. ને સંતથી જ સંત ઓળખાય તે સંતથી જ છે.

ઈતિશ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક સ્વામી જોગી ધર્મપ્રસાદદાસજી વિરચિતા સંત-અસંત વિષે પ્રગટરૂપ વર્ણન નામે વિનય સીતા પુસ્તક બીજું સમાપ્ત થતું હવું. ॥ ૨ ॥

શ્રી સહજાનંદસ્વામીને નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક ૩ જું

## ભગવાનની મૂર્તિને વિશે અખંડ વૃત્તિ રાખવાનું રહસ્ય

(ગઢડા પ્રથમ વચનામૃત -૧ થી ૯) શ્રીજી મહારાજનું પ્રશ્ન, તેમાં પૂછ્યું જે, સર્વે સાધનમાં ક્યું સાધન કઠણ છે ? તેનો ઉત્તર પોતે જ કૃપા કરીને કર્યો જે, ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી. ને પ્રભુનું ધ્યાન કરવું તે પણ સાધન કઠણ છે ને ધ્યાન કરતાં જે પદાર્થ આડું આવે તે માયા ગણાય છે. તો તેનો ત્યાગ કરે તો જ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રહેશે. ને શાસ્ત્રમાં ધર્મ સર્ગ ને અધર્મ સર્ગ તે, ઈ ધર્મ સર્ગ ને જ ધર્મકુળ કહ્યું છે. તેની વિગતી, ધર્માખ્યાનમાં અધ્યાય ત્રીજામાં રઘુવીરજી મહારાજે કહ્યું છે. ને કલ્યાણ નિર્ણયમાં ૮ મા કડવામાં કહ્યું છે. તે જ ધર્મકુળ ગણાય છે. ને તેનો આશરો લેવો તો તે બ્રહ્મમય દેહને પામે. તો જ તે ધર્મકુળના આશરાથી જ તે ભગવાનની ઈચ્છાથી બ્રહ્મમય તનુ તે જીવને મળે છે. તો તે ધર્મકુળનો આશરો કરવો તે કઠણ કામ છે. જે સાધુના સંગથી જીવને ભગવાનનું માહાત્મ્ય જાણવામાં આવ્યું છે, તે સાધુ જ જીવને કઠણ વચન કહે ત્યારે તે જીવ તે સાધુનો અવગુણ લે છે; તે પાપેથી જ જીવને સત્સંગમાં દૃઢ પ્રીતિ થાતી નથી. તો તે તીર્થક્ષેત્રના પાપનો ત્યાગ કરવો તે કઠણ કામ છે તો તે સમજીને તીર્થના પાપનો ત્યાગ કરવો ઘટે. અને વિષયને વિષે દોષ દેખવો તે કઠણ છે. સંત તે સત્‌શાસ્ત્રનો નિરંતર સંગ રાખવો, તે પણ કામ કઠણ છે. ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તો પણ પ્રભુના સંબંધને પામ્યા જે, સાધુ તથા બ્રહ્મચારી હરિ-ભક્ત તથા સ્થાન તથા ઉત્સવ-સમૈયા તે મૂર્તિમાં

દેખનારાને સંભારવા તે પણ કઠણ કામ છે અને તે વાત તો બહુ જ ભારે છે, તે જાણીને કર્યા જેવી છે, તે જરૂર કરવી. સંત હરિજનોને જીવમાં સંભારવા ને રાધિકાએ સહિત શ્રીકૃષ્ણનું ધ્યાન કરવું. તેમાં હિંમત રાખવી. તે જેવું કઠણ કામ જ નથી. ને પોતાનો અવગુણ લેવો તે કામ બહુ જ કઠણ છે. ને સંતનો ગુણ લેવો તે વાત પણ કઠણ છે. પરંતુ પોતાનો અવગુણ જ લેવો ને સંતનો તો ગુણ જ લેવો તેમાં જ સુખ છે. ને તે કામ કઠણ છે. ને પોતાનો અવગુણ ને સંતનો ગુણ તે વિવેક વિચાર જ ભારે કામ છે. પરંતુ તે કઠણ વાત છે પણ તે વિચાર રાખ્યા જેવો છે.

અને શાસ્ત્રમાં જે અધ્યાત્મ વાત આવે છે તે કોઈને સમજાતી નથી. તો તે શ્રીજીએ પોતે જ કહ્યું છે તેમજ અમે કહીએ છીએ. તો તે અધ્યાત્મ વાત સમજવી આકરી છે. ને ઈન્દ્રિયુંની ક્રિયા તે શ્રીકૃષ્ણ ભગવાન ને તેના ભગતની સેવામાં રાખે તો જ અંતઃકરણ શુદ્ધ થાય છે. ને જો ઈન્દ્રિયુંની ક્રિયા તે સ્ત્રી આદિકના વિષયમાં પ્રવર્તાવે તો અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાય છે. માટે કુસંગનો ત્યાગ કરીને સાધુ પુરુષનો સંગ કરે ત્યારે એને દેહ ને દેહના સગા સંબંધીને વિષે જે અહંબુદ્ધિ છે તેની નિવૃત્તિ થાય છે. ને ભગવાનને વિષે ને સંતને વિષે અસાધારણ હેત થાય છે. તો ઈન્દ્રિયુંની ક્રિયા તે કાયમ ભગવાન ને તેના ભક્તની સેવામાં રાખવી. તે કામ બહુ જ ભારે ને કઠણ છે. તો તે પ્રત્યક્ષનો સાક્ષાત્ સંબંધ ઈન્દ્રિયોમાં રહેશે. તે પણ જીવને સુખનો હેતુ છે ને કઠણ કામ છે. તે સંત તથા સ્વામિનારાયણને પ્રતાપે સુગમ છે. ને પ્રગટનો નિશ્ચય ને ભક્તિ કરતો હોય તો પણ અપૂર્ણપણું રહે છે, તે અપૂર્ણપણું જ અજ્ઞાન ગણાય છે. તે અજ્ઞાનથી જીવને અપૂર્ણપણું રહે છે. તે અપૂર્ણતાનો ત્યાગ કરવો, તે કઠણ કામ છે. તે ધામની ઈચ્છાનો ત્યાગ ને પરમેશ્વરની પ્રસન્નતાની ઈચ્છા રાખવી. તો તેને બળાત્કારે ભગવાન પોતાનું જે જે ઐશ્વર્ય તે દેખાડે છે. ને તે ઈચ્છા રહિત વર્તવું તે કઠણ કામ છે. પણ આજ સંત મહંતના પ્રતાપે તે ધામ ને

ધામના વાસી પુરુષોત્તમ તે આજ આપણને સુગમ છે. તો જ પ્રગટની ભક્તિ ને તેના દર્શનથી કૃતાર્થતા તે સંત બતાવે તો તેની જે ઈચ્છા તે પરમાત્માની જ ઈચ્છા. તેથી જ તેની મરજીથી બળાત્કારે ધામના ઐશ્વર્ય પ્રભુજી તેને પમાડે છે ત્યારે તેને અહો ! અહો ! થાય છે. ને આનંદ મનાય છે. ને ત્યારે જ તે પ્રભુ ને પ્રભુના દાસનો તથા સત્શાસ્ત્રનો મહિમા મનાય છે. પણ તે સિવાય ન જ મનાય. તેમ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ તે રહે છે. પણ તે સંત સંબંધ સિવાય કઠણ સાધન મનાય છે અને ધામ ને ધામના ધણી તે અગમ ગણાય પણ તે તો

**"સદ્‌ગુરુની મોજથી સુગમ સહુને"**

તે એમ ધીર ધુરંધરા પ્રભાતિમાં કહ્યું છે તો તે સદ્‌ગુરુની મોજ દુર્લભ છે. ને તે સંતના સંબંધથી જ ધ્યાન ને માયાનો ત્યાગ થાય છે. નહિ તો માયાનું બહુજ બળ છે. માયા તો વૈરાગને ચાવી જાય ને આત્મનિષ્ઠાને ચાવી જાય છે. કેમ જે પૃથ્વીના જીવ પૃથ્વીમાં ચોંટે છે. તે સ્વામીની વાતુ પ્ર.૧.વા.૨૪૨ માં કહ્યું છે. માટે તે માયાનો ત્યાગ કરવો. તેમાં મહાપુરુષની સહાયતા સિવાય સમુદ્ર તરવા જહાજ બીજું નથી. તે તો સત્પુરુષ જ છે.

ને વિષયને વિષે નિરંતર દોષ જ દેખાતો રહે છે. તે સંત ને સત્શાસ્ત્રનો સંબંધ કાયમ રહે તો જ તે વિષયને વિષે દોષ દૃષ્ટિ, તે તથા તેથી છેટું રહેવાય; તો તે રસ્તે પરમાત્મામાં અખંડવૃત્તિ રહે છે. તેમાં જરા પ્રયાસ જ નથી. તે સિવાય તો લોકાલોકના પડછાયાના અંધારામાં શ્રીકૃષ્ણ ભગવાન બ્રાહ્મણના પુત્રને લેવા ગયા, ત્યારે રથના કાંગરા પર સુદર્શન ચક્રનો પ્રકાશ તે દીવા જેવો જ થયો. તે જેવું જ માયાનું અંધારું છે. તે અંધારાને સ્વામિનારાયણના સાધુ નાશ કરે છે, તો પ્રકાશ કેવો જબરો છે ! તો જ દેહ ને દેહના સંબંધી પદાર્થમાંથી પ્રીતિ નહિ તેને જ ભગવાનમાં પ્રીતિ થાય છે. તો જો તેને ભગવાનમાં વૃત્તિ રાખવી તે સુગમ છે તે સારુ

જ સંત સુખના બેલી છે. તે સાથે જ બેલપ રાખવી. તે સાથે બેલપ રાખે તેને પ્રભુ સાથે બેલપ છે. તો તેને જ અખંડવૃત્તિ છે.

અને ધર્મકુળ તે ધર્મ જ ગણાય છે. તો ધર્મ તે ભગવાનની મૂર્તિને આધારે જ રહે છે. તેથી જ ભગવાનને ધર્મ ધુરંધર કહ્યા છે. તે એકાંતિક ધર્મ, એકાંતિકના સંબંધ સિવાય છે જ નહિ. તે એકાંતિકના પ્રસંગમાં જ એકાંતિક ધર્મ છે. તો તે મહત્ પુરુષ જ એકાંતિક ધર્મના પ્રવર્તક તરીકે પરમાત્મા માનવા. તે જ રીતથી વસુંધરાનું વેજું થાય છે. તો જ તેને ભગવાન માનવા ને તે જ અખંડવૃત્તિ રહે છે. તે સ્વામીએ(પ્ર.૧. વા.૨૮૫) માં કહ્યું છે, જે નિશ્ચયરૂપ ધ્યાન રહે છે. હું ભગવાનનો ભક્ત છું ને સાધુ પાસે જાવું છે. એવી રીતે ભગવાનમાં વૃત્તિ રહે છે. બાકી તેલધારા તરીકે વૃત્તિ તો સ્વરૂપાનંદ સ્વામીનું કામ છે. ને સાધન તરીકે વૃત્તિ તે મુક્ત છે. ને એકાંતિક ધર્મ પાળે ને અન્યને પળાવે તે પરબ્રહ્મ પરમાત્મા સ્વામિનારાયણ તરીકે જ કામ કરે છે. તો જ સ્વામિનારાયણ અત્યારે પ્રગટ રૂપે સહુને દર્શન દ્યે છે. ને વાતું ને મૂર્તિ દ્વારે દર્શન દ્યે છે. તે સાથે જ જે ધર્મ પાળે છે, તો જ તે વાત માનશે. ને તેથી જ ભગવાનમાં અખંડવૃત્તિ રહેશે. તો જે તે વાત સંત સંબંધ શ્રીજી મહારાજ પ્રગટ સ્વરૂપની પિછાનથી અખંડવૃત્તિ રાખવી તે લગારે ય કઠણ નથી, ને તો જ તે સંત, સહુ સંત કરતા અધિક છે. ને સ્વભાવને ટોકે તે તો એક સ્વામિનારાયણ સિવાય તો સ્વભાવને ટોકનાર જ નથી. એ તો એક સ્વામિનારાયણ જ ટોકે, ને કાં તેને વિષે હેતવાળા સંતપુરુષ છે, તે પોતાનો સ્વભાવ પહેલા મુકીને પછી બીજાને કહે છે. નહિ તો ન જ કહેવાય. ને જો કહે તો તેનું કોઈ માને જ નહિ. અને જેને ભગવાનનો મહિમા જણાણો છે ને તેનું વચન ન મનાય તો તો તે જરૂર અસંત છે. કારણ કે એ તો દંભી છે. ને જે વર્તે તેની ક્રિયા ગમે તે માહાત્મ્ય કહેવાય છે. ને સંતની ક્રિયા ગમે તે જ સ્વભાવ ટાળ્યાનું સાધન છે. ને તે જ અભિનિવેષ ગણાય છે. તો તે સંતના સંબંધથી કાયમ

ભગવાનમાં વૃત્તિ રહેશે. ને તે જ ગાઢ પ્રીતિ છે. તો સંત વચનમાં વિશ્વાસ જ સ્વભાવ ટાળ્યાનું સાધન છે. ને ભગવાનનો મહિમા જાણ્યાનું કારણ તે સંત વિશ્વાસ જ છે. ને જેટલો જે ભણ્યો હોય તેટલું તે ભણાવે; ને બીજાને ભગવાનનું માહાત્મ્ય સમજાવી શકે છે. તો તેને માહાત્મ્યે સહિત નિશ્ચય છે. શ્રીજીએ( ગ.પ્ર.વ.૭૫ માં) ભક્તના પ્રશ્નમાં કહ્યું છે જે, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય ને આત્મનિષ્ઠા એ ચાર વાના હોય તો જ માહાત્મ્યે સહિત નિશ્ચય છે. નહિ તો માહાત્મ્ય વિનાનો નિશ્ચય છે. ને જો તે માહાત્મ્ય સોતો જ નિશ્ચય છે, તો તેનાથી જ બીજાને પ્રભુ માહાત્મ્ય સમજાવી શકાય છે. ને માહાત્મ્ય સહિત નિશ્ચય જેને છે, તો તેના હૃદયમાં શમ, દમ, વિવેક, વિચાર હોય છે. તો જે જીવ જેટલું ખમી શકે તેટલું તેને કહે, પણ પોતે તેની તપાસ રાખ્યા સિવાય તેને ન કહે. તે સિવાય જો વાત કહે તો મહિમા વિનાનો નિશ્ચય છે. ને મહિમા વિનાનો જે નિશ્ચય છે તે નપુંસક જાણવો. તો તેના મુખથી ગીતા ભાગવત જેવા શાસ્ત્રો સાંભળે પણ કોઈનો મોક્ષ ન જ થાય. ને તેની વાત સાંભળે તો મુળગું ભુંડું થાય છે. તો તેના સંગથી સત્સંગમાં ગાઢ પ્રીતિ ન જ થાય. સંત વચનથી જરૂર ગાઢ પ્રીતિ થાય છે. તે ગાઢ પ્રીતિ તે શું ? તો ઈશ્વર તરીકે અલૌકિક પ્રીતિ સંતમાં રહે ને તેની પાસે બેપરવારી ન જ થવાય; ને તે સંતની આગળ સ્વભાવને દબાવો તો જ સંતનો સંબંધ છે. તો તે સંબંધથી સત્સંગમાં ગાઢ પ્રીતિ થાય છે. ને તેની પાસેથી તીર્થક્ષેત્રનું પાપ તે જાય છે, તો સંત સંબંધ અધિક છે. અર્થાત્ તેવા પુરુષથી તીર્થક્ષેત્રનું પાપ જાય છે. ને તેવા પુરુષના અવગુણથી તીર્થક્ષેત્રનું પાપ થાય છે. કારણ કે તે સાટુ ન વાળે, ને કોઈને દુઃખ થાય તેમ જ ન કરે તેવા છે અને કોઈને દુઃખ થાય તેમ વર્તનારાને તીર્થનું પાપ વજલેપ થાય છે. જે સાટુ ન વાળે તેવા પુરુષનો અપરાધ ન કરવો. તો ગમે તેટલા પાપ કર્યા હશે તો તે પાપ નાશ થશે. ને તે અક્ષરધામમાં જરૂર જાશે. તો તેને અખંડવૃત્તિ

પરમાત્મામાં છે. તો તે એક પરમાત્મા રૂપ જ છે તે સિવાય માનવાની જરૂર છે નહિ.

(ગ.પ્ર.વ.૨) વિષયને વિષે નિરંતર દોષ જ દેખવો, ને સંત ને સત્‌શાસ્ત્રનો નિરંતર જોગ રાખવો તો જ તે વિષયને વિષે દોષ રહેશે. ને તે સંતના સમાગમથી વિષયને વિષે દોષાધ્યાન દૃઢ થાય છે. ને જીવના ભિન્ન સ્વભાવ તે નાશ થાય ને મૃત્યુનો ત્રાસ સત્સંગથી નાશ થાય છે. ને બ્રહ્મરૂપ થવાય છે. તો તે બ્રહ્મરૂપ કરે તે સ્વામિનારાયણ ગણાય છે. તો તે ભગવાન ઘણા જણાય છે. પણ પરમાત્મા સ્વામિનારાયણ તો એક જ છે. તે મહારાજે કહ્યું છે જે વિષયનો જોગ થાય તો ગમે તેવા મુક્ત હોય તો તે પણ તેમાં બંધાય જાય છે. તે મુક્તાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી તે ઉતરતા જેવા રહે કે ન રહે ? જો તેને પદાર્થનો જોગ થાય તેનો ઠા જ ન રહે. તે સારુ શ્રીજી મહારાજે વ.વ.૨૦માં કહ્યું છે, જે જનક જેવાને પણ કુસંગ ન જ કરવો, તો મુક્તને તે વિષયનો લેપ જરૂર લાગે છે.

અને જેના સંગથી વિષય ન નડે તો તો તે મુકતથી પરમાત્મા સ્વામિનારાયણ જુદા જ નથી. તે સાક્ષાત્ રીતે અત્યારે આજ સત્સંગમાં રહે છે. પણ પરોક્ષ છે જ નહિ. પરોક્ષ માને તેથી યત્‌કિંચિંત્ જે કાંઈ માયિક પદાર્થમાંથી નોખું નહિ જ રહેવાય, ને સંત પુરુષના સંબંધથી જ નોખું રહેવાશે. પરંતુ જે કોઈક એક જ ભગવાન છે એમ માને ને તપ કરે પણ વિષય જીવમાંથી ન જ ટળે, તે સૌભરી આદિકને ધક્કા લાગ્યા છે. તો જેના સંગથી ધક્કો ન જ લાગે તો તેને સ્વામિનારાયણ માનવામાં કાંઈ બાધ જ નથી. ને તેને સ્વામિનારાયણ પરબ્રહ્મ પરમાત્મા માનવા એ સિદ્ધાંત ખાસ સ્વામિનારાયણનો પોતાનો છે. તે સિદ્ધાંત જીવમાં લીધે જ સ્વામિનારાયણ પ્રગટ ગણાય છે.

અને વિષયનો પાશ ન લાગે તેમ તો નહિ. ગમે તેવો સિદ્ધ કે ઐશ્વર્યવાળો હોય કે ગોપાળાનંદસ્વામી જેવો હોય તો પણ તેને તેનો ભય

છે. પણ સંતમાં આત્મબુદ્ધિ કરનારને વિષયનો લગારેય ભય નથી. ને તે પ્રસંગમાં રયે જ વિષય ન નડે. તો એવા પુરુષને મુકીને બીજું કરવાની જરૂરત નથી. માટે અત્યારે સત્સંગ જ અલૌકિક છે. તે મુક્તાનંદસ્વામીએ કીર્તનમાં કહ્યું છે જે;

**"મારા વાલાજી શું વાલપ દીસે રે,**
**તેનો સંગ શીદ તજીએ, તે વિના કેને ભજીએ"**

તો જે ભગવાનમાં વળગ્યા છે ને વિષયને વિષેથી કાયમ છેટે રહે છે ને જીજ્ઞાસુ જીવને વિષયનો લેપ લાગવા ન દીએ, તો તે સંત સ્વરૂપ છે. અને તેને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવી લગારેય કઠણ જ નથી. જેને કઠણ છે, તો તેને આશરો જ નથી. આશરાવાળાને તો ભગવાનના સ્વરૂપમાં એની મેળે જ વૃત્તિ રહે છે. તો જ તે ભક્ત ગણાય છે. ભગવાનમાં વૃત્તિ ન રહે તો તે ભગવાનનો ભક્ત જ નહિ.

(ગ.પ્ર.વ.૩) માં શ્રીજી મહારાજનો પ્રશ્ન છે. જેને ભગવાનની મૂર્તિ દેખાતી હોય તેને પણ પૂર્વે અવતાર થયા તે, ને જે જે સ્થાનક ને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી. ને શ્રીજીએ જે જે ઉત્સવ સમૈયા કર્યા તે સંભારવા, સાધુને તથા બ્રહ્મચારીને તથા સત્સંગીને સંભારવા, તે શ્રીજી હયાતીનાને સંભારવા કે અવતારના ? તે વાત સમજાતી નથી. તો તે કૃપા કરીને કહો, તો તે શ્રીજીએ પોતે કહ્યું છે જે, પૂર્વે જે અવતારને તેના સ્થાનક લીલા સંભારવી તેમ શ્રીજીને તેના સંત સંભારવા તે અવશ્ય સંભારવા તે જરૂર કલ્યાણકારી છે. ત્યાર કેડના સંત, બ્રહ્મચારી તે પણ તે તુલ્ય જ માનવા યોગ્ય છે. તેથી જ શ્રીજીએ વચનામૃતમાં લખ્યું છે તે તો પાછળ જે જે શ્રીજીના ભક્ત છે તેને વાસ્તે લખ્યું છે પણ હયાતીના જે સંત તેના સારૂ નથી. તે તો પાછળનાને સારુ લખ્યું છે. તેને વાસ્તે કે અવતારને વાસ્તે નહિ. તો તો તે જ વચનામૃતનમાં શ્રીજીએ પોતે જ ખાસ

તરીખે(તરીકે) કહ્યું છે. જેને ભગવાનની મૂર્તિ અખંડ દેખાતી હોય તેને પણ બ્રહ્મચારી, સાધુ, હરિજનને સંભારવા. તો તે મૂર્તિને દેખે તેને તો શ્રીજી પ્રગટ છે. ને પાપીને માટે તો પરોક્ષ જ છે. તેમજ શ્રીજીની હયાતીમાં જેણે જાણ્યા તેને જ પૃથ્વીએ પ્રગટ ભગવાન હતા. ને નોતા જાણતા તેને તો તે વખત પણ પરોક્ષ જ હતા. નહિ તો તેનું શાસ્ત્રમાં નામ હોત. ને તે ભક્ત ગણાણા જ હોત માટે તે વખતે જાણ્યા તેને જ ભગવાન હતા. અર્થાત્ ભગવાન ને તેના ભક્તને ઓળખે ત્યારે જ ભગવાનનો ભક્ત થાય છે.

માટે આ પૃથ્વીએ ભગવાન ને તેના ભક્તને જ્યારે જાણે ત્યારે જ ભક્ત ગણાય છે અને અત્યારે જે શ્રીજીએ ઉત્સવ સમૈયા ને મોટા મોટા મંદિર કરાવ્યા ને તેના રક્ષણ માટે તથા ત્યાગીના ધર્મની રક્ષા કરવાને માટે તથા દેવ અને મોટા મંદિરની સ્થિતિ કાયમ ટકી રહે તે સારૂ આચાર્ય કર્યા છે. આચાર્ય તે પોતાના ધર્મ પાળે ને બીજાના ધર્મ પળાવે. તો તે જ દ્વારે અત્યારે સાક્ષાત્ રીતે મોક્ષ ગણાય છે અને તે જ શ્રીજી પોતે જ છે. ને તેને શ્રીજી ન માને તો તો શ્રીજી પરોક્ષ ગણાય છે. પરોક્ષથી ભવતણો પાર ન આવે ને જો પોતાનો ધર્મ ન હોય, ને દેવ રક્ષણ, દેવની પૂજા, દેવની આસ્થા ન હોય તો તો કદી મોક્ષ જ નથી. ને ત્યાગીના ધર્મ ન પળાવે ને ધર્મ રહિતને મંદિરના મોટેરા કરે, તો તો ધર્મની રક્ષા કદી નહિ જ થાય. અને આચાર્ય તથા ધર્મ છે તેમાં ધર્મની જ મોટ્યપ છે. તો તો તે ધર્મ આ સંપ્રદાયમાં જરૂર નાશ થઈ જાશે. તો તે આચાર્યથી મોક્ષ નહિ જ ગણાય. ને જે સાધુ સ્વામિનારાયણના થયા, ને ધર્મામૃત ન પાળ્યું તો તો સાધુ થયે શું વળ્યું ? ને શિક્ષાપત્રીની ઉપર પગ મેલ્યો તો તો તે સાધુ જ નથી. સ્વામિનારાયણનો થયો ને નિષ્કામશુદ્ધિ ન પાળી તો તેનો આશરો જ ખોટો છે. ને તેના દર્શને કદી મોક્ષ જ નથી. ને તે ત્રણ ગ્રંથ ન પાળે તો તો તે પેટભરા છે. ને તેને કદી નમસ્કાર ન કરવો. તે તો ઠગ ગણાય છે. તેનો પ્રસંગ કદી ન રાખવો. ને તેનો પ્રસંગ રાખે તો તો જરૂર ભૂંડું જ થાય

છે. ને જેમ માણસ પરદેશ કમાવા જાય છે, તે કમાણી કરીને આવે છે. તેમ આપણે તીર્થ તથા સમૈયા કરવા જઈએ, તેમાંથી કમાણી કરવાની છે. જે સર્વેનો ગુણ જ લેવો. ને શ્રીજીની પ્રથામાં રહેનારાનો સમાગમ કરવો ને તેની સેવા પોતાની સામર્થી પ્રમાણે કરવી. અને તેવા જ પુરુષનો સમાગમ નિત્ય કર્યે જ તીરથ ને સમૈયા તે કર્યા ગણાય છે. અર્થાત્ તેથી જ તેવી રીતે તીર્થના કરનારા જો અંતકાળે સાંભરી આવે તો જ તેનો મોક્ષ થાય કેતા પાપ નાશ થાય છે. માટે સંત બ્રહ્મચારી, હરિભક્તોને સંભારવાની જરૂર છે. તે સારુ કાયમને માટે સમૈયા વરસો વરસ થાય છે. તો તે જ તીર્થના જે સ્થાન તેને સંભારવા તે ધ્યાન તરીકે જ સંભારવા. ને જીવ તો માયિક પદાર્થનું મનન ને ધ્યાન તે કરે છે. તો આ તો અમાયિક ને દિવ્ય છે. તો તે સંભારવા લાયક જ છે. ને મૂર્તિના દેખનારાને સંભારવાનું કહ્યું, તો તો આપણે તો જરૂર સંભારવા ને જીવમાં રાખ્યાની જરૂર છે. તે જ અંતકાળના બેલી છે. ને સુખના હેતુ જ અત્યારે છે. ને ભક્તિમાતાને હરિગીતામાં સંત જ બતાવ્યા છે. તો તે સંત જ જોવા લાયક છે ને તેના જે ગુણ તે કરવા યોગ્ય છે ને તે સંતના ગુણ ગ્રહણ કર્યે જ છૂટકો છે ને સંત પુરુષને મળે એજ મોક્ષ છે. અર્થાત્ જેને મોક્ષ કરવો તેને તો સંભારવા તે સ્વામીએ (પ્ર.૧વા.૧૨૧)માં કહ્યું છે. કોટી કલ્પે ભગવાનનું ધામ ન મળે તે આવા સાધુને હાથ જોડે એટલામાં જ મળે છે. તો તે સંત બહુ જ મોટા ગણાય છે. માટે જે તે ભાવે તેનો સંબંધ રાખવો તેમ જ ખાસ સિદ્ધાંત જણાય છે. અર્થાત્ તેના તે સિદ્ધાંતથી અત્યારે મોક્ષ છે. નહિ તો સાધનથી કાંઈ વળવાનું નથી. ત્યારે કોઈ કહેશે જે, મહારાજ છતાંના એવા કલ્યાણકારી સાધુ હતા પણ અત્યારના નહિ ? તો તેને જ જમાડવા. અત્યારે રસોયું દેવાની કાંઈ જરૂર નથી. પણ અત્યારે જ હયાતીનાને રાજી કરે તો જ અક્ષરધામ મળે છે. આ વાત તો જેનું મન હાથ હોય તેને માન્યામાં આવશે. પણ તે સિવાય શાસ્ત્રમાંથી નહિ જ મનાય. ને માનવું

હોય તો તો મન વશ કરવું ને તે મન વશ કર્યે જ હરિજન રાજી થાય છે, ને તે હરિજન રાજી થાય. તેને જ મન વશ ગણાય છે. કેતા સંત વચનથી જ મન જીતાય છે. તે સિવાય મન જીતવા માટે બધા વિચાર ત્યાગ કરીને, હરિજન વચન વિશ્વાસ કરવા ભેગા રહે તો જ તે શ્રીજીએ કરેલા ઉત્સવ સમૈયા અવશ્ય સંભારવાના જ છે. એવા શ્રીજીના આશ્રિત જ સુખના હેતુ છે. અને આ જ રીતે ભક્તનો મહિમા જાણ્યામાં આવે તો તેની ઉપર ઈર્ષા ન થાય ને એમ છતાં જો ઈર્ષા કરવી તો તેના જેવા ગુણ ગ્રહણ કરવા. તે (ગ.પ્ર.વ.૪)માં કહ્યું છે. તે જાણીને ઈર્ષાનો ત્યાગ જ કરવો પણ તેનો દ્રોહ ન કરવો, કારણ કે મોક્ષના આપનારા તો ભગવાનના ભક્ત જ છે. ને ઈર્ષા તો બરોબરીયામાં  જ રહે છે તો તે ભક્તથી ન્યૂન રહેવું તો ઈર્ષા ન આવે; તે સિવાય તો ઈર્ષા જરૂર રહે છે.

(ગ.પ્ર.વ.૫)માં કહ્યું છે જે રાધિકાજીએ સહિત શ્રીકૃષ્ણનું ધ્યાન કરવું. ને તેમાં હિંમત રાખવી. તેમાં સંતનો સંબંધ જરૂર ઘટે છે. ને જેને સંત ન મળ્યા, તો તેને શ્રદ્ધા હશે તો પણ નાશ થઈ જશે. તો તે સંતના સંબંધથી જ રાધિકાજી સહિત ધ્યાન ગણાય છે. તો ભગવાનના ભક્તમાં હેત ને તે ભક્તનો મેળાપ રાખવો. તો જ ભક્તે સહિત ભગવાન સાંભરે છે. ને ભક્તના પ્રસંગથી ભગવાનનું માહાત્મ્ય તથા ધ્યાન અચળ થાય છે. ને તે ધ્યાનને ટકાવરાવે છે. માટે પ્રસંગ અવશ્ય ભક્તજનનો જોઈએ. તો જેવો ભક્ત તેવી જ ભગવાનની મોટપ જણાય છે. આપણે તો બુદ્ધિના અભિમાનનો ત્યાગ કરીને સત્પુરુષનો કાયમ સંગ રાખવો ને તે સંગનો ત્યાગ ન જ કરવો. તો તો તે ધ્યાન કર્યાની શ્રદ્ધા રહે છે. માટે સંત જ શ્રીજીના લાડીલા તેના સંગથી જ શ્રીજી મહારાજ સાંભરે છે. વાસ્તે ભક્તનો સંગ જબરી વાત છે. તેથી જ ભક્તે સહિત ધ્યાન કાયમ કરવું ને તેમાં હિંમત રૂપ સંત પુરુષનો આશરો છે. તે આશરાથી જ કાયમ ધ્યાન રહે છે. ને તે ધ્યાન રહેશે તો જ પુરુષોત્તમનો જોગ ધ્યાન રહેશે. અને તે

ધ્યાનથી જ શ્રી સ્વામિનારાયણ પૂર્ણ પુરુષોત્તમનો અતિશય રાજીપો આ જીવને માથે થશે. રાજીપો થયે જ કર્મ કપાશે ને કર્મ કપાયે જ ભવ બંધન છૂટે છે ને સાચા સંતને સમજવામાં સુગમતા જણાય છે. ખોટા સંતની પાસે વાસ ન જ કરવો.

**"ખોટા સંગે દન ખોઈ, તે તો જેમ મહારણ્યમાં રોઈ રે"**

તે મહારાજે કહ્યું છે જે, હું સત્સંગથી જ વશ થાઉં છું તેવો તો તપ, વ્રત, દાન, પુન્ય આદિક સાધનથી નથી થાતો. સર્વ સાધનથી સત્સંગ જ અધિક છે. તે સત્સંગ તો શુદ્ધ અંતઃકરણવાળા સાધુને સંગે રાજી થાઉં છું, તેવો કોઈ પ્રકારે કરીને રાજી ન થાઉં એમ મહારાજ કહે છે. આ સંત સમાગમ મળ્યો તેના પુણ્યનો પાર ન જ કહેવાય માટે સંતનો સમાગમ અવશ્ય રાખવો ને તેની ભીષણ તે ખમવી. ને દેહ ઈન્દ્રિયું ને સારી પેઠે દમવી, તેથી જ આપણે હરિજનને ગમીએ. હરિને આપણે ગમશું તો જ આ સંત હરિજનની ભીષણ ખમાશે. ને ધ્યાન તે અચળ થાશે. તે અચળ પદવી તો અત્યારે સંત પુરુષને આપી છે. તેનો જો સંગ કરે તો તે પણ જરૂર અચળ થાય છે. ને જીવમાં તે વાતનો આનંદ જ થાય તે આનંદથી તે સંતના ગુણ જીવમાં આવે છે. ત્યારે તે સંત સંબંધ સંત ગણાય છે. તો તો સંત તે સંત જ છે.

ઈતિશ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક સ્વામી જોગી ધર્મપ્રસાદદાસજી વિરચિતા વિનય સીતા પુસ્તક ત્રીજું સમાપ્ત થતું હવું. ॥ ૩॥

શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક ૪

## વિવેકી અને અવિવેકીનું પ્રગટ સ્વરુપ

(ગ.પ્ર.વ.૬) માં કહ્યું જે, આ સત્સંગમાં જે વિવેકી છે, તે તો પોતાને વિષે દોષ દેખે ને સંતને વિષે ગુણને દેખે છે. સંત તે પોતાના સ્વાર્થ સારૂ કઠણ વચન કહે, તેને પોતાના હિતકારી માને ને અવગુણ ન જ લે. તે તો દિવસે દિવસે સત્સંગમાં વધતો જાય છે. ને જે અવિવેકી છે, તે તો સત્સંગમાં રહીને પોતાને વિષે ગુણ પરઠે છે ને સંતમાં અવગુણ દેખાડે તે તો ઘટતો જાય છે. માટે સંતનો અવગુણ તો ન જ લેવો. ને પોતાનો ગુણ ન લેવો. તો જ વધવાનું માનવું અર્થાત્ જેને સત્સંગમાં વધવું હોય તેને તો અવગુણ ન જ લેવો. અને આ સત્સંગમાં, મંડળમાં ને મંદિરમાં ત્રણ પ્રકારના માણસ છે. તે જે સેવા કરે છે તથા જ્ઞાન શીખે છે, તે તો વધતા જાય છે. ને દેહાભિમાન વધારે છે તે ઘટતા જાય છે. ને કેટલાક તો બરાબર રહે છે. તેને દરવાજાવાળા દેખે છે. બીજાને તો એ ત્રણ પ્રકારના માણસો આ મંદિરમાં છે તેને દરવાજાવાળા દેખે છે. ને દેહમાં બળ વધે તે ભગવાનને ન ગમે. મુમુક્ષુને પણ દાઝ થાય છે. તે સ્વામીની વાતુ(પ્ર.૩ વા.૬૫)માં કહ્યું, જેને વધવું ને સત્સંગમાં રહેવું તેને વિચારવું જે, આપણે તો વધતા જાઈએ છીએ, તે વાતનો તપાસ કરવાની જરૂર છે. તો જો આ સંત આપણને ટોકે ને તેની ઉપર હેત થાય તો તો વધતા જઈએ છીએ ને સંત જે બોલે તે સારું લાગે તો જ વધ્યા ગણાય છે. ને સારું ન લાગે તો તો તે વાતનો આપણે તપાસ કરવો જે, મુને કહે છે, તે મારા સુખને સારું જ કહે છે કે, પોતાના સુખને સારું કહે છે. ને શ્રીજી મહારાજે તો એમ કહ્યું જે,

સંત પોતાના સ્વાર્થ સારું જ કહે તો પણ ગુણ જ લેવો તો જ વધે છે. નહીં તો ઘટતો જાય છે. ને આપણે જો વધવું હોય તો સંત તથા હરિજનનો ગુણ જ લેવો. તો જ વિવેકી ગણાશું. નહીં તો વિવેકી ન ગણાય. ને વિવેકી ભક્તમાં અવગુણ હોતો જ નથી. તો જો સંત તો તેથી મોટા છે, તો તે અવગુણ સંતમાં ન હોય. માટે અવિવેકનો ત્યાગ રાખવાની જરૂર છે. તો જ તે ગુણ સંતના સંગમાંથી ને સંતનો ગુણ લેવામાં જ આવે છે. તો જો વિવેક આ જીવને આપે છે. માટે સંત બહુ જ મોટા છે. તેના સંગમાં રહીને તે સંતનો ગુણ લેવો. તે તો વાત બહુજ મોટી છે. અને તે સંત આપણને મળ્યા છે. તેથી જ ત્રણ તાપ ટળ્યા છે ને માયાના ત્રણ ગુણ ટળે તો તો તે સંત સંબંધે જ શ્રીજી જરૂર જડે છે. ને તેને કાળ ન નડે. આવા જ સંતના ગુણ છે. અર્થાત્ તે સંત અત્યારે આપણને મળ્યા છે. તે સંતને જબરા જાણવા. ને સંત સેવામાં શ્રદ્ધા રાખવી ને તેમાં વિશ્વાસ રાખવો, તો જ એનો અવિવેક ટળે છે. ને તે અવશ્ય સત્સંગરૂપ સમુદ્રમાં આનંદ માણે છે. તો તે સમાગમના કરનારામાંથી અવિવેક નાશ થાય છે. તો તે સંતમાં અવિવેક છે જ નહીં. અવિવેક ગયે જ વિવેકી સંત તેને ઓળખે છે. નહીં તો વિવેકી સંતને અવિવેકી ન જ જાણો. ને તે સંતને વિવેકી જાણે તો જ તે વિવેકી થાય છે. માટે આમાં તો બેય વાત સંતને જ અધિકારી સમજે જ છૂટકો છે. તો તે સંતનો સંગ જરૂર કરવો.

(ગ.પ્ર.વ.૭) માં કહ્યું શાસ્ત્રમાં અધ્યાત્મ વાત આવે છે તે કોઈને ન સમજાય. તે અધ્યાત્મ વાત જેમ છે તેમ અમે કહીએ છીએ જે, જીવને સુખ-દુઃખનો યોગ થાય છે. તે જીવનું અન્વયપણું છે. ને તે સુખ દુઃખ થકી પૃથક્ જે કહેવો તે જીવનું વ્યતિરેકપણું છે. તો જો દેહમાં વર્તવું તે જીવનું અન્વયપણું છે. તેથી જ સુખ ને દુઃખ મનાય છે. તે માન્યતારૂપ જીવને અન્વય છે. ને સુખ તથા દુઃખ તે ન માને તો વ્યતિરેક છે. અને ઈશ્વરનું અન્વય તે વૈરાટ્, સુત્રાત્મા ને અવ્યાકૃત એ ત્રણ શરીર સહિત જે કહેવા

તે ઈશ્વરનું અન્વય સ્વરૂપ છે. સ્થુળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ જીવના દેહ છે. ને વૈરાટ્, સુત્રાત્મા ને અવ્યાકૃત એ ત્રણ ઈશ્વરના દેહ છે. ને જીવ સ્થૂળમાં વર્તે તથા સૂક્ષ્મમાં વર્તે તથા કારણમાં વર્તે તેને સ્થૂળને થાક દુઃખ પ્રયાસ તે જીવ સ્થૂળમાં અન્વય છે. ને તે સ્થૂળમાં થાક દુઃખ પ્રયાસ તે છે છતાં સ્થૂળના થાક તથા દુઃખ પ્રયાસથી ન થાકે તે મુક્ત જીવ છે. પણ તે મુક્તનું અન્વય સ્વરૂપ છે. સ્થૂળમાં ને વૈરાટ્ જે ઈશ્વર તે પણ સ્થૂળ છે. તો તે થાકના દુઃખમાં પ્રયાસ જ પામે પણ થાકથી તથા દુઃખના પ્રયાસથી કાય(કંટાળે)નહિ, તે વૈરાટ્નું અન્વય સ્વરૂપ છે. ને જીવ સૂક્ષ્મમાં કેમ અન્વય છે ? જે સૂક્ષ્મ એટલે અંતઃકરણ ગણાય છે. ચાર તે દુઃખમાં ભળ્યેથી જ તે દુઃખ થાક પ્રયાસ જીવમાં એટલે સૂક્ષ્મમાં નથી. છતાં પ્રયાસ આદિ અંતઃકરણના ભાવ તે સ્થૂળમાં માનવાથી જડાઈ જાય, તે જીવ સૂક્ષ્મમાં અન્વય છે. સૂક્ષ્મમાં જીવ સૂત્રાત્મા જે ઈશ્વર તે બેને એકતા ગણાય છે. ને સૂક્ષ્મ જે અંતઃકરણ છે. ને તેમાં જે થાક નથી તે માન નથી છતાં થાક કહેવાય છે. તો તો ઈશ્વર જે સુત્રાત્મા અન્વય ગણાય છે. કારણ તે વાસનાના નામથી જીવનું અન્વય સ્વરૂપ છે ને કારણ ને અવ્યાકૃત તે એક છે. ને વાસનિક તે જીવ છે. તે વાસનાથી જ નષ્ટ કેતા નાશ છે. ને ઈશ્વર જે વૈરાટ્ તે પ્રલય વખતે જે નિમિત્તથી જ અમુક વખત જ વાસના રોકી શકે છે. ને વખતને અનુસારે જ રાગ થઈ આવે છે તે અવ્યાકૃતમાં ઈશ્વર અન્વય છે. ને સ્થૂળના દુઃખે રહિત તે જીવ વ્યતિરેક છે. ને ઈશ્વર જે વૈરાટ્ તે સ્થૂળ જે ઐશ્વર્ય તેથી રહિતપણું તે વ્યતિરેક છે. સ્થૂળમાં ઈશ્વર, જીવ અંતઃકરણમાં સૂક્ષ્મ છે. તે અંતઃકરણમાં સ્વપ્ન વતે જ સુખ છે. તે સુખમાં ન લેવાય તે જીવ વ્યતિરેક છે. ને ઈશ્વર તે સૂત્રાત્મામાં ઉત્પત્તિ કેતાં વિસ્તારમાં ન લેવાય તે ઈશ્વર જે સૂત્રાત્મા વ્યતિરેક છે. ને વાસનાથી જ જીવે મરે છે. તે વાસનાના ભયમાં ન લેવાય તે જીવ કારણમાં વ્યતિરેક છે. ઈશ્વર જે અવ્યાકૃત જે પ્રલય અવસ્થા છે. તે પ્રલયમાં આવે તે છતાં તે

પ્રલય તેને બાધ ન જ કરે. તે ઈશ્વર જે અવ્યાકૃતમાં વ્યતિરેક છે. ઉપર લખ્યા જે બદ્ધ જીવ તથા મુક્ત જીવ તેના હૃદયને વિષે મૂર્તિમાન જ રહ્યા છે. ને તે તે ઉપાધિથી રહિત છે. તે પરમાત્માનું અન્વયપણું છે ને આત્મા તો અરૂપ છે. તેમાં મૂર્તિમાન તેને વિષે આત્મા તરીકે જ છે. ને તેની ઉપાધિ ન અડે. તે જ પરમાત્માનું અન્વયપણું છે. ને જીવને વિષે તથા ઈશ્વરને વિષે છે છતાં રૂપ જુદું છે. જે બ્રહ્મ જે અક્ષર તેની જ્યોતિ વિષે જે શ્રીકૃષ્ણ ભગવાનને કહેવા તે એનું વ્યતિરેક સ્વરૂપ છે. ને આ વાત તો જો જીવને તથા ઈશ્વરને મૂર્તિમાન માનતો હશે તે પરમાત્માને પૃથ્વીએ કાયમ માને તે જ આ વાતને સમજ્યો છે. ને આ વાત સમજાય છે ક્યારે ? તો મોટાની કૃપાથી ને દયાથી જ જીવ દેહથી નોખો પડ્યો હોય તે જ આ વાત સમજ્યો છે. પણ સ્થૂળમાં તથા સૂક્ષ્મમાં રહીને આ વાત સમજાવશે તો તો મૂળગું ભૂંડું જ થાશે. માટે સદ્‌ગુરુથી આ વાત સમજવાની જરૂર છે. તે સદ્‌ગુરુના લક્ષણ સદ્‌ગ્રંથમાં લખેલા છે. તે જોઈને તેનું માન મૂકીને સમાગમ કરવો. તો જ આ વાત બરાબર બંધ બેસશે, નહિ તો નહિ સમજાય. તેમાં કાંઈ સંશય જ નહીં, ને એ વાત કર્યે જ છૂટકો છે. ને સમજે જ પાર કેતા પરા પ્રાપ્તિ તેને જ ગણાય છે. તે પ્રાપ્તિથી જ આ વાત સમજાય છે પણ બુદ્ધિના બળથી નહીં સમજે, ને સમજે તે જ સંત સ્વરૂપ આત્મા છે ત્યારે જ આ સંત આત્મા જણાય છે. ને આ પૃથ્વીએ સંત પુરુષ જ મનાય છે. માનેથી જ સત્યતા જણાય છે તે વાતમાં બીજું કાંઈ કામ જ ન આવે. એ જ એક આધાર છે અને અક્ષરનું અન્વય સ્વરૂપ તો શાસ્ત્રમાં મનોમય બ્રહ્મ કહ્યો છે. તથા અન્નમય બ્રહ્મ કહ્યો છે તથા આનંદમય બ્રહ્મ કહ્યો છે. તે જ અક્ષરનું અન્વયપણું છે. તે એ જ સર્વે થકી પર માયા ને માયાનું કાર્ય જે અનંત કોટિ બ્રહ્માંડ થકી પર ને સચ્ચિદાનંદપણે પૃથક્ કહ્યા છે. ને એક પુરુષોત્તમ વિના કાંઈ રહેતું જ નથી. એક પુરુષોત્તમ જ રહે છે તે જ અક્ષરબ્રહ્મનું વ્યતિરેકપણું કહ્યું છે. જેની વૃત્તિ એકતાર પરમાત્મામાં લાગે

ને તેથી જ તેવાને વિષે પ્રીતિ થાય છે. તેને તો આ વાતની જરૂર જ નથી. તેને તો જે કરવાનું છે તે થઈ ચૂક્યું છે પણ જેને અતિશે પ્રીતિ તો ન હોય, તેને તો અવશ્ય આ વાત સમજે જ છૂટકો છે. તે સમજવાને સારું સત્‌શાસ્ત્ર તથા મહત્ પુરુષનો સંગ નિરંતર કરવાનો છે. તો અવશ્ય સત્‌પુરુષનો સંગ કરવો.

(ગ.પ્ર.વ.૮) માં કહ્યું જે, ઈન્દ્રિયુંની ક્રિયા તે શ્રીકૃષ્ણ ભગવાન ને તેના ભક્તની સેવવામાં રાખે તો તેનાં પાપ બળી જાય છે. ને ઈન્દ્રિયુંની વૃત્તિ સ્ત્રી આદિકમાં પ્રવર્તાવે તો તો તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાય છે. માટે શાસ્ત્રમાં જે રીતે વિષય ભોગવ્યાનું કહ્યું છે, તેવી જ રીતે નિયમમાં રહીને વિષયને ભોગવવા ને નિયમમાં રહેવું, ને પ્રારબ્ધને અનુસારે જે મળે તે જ ભોગવે તો પાપ બળી જાય છે અને કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે. ત્યારે જ એને દેહને વિષેથી અહંપણું છે તેનો નાશ થાય છે ને દેહ સંબંધી જે પદાર્થ તેને વિષેથી મમત્વ બુદ્ધિ તેનો નાશ થાય છે. ને ભગવાનને વિષે પ્રીતિ અતિશે થાય છે. ને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે. તો કુસંગનો ત્યાગ કરવો. તે કુસંગ શું ? તો જો ધર્મ હોય ને તેમાં પરમાત્મા પ્રત્યક્ષ ન હોય તે કુસંગનો ત્યાગ કરે તો જ દેહને વિષેથી અહંબુદ્ધિ ટળે છે, ને દેહ સંબંધી પદાર્થને વિષે જે મમત્વપણું છે તેનો નાશ થાય છે. તે દેહ સંબંધી પદાર્થ તે શું છે ? જેને દેહને વિષે હેત નહીં તેવા સંતનો સંગ કરે તો જ દેહ સંબંધી પદાર્થમાંથી હેત મટે છે. ને તેના સંગથી ભગવાનમાં અસાધારણ પ્રીતિ થાય છે. તે પ્રીતિને બ્રહ્મનું સ્વરૂપ કહ્યું છે, તો તે બ્રહ્મના સંગથી જ થાય છે. બ્રહ્મ સ્વરૂપે બ્રહ્મરૂપ થવાય છે. ને તેને પરમાત્મામાં અસાધારણ પ્રીતિ થાય છે. ને શાસ્ત્રમાં નીમેલા વિષય ભોગવ્યાથી પૂન્ય થાય છે. ને પાપ નાશ થાય છે. તે તપાસી જીજ્ઞાસુએ વિચારવું ને તેમાં જે રસ્તો ઉત્તમ જણાય તે રસ્તે ચાલવું ને ઉત્તમનો સંગ તે અવશ્ય કરવો. તે આપણે તો "અર્થં સાધયામિ કે દેહં

પાતયામિ'' તરીકે જ સત્‌પુરુષનો સંગ કરવો. સંગ કરવાની રીત તે પોતે જ સેવકરામ નામના સાધુની સેવા તે સેતુબંધને માર્ગે ચાલતાં કરીને સેવકરામનું કૃતઘ્નીપણું દેખાડ્યું ને પોતે જે સેવા કરી તે મન, કર્મ, વચને સેવા કરી ને પોતાનો ત્યાગ બતાવ્યો. તેમાં એક રૂમાલ રાખતા ન હતા. છતાં તેની સેવા કરી તે છતાં તેને ન જાણ્યા તો પછે તેના સંગનો સર્વ પ્રકારે ત્યાગ કર્યો. તેમ જેના સંગથી સારા ગુણ ન આવે તો તેનો પણ ત્યાગ જ કરવો. જે જેનાથી સારા ગુણ આવે, તેવા સંતની શ્રીજીએ પોતે સેવા કરી બતાવી. તેવી રીતે તેની સેવા કરવી. અને જે મનુષ્યે કાંઈ પાપ કર્યું હોય ને તેનું તેણે પ્રાયશ્ચિત કેતા નિવારણ કર્યું, છતાં તેને તે પાપેયુક્ત કહે તેને પણ કૃતઘ્ની જેવો પાપી જાણવો. ને જે પંચે પ્રમાણ પ્રાયશ્ચિત કર્યું તેમાં જે દોષ દેખાડે તેને પણ તેવો જ કૃતઘ્ની જેવો પાપી જાણવો. ને શાસ્ત્ર પ્રમાણે વર્તે તેમાં જે દોષ દેખાડે તે પણ તેવો જ કૃતઘ્ની જેવો પાપી માનવો. તેમજ શાસ્ત્ર પ્રમાણે વર્તનારા મહત્‌ પુરુષને જે પ્રમાણે યથાર્થ જાણવા. તેમ જે ન જાણે તે પણ કૃતઘ્ની જેવો પાપી જાણવો. ને મહત્‌ પુરુષને પાપ રહિત જાણ્યા, તે પણ પાપ રહિત થઈ જાય છે. તો જો આવા જે મોટા પુરુષ છે તેને બળે બળ માનવું. તે જ બળ અકળ છે. તેને કોઈ કળી ન શકે. ને જે કળે તે તે જ દેહે કૃતાર્થ થાય. માટે જેને કૃતાર્થ થાવું હોય તેને તો આ જ સારો રસ્તો છે, તે રસ્તે ચાલીને અક્ષરધામમાં જાવું તે સુગમ છે. તે રસ્તો છોડી બીજે મોક્ષને ઈચ્છે તે મહામૂર્ખ છે. તે મૂર્ખને છોડીને મહત્‌ પુરુષ જોવા યોગ્ય છે. તેથી તેને જ જોવા. તો તે સંત તે સંત જ છે.

(ગ.પ્ર.વ.૧૧) માં બ્રહ્માનંદસ્વામીએ પૂછ્યું જે, વાસનાનું શું રૂપ છે ? પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, પૂર્વે જે વિષય ભોગવ્યા હોય ને દીઠા હોય ને સાંભળ્યા હોય તેની જેને પાછી સ્મૃતિ થઈ આવે, તેને પણ વાસના કહીએ. ને જે વિષયને ન ભોગવ્યા હોય ને તે જે અંતરમાં સાંભરી આવે તેને પણ વાસના કહીએ. ને દીઠા સાંભળ્યા તેની જે સ્મૃતિ થઈ

આવે તે વાસના તો આ જન્મની છે. ને જે વાત સાંભળી તે વાત આવતીકાલે પૂર્વ કહેવાય છે. તો જો આપણે મોટા પુરુષનો ઘણો જ સમાગમ થયો છે. તેથી આપણે ઘણું પૂર્વ કર્મ થયું છે. તે વાત સ્વામીએ(પ્ર.૧ વા.૩૩૭) માં કહ્યું છે, તે પ્રમાણે જ પૂર્વ કહેવાય છે. તે પૂર્વ કર્મ બલિષ્ટ હોય તો ભગવાન સાંભરે ને નબળા પૂર્વ કર્મ હોય તો પાપીના સંબંધને પામેલા પદાર્થ સાંભરે છે. ને તેવી જ તેની વૃત્તિ થાય છે. તો તે પણ વાસના કહેવાય. તેમાં જે ભગવાન સંબંધી સારા જ સુકૃત્ય ગણાય છે. ને પાપીનો જે સંબંધ તેમાં જ કર્મગ્રંથી બંધાય છે. ને તે પદાર્થ તથા પાપીની સ્મૃતિ તે અશુદ્ધ કર્મ તે વાસનાના નામથી જ કહેવાય છે. તે જ્યારે પરિપક્વ ભૂંડા પાપ કર્મ દૃઢ થાય છે તેને જ વાસના કહે છે. ને અત્યારે પણ આતતાયી પાપ તે અત્યારે જ દૃઢ થાય છે. તેથી જ તે કરે છે. તેમજ પરમેશ્વરને તેના સંતથી જે દૃઢ સુકૃત તે સારા જ કહેવાય છે. ને પૂર્વના સારા જ કૃત્યથી બુદ્ધિમાં પ્રકાશ થાય છે. અત્યારના સારા સંતના સંગથી જે સારા સુકૃત તે મોક્ષને આપનારા થાય છે. તે મહારાજે કહ્યું છે જે, મારા સંબંધને પામે તેનો મોક્ષ. ત્યારે વિચાર થયો જે, મારો સંબંધ તે કેટલા જીવને થાશે ? પછી તો અમે વિચાર કર્યો જે, અમારા સાધુનું દર્શન કરે તેનું પણ કલ્યાણ થાશે. ત્યારે તેમાંય વિચાર થયો જે, અમારા સાધુનું દર્શન પણ કેટલા જીવને થાશે ? પછી તેમાં પણ વિચાર થયો જે, અમારા સત્સંગીના દર્શન થાય તેનું પણ કલ્યાણ થશે. ને સત્સંગીને જમાડે ને જમે તેનું કલ્યાણ થાશે. ને સત્સંગીને પાણી પાય ને સત્સંગીનું પાણી પીએ તેનું પણ કલ્યાણ થાશે. એમ સ્વામીની વાતમાં કહ્યું છે. તો જે પ્રગટના સંસ્કારે જ અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. ને પરોક્ષના સંસ્કારે આ લોકમાં ખાવા મળે છે. ને પાપીના સંસ્કારે જમપુરી મળે છે. તો જો જેવા કર્મ તેવી જ વાસના; અત્યારે તથા અંતકાળે ગ્રંથી બંધાય છે. તો જો વાસના તો જે સાંભરે તેને જ કહે છે. તો આપણે તો શ્રી પુરુષોત્તમ ને તેના દાસને શરણે

અત્યારે જે પ્રગટ મળે તેથી જ અક્ષરધામ મળે છે. મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, ભગવાનનો એકાંતિક ભક્ત કેને કહેવો ? તો જેને ભગવાન વિના બીજી વાસના ન હોય તે એકાંતિક ભક્ત કેવાય છે. ને મોક્ષના માર્ગમાં હિંમત રાખનારાને પણ એકાંતિક કે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિવાળા તે પણ એકાંતિક ભક્ત કહે છે. ને નિર્વાસનિકને પણ એકાંતિક કહે છે. ને પંચવર્તમાન પાળે તે પણ એકાંતિક ભક્ત કહેવાય છે. ને એકાંતિકના સંબંધવાળાને પણ એકાંતિક કેવાય છે. ને એકાંતિકને ઓળખે તેને પણ એકાંતિક કહે છે. તો અત્યારે આખો સત્સંગ વડવાનળ અગ્નિ જેવો કહ્યો છે. પણ મહત્ પુરુષના સંગથી જુવે તો જ તે વાત મનાશે. એવો બહુ જ મોટો પ્રતાપ તે સત્સંગમાં અત્યારે ઉજાસ છે. તે પ્રકાશ તો મહા અદ્ભૂત છે. ને અત્યારે જે સત્સંગ કરે તેનો તો બેડો પાર છે. ને તેના ભાગ્યનો પાર ન કહેવાય. ને ભાગ્યશાળીને જ આ વાત હાથ આવે છે. ને તેને જ એકાંતિક ધર્મના પાળનારા મળે. બીજા કળી ન શકે. એવો અદ્ભૂત અલૌકિક આજ સત્સંગ છે. તે જીવથી ન જ કળાય. ને તે સત્સંગ કળે તે જ મુક્ત છે.

(ગ.પ્ર.વ.૯) માં શ્રીજી મહારાજે પૂછ્યું જે, પ્રગટનો નિશ્ચય હોય ને તેની ભક્તિ કરતો હોય તો પણ પોતાને પૂર્ણપણું ન મનાય, જે આ ને આ ભગવાનનું તેજોમયરૂપ છે, તે મુને જ્યાં સુધી નથી દેખાણું ત્યાં સુધી મારું પરિપૂર્ણ કલ્યાણ થયું નથી. એવું જેને વર્તતું હોય તેને અજ્ઞાન કહેવાય, ને એવું જે અજ્ઞાન હોય તેના મુખથી વાત પણ ન સાંભળવી. ને જે પ્રત્યક્ષને વિષે નિષ્ઠા છે. ને તે વિના બીજું ન ઈચ્છે તેને બળાત્કારે પમાડે છે. આવા અદ્ભૂત કૃપાના સાગર તેને મૂકીને તેના ધામને ઈચ્છે છે, તે તો તે મૂર્તિનો આવો જબરો મહિમા જાણતો જ નથી, નહીં તો બીજું ન ઈચ્છે, ને ઈચ્છે તો તો તે ભક્તે આવો પરમાત્માનો મહિમા જાણ્યો જ નથી. જે જાણે તો કંગાલતા મટે ને જેને ઈચ્છા બાકી રહે તો તો તેને પ્રગટની ભક્તિ જ

નથી. પ્રગટની ભક્તિથી કૃતાર્થ થવાય છે. તે પ્રગટ ભગવાનના દર્શને મોક્ષ મનાય છે. તો જો આપણે અપૂર્ણતા રહેશે તો પ્રગટ પુરુષોત્તમની ભક્તિ નથી. નહિ તો આ સ્વામિનારાયણ પ્રગટ આ પૃથ્વીએ મળ્યા ને વળી તેને આપણે કળ્યા તો ત્રિવિધી તાપ ટળ્યા ને તૃષ્ણા નાશ પામે તો જ પ્રગટને પ્રમાણે છે. ને તે દેહ છતાં આનંદ માને છે. તે આનંદ અનંત કોટિ જ કેવાય છે, તે આનંદે આનંદ પરમાત્મા માનવાથી અહો !! સત્સંગ જે આપણને સ્વામિનારાયણ મળ્યા ને તેની ભક્તિ આપણે કરીએ છીએ તે વાત જેવડી વાત જ ન  માનવી. તે વાત માને જ કૃતાર્થ મનાય છે. ને ધામને પામવાની ઈચ્છા ટળી જાય છે. તે પ્રગટ ભોજનમાં લાડવા મેલી ખાજાને ન ઈચ્છવા. ને પ્રગટની ભક્તિ તે લાડવા છે. ગોલોકાદિ ધામ તે ખાજા જેવા છે. ને ધામને પમાડનારાથી જ ધામ પમાય છે. તો જ તે ધામના ધણી પ્રગટ પુરુષોત્તમ સ્વામિનારાયણ સાક્ષાત્ મૂર્તિમાન જ મળ્યા. તો તો તેમાં જ ધામ માનવું તે જ જ્ઞાન છે. તે જ્ઞાન જ આત્યંતિક મુક્તિ છે. આમ જે માને છે. તો તો તેને પ્રગટ ભગવાન જ પોતાની જે મૂર્તિયું છે તેના દર્શન કરાવે છે. ને તે મૂર્તિયુંને પમાડે છે. ને ન ઈચ્છે તે જ નિષ્કામ ભક્ત કહેવાય છે. ને તેને જ જ્ઞાની ભક્ત કહેવાય છે. ને જ્ઞાની તો ભગવાનનો પણ આત્મા છે. માટે પ્રગટ પુરુષોત્તમ મેલી બીજા જે સુખ ઈચ્છવા તે તો પ્રગટ પાણી મૂકી ઝાંઝવાના પાણી પીવા જેવું છે. ને આપણે તો પરાત્પર જે સ્વામિનારાયણને મૂકીને બીજું ન ઈચ્છવું. જો ઈચ્છે તો પરલોકમાં ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે. ને પ્રગટ બીજું કાંઈ ન જ ઈચ્છે, તે તો તન તજે તદાકાર,  કેતા સાક્ષાત્ મોક્ષ છે. તે મોક્ષ મૂકીને ન દીઠું તે ન ઈચ્છવું. તેને જો ઈચ્છે તે અજ્ઞાની છે. તે પણ જે મા ને બાપ છે, તેને જ માને છે, તો આ તો જ્ઞાનીને ન ઈચ્છવું. પ્રગટ મૂકી બીજાને કે બીજું ઈચ્છે છે તે અજ્ઞાન તે જ્ઞાનીમાં ઘટે છે. પણ આજ્ઞા લોપ જ અજ્ઞાન ઘટતું નથી પણ પ્રગટમાં બધાં ધામ ને બધા નામ ને બધા સ્વરૂપ ને બધા ઐશ્વર્ય,

બધી ક્ષતિ તે છે. ને બધા અવતાર તે તેમાં જ છે. તેને મહિમાયે સહિત જ દેખે ને જાણે, તેને જ જ્ઞાની કહીએ. તે જ્ઞાનથી જ મોક્ષ મળે છે. આ જ રીતથી જે પ્રગટ પુરુષોત્તમને ભજશે તે જ જ્ઞાની ગણાય છે. ને તે જ જ્ઞાન સહુને પાર છે. ને જ્ઞાન જ પ્રકાશ છે. તે પ્રકાશથી ધામના ધણીને જુવે તો અગમ વાતને ન ખુવે; નહીં તો જરૂર અગમ વાતને તે ખોઈ નાખે છે. પ્રગટ મેલી પથરાને હાથ ન લેવી. આ વાત તો જાણે તેના સંગથી જ તો વાત બંધ બેસશે.

ઈતિશ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક સ્વામી જોગી ધર્મપ્રસાદદાસજી વિરચિતા વિનય સીતા પુસ્તક ચોથું સમાપ્ત થતું હવું. ॥ ૪॥

શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક ૫

## પુરુષ, પ્રકૃતિ, કાળ, મહતત્ત્વાદિકના સ્વરુપનું યથાર્થ જ્ઞાન થાય તો જ વૈરાગ્ય ઉત્પન્ન થાય

(ગ.પ્ર.વ.૧૨) શ્રીજી મહારાજે પૂછ્યું જે, પુરુષ પ્રકૃતિ ને કાળ ને મહતત્ત્વ તેના સ્વરૂપને જાણે ત્યારે પોતાને વિષે રહી જે અવિદ્યા તેથી મૂકાય છે. ને પુરુષના લક્ષણથી પુરુષ ઓળખ્યામાં આવે છે. તે પુરુષ તો પુરુષ જ છે. ને પુરુષોત્તમ તેને કહે છે. ને તેને સત્ય પણ કહે છે ને તે તો પ્રકૃતિના નિયંતા છે, ને પ્રકૃતિમાં રહે છે. તે પ્રકૃતિથી વિજાતીય છે. ને સ્વયં જ્યોતિ તે જ છે. ને સર્વજ્ઞ તે જ છે, ને ક્ષેત્રજ્ઞ પણ તે જ છે. ને દિવ્ય વિગ્રહ છે નેત્ર જેના જે આજ દિન સુધી તેને જ પુરુષોત્તમ કહે છે. સર્વશાસ્ત્રને અક્ષરના મુક્ત માંહિલો તે જ મુક્ત છે. ને માયા તો પુરુષોત્તમની શક્તિ છે. ને તે અનાદિ છે. ને ત્રિગુણાત્મક છે. ને અંધકારરૂપ છે ને ભગવાનની શક્તિ છે. અને ગુણ, સામ્ય ને નિર્વિશેષ એવી જે માયા તેનો જે ક્ષોભ કરે તેને કાળ કહે છે. તે કાળ તો બળિયામાં બળિયો ગણાય છે. ને માયા આદિક જે ચોવીશ તત્ત્વ તેને નામરૂપપણાને પમાડે છે. એવો જબરો કાળ છે. જે મહત્તત્ત્વને ને ચિત્તને અભેદપણે કહે છે. ને મહતત્ત્વને વિષે સૂક્ષ્મ રીતે સમગ્ર જગત તે રહ્યું છે. ને તે છતાં નિર્વિકાર રહે છે. ને તેને વિષે પ્રકાશ છે. સ્વચ્છ છે ને શુદ્ધ સત્વ છે. ને ચિત્તના દેવતા વાસુદેવ છે ને માયાદિક જે ચોવીશ તત્ત્વ તેમાં રહ્યા છે. ને ચિત્ત તે જગતમાં રહે છે. ને ચિત્ત તો બહુ જ સૂક્ષ્મ છે. હવે અહંકારનું લક્ષણ કહીએ છીએ. અહંકાર તો ભૂતપ્રાણી માત્રની ઉત્પત્તિનું કારણ

છે. ને તેને વિષે શાંતપણું છે ને ઘોરપણું છે. ને વિમુઢપણું છે. હવે મનનું લક્ષણ કહીએ છીએ. મન જે તે સ્ત્રી આદિક પદાર્થની ઉત્પત્તિનું કારણ છે. ને સમગ્ર ઈન્દ્રિયુંનું નિયંતા છે. હવે બુદ્ધિનું લક્ષણ કહીએ છીએ. જે વિશેષ જ્ઞાન તે બુદ્ધિને વિષે રહે છે. બુદ્ધિમાં સંશય, નિશ્ચય, નિદ્રા ને સ્મૃતિ તે રહ્યા છે. ને શ્રોત્ર, ત્વક્, રસના, ઘ્રાણ, ચક્ષુ, વાક્, પાણિ, પાદ, પાયુ ને ઉપસ્થ એ જે દશ ઈન્દ્રિયું તેનું તો એ લક્ષણ છે. જે પોત પોતાના વિષયમાં પ્રવર્તવું. તેથી જ તેના લક્ષણ જાણવા. ને તે ચોવીસ તત્ત્વની ઉત્પત્તિ, તે પુરુષોત્તમે અક્ષર સામું જોયું ને અક્ષરે મુક્ત સામું જોયું તેમાંથી એક પુરુષ ઊઠ્યો, તેણે માયા સામું જોયું. પ્રથમ પુરુષોત્તમ અક્ષરરૂપે પુરુષને વિષે ગર્ભને ધરતા હવા. ને પુરુષરૂપે કરીને માયાને વિષે ગર્ભ ધર્યો. ત્યારે તે માયામાંથી ને તે પ્રધાનમાંથી મહતત્ત્વ તે થયું. એ જ રીતે ચોવીશ તત્ત્વ તે થયા. મહતત્ત્વમાંથી ત્રણ પ્રકારનો અહંકાર થયો. તેમાં સાત્ત્વિક અહંકારથી મન, ઈન્દ્રિયુંના દેવતા તે થયા ને રાજસ અહંકારથી દશ ઈન્દ્રિયું, બુદ્ધિ ને પ્રાણ તે થયા. ને તામસ અહંકારથી પંચભૂત ને પંચ તનમાત્રા તે થયા ને પછે પોત પોતાના ભાવે સોતા જીવ તથા ઈશ્વરના દેહને સૃજતા હવા. ને જીવના દેહ તે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ ને ઈશ્વરના દેહ તે વૈરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત. તે વૈરાટ્ નામે જે ઈશ્વરનો દેહ તેની દ્વિપરાર્ધ કાળ સુધી આવરદા છે. ને તેના દિવસમાં ત્રિલોકીનો નાશ થાય છે. તે નિમિત્તપ્રલય છે. ને વૈરાટ પંડે ને પ્રધાન પુરુષ ને ચોવીસ તત્ત્વ તે માયામાં જ લીન થાય છે. તે પ્રાકૃત પ્રલય કહેવાય છે. ને મહામાયા તે મહાપુરુષ અક્ષર બ્રહ્મના તેજમાં લીન થાય છે. તેને આત્યંતિક પ્રલય કહેવાય છે. ને દેવ-દૈત્ય તેનો જે ક્ષણ ક્ષણ પ્રત્યે નાશ તે નિત્યપ્રલય કહેવાય છે. એવી રીતે ચોવીસ તત્ત્વ, પ્રધાન ને પુરુષ ને માયા ને કાળ તેના લક્ષણને જાણે ને તે ચોવીસ તત્ત્વની ઉત્પત્તિ જાણે તેને જ વૈરાગ્ય ઉપજે છે. ને ચોવીસ તત્ત્વ જ વિશ્વ કહેવાય છે. તેને જાણે ત્યારે જ વૈરાગ્ય વિશ્વમાંથી થાય છે. ને ચોવીસ તત્ત્વની સ્થિતિ તે સત્‌પુરુષથી જ, તેની સ્થિતિ ને

તેની ઉત્પત્તિ ને પ્રલયને યથાર્થ સત્‌પુરુષથી જ જાણે તો જ વૈરાગ્ય તે થાય છે. ગ્રંથમાં તો વાત હોય પણ તેના લક્ષણ તો સત્‌પુરુષથી જ સમજાય છે. ને ચોવીસ તત્ત્વને જીત્યાની રીત તે સત્પુરુષ શીખવે તો જ તે તત્ત્વને જીતે છે. નહિ તો એકેય જીતાય તેવા જ નથી. ચોવીસ તત્ત્વને જીતવામાં સત્‌પુરુષની સહાયતા તો જરૂર જોઈએ. તેની સહાયતાથી તે ચોવીસ તત્ત્વનો પ્રલય તે કરતા આવડે છે. ને તે તત્ત્વની સ્થિતિની રીત તે જણાય છે. તે તત્ત્વની ઉત્પત્તિ તે બરાબર જણાય છે. ત્યારે જ આત્મામાં પરમાત્મા જે સ્વામિનારાયણ તે જેવા અત્યારે પ્રગટ પુરુષોત્તમ છે તેને તેજે સહિત જ દેખે છે. તે પરમાત્મા વિના કયાંય પણ પ્રીતિ નહિ રહે ને તેનો વૈરાગ્ય તે મોળો જ ન પડે. ને તેના સંગમાંથી પુરુષોત્તમ પરમાત્મા સાક્ષાત્ મળે છે. ને તેને ચોવીસ તત્ત્વ કે પ્રલય ન નડે. તેના સંગથી અક્ષરધામ મળે ને કર્મ સર્વ બળે છે. અને સાંખ્ય યોગ સિદ્ધ થવાનું કારણ સમાગમ જ છે. એમ સ્વામીએ પ્ર.૧ વા. ૯૮ માં લખ્યું છે. ને આ ચોવીસ તત્ત્વ તેના લક્ષણને જાણે તે જ આત્મા માનવો. ને ચાર પ્રકારના પ્રલયને જાણે વૈરાગ્ય તે થાય છે ને તે પ્રલય પીંડમાં તથા બ્રહ્માંડમાં થાય છે. તે મહત્ પુરુષથી જાણવો. આ જ સર્વ લક્ષણ જેથી દેખે તે જ તેને અક્ષર સ્વરૂપ છે. ને તે અક્ષર સનાતન છે. અપ્રાકૃત છે. સચ્ચિદાનંદ છે. તેને દૃષ્ટાંતે કરીને કહ્યું છે. તે પ્રકાશ પરમાત્મા દેખાડે છે. ને અંધકાર તે જેથી કરીને પરમાત્મા ન દેખે તે અંધકારને અનંત રીતથી પરમાત્મા જે તે જોઈ શકાય છે. તે સ્વરૂપ અક્ષર છે. તેની દૃષ્ટિથી પરબ્રહ્મ જે સ્વામિનારાયણ જોઈ શકાય છે. તે જ મૂળ અક્ષર સ્વરૂપ સાક્ષાત્ અત્યારે આપણને શ્રીજીએ આપ્યું છે.

સદ્.સ્વામી ગુણાતીતાનંદજી એ પ્ર.૨ વા.૫૩ માં કહ્યું છે;

**“ઐસે મેરે જન એકાંતિક તેહિ સમ ઓર ન કોઈ”**

તે મુક્તાનંદસ્વામીએ કીર્તનમાં કહ્યું છે, તે પુરુષ જ્યાં જાય ત્યાં સહુને પરમાત્માની પ્રાપ્તિ તે કરાવે છે. તેથી તેનું જ અનંત બ્રહ્માંડમાં ધાર્યું

થાય છે. તે છતાં નથી દેખતા તો તેને પૂર્વના પાપ છે. ને અત્યારે સંતપુરુષની તેની ઉપર કૃપા દૃષ્ટિ નથી થઈ; નહીં તો આવો જબરો પ્રતાપ જે સ્વામિનારાયણનો છે. તેથી જ અંધારું જે, વિષયમાં આસક્તિ તે ટળી જાય છે. જેમ દિવસમાં રાત નાશ થઈ જાય છે તેમ સત્‌પુરુષની કૃપા દૃષ્ટિથી કોઈ દેશમાં અંધારું રહે જ નહિ. એમ સ્વામીએ(પ્ર.૨ વા.૫૪) માં કહ્યું છે. કોઈમાં એક ગુણ હોય, કોઈમાં બે ગુણ હોય, તેમાંથી તે તે ગુણ આવે છે. સર્વેગુણે સંપન્ન એક જ મળે તો કાંઈ વાંધો જ ન રહે ને ઠેઠ સ્વામિનારાયણનો મેળાપ તે કરાવે છે. તે જ પ્રકારે સ્વામિનારાયણ જોવા. તેથી જ તે સ્વામિનારાયણનો મહિમા જાણે છે. ને તે રૂપે થયા વિના માયાનો લેપ જીવમાંથી નાશ નહિ જ થાય. ને તેવા જ પુરુષને જીવમાં પધરાવે પ્રકાશ થાય છે. ને અંધકારનો સર્વ પ્રકારે નાશ થઈ જાશે. જેમ ઉંદરમાં ભ્રોણમાં સર્પ પેસે ત્યારે તે ઉંદરને કયાંય જવું જ ન પડે. તે ઉંદરનું ત્યાં જ સમાધાન થઈ જાય છે. ને જેને દર્શને દુષ્કૃત નાશે, ને સ્પર્શે નાશે પાપ, તેવા તો એક સહજાનંદસ્વામી ને તેના દાસ સાક્ષાત્ દેખાય છે. ને તેને ન દેખે તે તો ઘુડ જ છે. તેવા ઘુડ જેવાનો સંગ ન કરવો. ને જેનો સંગ કરે તે તો પોતે જ કોઈ વખત એમ બોલે જે મરશું ત્યારે શું થાશે ? તો તો તે ઘુડ જેવા જ છે. તેની પાસે પરમાત્મા સ્વામિનારાયણ દેખાવાના નથી. ને તેવાનો સંગ તો સર્વે પ્રકારે ત્યાગ કરવો જ ઘટે છે. અર્થાત્ બોલ્યાથી જ મહત્ પુરુષને ન દેખે તો તો મુમુક્ષુ જ નહિ. ને મુમુક્ષુનો તો લોઢાના જેવા સ્વભાવ છે. તે જેમ ચમકને દેખે ત્યારે લોઢું તે ચમકમાં તણાય જાય છે. તેમ મુમુક્ષુને જેના સંગમાંથી સ્વામિનારાયણમાં હેત થાય તે તેમાં જરૂર તણાય છે ને ચમક તે અપાર છે. તો જ દશે દિશુ કલ્પાય છે. એટલે ચારે પડખે બ્રહ્માંડની કોટિયું તે અક્ષરના રૂંવાડે રૂંવાડે અનંત કોટિ બ્રહ્માંડ અણુની પેઠે ઊડતા ફરે છે એવડું મોટું અક્ષરધામ, તે સ્વામિનારાયણની સેવામાં રહે છે. ને સ્વામિનારાયણ તે અક્ષરધામમાં જ રહે છે તે અસંખ્ય

મુક્તે સેવ્યા થકા સદાય અક્ષરધામમાં રહે છે. ને અક્ષરધામનો ત્યાગ તે કરતા નથી. તે અક્ષરધામરૂપ તખ્તમાં બિરાજે છે. તે મહાપ્રભુને સર્વ પ્રકારે જોવા તે તો એક અક્ષર જ સમર્થ છે. ને જેમ પોતે જોઈ શકે છે તેમ તે જીજ્ઞાસુ જીવને દેખાડી શકે છે. તે સર્વે રીતે જ સમજવું. કોઈ પ્રકારથી ન્યૂન ન જ લેવાય. ન્યૂન લે તો તો મુક્ત જેવા ગણાય છે. તો જો આવા મોટા અક્ષરધામમાં શ્રી પુરુષોત્તમ સ્વામિનારાયણ રહે છે તે ધામને સમાધિમાં દેખે છે. ને દેહનો ત્યાગ જ્યારે જીવ કરે છે. તે તો તે જ ધામમાં જાય છે. જે પૃથ્વી આખી તથા મનુષ્ય, પશુ, પક્ષી, ઝાડ, પહાડ, ડુંગરા સહિત આ પૃથ્વી બિલોરી કાચની હોય, આકાશમાં તારા તે સર્વે સૂર્ય હોય તેના જેવો પ્રકાશ થાય છે. તેવો જ પ્રકાશ તે અક્ષરધામમાં છે એવો પ્રકાશ તે અક્ષરનો પુરુષોત્તમ સાથે બંને સ્વરૂપે છે. સાથે પણ સત્પુરુષની દષ્ટિ વિના નહિ દેખે, તે વાત પણ સત્પુરુષથી જ નક્કી થાય છે. તે સેવા સમાગમ જોગ તે સિદ્ધ થયાનું કારણ છે. તે સિદ્ધ થયે જ સિદ્ધ તે મનાશે. નહીં તો નહીં જ મનાય. ને ભણ્યે જ કાગળ વંચાય છે પણ તે વિના ન જ વંચાય. એ વાત અચળ સિદ્ધાંત છે. તેમાં કાંઈપણ સંશય નથી.

(ગ.પ્ર.વ.૧૩) માં નિત્યાનંદસ્વામીએ પૂછ્યું જે, દેહ દેહ પ્રત્યે જીવ એક છે કે અનેક છે ? અને જો એક કહેશો તો જીવ તો અચ્યુત છે ને અજર અમર છે. તે કપાણો કેમ ? ને વડ પીપરની ડાળખીયું કાપીને વાવે છે, ત્યારે એ તે એ જીવે પ્રવેશ કર્યો કે બીજે જીવે પ્રવેશ કર્યો ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, શ્રીકૃષ્ણ ભગવાનની પુરુષ ને પ્રકૃતિરૂપ પોતાની બે શક્તિ છે. તેનું પોતે ગ્રહણ કરીને વૈરાટ્ રૂપને ધારતા હવા. તે એ વૈરાટ્ પુરુષ બ્રાહ્મ કલ્પને વિષે પોતાના અંગ થકી બ્રહ્માદિક સ્તંબ પર્યંત સમગ્ર જીવને સૃજતા હવા. પાદ્મ કલ્પમાં બ્રહ્મારૂપે મરિચ્યાદિકને સૃજતા હવા. ને કશ્યપ ને દક્ષરૂપે સમગ્ર જીવના દેહને સૃજતા હવા. એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે પોતાની પુરુષ પ્રકૃતિરૂપ જે બે શક્તિ એ સહિત જીવ જીવ

પ્રત્યે રહ્યા છે. તેમાં જીવ છે તેણે કેટલાક કર્મ સત્ત્વગુણપણે કર્યા છે. કેટલાક કર્મ રજોગુણમાં રહીને કર્યા છે. કેટલાક કર્મ તો તમોગુણમાં રહીને કર્યા છે, તે કર્મને અનુસારે એ જીવને ભગવાન ઉદ્‌ભીજ જાતિના ને સ્વદેજ જાતિના ને જરાયુજ જાતિના ને અંડજ જાતિના દેહને પમાડે છે. ને સુખ દુઃખ રૂપ તેના ફળને પમાડે છે ને એ જીવના દેહ થકી અનેક જાતિના દેહને સર્જે છે. જેમ કશ્યપ આદિકના દેહથી અનેક જાતિના સર્જે છે. તે જીવ જ અનેક રૂપે થાય તેમ નથી. એ તો એ જીવને ઉપજ્યાનો કર્મ સંસ્કાર થયા હોય તે થકી બીજા દેહને સર્જે છે. પણ એ જીવ જ અનેક રૂપે થાય તેમ નથી. ને વૈરાટ્ રૂપ જે ભગવાન છે, ને દિવસ રૂપી જ કલ્પ કહ્યા છે, તેમાં ઈશ્વરની જે ઉત્પત્તિ તે જેવો કલ્પ તેવી જ તેની ઉત્પત્તિ થાય છે. ને જેવું ઈશ્વરનું રૂપ તેવી પણ ઉત્પત્તિ તે કહેવાય છે. એવી જ રીતે ઈશ્વરની ઉત્પત્તિ જાણવી. જીવને જીવથી ઉત્પત્તિ તે થાય છે. ને તે જીવને તે થકી કર્મગ્રંથી બંધાય છે. તે જીવને જીવ થકી મૃત્યુ તે ગણાય છે. ને જીવને જીવ થકી પોષણ તે થાય છે. ને જીવ થકી જ આજીવિકા કહી છે. તેમાં આઘુ પાછું કરે તેવું જ કર્મ ગણાય છે. તે જ રીતે વૃત્તિને અનુસારે કર્મગ્રંથી બંધાય છે. તે કર્મનું ફળ તે જીવ તે ભોગવે છે. તેથી તેને મૃત્યુ તે થાય છે. કર્મના ફળ ભોગવવા સારું જ જન્મ ગણાય છે. તે એવી જ રીતે જીવ કર્મને ભોગવે છે. તે પરમેશ્વર નજરે દેખે છે. તો જ તે જીવ થકી જ મુક્તિ ગણાય છે. તો જ્યાં જેવી રીત ત્યાં તેવે રૂપે પરમાત્મા રહે છે. ને તે જ રીતે સાકાર ગણાય છે. તેને જીવ ન જાણે તેથી જ પરમાત્મા અરૂપ શાસ્ત્રમાં કહ્યા છે. પણ તે અરૂપ નથી તે તો દિવ્ય છે, ને સદા સર્વદા છે. ને તે એકરૂપે રહ્યા થકા અનંતરૂપે છે. તેની ગતિથી જ જીવ ગતિ કરે છે. તે પરમાત્માની દૃષ્ટિથી જુવે જ નક્કી અધર્મરૂપ કર્મને ખુવે છે. ને તે જ કાયમ પરમાત્મા સ્વામિનારાયણને જુએ છે. આ વાતને જે જન કળે તેના જ કર્મ ટળે છે. ને તેને જ શ્રી પુરુષોત્તમ સ્વામિનારાયણ જડે છે. કેતા

સાક્ષાત્ તેને જ ગણાય છે. તો જો આ સર્વ હકીકત જાણ્યા સારુ સ્વામિનારાયણ આજ સાધુ સમાજ તે લાવ્યા છે. તેથી જ જીવના કલ્યાણ થાય છે. અર્થાત્ મોક્ષની ઈચ્છાવાળાને તે જોવું.

(ગ.પ્ર.વ.૧૪) માં શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, બે પ્રકારના ભગત છે તેને નિશ્ચય બરોબર છે. વર્તમાન પણ બરોબર છે ને તે એક ભગત ત્યાગી, એક ગૃહસ્થ તે બેયને વાસના સરખી છે. એકને સ્ત્રી આદિકનો જોગ છે. એકને નથી. તે બેમાં કોણ અધિક છે ? પછે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, ત્યાગી ભક્ત જ અધિક છે. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, ઓલો પોતાને મેળે મુંઝાઈને નીકળ્યો તે કઈ રીતે અધિક છે ? કેમ જે તેને સારી રીતે ખાવા મળે ને ઘણું જ દુઃખ તે થાય તો પાછી સંસારની વાસના હૃદયમાં ઉદય થાય તે કરતાં તો ગૃહસ્થ ઘણો જ સારો છે, જો ગૃહસ્થના ધર્મ સચવાય તો. કેમ જે ગૃહસ્થ ભક્તને જ્યારે દુઃખ પડે અથવા ઘણું સુખ આવી પડે ત્યારે તે એમ વિચાર રાખે, રખે મારે આમાંથી બંધન થાય. એવું જાણીને સંસારમાંથી ઉદાસ રહે છે. માટે ત્યાગી તો તે જ ખરો જે, સંસાર મુક્યો તે પાછી સંસારની વાસના જ ન રહે. અને ગૃહસ્થ તો વાસનાવાળા ત્યાગી કરતા તો ઘણો શ્રેષ્ઠ છે. જો ગૃહસ્થના ધર્મ સચવાય તો. પરંતુ ગૃહસ્થના ધર્મ તો ઘણાં જ કઠણ છે. ને અનંત પ્રકારના સુખ દુઃખ આવી પડે ત્યારે સંતની સેવામાંથી ને ધર્મમાંથી આડુ અવળું ડોલવા દે નહિ ને એમ સમજે જે, સંતનો સમાગમ મળ્યો છે તે તો પરમચિંતામણિ  ને કલ્પવૃક્ષ સમાન મળ્યો છે. અને ધનદોલત, દીકરા, દીકરી તે તો સર્વે સ્વપ્ન તુલ્ય છે. આવો સંત સમાજનો જ્યારે અહો ! અહો !! આનંદનો ઉત્સાહ જેને રહે તે ગૃહસ્થ તો ત્યાગી કરતાં બહુ જ અધિક છે. ને ભક્ત થયા છતાં ભગવાનને ચિંતામણિ સમજે છે ને ભક્ત છતાં ચિંતામણિથી સંત તે ન્યૂન છે એમ માને છે તે ભક્ત છે, તો પણ ગૃહસ્થથી તે ભક્ત ન્યૂન છે. ગૃહસ્થ તો તે ભક્તથી અતિ અધિક છે.

તે ગૃહસ્થ તો સંતને પરમ ચિંતામણિ ને કલ્પવૃક્ષ માને છે. પરંતુ જો ચિંતામણિ માને છે, તો તો તે ન્યૂન છે. ને સંતને પરમ ચિંતામણિ માને તે તો અધિક જ છે. તે વાક્ય શ્રીજી મહારાજના પોતાના સાક્ષાત્ લખેલ છે. તે સંતનો મહિમા સમજે જ પરાગતિ છે. માટે જીજ્ઞાસુ જીવને આ જ રસ્તો લેવો. એ જ પરમ કલ્યાણ અત્યારે જ મનાશે. તે શ્રીજીએ(ગ.મ.વ.૫૯)માં લખ્યું છે જે ભગવાન ને ભગવાનના ભક્ત તે જ કલ્યાણકારી છે. આવો તો સ્વામિનારાયણના દાસનો પ્રતાપ શ્રીજી કહે છે. તેનો કોઈપણ વાદ લઈ શકે તેમજ નથી. તે શ્રીજીએ(વ.વ.૧૯) માં કહ્યું છે, જે યથાર્થ ભક્તનો મહિમા તો કહેવાય જ કેમ ? એમ જ્યારે પોતે જ કહે, તો હવે શું કહેવું !! તે ઉપર ભગવાન ને સાધુના મહિમાના કીર્તન મુક્તાનંદસ્વામીના ગવરાવીને કહ્યું જે, આજ રીતે મહિમા વિના જીવ બળને ન પામે. ને ભગવાન તથા સાધુનો મહિમા તો બહુ જ મોટી વાત છે. ને સર્વ કરતાં તો ભગવાનના ભક્ત થાવું તે દુર્લભ છે. ભગવાનના ભક્ત થાવું તે બહુજ કઠણ છે. તે ઉપર શ્રીજી મહારાજે સંતના ને ભગવાનના મહિમાના મુક્તાનંદસ્વામીના કીર્તન ગવરાવીને સંત તથા શ્રીજીનો મહિમા જાણવો તે બહુજ મોટી વાત છે. અર્થાત્ સંત તથા શ્રીજીનો મહિમા જાણ્યે જ શ્રીજીની આજ્ઞા પળશે. મહિમા ન હોય તો તે શ્રીજીની આજ્ઞા નહિ જ પળે. ને આજ્ઞા પાળે તે જ દાસ છે. તે તો દાસ થઈને દેહરૂપે વર્તે તે તો પ્રાકૃત ભક્ત છે. ને દેહને પોતાનો માને તે નક્કી દાસ જ નહિ. પોતાના સ્વામીને ભોગવવાના પદાર્થને ઈચ્છે તે દાસ જ નહિ. દાસ થયે જ દુઃખ તે નાશે છે. ને અત્યારે કલ્યાણ તે થાય છે. તે શ્રુતિમાં કહ્યું છે જે, જેવી અત્યારે મતિ તેવી અંતકાળે ગતિ થાય છે. મુવાટાણે બોલતાં બોલતાં દેહને મેલે તેથી મોક્ષ નથી. એ તો અત્યારે જ ભક્ત થયો તે અંતકાળે મોક્ષ ગતિને અવશ્ય પામશે. તેમાં કાંઈ સંશય જ નથી. તે સારુ અત્યારે શ્રીજી સંત રાજી થયે જરૂર ધામમાં જાય છે, તેમ જાણવું.

અત્યારે શ્રીજી તથા સંતને રાજી ન કર્યા તો તો અંતકાળે કલ્યાણ થાય તેમ જણાતું નથી. ને જેના હૈયામાં એમ હિંમત રહે જે, જેમ ભગવાન તથા સંત કહેશે તેમ જ કરવું છે, એમ તેના હૈયામાં હિંમત રહે છે. પણ આટલું વચન મનાશે ને આટલું નહિ જ મનાય. એમ ભૂલ્યે પણ ન બોલે; એવી જ સંત વચનમાં હિંમત રહે છે. તે જ કલ્યાણ લે છે ને તેને જ શૂરવીર કહે છે. તે શૂરવીરને તો ભગવાનના સ્વરૂપને હૃદયમાં ધારવું તેમાં હિંમત જ રહે છે. તે ધારતાં ધારતાં જો ન ધરાય તો પણ કાયર ન જ થાય. દશ વરસે કે સો વરસે કે ગમે તેટલા વરસ થાય તો પણ ભગવાનના સ્વરૂપને ધારવું મૂકી ન દે. ને જે હિંમત ન હારે તે જ શૂરવીર છે. ને એવા શૂરવીર તો અત્યારે સંત જ છે. તે શૂરવીર સંતથી જ શૂરવીર થવાય છે. ને સંતના સંગે જ ગુણ તે ગોંવિદના ગવાશે. ને અત્યારે જ કલ્યાણ તેને સંગે કરીને થાશે, ને અત્યારે કલ્યાણ નહીં થાય તો તો તેના સંગનો ત્યાગ કરવો જ ઘટે છે. અર્થાત્ કલ્યાણ તે શું છે ?જે દોષ રહિત સંતના સંગથી થાશે ને શૂરવીર થઈને ગુણ તે ગોંવિદના ગવાશે. દોષ રહિત થવાને દોષ રહિતનું કલ્યાણ ન માને તે તો અત્યારે સંત જ નહીં. તે શ્રીજીએ શિક્ષાપત્રીમાં લખ્યું છે. "બ્રહ્મરૂપ થઈને ભક્તિ કરવી" તેને શ્રીજીએ અત્યારે મુક્તિ માની છે. તે શ્રીજીની મુક્તિ મૂકી મુક્તિ માને તેને મુક્તિ કહેવાય જ નહીં. એ જ મુક્તિ થયે જ મુક્ત તે કહેવાય છે. ને તેનાથી જ મુક્ત તે થવાય છે. ને તે તો તે મુક્તની જ સામર્થી છે. તે સિવાય કોઈની પણ ગતિ જ નથી. ને તેમાં ગતિ તે તુલ્ય જ કહેવાય છે. ને તેને જે ન્યૂન કહે છે તેણે તો શૂરવીર મુક્તનો આવો જબરો મહિમા જાણ્યો જ નથી. ને તેનો મહિમા જાણ્યે જ શૂરવીર ગતિ પ્રાપ્ત થાય છે. આજ રીતે મુક્ત મહિમા જાણ્યે જ શૂરવીર ગતિ પ્રાપ્ત થાય છે. આ જ રીતે મુક્ત મહિમા શ્રીજી છે તો તે અક્ષરમુક્ત તે થાવું તે અત્યારે યોગ્ય છે. તે મુક્તિ જ આત્યંતિક કલ્યાણ કહેવાય છે. ને દેખે તે જેને સત્ અસત્‌નો વિવેક તે શું છે ? તો જેટલા

અવગુણ પોતામાં હોય તેને જાણે ને તેનો ત્યાગ વિચારીને કરી દ્યે.સંતમાં તથા સત્સંગીમાં તો તેને કોઈ અવગુણ ભાસે જ નહીં. જો તેમાં કાંઈ અવગુણ ભાસે તો તેનો વિચારીને ત્યાગ કરી દ્યે. ને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે ને પરમેશ્વરમાં તો કોઈ અવગુણ ભાસે જ નહીં. ને શૂરવીરતા તો કેવી હોય, જે ભગવાન તથા સંત જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને. ને સંત કહે જે, તું દેહ, ઈંદ્રિયું, મન,પ્રાણથી જુદો છે અને સત્ય જ છો ને એનો જાણનાર છો. ને દેહાદિક તો અસત્ય છે એમ જે વચન કહે એને સત્ય જ માને ને સર્વે થકી જુદો આત્મારૂપે વર્તે પણ મનના ઘાટ ભેળો ભળી જાય નહીં. ને જેણે કરીને પોતાને બંધન થાય ને પોતાના એકાંતિક ધર્મમાં ખોટ આવે એવા જે પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે ને તેથી છેટે જ રહે ને તેના બંધનમાં ન આવે ને સવળો વિચાર હોય તેનું ગ્રહણ કરે ને અવળા વિચારનો ત્યાગ કરી દ્યે. ને દેહથી નોખો આત્મરૂપ થાવું ને વિવેક વિચાર આવવાનું કારણ તો સંત જ છે. તે તેથી જ કહેવાશે.

ઈતિશ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક સ્વામી જોગી ધર્મપ્રસાદદાસજી વિરચિતા વિનય સીતા પુસ્તક પાંચમું સમાપ્ત થતું હવું. ॥૫॥

શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક ૯

## સત્સંગમાં કુસંગ તે શું ?

સત્સંગમાં કુસંગ તે જાણવો. સત્સંગમાં કુસંગ તે શું ? અર્થાત્ જે હિંમત રહિત જે વાત કરે તેના સંગનો ત્યાગ કરવો તે યોગ્ય છે. સત્સંગમાં કુસંગ તે હિંમત રહિત જ વાત કરે છે, તે જબરો કુસંગ ગણાય છે ને પરમેશ્વરનું વચન યથાર્થ કોણ પાળી શકે છે ? તે તો જેટલું પળે તેટલું પાળવું તે જ કુસંગ ગણાય છે. તે કુસંગને ઓળખવાની જરૂર છે. અને શ્રીજી સંતને મેલીને બીજાના ગુણ ગાય છે તે પણ કુસંગ છે. ને શ્રીજીને અવતારના અવતારી ન સમજે; કાં તો અવતાર સમજે ને કાં તો અવતારી સમજે પરંતુ જેવા છે તેવા શ્રીજીને ન જાણે તે સત્સંગમાં કુસંગ છે ને શ્રીજીના દાસનો મહિમા ન જાણે તે પણ કુસંગ ગણાય છે. ને શ્રીજી સંતનો મહિમા બતાવે છે ને આજ્ઞા ન પાળે તો પણ કુસંગ જ છે. કારણ કે સત્સંગમાં રહીને સ્વભાવનો ત્યાગ ન કરે તે પણ કુસંગ છે. ને શ્રીજીએ તો તેને દૈત્ય કહ્યા છે. તે દૈત્યને ઓળખીને તેના સંગનો ત્યાગ જ કરવો તે યોગ્ય છે. ને સત્સંગમાં રહે છે છતાં સત્સંગનું સુખ ન લે તે પણ કુસંગ છે. ને સ્વામિનારાયણને પરોક્ષ માને તે પણ કુસંગ છે. ને હયાતી જ માને ને આજ્ઞા ન પાળે ને શાસ્ત્રને સત્ય ન માને તે પણ કુસંગ છે. ને આ દુનિયામાં જે પાપ કરે ને વટલે ને અન્યાય કરે ને ચોરી કરે, છિનારી કરે ને અધર્મમાં ભરપુર ચાલતા હોય, અન્યાયનો પક્ષ લેતો હોય અને દારૂ માટી કરતો હોય ને ગરીબને જે પીડતો હોય ને માબાપની ચાકરી ન કરે ને તેને સામુની ગાળ આપે ને અહંકારે યુક્ત ચાલનારા ને ફેલમાં ફસાયેલા પુરુષો જ બહારનો કુસંગ છે. ને તે કુસંગને દેખે ને ન ત્યાગે, તેનો સંગ તે કુસંગ તો

બહુજ મોટો છે. અંતરમાં કુસંગ જે, ભૂંડાં ઘાટ થાય છે ને ભક્તમાં દોષનું આરોપણ કરે તે કુસંગ અંતઃકરણનો છે. ને કામ, ક્રોધ, લોભ, મોહ, દંભ, ઈર્ષા, અસુયા ને રસાસ્વાદ એ રીતના દોષને લઈને સાધુ પુરુષને ન માને ને સંત પુરુષના પ્રસંગથી બુદ્ધિ નિર્મળ તે થાય છે. ને તે સત્‌પુરુષને ચડ્યું જે પુષ્પ ચંદન તેની સુગંધ લીધે પવિત્રતા મળે છે. ને તેનો પ્રસાદ જમવાથી બુદ્ધિ નિર્મળ થાય છે. પરંતુ વર્તમાન રાખીને દર્શન કરવાની જરૂર છે. તે જેને ન ખપે તેને તો સાકરની પ્રસાદી લેવી તે જ યોગ્ય છે. એટલે ધર્મ રાખીને સત્પુરુષનો મેળાપ તે કરવો તે જ તાત્પર્ય છે. ને ઈંદ્રિયોને નિયમમાં રાખીને સાધુ પુરુષનો મહિમારૂપ પ્રસાદ લે છે, તે જ પવિત્ર થાય છે. ને કુસંગ અંતરનો ને સત્સંગનો ને બહારનો તેને ઓળખીને સત્‌પુરુષોને ઓળખવા ને ધર્મમાં રહીને સાધુ પુરુષનો સંગ કરવો. ને તે સાધુ પુરુષના સંગથી સમુદ્રરૂપી સંસાર સાગર તરાય છે. તે આ જ રીતે વિષયને સમજ્યા વિના ભોગવશે તે તો નારદ સનકાદિક જેવા હશે, તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાશે તો બીજાની વાત તો શી કહેવી ? ને જે સમજીને વિષય ભોગવે તે જ મુક્ત થાય છે. તે વિના તો ભલે ચાર વેદ ભણે, કંઠે કરે પણ મુક્ત ન જ થાય. તે બહારનો કુસંગ તે રૂપ ઉપાધિનો ત્યાગ કરવો. ને બહારના સત્‌પુરુષ તો સર્વે પ્રકારે કલ્યાણના કર્તા જ છે ને બહાર સત્‌પુરુષ સંબંધી પંચવિષયને ભોગવે તેનું જ અંતઃકરણ શુદ્ધ થાય છે. તે વાત તો અક્ષરમુક્તને કરવાની જરૂર છે. તો સાંખ્યયોગ, કર્મયોગીને કરવો તે યોગ્ય છે. ને સાત માળની હવેલીએ જે ચડે છે તે તો કલ્યાણના માર્ગમાંથી જરૂર પડે. તે હવેલી દેહાભિમાનરૂપ જ છે. ને સાત માળરૂપ મદ ને મોહ ને શબ્દ ને સ્પર્શ ને રૂપ ને રસ ને ગંધ હવેલી સાત માળની છે તે કલ્યાણના માર્ગમાંથી પાડે છે. ને પંચવિષય તે વિલાસના કર્તા જ હોય ને પંચવિષયરૂપ વિષય તે હાજર હોય, અનંત પ્રકારે એક એકમાં સુખને બતાવનારા પુરુષોની સભા ભરાયેલ હોય ને તે પુરુષોએ જીવને ફસાવવા રૂપી જ વસ્ત્ર ઘરેણાં તે જેણે ધાર્યા છે તે જણ કપટના ભરેલા જ છે. તે વસ્ત્ર

છે ને દારૂના શીશા ભરેલા પડ્યા છે તે તો પૂર્વના પાપ જીવે કરેલા છે તે જ સમજવું. ને વળી તે દારૂના શીશાને પાય છે. તેથી જ પાપે પાપ મળી જાય છે. પછી તેનો ત્યાગ જ કરી ન શકે. ને વેશ્યાઓ તે થૈથૈકાર કરતી હોય તે વેશ્યાઓ તો ઈંદ્રિયું છે. ને વાજીંત્ર તે વાજતા હોય ને પંચવિષયનું સુખ તે જીવને ઈંદ્રિયું તે બતાવી રહ્યું છે. તે જ મનુષ્ય દેહની ઈંદ્રિયું કહેવાય છે. તે સમે એ જીવ તો તે જ રૂપ જ થાય છે. તેથી જ તે પાપને ન ઓળખે ને તે વખત જ વિચાર કરીને જુવે તે તો ભગવાન જ કહેવાય છે. ને તે જ વખત વિચારે તો તે સર્વોપરી પરમ આત્મા જ લેવા. તે જ લક્ષણે પરમાત્મા ગણાય છે. ને તે જ સભાનો ત્યાગ અને તે સભાને ન સાંભળે તે તો એક સ્વામિનારાયણ જ છે. ને ભક્ત તો તે સભાનો સર્વે પ્રકારે ત્યાગ જ રાખે છે. ને તે પંચવિષયને વિષે દોષ જ દેખે છે. ને તે પાપીનો સંગ ન જ કરવો તો જ તે મુક્ત ગણાય છે. ને તે રૂપ જ થવાય છે. તે જ મળ્યા ને વિષય ટળ્યા. ને દેહને તો તરણા તુલ્ય માનતા હોય ને ધર્મ, વૈરાગ્ય ને આત્મજ્ઞાનની ભગવત વાતુ તે થાતી જ હોય, તે સભા જ સત્પુરુષોની કહેવાય છે. તેનો જ સંગ કર્યે સત્સંગમાં કુસંગ ઓળખાય છે. તે જ મુમુક્ષુ છે ને સત્પુરુષનો સંગ કરે ને ન ઓળખે તે તો પામર વિષયી કેવાય છે. તો તે જીવ કુસંગ જ કરે. ત્યારે શું ઓળખે ? ન જ ઓળખે. તે કુસંગનો જોગ થયે તો મુક્તને મુક્તપણાનો વિચાર ન જ રહે. તો તો પામરને શું વિચાર રહે ? સત્સંગ કુસંગ બંનેમાં વિચાર રહે છે તે તો એક પરમાત્મા લેવા. તે સ્વામિનારાયણે કહ્યું છે જે, અમારો વાદ લેશે તે તો નારદ સનકાદિકથી ન રહેવાય તો બીજાની વાત શી ? અને અમે જે કોઈને બોલાવીએ છીએ તે તો તેના જીવના સારા સારું જ છે. ને કોઈ સારા ભોજન કરાવે છે ને ઢોલિયા બિછાવી દે છે, પૂજા લાવે છે તે તો તેના જીવના સુખને સારુ જ છે પણ અમારા સુખને સારુ નથી જ કરતાં. ને અમારા સુખને સારુ કરતાં હોઈએ તો અમને શ્રી રામાનંદસ્વામીના સમ છે. તે આ વાત તો સર્વને સમજાય તેવી જ છે પણ છેક પશુને પેઠે વર્તતો

હોય તેને તો ન સમજાય. ને ભક્તિ કરી, તે ભક્તિનું ફળ તો રઝળતાં રઝળતાં કોઈ કાળે પ્રગટ થાશે ત્યારે પણ અમોએ કહ્યું તે જ પ્રમાણે રહેશે, ત્યારે તે મુક્ત થાશે. ને વિષયનો પ્રસંગ રાખ્યે મુક્ત તે ન જ થાય ને અમારો વાદ કોઈ લેશે તેનો તો ઠા ન જ રહે. અમારા હૃદયમાં, પ્રગટ નરનારાયણ તે બિરાજે છે ને હું તો અનાદિ મુક્ત જ છું. ને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને તો હું પકડું છું. માટે કોઈ અમારો વાદ લઈને કુસંગ કરે કે સત્સંગમાં રહીને કુસંગ કરે છે તેને તો સત્સંગમાંથી જરૂર બહાર કાઢવો. જો ન કાઢે તો તો જેમ સરપે આંગળીને કરડી હોય તે આંગળીને કાપી નાખે તો તો પંડે કુશળ રહેશે ને કીડીયારાનો રોગ થયો હોય તેટલું અંગ કાપી નાખે તો તે પંડે કુશળ રહે. ને તેનો લોભ જો કરે તો તો ઝાઝો બગાડ થાય. ને જે કુસંગ જણાય તેનો ત્યાગ કરજો, તો તો અમે એમ માનશું જે, અમારી તમોએ સેવા કરી અને આપણે સર્વે જે ભગવાનનું ધામ છે ત્યાં ભેળા રહેશું. આ જે કુસંગ, સત્સંગ જણાય ને કુસંગનો ત્યાગ કરે ને સત્સંગનું ગ્રહણ કરવું તે કામ તો જે જન અધિકારી પુરુષનું છે. ને જો અધિકારી પુરુષો જ કુસંગની સોબત રાખે તે તો સત્સંગમાંથી કુસંગ ન જ કાઢે. અને ગરીબ ભગવદીયને દુઃખ જ આપે છે. તો તો તે વાત જરૂર જાણવાની છે. ને તે કુસંગ રૂપી જ વડા પુરુષો છે. તો તેના સ્વભાવ તે જાણીને તે સ્વભાવ આપણામાં આવવા ન દેવો તો જ શ્રીજી રાજી થશે. ને તેની સાથે જ આપણને રાખશે ને સત્સંગના કુસંગમાં ન લેવાય તે તો ઈશ્વરના ઈશ્વર છે. અને ઈશ્વરના ઈશ્વર તો એક સ્વામિનારાયણ જ છે. ને તે જ સ્વામિનારાયણની સાથે જ કાયમ રહેવાશે. આ લોક પરલોકમાં ભેળું રહેવાશે. નહીં તો દુર્દશારૂપી સ્વભાવમાં ફસાયેલા પુરુષો નક્કી જીવને ફસાવ્યે રહેશે. તો તો આપણે તો આપણો બચાવ કરી લેવો. અને સત્સંગમાં જે કુસંગ કાઢવાનો તો જેને સ્વામિનારાયણે સોંપ્યો છે તેને સ્વામિનારાયણ પૂછશે. ને આપણે તો આપણા જ જીવનો બચાવ કરવો

જે, આપણે તો કુસંગ ન જ કરવો. તે કરવાનું જરૂરનું છે. તે તો જે મોક્ષભાગી આજ સત્સંગી પુરુષો હોય તેની સાથે ભળવું. મન, કર્મે તેનું જ વચન માનવું. તો તેવા પુરુષોની આપણા ઉપર કૃપા દૃષ્ટિ થાશે. તો જ સર્વે વિકાર ટળી જાશે. તો જ આ દેહે મુક્ત જરૂર તે થાશે. અને અંતઃકરણમાં જે ઉપાધિ છે તે જાશે. ને તે સિવાય અંતઃકરણમાં રંચ જેટલો પણ પદાર્થનો ઘાટ થાય છે તો તેનો ત્યાગ કર્યે જ સ્વામિનારાયણને સુખ થાય છે. તો આપણે તે પદાર્થનો જોગ રાખીએ તો શી રીતે સુખિયા થાશું ? નહીં જ સુખિયા થાઈએ. તે સ્વામિનારાયણે જ કહ્યું છે જે, જેને અમારા જેવો દઢાવ હોય તેની સાથે અમારે સુવાણ થાય છે. માટે નિર્વાસનિક ભક્ત અમને વહાલા છે. એમ જ સ્વામિનારાયણે પોતાનો સિદ્ધાંત તે કહ્યો છે. ને તેના સિદ્ધાંતે સિદ્ધાંત આપણો મેળવી દેવો. તે સિદ્ધાંતમાં ગાફલાઈ ન જ રાખવી. ને તે સ્વામિનારાયણ મળ્યા તેથી જ અંતઃકરણમાં ભગવાનના નિશ્ચયનું બળ તથા આત્મજ્ઞાનનું બળ રાખી ભગવાનની આજ્ઞામાં ફેર પડવા ન જ દેવો. જે આજ્ઞામાં ફેર પડે એવી કોઈ વાત ઊભી જ નહીં રહે. ને તે આજ્ઞામાં રહેવા સારું સત્‌પુરુષનો પ્રસંગ તે આવશ્યક છે. ને સત્પુરુષના સંગથી જ કલંક રહિત મુક્તિ તે થાશે. તેથી જ તે મહત્ પુરુષનો સંગ કાયમ રાખવો. તે જ મહત્‌પુરુષમાં જે તે સંગ એટલે નેત્ર, શ્રોત્ર ને સર્વ પ્રકારે સત્‌પુરુષમાં જોડાયે જ જીવ પવિત્ર થાય છે. ને જે પવિત્રતાથી સુખ ન માને તે અજ્ઞાન અપૂર્ણપણું જાણવું. અજ્ઞાન છે તે જ અજ્ઞાન નવમા વચનામૃતમાં કહ્યું છે. તે વાંચી વિચારવું તો અપૂર્ણતા ટાળવા સારું મહત્‌પુરુષ જ સમર્થ જણાય છે. તે જાણી રાખવું. તે સોનું રાખી રૂપું દ્યે છે. તેમાં ખોટ ન આવે. તેમજ આત્મજ્ઞાન આદિક ગુણ છે, પણ ભગવાન ને સાધુ જેવું તો કાંઈ પણ નથી. તે વાત સ્વામીએ(પ્ર.૧ વા.૨૦૦માં) કહી છે. એકલી આત્મનિષ્ઠાએ કરીને પોતાનું આત્યંતિક કલ્યાણરૂપ કાર્ય તે સરતું નથી; તથા એકલી પ્રીતિ જે, પ્રેમે સહિત નવ પ્રકારની ભક્તિ

કરવી તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી; તથા એકલો જે વૈરાગ્ય તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી. તથા એકલો જે સ્વધર્મ તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી. તે માટે એ આત્મનિષ્ઠારૂપ ચારે ગુણ સિદ્ધ કરવા. એ ચારેય ગુણને એકબીજાની અપેક્ષા છે. હવે એ ચાર ગુણને એકબીજાની અપેક્ષા છે તે કહીએ છીએ તે સાંભળો. ને આત્મનિષ્ઠા તો હોય પણ જો શ્રીહરિને વિષે પ્રીતિ ન હોય તો પ્રીતિએ કરીને થઈ જે, શ્રીહરિની પ્રસન્નતા તેણે કરીને જ પામવા યોગ્ય એવું જે મોટું ઐશ્વર્ય, જે માયાના ગુણે કરીને પરાભવ ન પમાય એવું મોટું સામર્થ્ય તેને તે ભક્ત નથી પામતો. ને શ્રીહરિને વિષે પ્રીતિ તો હોય પણ જો આત્મનિષ્ઠા ન હોય તો દેહાભિમાને કરીને પ્રીતિની સિદ્ધિ થાતી નથી ને શ્રીહરિને વિષે પ્રીતિ અને આત્મનિષ્ઠા બેય હોય પણ જો દૃઢ વૈરાગ્ય ન હોય તો માયિક પદાર્થ પંચવિષયને વિષે આસક્તિએ કરીને પ્રીતિ ને આત્મનિષ્ઠાની સિદ્ધિ થાતી નથી. ને વૈરાગ્ય તો હોય પણ પ્રીતિ આત્મનિષ્ઠા ન હોય તો શ્રીહરિના સ્વરૂપ સંબંધી પરમ આનંદ તેની પ્રાપ્તિ થાતી નથી. અને સ્વધર્મ તો હોય પણ જો પ્રીતિ આત્મનિષ્ઠા ને વૈરાગ્ય એ ત્રણ ન હોય તો ભૂર્લોક, ભૂવર્લોક ને બ્રહ્માના ભૂવન પર્યંત જે સ્વર્ગલોક તે થકી બહાર ગતિ થતી નથી, કેતા બ્રહ્માંડને ભેદીને માયાના તમ થકી પર એવું જે શ્રીહરિનું અક્ષરધામ તેની પ્રાપ્તિ થાતી નથી. ને આત્મનિષ્ઠા, પ્રીતિ, વૈરાગ્ય એ ત્રણે હોય પણ સ્વધર્મ ન હોય તો એ ત્રણેની સિદ્ધિ થાતી નથી. એવી રીતે આત્મનિષ્ઠા, પ્રીતિ ને વૈરાગ્ય ને સ્વધર્મ એ ચાર ગુણને એકબીજાની અપેક્ષા રહે છે. તે માટે ભગવાનના એકાંતિક ભક્તના સેવા સમાગમે કરીને તે કસર ટાળવી. ને એ ચાર ગુણ વર્તે છે તેને સર્વે સાધન સંપૂર્ણ થયા છે અને એને જ એકાંતિક ભક્ત જાણવો. તે માટે એ ચાર ગુણમાંથી જે ગુણની ન્યૂનતા જણાય તે એકાંતિકની સેવા સમાગમે કરીને તે કસર ટાળવી ને ગુણની ન્યૂનતા ટાળવાનું કારણ તો એ જ એકાંતિક છે; તે તે વતે તે ન્યૂનતા ટાળી આત્યંતિક

કલ્યાણ કરવું. ને તે આત્માને જોવો તે શું પોતાના હાથમાં છે ? એમ શુકમુનિએ પૂછ્યું છે ને જેને સત્સંગ થયો છે તેને તો તે આત્મા જોવો તે પોતાના હાથમાં જ છે. કયે વખતે જોયો ને ન દીઠો ? પણ સ્વપ્ન ને સુષુપ્તિમાં અંતરવૃત્તિ કરીને જાય છે પણ ક્યે વખતે જોવા બેઠા ને ન દીઠો ? ને જે સત્સંગ મહિમા ઉરમાં ધારે છે, તે જ આત્માને દેખે છે ને નારદ સનકાદિક જેવો સુખિયો પણ થાય છે. ને સત્સંગરૂપી જ આત્મા માનવો. તે માન્યે આત્મા મનાશે. ને સત્સંગ બ્રહ્મરૂપ માન્યે જ બ્રહ્મરૂપ આપણું મનાશે. ને તેને માન્યે પ્રત્યક્ષ પરમપદ મનાશે. ને તે માન્યે જ આનંદ પમાશે. ને તેને ન માને તે જ મૂર્ખ છે, ને તે જ નીચ છે, ને તે જ અજ્ઞાનીમાં અજ્ઞાની છે. જેમ નેત્ર, શ્રોત્ર, ત્વક્, રસના ને ઘ્રાણ તેના પરાધીનપણે તે વિષયને ભોગવે છે પણ પરાધીનતાનો ત્યાગ કરીને સ્વતંત્રતા ઉરમાં ધારીને પ્રત્યક્ષ પરમાત્મા કયે વખતે જોવાને ઈચ્છયો ને ન દેખ્યો ? ને જે વૈરાગ્યની વાતે તે પદાર્થનો ત્યાગ ન જ થાય, તેમ પ્રગટ વિના આત્મા ન જ દેખાય; એ વાત સિદ્ધાંત છે. તે સિદ્ધાંત તેનો ત્યાગ કરે છે તો તો તેને બ્રહ્મનું સ્વપ્નમાં પણ દર્શન ન થાય, તો પરબ્રહ્મ પરમાત્માને તો દેખે જ કયાંથી ? ન જ દેખે. એ વાત સિદ્ધાંત છે. તે જ શ્રીજીનો પોતાનો ખાસ સિદ્ધાંત છે. તે સિદ્ધાંતે સિદ્ધાંત અત્યારે સત્સંગમાં મહત્‌પુરુષોમાં જ છે. જેમ આ બધો સત્સંગ તે મહારાજનું શરીર છે પણ સુખ તો મોટા એકાંતિકથી જ છે. કારણ કે તે દ્વારે મહારાજ અખંડ બિરાજી રહ્યા છે. માટે જે તેને વળગે તેને સુખ આવે. જેમ ગાયના આંચળમાંથી દૂધનું સુખ આવે તેમ. તે વાત સ્વામીની વાતુમાં(પ્ર.૨ વા.૨૦ માં) લખ્યું છે. તે ગમે ત્યાં જઈને થબડકા મારે પણ દૂધ તો આંચળરૂપી મહત્‌પુરુષ જ મહારાજનું સુખ આ સત્સંગમાં આપે છે. તેને જ આત્મા માન્યે જ આ વાત બંધ બેસશે. પણ તે વાત તો તે વતે જ છે. પણ તેમાં તો આપણી શક્તિ જ છે. તે પુરુષો જ મળે માનવી; તે વિના તો તેની જ સત્તા છે. તે સત્તાને કોઈપણ ખેસવવાને સમર્થ જ નથી. તે તો એક સર્વોપરી સ્વામિનારાયણ જ છે. તો તેને જ

ધ્યાને આત્મા મનાશે ને આત્મામાં આનંદ પમાશે ને તેને પામ્યે જ બ્રહ્મ ધામમાં જવાશે, એ જ સિદ્ધાંત વાત છે. તે આ જ સિદ્ધાંત આત્મનિષ્ઠા ને વૈરાગ્ય ને ભક્તિ ને સ્વધર્મને આપનારા થાશે ને તે જ પામ્યે અક્ષરપદ ને અર્ચી માર્ગે થઈને તે પમાશે ને તે સિવાય તો સ્વધર્મ અગર આત્મનિષ્ઠા ને ભક્તિ કે વૈરાગ્યમાં ન્યૂન તે ધોમ માર્ગ છે ને સ્વધર્મ, વૈરાગ્ય, આત્મનિષ્ઠા ને ભક્તિ તેનું ફળરૂપ પ્રત્યક્ષ પરમાત્મા જ મળે તો તો તે જ અર્ચીમાર્ગ છે. તે પરમાત્મા મળ્યા વિના પરોક્ષથી જે સિદ્ધ જે સાધન કરે છે તે તો ધોમ માર્ગ છે. ને આત્મનિષ્ઠા, સ્વધર્મ, વૈરાગ્ય, ભક્તિ તેણે યુક્ત જે ભક્ત છે તે તો ખાતા, પીતા, નાતા, ધોતા આદિક સર્વે ક્રિયામાં ભગવાનનું ચિંતવન કરે છે; પણ જ્યારે ક્રિયારૂપ સંકલ્પનો વિરામ થાય છે ત્યારે તો તે ભગવાનની મૂર્તિનું જ ચિંતવન કરે છે. તે છતાં અંતઃકરણ સંકલ્પ જો વિષય સન્મુખ થાય તો દેહ ઈંદ્રિયો, અંતઃકરણ, દેવતા એ સર્વેથી પોતાના સ્વરૂપને પૃથક્ માને એજ સંકલ્પનો વિરામ થયે જ ભગવાનની મૂર્તિનું ચિંતવન કરે છે. પણ આ દેહને પોતાનું રૂપ માનવું જ નહીં. ને આ દેહના સંબંધીને પોતાના સંબંધી માનવા જ નહિ કેમ જે, આ જીવ ચોરાસીમાં અનંત દેહ ધરી આવ્યો તેમાં પણ કોઈનો સંબંધ ન રહ્યો તો આ મનુષ્ય શરીરનો સંબંધ પણ નહિ જ રહે. ને જગતમાં જેટલી કૂતરીયું ને ભીંદડીયું ને વાંદરીયું એ સર્વેને પેટ જન્મ લીધા છે ને બધા દેહ ધરીને તે તે સ્ત્રીયું પોતાની જ કરી છે. ને સ્ત્રીના દેહ ધરીને જગતમાં જેટલા પુરુષ છે તે સર્વેને પોતાના ધણી કર્યા છે. તેટલા માટે જેમ ચોરાસી લાખ જાતના જે દેહ ધર્યા છે તેનો સંબંધ ન રહ્યો તો આ મનુષ્ય શરીરનો પણ સંબંધ નહીં જ રહે. તે માટે દેહ-ગેહાદિક સર્વે પદાર્થને અસત્ય જાણીને તથા દેહ ઈંદ્રિયું ને અંતઃકરણ તેનાથી પોતાનું સ્વરૂપ ભિન્ન જાણવું ને પોતાના ધર્મમાં રહેવું ને ભગવાનની નિષ્કામ ભક્તિ કરવી ને દિવસે દિવસે ભગવાનનું માહાત્મ્ય જાણ્યાને અર્થે સાધુ પુરુષોનો સંગ તે રાખવો.

ને જે આવી રીતે નથી સમજતો તો તે દેહાભિમાની ને પ્રાકૃત મતિવાળો છે. ને જો સત્સંગમાં પડ્યો છે. તો તે પશુ જ જેવો છે. ને આ સત્સંગમાં તો ભગવાનનો મોટો પ્રતાપ છે; તે તો પશુનો પણ મોક્ષ થાય છે તો મનુષ્યનું કલ્યાણ થાય તેમાં શું કહેવું ? તે તો થાય જ. પણ તે ખરેખરો એકાંતિક ભક્ત ન કહેવાય ને સ્વધર્મ, વૈરાગ્ય ને આત્મનિષ્ઠા ને ભગવાનની ભક્તિ તે જેના સંગથી પ્રાપ્ત થાય છે, તેને વિષે એ સર્વે બુદ્ધિ અર્થાત્ ભાવ પ્રથમ જેમ હતો તેવો જ રહે છે. તે જ શુભ ગુણ પામ્યા તે વખતે જેવી તેમાં માન્યતા હતી તેવી જ માન્યતા તે જ શુભ ગુણને પામીને રહે છે. તે જ અર્ચીમાર્ગ ગણાય છે. તે સિવાય તો સ્વધર્મ ને વૈરાગ્ય યુક્ત હોય ને આત્મનિષ્ઠાએ યુક્ત મર હોય કે ભક્તિએ યુક્ત છે છતાં તે ધોમ માર્ગ પ્રગટ ભગવાનના પામેલા પુરુષો જ માને છે. કેમ જે, શ્રીજીએ(વ.વ.૧૯ માં) કહ્યું છે જે, જ્યારે મનુષ્યને ભરતખંડમાં દેહ મળે ત્યારે ભગવાન કે ભગવાનના દાસ એટલે ભક્ત પ્રગટના હોવા જોઈએ. તેની જો આ જીવને ઓળખાણ થાય ત્યારે જ ભગવાનનો ભક્ત થાય છે. તો જ પ્રગટને પામેલા એકાંતિક શાસ્ત્રમાં કહ્યા છે. તે એકાંતિક સિવાય કોઈપણ સ્વધર્મ કે વૈરાગ્ય ને આત્મનિષ્ઠા કે ભક્તિને આપનારા જ નથી ને તે જ શુભ ગુણને જે આપે છે તે જ એકાંતિક છે. ને તે જ ભગવાનને મળેલા છે. તે સિવાય તો ભગવાનના ભક્ત રહે છે, તો પણ જાદવ જેમ અભાગિયા કહેવાણા છે. તો તે તો ભગવાનને મળેલા જ છે પણ તે શુભ ગુણના આપનારા જ નથી ને શુભ ગુણને આપે છે, તે જ બ્રહ્મમહોલમાં જાવાનો અર્ચી માર્ગ છે. તે માર્ગમાં સુગમતા છે. તો જે કાંઈ શાંતિ તે મહત્પુરુષ જ છે. તો જ તે સત્તાને નથી ઈચ્છતા એવા મોટા છે એ સિદ્ધાંત વાત છે.

ઈતિશ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક સ્વામી જોગી ધર્મપ્રસાદદાસજી વિરચિતા વિનય સીતા પુસ્તક છઠ્ઠું સમાપ્ત થતું હવું. ॥ ૬ ॥

**સંવત્ ૧૯૯૪ ના કારતક વદિ-૧૪**

શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક ૭

## સ્વામિનારાયણનું સર્વોપરીપણું

ભગવાન સંબંધી જે જે કરવું તે ભગવાનને સંભારીને કરવું તો જ તેના હૃદામાં શાંતિ થાશે. માટે હાલતા-ચાલતા, ખાતા-પીતા, બેસતાં-ઉઠતા એ આદિક જે જે ક્રિયા કરવી તેમાં ભગવાનની સ્મૃતિ રાખવી. ને જેને ભજનમાં બેસે ત્યારે તો ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય છે ને ભજનમાંથી બીજી ક્રિયામાં ભગવાન ન સાંભરે તો તો ભજનમાં પણ વૃત્તિ સ્થિર ન જ થાય. ને જે મનુષ્યને સર્વે ક્રિયામાં ભગવાન સાંભરે છે તેને તો ભજનમાં બેસે છે, ત્યારે સહેજે વૃત્તિ રહે છે. ને ભગવાનમાં વૃત્તિ રાખવી તેનું કારણ તે શું છે ? જે ભજનમાં બેસે છે ને ભગવાનમાં વૃત્તિ સ્થિર નથી, તેની વૃત્તિ ક્રિયામાં તો સ્થિર ન જ થાય. કારણ કે ભજનમાં તો ભગવાનનો જ સંબંધ છે; છતાં સ્થિર વૃત્તિ નથી તો ભગવાનને પરોક્ષ માનીને ભજન કરે છે. તેથી જ વૃત્તિ સ્થિર થાતી નથી. ને ક્રિયામાં પ્રવૃત્તિ છે. છતાં નેત્રની આગળ જ પરમાત્મા માને છે, તેને જ ક્રિયામાં ભજન થાય છે. કારણ કે તેને ક્રિયામાં જે વ્યષ્ટિ સમેષ્ટિને વિષે જે પરમાત્મા સ્વામિનારાયણ સાક્ષાત્ રીતે જ દૃષ્ટિ ગોચર જ છે. તેથી જ તેની વૃત્તિ બહાર ક્રિયા કરતી વખત છે. વૃત્તિમાં શાંતિ રહે છે તો જ તેને શાંતિ ને ટાઢું થાય છે. ને ક્રિયા કરતી વખત એને ક્રોધનો લેશ જ ન આવે. તેવા પુરુષો જ જોવામાં આવે તો તેને જ શીશ નમાવે છે. તેવા જનોને અર્થે જ આજ આનંદરસ વરસાવેલો છે. તે રસ તો ગોપાળાનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી ને ગુણાતીતાનંદસ્વામી ને સ્વરૂપાનંદસ્વામી જેવાને સારુ

જ એ આનંદ છે. ને આપણે તો બહુ જ મોટો લાભ થયો છે. ને બહુજ મોટી પ્રાપ્તિ થઈ છે. પણ આપણને સમજાતું જ નથી. તે જેમ પૃથ્વીનો રાજા હોય ને તેનો દિકરો અલ્પ પદાર્થ ન મળે કે નાશ થઈ જાય તે સારુ રૂવે છે, તેમ આપણને મહારાજ ને મોટા સાધુ મળ્યા છે છતાં અલ્પ વસ્તુ ન મળે કે નાશ થઈ જાય તે સારુ દિલગીર થાય છે. તો જ તેને આ વાત સમજાતી જ નથી. એ વાત(પ્ર.૩ વા.૧૫૯)માં લખ્યું છે. આ જ રીતે આનંદમાં જીલતો રહે છે. ક્રિયા કરતી વખતે જ સુખ રહે છે, તો તો તેને અહિ જ અક્ષરધામનું સુખ છે. તે વાત (પ્ર.૧ વા.૩૦૬) માં કહ્યું છે. ને અક્ષરમાં તો પુરુષોત્તમ જ છે. તો જ તેને પુરુષોત્તમનો સર્વે ક્રિયામાં સંબંધ છે ને તેવા જ પુરુષો મળ્યે જ સ્વામિનારાયણ સાક્ષાત્ મળે છે. ને તે પુરુષને સ્વામિનારાયણનું જ હેત છે. તેને જે મળે ને તેનો જે સંગ કરે તો જ તેમાં સ્વામિનારાયણના ગુણ આવે છે. પણ જેના અંતઃકરણમાં આનંદ જ સ્વામિનારાયણ ને તેના સાક્ષાત્ સંબંધવાળા પુરુષો જ જીવના સાચા સગા છે, એમ જ ક્રિયામાં ઉચ્છરંગ રહેતો હોય તે પુરુષે જ કથાવાર્તામાં ભગવાન સંભાર્યા છે. પણ જેને ક્રિયામાં કલેશ છે તેને તો કથામાં તથા કીર્તનમાં વૃત્તિ વિના જ તે કથાવાર્તા કર્યા કરે છે. ને કથા, વાર્તા, કીર્તન કરતા બધી ઈંદ્રિયું વિરામ પામે ને ભગવાનમાં જ એકતાર વૃત્તિ થાય છે, તેને જ તે કથાવાર્તાનું સુખ આવે છે. ને ચિત્ત એકધારા તરીકે થાવું તે તો મહત્‌પુરુષનું ક્રિયારૂપી જ ધ્યાન રાખવું ઘટે, તે ધ્યાન તે જ વતે છે. અને ભક્ત બે છે. એક તો દેહાત્મબુદ્ધિ રાખીને ભજન કરે છે અને એક તો ત્રણ દેહ ને ત્રણ અવસ્થા તેથી પોતાના આત્માને પૃથક્ માને છે. ને ત્રણ અવસ્થા ને ત્રણ શરીર એ સર્વેથી પોતાનો આત્મા પૃથક્ દેખે છે. તેને વિષે જેવી પ્રગટ ભગવાનની મૂર્તિ તેવી પ્રતાપે તેજે સહિત જ દેખે છે. એ જ સ્થિતિ અચળ છે ને એવી સ્થિતિમાં નારદ નોતા વર્તતા તો તેનું માકડાનું મોઢું થયું છે ને બ્રહ્મા નોતા વર્તતા તો સરસ્વતિને દેખીને

મોહ થયો. ને એમ સ્થિતિમાં શિવજી નોતા વર્તતા તો મોહિનીમાં જ મોહ પામ્યા ને ઈંદ્ર તથા ચંદ્રને એવી સ્થિતિ નોતી તો કલંક લાગ્યા છે. માટે આત્મરૂપ થઈને પણ પ્રગટ પરમાત્મા જ ધારવા કેતા તે આત્મામાં પણ પ્રગટ મૂર્તિ જ દૃઢ થાવી તે જ સ્થિતિ કહી છે. ને એ જ સ્થિતિમાં જે નોતા તે બધાને બતાવ્યા છે. તે જો એવી સ્થિતિમાં પરીક્ષિત નોતા તો જ પ્રગટ પરમાત્મા જે કૃષ્ણ ભગવાનના ચરિત્રમાં સંશય થયો. ને શુકજી એવા જ પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાનનો મહિમા તે જાણતા જ હતા તો જ તેને સંશય ન થયો. ને પરીક્ષિત રાજાનો સંશય પણ શુકજીએ ટાળ્યો છે. તો જેને પ્રગટ સ્વામિનારાયણ કે તેના જન ભગવદ્ ભક્તમાંથી મનુષ્યભાવ કાઢે ને તેમાં જ અલૌકિક ભાવ લાવવો ને તે અલૌકિક ભાવ થવો તે તો તેના જ એકાંતિક સિવાય જડતો જ નથી. તે સામર્થીના અધિકારી તો તે જ છે. તો જ તે મહત્‌પુરુષ આપણને મળ્યા છે કે બાકી છે ? ને જો મળ્યા જ હોય તો તો આત્મા સ્થિતિ હોવી જ જોઈએ. ને આત્મા સ્થિતિ તો પીંડ ને બ્રહ્માંડ પાર જ છે. તો જ પ્રગટ પરબ્રહ્મમાં જ દિવ્યભાવ તે જ સ્થિતિ છે. તે સ્થિતિ તો જેની હતી તે જ કહી ગયા છે. ને આપણે તો સો બસો માણસોને લઈ જાઈએ, તે કરતા તો આખા બ્રહ્માંડના જીવને લઈ જાઈએ, ને તે કરતા તો અનંત બ્રહ્માંડ સાથે લઈ જાઈએ એવા છીએ પણ એમ મનાતું જ નથી. શાથી ? જે મનુષ્યાકૃતિ રહી છે એ વાત(પ્ર.૧ વા.૩૧૫) માં લખ્યું છે. સાધુ ને સાધુના સમાગમની વાત કરીને બોલ્યા જે, હવે એથી આઘી વાત નહીં ચાલે કેમ જે, ભગવાનના ગુણનો પાર નહીં. તેમજ સંતના ગુણનો પણ પાર નહીં. આ વાત મહા અદ્‌ભૂત છે. તેના લક્ષણે જ તે વાત પ્રમાણ છે કેતા તે જ રીતે વર્તે છે, તે જ આ વાતને સમજશે. તે સિવાય તો મર ચાર વેદ ભણે ને કંઠે કરે છતાં આ વાત સમજવામાં ન જ આવે ને કશું પણ ભણ્યો જ ન હોય તો પણ પ્રગટ પુરુષોત્તમ જે સ્વામિનારાયણ ને તેના દાસને વિષે હેત ને વિશ્વાસ તો તે આ વાતને

સમજશે. જો એવો ભક્ત છે તે એમ સમજે છે જે મારે વિષે કોઈપણ દોષ ન અડે, તો જેનું હું ભજન કરું છું તેમાં તો તે દોષ હોય જ કેમ ? એવો જે ભક્ત છે, તે જ્યારે ભગવાનમાં વૃત્તિ રાખે ત્યારે તે વૃત્તિના બે વિભાગ થાય છે ને તેમાં એક વૃત્તિ તે ભગવાનના સ્વરૂપમાં જ રહે છે, તે તો પ્રીતિએ યુક્ત રહે છે. ને બીજી જે વૃત્તિ તે બહાર જે ભજનનો કરનારો છે તેમાં રહે છે. ને એજ રીતે તેની વૃત્તિ પ્રગટ પુરુષોત્તમમાં કાયમ જ રહે છે. તેનું લક્ષણ થોડાકમાં કહું છું. તે પુરુષની એક જ ધારા રહે છે પણ બીજા જીવની પેઠે બહુધારા થાશે નહીં. ને તે સ્થિતિ તે જેને એક જ ધારા છે, તે જ પ્રમાણે પ્રમાણ છે. તેથી જ તે પુરુષને ગમે તેવું અપમાન થાય છે તો પણ તેને આનંદ છે. એ આનંદથી જ પુરુષની મોટપ છે. પણ બીજી રીતે મોટપ ઘટતી જ નથી. ને તે જ પુરુષને સહેજે પ્રભુને સંભારવાનો ગુણ તે ઘટે છે. ને આ જ રીતની સ્થિતિ તે પ્રગટના સંબંધથી જ છે ને તેના સંબંધ તે હાલતા, ચાલતા, બેસતા, ખાતા, પીતા, સુતા, શુભ ક્રિયામાં ને અશુભ ક્રિયામાં વૃત્તિ તે સર્વેકાળે જે પ્રગટ પરમાત્મા બ્રહ્મ સ્વરૂપ ને સચ્ચિદાનંદ એવા જે અલૌકિક એક સ્વામિનારાયણ છે, તેમાં જ વૃત્તિ તે રાખે છે. તેને જ તે સ્થિતિ થાય છે. તે સિવાય તો પાણીનો ઘડો ઢોળ્યા જેવું થાય છે; તે આગલા દિવસનું પાણી તે આગલા દિવસે સુકાઈ જાય છે ને પાછલા દિવસનું પાણી તે પાછલા દિવસે સુકાઈ જાય છે. પણ જે મનુષ્યની વૃત્તિ અખંડ ભગવાનમાં રહે છે ને જ્ઞાને કરીને જે પરમાત્માને જોતો જ હોય તેને ક્યારેક એકલું તેજ દેખાય છે. ક્યારેક તો ભગવાનની મૂર્તિ પણ દેખાય છે. ને તેને પ્રકૃતિ ને પ્રકૃતિનું કાર્ય તે લેશમાત્ર નજરમાં આવતું નથી. ને પ્રકૃતિનું જે કાર્ય ને તે જ પરમાત્મા તેને દેખે તેનું સાધન તો જેવી પ્રગટ મૂર્તિ છે, તેમાં જ વૃત્તિ રહે છે તેને જ એ સ્થિતિ થાય છે. ને તે પ્રગટ મૂર્તિનું જેટલું માહાત્મ્ય જાણવામાં આવશે તેટલો જ તેને પ્રણવ ને નાદ થાય છે ને તેને તેટલા જ ભૂંડા ઘાટ નાશ થાય છે. તે જેમ કોઈ

પુરુષ સૂઝે તેટલો બળિયો હોય પણ તેને કાગદી લીંબુ ચુસાવ્યા હોય ને તેણે બહુજ ચુસ્યા હોય તો તે રાંધેલો ભાત પણ માંડ માંડ ચાવે છે, તેમજ જેટલો ભગવાનનો મહિમા સમજાય છે તેટલો જ તેને પ્રણવ ને નાદ સંભળાય છે. પણ જ્યારે યથાર્થ ભગવાનનું માહાત્મ્ય ને પ્રગટ પુરુષોત્તમનો નિશ્ચય સમજાય છે તેને તો બધાજ ભૂંડા ઘાટ નાશ થઈ જાય છે. ને તે ભક્તનું ચિત્ત ભગવાનનું ચિંતવન કરે છે, બુદ્ધિ તે ભગવાનનો જ નિશ્ચય કરે છે, મન તે ભગવાનનું મનન કરે છે, અહંકાર તે હું ભગવાનનો જ ભક્ત છું એવું અભિમાન ધરે છે. પણ જેને ભગવાનનો નિશ્ચય પુરો ન હોય તેના ઈંદ્રિયું તે પોત પોતાના વિષયમાંથી નિવૃત્તિને પામતા જ નથી. પ્રગટ ભગવાનને તથા તે પરમાત્માના સેવકને વિષે જે દોષને દેખે છે ને તેમાં પણ જે ભગવાનને કામી સમજે છે તે તો અત્યંત કામી થઈ જાય છે. ને જે ભગવાનને લોભી સમજે છે તે તો અત્યંત લોભી થઈ જાય છે. ને જે ભગવાનને ઈર્ષાવાન સમજે છે તે તો અત્યંત ઈર્ષાવાળો થઈ જાય છે. તે જ્યારે પરમાત્મા સ્વામિનારાયણ હોય ત્યારે તો કોઈ તેને વિષે દોષ જણાય તો તો તે દોષે યુક્ત થાય છે. તેનું શું કારણ છે ? જે અત્યારે મહત્‌પુરુષને વિષે જે જાતનો દોષ ભાસે છે કે તેમાં જ દોષનું આરોપણ કરે છે, તે તો જરૂર અતિશે દોષે યુક્ત થાશે. તે માટે જ સ્વામિનારાયણે કહ્યું છે જે, આનો તો સ્વભાવ સત્સંગમાં ઘટે તેવો નથી છતાં તે સત્સંગમાં પડ્યો છે. પણ તેનો અવગુણ તો ન જ લેવો ને એમ જાણવું જે આને સત્સંગ મળ્યો છે. તે જ તેને પૂર્વનું પુન્ય છે. એમ જાણી તેનો પણ અતિશે ગુણ લેવો. ત્યારે તો આ તો નારદ સનકાદિકથી પણ બહુ જ અધિક છે; વળી તેના સમાગમમાં જ મને રાખ્યો છે ને સર્વે દોષથી રહિત કર્યો છે. એવા પ્રતાપને જે નથી જાણતો તો એ તો જેમ બાળકના હાથમાં ચિંતામણિ દીધો છે પણ તેને તેનું માહાત્મ્ય નથી ને કાળાદિક શત્રુ થકી પણ મુને બચાવ્યો છે ને તે જ દોષથી રહિત કર્યો છે. એમ

બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું છે. તે શ્રીજીએ કહ્યું છે જે, આવો જે સત્સંગ છે તેને જાણે છે, તો શ્રીજીનો નિશ્ચય છે ને ઈંદ્રિયું નિયમમાં છે તેનું ફળ સાક્ષાત્કાર થાય છે. તે ક્યારે ? તો જે થકી શ્રીજી સંતને જાણ્યા છે તે જ પુરુષ અલૌકિક જણાય છે ત્યારે જ શ્રીજી સંત કાયમ સાકાર છે. તે જ રીતે સદ્ગુરુ કૃપાથી જ ફળ પ્રાપ્ત થાય છે ને તે જ ફળરૂપ જે ગાયના આંચળ છે ને તેમાંજ અલૌકિકપણું જુવે છે ને વખાણે છે તે રૂપી માથું મારીને પૂંછડી હલાવે છે, ને દૂધના સ્વાદરૂપી બચાકા બોલે તેથી જ ગાયને હેત આવે છે, તો જ પારસો મૂકે છે. તે જ રીતે જે થકી શ્રીજી સંતને જાણ્યા છે તે સદ્ગુરુને ખરેખરું મન સોંપે તો તે જીવનું અજ્ઞાનાદિ ટાળે છે. જેમ ગાય વાછરું સારું પારસો મૂકે તેમ. નહિ તો ઈંદ્રિયું મર નિયમમાં રાખે; સ્વામિનારાયણનો મર નિશ્ચય રાખે; છતાં આંચળ વસ્તુ તે મને જ મળી છે તેથી તેને કાંઈપણ ખબર જ ન પડે ને સત્સંગ તે શું ? ત્યાં તે પશુ જ રહે છે. તે જે આવા જ પુરુષને મળે તો તો તેને પણ જરૂર આ સત્સંગમાં રહેતા છતાં તેને તો જરૂર પશુ જ કરે છે. ને જો મોટા પુરુષ મળે તો તેનો સંગ કરવો પણ ઉતરતાનો સંગ ન જ કરવો, એ સિદ્ધાંત વાત છે. અને સ્વધર્મ યુક્ત છે એવો જે ભક્ત તેમાં જે અપૂર્ણતા તે તો આત્મનિષ્ઠા ને ભગવાનના માહાત્મ્ય વિના રહે છે ને તે આત્મનિષ્ઠાની ખામી તો સમાધિવાળાને પણ નડે છે; ને માહાત્મ્યની ખામી આત્મનિષ્ઠાને નડે કેમ જે, આત્મનિષ્ઠા તે સત્પુરુષ સિવાય છે જ નહીં. તે સત્પુરુષના માહાત્મ્યથી જ આવે છે પણ તે સિવાય તો દેહને મર સુકવી પીંજર કરી નાખે, મર બારે મેઘની ધારા સહે ને હિમાળે ઉઘાડે તને જ રહે ને પંચધુણીને મર તાપે. ને વનવાસ જ રાખે તો પણ તે તો ઝાડવા જેવો છે; તેને તો આત્મનિષ્ઠા તે કહેતા જ નથી. ને આત્મા તો મહત્પુરુષ જ છે. ને તે જ આત્માને જોયે આત્મા દેખાય છે. ને તેને જ માન્યે આત્મા મનાય છે. ને તેને જ માનવામાં જે કડાકા તે શું ? ને તેને પાંચે ઈંદ્રિયું ને દેહ ને મન ને

પ્રાણને ધક્કો મારે છે એટલે એને જ ગદારૂપી તે ઈંદ્રિયુંને વસમું લાગે છે, તેને નાદ કહે છે. ને તે સત્પુરુષ ને ભગવાનની જે મોટપ જોઈ શકતો નથી તેને તેજ કહે છે. ને તેનાં જો કોઈ વખાણ કરે છે તો તેને તો ન માને ને પોતે તેની ઉપર ક્રોધ જ કરે છે; તે કાં તે જેટલો જ મહિમા કહે તેટલો જ તેને તે ઉપર ક્રોધ થાય છે. ને નાદ, પરાભવ ને ક્રોધ તે લૌકિક-અલૌકિક પણ છે; ને બ્રહ્માંડમાં પણ છે ને પીંડમાં પણ નાદ ને પરાભવ ને ક્રોધ જણાય છે. ને શ્રીજીનો જો હમણાં જ મહિમા કોઈ કહે કઠણ પડે છે. જે વખતે તે હયાત જ હતા ત્યારે પણ તેને કહેતા જે એણે તો બાબરો ભૂત વશ કર્યો છે. ને ઈંદ્રજાળનો ગોટકો વશ કર્યો છે. ને તે તો મહામાયાવી પુરુષ છે. તેમ જ કહેતા ને જ્ઞાની તો એમ કહેતા જે સ્વામિનારાયણ મોટાપુરુષ છે. ને કેટલાક એમ કહેતા જે બીજા અવતાર જેવા જ સ્વામિનારાયણ છે. ને કેટલાક શ્રીકૃષ્ણ જેવા કહેતા ને ત્યાંના વાસી કહેવાય ધામને વિષે સાથે રહેનારા જે પુરુષ હતા તે તો જે સ્વામિનારાયણ હતા તેવા જ જાણતા હતા. તે પણ જો તે પ્રમાણે બોલે તો તેની પણ પૂજા થાતી તે કહ્યું જે, અર્જૂન તો મહા શૂરવીર હતા તે છતાં તે તેજને જોવાને સમર્થ ન થયા. એવા જે નાદ ને કડાકા તે થાય છે તો બીજા જીવની શી વાત કહેવી ! ને એક જ ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, સ્વામિનારાયણ તો સર્વોપરી છે તો તેને કેની ઉપમા દેવી એમ વાત કરી, ત્યાં તો કેટલાકને વસમું લાગ્યું ને પોતપોતાનો જે મનનો ઠેરાવ તે આ વાતે તોડી નાખ્યો ને કોઈકને તો હાથધોણું થઈ ગયું. એ જ રીતે જે નાદ તેને જીવ દેહમાં જ રહે તો તો તે જ નાદ થાય છે. તેનો જો કોઈપણ જરાક મહિમા કહે તો વસમું લાગે છે ને તેની જે મોટપ તે માન્યમાં આવતી નથી. ને તે પુરુષનો જે પ્રભાવ છે તે જાણતો જ નથી. ને જે મહિમાને જાણે છે તે જો કહે તો તો તેને ગાંડો ઠેરાવે છે. પણ જે સારું આ દુનિયા હેરાન થાય છે, તો જો તેમાં જેને સમભાવ છે, તો તો તે જ નિર્વાસનિક કહેવાય છે. ને તે પુરુષ જે વાત કરે છે તેમાં

ભગવાનનો મહિમા કહે છે તો તેમાં જ દોષ દેખાડે તો તે પુરુષ વાતના કરનારાની મોટપ દેખી શકતો નથી. ને પ્રાણનો નિરોધ તો અષ્ટાંગ યોગે કરીને કહેવાય છે. તે અષ્ટાંગ યોગ તો દેહમાં જ લીધે પાર પડે છે. ને દેહમાં તો ચાર સાધન દેખાય છે. તે યમ બાર પ્રકાર કરવાની જે ઈચ્છા તે કહેવાય છે. ને નિયમ પણ બાર પ્રકારના છે. તે રાખે એટલે જ કહેવાય છે જે રાખ્યા જ પહેલા તેને જે પાળવાની મજા જે ઈચ્છા થઈ તેજ યમ કહેવાય છે. ને તે જ નક્કી નિયમ પરિપક્વ કેતા નક્કી જે થાય છે, તેને જ નિયમ કહે છે ને આસન ચોસઠ પ્રકારના છે. તે તો વાળે ત્યારે મનાશે. ને પ્રાણાયામ તે નાડી શોધન કહેવાય છે. તે જે બધી નાડી ને વિગતસર બતાવે છે તે જ નાડીશોધન કહેવાય છે. ને નાડીયુંને ખેંચીને એકજ પીંડો કરવો એટલે બધી જ નાડીયુંને ભેળી કરવી તે પણ યમ જ કહેવાય છે. પ્રત્યાહાર તો નાડી ખેંચવી તેને કહે છે. ને ધારણા તો પ્રાણ, મન, જીવને ધારવો તેને ધારણા કહે છે. ને ધ્યાન તે જ સ્થળે કરવાની જરૂર છે. પછી તેનું જે ફળ તે સમાધિ કહેવાય છે. ને નિર્વાસનિક છે તેને પણ સમાધિ છે. તેના લક્ષણ તે વૃત્તિની જે એક જ ધારાથી જાણવું. ને જેમ બ્રાહ્મણને નાવું, ધોવું ને પવિત્રપણે વર્તવું. તેમજ સત્સંગીને આજ્ઞા પાળવી તે જ યોગ્ય છે તે બંને સાધન છે. તેને જે થકી શીખવા તે જ તે ઉપાસના પ્રમાણ છે. ને તે જ સ્વામિનારાયણ સર્વોપરી છે તે છતાં ઉપાસનામાં ભેદ પડે છે. તે તો દેશ, કાળ, સંગ, ક્રિયા, દેવતાનું ધ્યાન ને મંત્ર ને આચારરૂપી સ્થાન છે. તે શ્રોતા વક્તા બંનેમાં છે. તે જાણીને વિચારવું પણ સમજ્યા વિના તણાવું જ નહિ કારણ કે તેમાં સાધન તો સરખા જ છે. પણ ઉપાસનામાં તો બહુ તફાવત છે. પણ તેમાં સત્તા તો તે ઉપાસ્ય મૂર્તિની જ છે. ને તે ઉપાસ્ય તો એક સર્વોપરી સ્વામિનારાયણ છે. તે સારુ કહ્યું છે જે, ઉપાસના વિના કોઈ કાર્ય સિદ્ધ થાતા નથી. માટે સ્વધર્મમાં રહીને ઉપાસના કરવાની જરૂર છે. તે ઉપાસના તો મહત્‌પુરુષથી થઈ શકશે. તે સારુ જ

સ્વામિનારાયણ અક્ષરધામ અને ત્યાંના જ મુક્ત લઈ આવ્યા છે. તે અક્ષર મુક્તના જે લક્ષણ તે જાણીને સ્વામિનારાયણનો આશરો કરવો તો જ મોટપ મળશે. તે સ્વામીએ વાતુમાં કહ્યું જે, મોટાને મળે તો બહુ જ મોટપને પામે છે. તે જૂ વીંયાય તો લીંખ આવે ને હાથણી વીંયાય તો ભેંસ જેવડું બચ્ચું આવે. એ ઉપાસનાના માર્ગમાં સિદ્ધાંત છે. તે સિદ્ધાંત તો કાયમ રાખ્યો છે, પણ તે સિદ્ધાંતને સાથે લઈ ગયા નથી. તે સિદ્ધાંત સહિત જ પોતે અહીં જ છે તો પૂર્ણતા પુરુષથી જ મનાશે. ને તેને માન્યે જ સર્વે મનાશે. ને તેને ન માન્યે મર તપશ્ચર્યારૂપી સાધન કરે પણ તે સાધનથી કાંઈ વળવાનું નથી.

**“મેલો સાધનનો ઉર આંબળો વ્રજવાસીજી”**

એ જ સિદ્ધાંત તે મૂર્તિને આગળ છે. ને તે જ મૂર્તિ સ્વામિનારાયણ સાક્ષાત્ છે. તે જ સાક્ષાત્ થયે જ પ્રમાણ છે. તે સાક્ષાત્ અજ્ઞાનીને નહીં જ મનાય. તે તો જે વિષય જેમ સડેલ કૂતરા પડેલ હોય ને તે જેમ ગંધાતા હોય, ને તેનો જેવો અંતરમાં અભાવ આવે ને અન્યરૂપને તો જેમ કાળો સર્પ ને બળતો અગ્નિ તેમજ ભગવાન વિના જાણે, ને ભગવાન વિના લેપન તો સર્પ તુલ્ય લાગે છે. ને ભગવાન વિના અન્ય શબ્દ તો જેવા બંદૂક તે બરીયાનમાંથી છૂટી લાગે તે વસમા જ લાગે છે, તેવા જ ભગવત્ કથા વિનાના જે શબ્દ તે લાગે છે. ને ભગવાન ને ભગવાનના ભક્ત વિના બીજા જે લૌકિક દૃષ્ટિવાળા માન આપે તે તો જેમ ઊંટે બેસાડીને દક્ષિણ દ્વાર લઈ જાય તેવું વસમું લાગે છે. ને પ્રગટ એક સ્વામિનારાયણ સિવાય મર ચતુર્ધા મુક્તિ તે કુંભીપાક નામનો નરક કહેવાય છે, તેની તુલ્ય તેના જ માનને માને છે. તે આ જ રીતના શૂન્યતાથી તે શૂન્યતા સત્ય જ મનાશે. ને તે સિવાય તો ભક્તને અભક્ત મનાશે. ને અભક્તને જ ભક્ત મનાશે. ને છતાં તે જ ભક્તને ભેળો રહેશે તો તે ભક્તને દંભી જ મનાશે. ને જગત દંભી જ છે. છતાં તે ભક્ત મનાશે. માટે ભક્તને ભક્ત

જ માનવા. તે તો મહત્પુરુષ વિષયમાં વૈરાગ્યરૂપી જ બુદ્ધિ આપે છે. તે જ આંખથી ભક્તને જુવે છે તો જ ભક્ત દૃષ્ટિમાં આવશે. તે જ દૃષ્ટિ તે એકાંતિકની પાસે છે. તો તેની પાસે જરૂર સુખ જ છે. તે જ સુખ તે અવિનાશી છે અને બીજા સુખ તો નાશવંત છે. માયિક અમાયિક એ બેય સુખ તો અત્યંત જુદા છે. તો જો વિષયમાંથી જરૂર જુદું જ પડ્યું જોશે. માટે તેનો તપાસ કરવો. શી રીતે વિષયમાંથી નોખા પડવું ? ને સામુના તેમાં લેવાય જાય તો ત્યાં શું વિચારવું ? તે પડ્યું જ મુકવું. તે તો તેમાં જ બધી વાત છે. તેના સંબંધથી જ તે સર્વ વાત મળશે. તેથી જ તેને મળ્યે સર્વે સુખ મળશે. તે સુખના સિંધુ તો છે, છતાં વિષયથી નોખા જ છે; છતાં તે જ ભેળા માને છે. એ જ પાપ છે. તે પાપ ન થાય તે સારુ નિર્દોષ બુદ્ધિ કરવાની જરૂર છે. ને જગતમાં નિયંતા તે દેખે છે; છતાં તેના દોષ સામું જોતા જ નથી. અને પરમાત્મા ને મોટા પુરુષ તો સામુના અવળું જ જુવે છે. તેમ આવા જ સુખના સિંધુ સ્વામિનારાયણ છે. તે જ સ્વામિનારાયણને બતાવી રહ્યા છે. તે જ સુખ તે જીવોને આપી રહ્યા છે તો તેને શું ઉપમા દેવી ? તે તો એક જ છે.

ઈતિશ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક સ્વામી જોગી ધર્મપ્રસાદદાસજી વિરચિતા વિનય સીતા પુસ્તક સાતમું સમાપ્ત થતું હવું. ॥ ૭ ॥ **સંવત્ ૧૯૯૪ માગશર સુદિ-૧ શુક્રવાર**

શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક ૮

## કલ્યાણકારી તો ભગવાન ને સંત જ !

સદ્. સ્વામી ધર્મપ્રસાદદાસજી બોલ્યા જે, (ગ.પ્ર.૨૮) ગુણ લ્યે છે તે આ સત્સંગમાં વધતા જાય છે, જે સાધુનો અવગુણ લ્યે છે, તે આ સત્સંગમાં ઘટતા જાય છે. ને જે એમ જ માને છે જે સર્વે સત્સંગી તો અણસમજુ છે ને હું જ એક સમજુ છું તો તે આ સત્સંગમાંથી જરૂર ઘટે છે. તે એમ માને છે જે, સર્વે સત્સંગી તો અણસમજુ છે હું જ સમજુ છું, તે રાત્રિના સુવે તો નિદ્રા પણ ન જ આવે. ને તે પુરુષ સત્સંગમાં રહે છે તો પણ અર્ધ બળેલા કાષ્ઠની પેઠે ધૂંધવાયા જ કરે છે. ને ગમે તેટલા દિવસ આ સત્સંગમાં રહે, પણ આનંદરૂપી સત્સંગ છે પણ તેને તો તેમાં લેશમાત્ર પણ આનંદ આવતો નથી. તો તો તે પુરુષ તો દિવસે દિવસે ઘટતો જાય છે. ને જે એમ જાણે છે જે, સત્સંગી સમજુ છે ને હું જ એક અણસમજુ છું, તે તો દિવસે દિવસે વધે છે. ને તેને તો આ સત્સંગ ઉજાસ સમાન જણાય છે ને તેને આનંદરૂપી અહો ! અહો !! થાય છે. ને તેને જ સત્સંગમાં આનંદ છે ને તે આનંદરૂપી તેજ છે. ને તેજમાંથી જે વૈરાગ્ય તથા સ્વધર્મ ને આત્મનિષ્ઠા ને ભક્તિ તે ઉત્પન્ન થાય છે. એ આદિક અનંત શુભ ગુણ તેના હૃદયમાં નિવાસ કરીને રહે છે. ને તે જ પુરુષ તે ભગવાનને પ્રતાપે અનંત ઐશ્વર્યને પામે છે. ને અનંત જીવનો ઉદ્ધાર કરે છે. ને એમ છતાં આ જગતમાં કંગાલની હારે વિચરે છે, તે કીર્તનમાં કહ્યું છે જે,

**"વિચરે છે કંગાલની હારે ધન્ય હો ધન્ય,**
**કરે છે કંઈને નિહાલ રે, ધન્ય હો ધન્ય"**

આ જ રીતની મોટી સામર્થી છે. છતાં અન્ય જીવના અપમાનને સહે છે તે તો તેની બહુ જ સામર્થી છે. તે કેવી સામર્થી ? તો તેના હ્દામાં સાક્ષાત્ પરમાત્મા સ્વામિનારાયણ પ્રગટ બિરાજે છે. તે તેના હ્દામાં જ ભગવાન છે, ને તેના નેત્રે જુએ છે. તે જ પુરુષોત્તમ ચાલનારા તેના પગમાં છે. ને તેના જ હાથમાં ભગવાનનો હાથ છે ને તેના જ કાનમાં કાન તે કૃષ્ણના છે. એવી રીતે સંતની સર્વે ઈંદ્રિયુંમાં પ્રગટ પરમાત્મા છે, તે તો અતિશે જ મોટા છે. છતાં અલ્પ જીવનું અપમાન સહે છે, તે તો બહુ જ મોટપ છે. તે કે'તા કહેવાશે જ નહિ ને તેનું વૃત્તાંત તે મહા અલૌકિક છે. તેને તો આ લોકમાં પથ્થરનો ઢગલો તથા સુવર્ણનો ઢગલો તે સમાન છે. ને બાળક સ્ત્રી, ને જુવાન સ્ત્રી અને એંશી વરસની સ્ત્રીમાં સમાન બુદ્ધિ છે. ને કોઈ માન આપે કે કોઈ અપમાન આપે તે બેય બરોબર જ વર્તે છે. ને તેની મોટપને શ્રીજીએ મોટપ માની છે. ને તે મોટપને માનશે તેની જ મોટપ છે. ને તેના હું કેટલા વખાણ કરું ! અને આ દુનિયામાં સહુને પ્રભુને ભજવા જ છે પરંતુ સમજણમાં ફેર છે. તે જે એમ સમજે જે, આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે, ને આ તારામંડળ જેનું રાખ્યું અધ્ધર રહે છે; ને જેના વરસાવ્યા મેઘ વરસે છે ને જેની આજ્ઞાથી સૂર્ય-ચંદ્ર ઉદય અસ્તપણાને પામે છે; ને જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે; ને તેને હાથ, પગ, નાક, કાન, આંખ એ આદિક દશ ઈન્દ્રિયું તે થઈ આવે છે; ને આકાશમાં ગાજવીજ થાય છે; ને મેઘની ઘટા તે થાય છે એવા જે અનંત આશ્ચર્ય તે સર્વે મને મળ્યા જે ભગવાન તેના કર્યા જ થાય છે. ને પૂર્વે જે અનંત આશ્ચર્ય થઈ ગયા છે ને હમણા જે આશ્ચર્ય થાય છે ને આગળ આશ્ચર્ય થાશે તે સર્વે આજ મને મળ્યા છે તે વતે જ થાય છે. એમ સમજે છે પણ તે આશ્ચર્યનો કરનારો ભગવાન વિના ન માને. એવી મોટપને જે માને છે તેના હ્દામાં ભગવાન નિવાસ કરીને રહે છે. તે જ મોટપને વર્ણવેલી છે તો તેની જ મોટપે મોટપ માનવી ને તેની સામર્થી તો

તે જ વતે તેથી તે જ ગણાય છે. બીજું નહિ જ ગણાય. તે લીધે જ પ્રમાણ છે. ને રજોગુણ આદિક જે મલિન ગુણ છે તે તો જો નિષ્કપટપણે જ સત્સંગ કરે છે, તો જ રજોગુણરૂપી જે મલિન ગુણ તે નાશ પામે છે. ને જે ઘાટની નિવૃત્તિ નથી થાતી તે નિવૃત્તિ આજ સત્સંગમાં થાય છે. ઘાટની નિરાંતરૂપી જ નિરુત્થાન થાય છે. કોઈ સાધનથી નિવૃત્તિ નથી, તેની જ નિવૃત્તિ તે થાય છે ને રજોગુણમાં જ ઘાટનો ડંસ બેસે છે. ને સત્ત્વગુણમાં પ્રકાશ છે તેથી ગુણનો ડંસ ન બેસે. ને તમોગુણમાં તો અંધકાર રહ્યો છે તો તેમાં પણ ઘાટનો ડંસ ન બેસે. ને રજોગુણમાં જે ઘાટ થાય છે તેનો ડંસ બેસે છે, તે જે સમે જેવા ગુણને પ્રધાનપણે ઘાટ થાય છે તે સમે તે જ ઘાટને સામું જુવે છે તો પણ ઘાટ ટળે છે. ને જે સત્સંગમાં વાત થાય છે, તે સામી વૃત્તિ રાખે છે. ને સત્સંગમાં જે વાત થાય છે તેને ધાર્યા વિચાર્યા કરે છે તો પણ ઘાટની નિવૃત્તિ થઈ જાય છે. ને જે ઘાટને ઓળખવો તે તો દિનાનાથ ભટ્ટ જેવા બુદ્ધિવાળા સંભારે તો ખબર પડે છે. ને ઘડી ઘડીમાં જે ઘાટ થાય છે, તે તો દિનાનાથ ભટ્ટ જેવા બુદ્ધિવાળાને પણ ન ઓળખાય, તો તો બીજાને ન જ સમજાય. ને સ્થૂળ ઘાટને તો ઓળખે તે પણ બે ચાર ઘાટ ઓળખાય છે ને સૂક્ષ્મ ઘાટ તો જીવ ન જ ઓળખે. ને સૂક્ષ્મ ઘાટ તે શું ? ને સ્થૂળ ઘાટ તે શું ? ને સૂક્ષ્મ ઘાટ તે જીવની સ્વાભાવિક પ્રકૃતિ છે તે સત્પુરુષ વિના ન જ ઓળખે. ને જ્ઞાની પણ પ્રકૃતિને જ અનુસરે છે પણ તેમાં લગારેય શાસ્ત્રનો નિગ્રહ તે સ્વાભાવિક પ્રકૃતિને પણ સત્પુરુષ જ દેખે છે. ને તે જ ટાળે છે. સ્વાભાવિક પ્રકૃતિને ટાળવામાં સત્તા તે મહત્ પુરુષ છે. ને વાસનારૂપી સ્થૂળ ઘાટ છે તે જ જીવને વિષયમાં ઢસડે છે તે કાયમ જ ઢસડે છે, પણ ધ્યાન વખતે ને ભજન વખતે ને કોઈ સારા માણસનો સંગરૂપી જ કથા કરતી વખતે વાસના જણાય છે, તે જ સ્થૂળ ઘાટ છે. તે મુમુક્ષુ જાણે પણ તે સ્વભાવને તે મુમુક્ષુ આધિન છે. તેથી જ તે વિષયનો જોગ થાય છે તો તેમાં જરૂર લેવાય છે. તે સ્થૂળ ઘાટ છે તે જાણશો. ને

એકાંતિક તો દેશકાળના પેટામાં ન જ આવે. ને તે જ એકાંતિકનો સંગ કરે છે તે પણ તેની છાયામાં ન લેવાય એવો જ એકાંતિકનો પ્રભાવ છે, તે પ્રભાવ જશરૂપ છે તે શ્રીજીએ મુક્તાનંદસ્વામીને કહ્યું છે જે, બધા ધામોમાં તમારા જ વખાણ થાય છે; તે તમારામાં શું મોટપ છે ? એમ કહીને બોલ્યા જે, તમારા જેવા સત્પુરુષનો વૈકુંઠમાં ને ગોલોકમાં ને બદરિકાશ્રમમાં ને શ્વેતદ્વિપમાં ને બ્રહ્માના લોકમાં ને ઈન્દ્રના લોકમાં ને પ્રધાન પુરુષના લોકમાં ને બીજા અનંત સ્થાન છે તેમાં તથા અક્ષરધામમાં પણ મુક્તાનંદસ્વામી જેવા સંતના વખાણ થાય છે. ને તેને જ તે બધા સંભારે છે. ને મુક્તાનંદસ્વામીના ને બ્રહ્માનંદસ્વામીના જ કીર્તન ગવાય છે તે મહારાજે જ કહ્યું છે જે, આજ જ રાત્રીએ ગોલોકમાં ગયા ને ત્યાં જ મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીના જ કીર્તન ગવાતા હતા. તેના ભેળા ભળીને અમે પણ ગાવા લાગ્યા. તે ગાતા જાય ને ડોલતા જાય છે, જેમ કેફે કરીને ગાંડા થયા હોય તેમ જ ગાતા હતા. તે આવી જે પ્રગટ પુરુષોત્તમની ઉપાસના ને ધ્યાન તે બધા જ લોકમાં છે. ને આલોકમાં પણ તેના જ વખાણ થાય છે. તેના સંબંધથી જ જીવ મોટપને પામે છે. તે મોટાને મળે તે બહુ જ મોટપને પામે છે. એવો મોટાનો પ્રભાવ છે તે છાઈ રહ્યો છે ને તેના પ્રભાવને જાણે તે પર જ ગણાય છે. તે જ્ઞાન, વૈરાગ્ય, આત્મનિષ્ઠા ને ભગવાનની ભક્તિ, તેનું જે બળ તે ગોપાળાનંદસ્વામીથી પોષણ થાય છે. તે પોષણમાં દેશ, કાળ ને ક્રિયા તથા સંગ તેમાં દેશ, કાળ ને ક્રિયાનું સામર્થ્ય થોડું છે ને સંગનું જ વિશેષ છે. તે સંગથી જ ક્રિયા તે સારી થાય છે. ને ગોપાળાનંદસ્વામી જેવા સંતથી જ કાળ તે સારો થાય છે ને ક્રિયા તે રોજ સારી થાય છે. ને પાતર્યુ ને ભડવા જેવા પુરુષના સંગથી જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તે જરૂર ઘટે છે. તો જ મહત્ પુરુષનો સંગ તે અધિક છે. તે અધિક સંગથી જ અધિક સ્થિતિ તે થાય છે ને તેના જે અવગુણ તે નાશ જ થાશે. એ જ મોટા પુરુષના સંગમાં જ મોટાઈ છે.

તો તે ગોપાળાનંદસ્વામી જેવા જેનું ભજન કરે છે. તેની જે સત્તા, પ્રતાપ તો શો કહેવો !! તે પ્રતાપ અત્યારે સ્વામિનારાયણ સંતને તે સત્તા આપી ગયા છે. તેથી અત્યારે સ્વામિનારાયણ સાક્ષાત્ છે. તો જ તે સંત પ્રતાપે મોક્ષ છે. તે સંતના લક્ષણ શીલ, સંતોષ તે લોભ મેલ્યે જ પ્રમાણ તે થાશે. તેને ઓળખાવાની દષ્ટિ તે લોભ, કામ ને તૃષ્ણાની આશા ત્યાગે ને સત્ત્વબુદ્ધિથી જ તે સંત જણાય છે. ને તેને જાણે જ તે સંત કે'વાશે. તેના વિશ્વાસથી જ તે સ્વામિનારાયણ સાક્ષાત્ દષ્ટિમાં આવશે. તે સિવાય સાધન જ નથી. તે હરિ કૃપાથી હરિજન તે જાણે પણ બીજા ન જાણે, અને ભગવાન જોવામાં તો સંત હરિજનની કૃપા જોઈએ છે. તેની જ કૃપાથી પરમાર્થી જે પરમાત્મા મનાય છે. તે કૃપા તો ધ્રુવજીને થઈ છે તેથી વેદાદિકના અર્થો તે સ્ફુર્યા. બાળપણામાં જ વનનો રસ્તો લીધો ને ઈશ્વર ભજન કર્યું. આ દેહે તે પ્રારબ્ધ કર્મને વશ છે તે પ્રારબ્ધ પોતે શ્રી પુરુષોત્તમનું રહે છે કે તેના જ ખરા દાસ તેનું પણ પ્રારબ્ધ મનાશે તેના જ ઠેરાવ તે જ પ્રમાણે આ જ બ્રહ્માંડમાં થાય છે તો તેના પ્રારબ્ધને નાશ કરવામાં કાળ કદી ગતિ નહિ જ કરી શકે. એવું જ પ્રારબ્ધ તે પુરુષોત્તમ સ્વામિનારાયણને પ્રગટ માને તેના પ્રારબ્ધે અત્યારે આ પૃથ્વીમાં બધાના પ્રારબ્ધ મનાશે ને

**"તેનો મેલી આશરો જે વિષય સુખને ઈચ્છશે;**
**તે નહિ પામે સુખ સ્વપ્નમાં વિષય સુખમાં જ વાંછશે"**

એવો જ અથાહ પુરુષોત્તમનો મહિમા છે. પણ તેનો મહિમા મુકીને આ જીવ તે પ્રારબ્ધનું સુખને ઈચ્છે છે. ને ભગવાનના પ્રારબ્ધની આગળ આપણા પ્રારબ્ધને કાળ ખાય છે. ને આપણને કાળ તે એક ક્ષણમાં નાશ કરશે. તે છતાં પોતાના પ્રારબ્ધના સુખ ને ઈચ્છે છે. પણ પરમાત્માના પ્રારબ્ધે જ પ્રારબ્ધ રાખવું તો જ પોતાના પ્રારબ્ધના જે સુખ ને દુઃખ તે આડા ન આવે. ને જીવને સંસ્કાર તે સત્પુરુષથી છે. તો તેને જ મુખ્ય રાખવા. આપણે તો ભરતજી જેવા ન કહેવાઈએ, કેમ કે તે તો ઋષભદેવ

ભગવાનના પુત્ર હતા. ને તે પોતાના જ પિતાના ઉપદેશથી વનમાં ગયા હતા. ને ત્યાં ભગવાનનું ભજન કરતા હતા. દયા તે ધર્મ જ છે ને વળી વનમાં જ વાસ છે. ને ભજન કરે છે ને મૃગલું તો મનુષ્યથી વિજાતીય છે ને પોતાના પિતાથી જ્ઞાન પામીને પોતે આ સ્થિતિને પામ્યા હતા. તે છતાં પ્રારબ્ધ નડ્યું. તો બીજાની શી વાત કહેવી ? ત્યારે તે ભરતજીની સમજણમાં ફેર હતો. ને તેને નિશ્ચયની ખામીથી તે પ્રારબ્ધ તેને નડે છે. પોતાના જ પિતા ને વળી ઋષભદેવ ભગવાન છે. તેથી જ જ્ઞાન પોતે પામ્યા છે છતાં તે ઉપદેશ દેનારામાં ઉપાસના રૂપી જ હેત ન થયું તો તેને પ્રારબ્ધનું બંધન થયું છે. સ્વાભાવિક હેત સજાતીયમાં રહ્યું છે. પણ વિજાતીયમાં તો હેત નથી. તે છતાં તે મૃગલામાં બંધાણા તે ઋષભદેવનો ત્યાગ કર્યો. ને પિતાના જ ઉપદેશે વૈરાગ્ય પ્રાપ્ત થયો ને છતાં તે વૈરાગ્યમાં પોતે બંધાણા. ને જો ભરતજીએ ઋષભદેવ ભગવાનમાં ઉપાસના ને હેત કર્યું જ હોત તો આ વિઘ્ન ન આવત. આપણને મહત્‌પુરુષ તે પુરુષોત્તમમાં જોડે છે. વિષયમાંથી આપણને મૂકાવે છે. તેમાં જ હેતભાવ, વિશ્વાસ, ઉપાસના તે ખચિત જ રાખવી તો સુખ માત્ર ત્યાં જ પ્રાપ્ત થાશે. પ્રારબ્ધરૂપી કર્મ તે જાશે. તે નાશ જ થાશે ને અચળ પરમાત્મામાં પ્રીતિ થાશે. ને વાસના તે ટળી જાશે. ને મહા જે સુખના સિંધુ એક એકાંતિક જ છે, તેને મેલી જે અન્ય દેવમાં હેતભાવ, વિશ્વાસ તે ન કરવો. ને હેત તો કરવા યોગ્ય એક સંત પુરુષ જ છે. તો તેને મુખ્ય સર્વ વાતમાં રાખવા. તે પુરુષને રાખ્યે જ બધુ રહે. તો બુદ્ધિનું ડા'પણ તેની આગળ આપણું ન વાપરવું. આવી જ વાતમાં સુખ છે. અને ભગવાન કે સંતના રાજીપાથી બ્રાહ્મણનો છોકરો નરકથી મૂકાણો. તે જ રીતે આ જગતમાં સંત હરિજન સુખ આપે છે. તે આ જ દેહમાં પંચવિષયમાં જગત સમાયેલું છે. તેમાંથી આ જીવને બચાવે છે. તે જ નરકથી રક્ષા છે. તે ગીતામાં નરક કહ્યા છે. તો તે નરકથી મૂકાવનારા તો એક સ્વામિનારાયણ પ્રગટ હયાતીના સાક્ષાત્ દાસ છે,

તેને સેવ્યે બધા સેવાશે, ને તેને જમાડ્યે બધા જમાડ્યા છે, ને તેને પૂજને બધા પૂજાણા છે. તેને મળ્યે મળ્યા છે સ્વામી ને તેને ન રહી કાંઈ ખામી. તે સંત સ્વામિનારાયણના હોવા જોઈએ. ને કામ ક્રોધથી રહિત જ હોવા જોઈએ. ને તે સંતને જોયે જ જોયા છે સ્વામી, ને તેને ન રહી કશી ખામી. ને તે જ છે અંતરજામી. એક જ સ્વામી તે જ ઉપાસના ખબરદાર થઈને રાખવી. અહો ! અહો ! આ તે કોઈ સુખ છે !! તે તો એક અચળ પદવી છે ને તે અચળ પદવીને જે દેખે છે તે જ અચળ ગણાય. ને અચળ ગણ્યે જ અચળ મનાશે. ને તેને માન્યે જ બધા શાસ્ત્ર તે સત્ય મનાશે. નાસ્તિક ભાવ નાશ જ થાશે. ને તેને જ પોતાનું બ્રહ્મસ્વરૂપે જ સાક્ષાત્ મનાશે. ને તે સાક્ષાત્ માન્યે જ સાક્ષાત્ મહા જે સુખ તે લેશે. આજ એ બધી વાત એક સ્વામિનારાયણના સાધુમાં જ સ્વામિનારાયણ રાખી ગયા છે. તો ત્યાં જ તે વાત મળશે. ને ત્યાં જ એક સ્વામિનારાયણ સાક્ષાત્કાર છે. ને ત્રિવિધી તાપ તે ટળશે. ને અહો ! આનંદનો સમૂહ તે જ પુરુષની છાયામાં ફળશે. તે લખ્યું છે જે, ગોપીયુંના મારગને વેદની શ્રૃતિ તે ખોળે છે. તેમજ સંતના ચરણની રજને બ્રહ્મા, ભવ ને બૃહસ્પતિ દેવ તે ઈચ્છે છે. ને મોટા મોટા ધામ ને ધામના ધણીને તે વાત અગમ છે. પણ આજ આ સ્વામિનારાયણના સાક્ષાત્ ઉપાસનાના કરનારા છે, એટલે અચળ ટેકને ધારી રહ્યા છે. તો જ તેને સુખ તો બહુ જ મોટું છે. તો તે સુખ કે'તા કહેવાશે નહિ. માટે આપણે અહો ભાગ્ય માનીને વિષયનો ત્યાગ રાખવાનું જ ખાસ સિદ્ધાંત છે તો વિષય તો ઝાટકી નાખેલા કુશકા છે. તે કુશકામાં જે આનંદ માને છે, તેની તો પશુવત્ જ બુદ્ધિ જાણવી. પ્રગટ સંત કે પ્રગટ પુરુષોત્તમને માનનારા તો દેવના પણ તે દેવ છે. ને તેમાં જ દૈવત તે જાણે તો તેમાં જ દૈવત તે આવે છે. ને તેને જ કાળ શીશ નમાવે છે. ને તે તો કાળના પણ કાળ છે. તો કાળ તેને શું કરનારો છે ? તો તેવા જ સંતને જે ઓળખે છે, તો તેને પણ કાળ ન જ નડી શકે. તો તેની વાત તે શી કહેવી ?

તે તો તે જ; તે જેને જડે છે, તેને જ બુદ્ધિ છે, તો તો તે બુદ્ધિનો બહુજ ભાર છે. ને તેને ન જ જાણે તો તેની બુદ્ધિ જ નહિ. તે ગોપીયું તે બુદ્ધિવાળી જ કે'વાણી ને બીજા પંડિત તે મૂર્ખ કહેવાણા છે. તેમજ સંત પીછાને પીછાણ છે કે'તા ઓળખાણ છે. ને તે સંતની સેવા એક ભક્ત કરે છે ને એક તેને જાણે છે છતાં તેની સેવામાં પ્રવર્તતો જ નથી. તો તે અસમર્થ છે ને તે સંતની સેવા કરે છે, તે જ સમર્થ. તેથી જ કોઈક જીવને વચને કરી દુઃખવાય છે છતાં તે સાક્ષાત્ મૂર્તિ જે સ્વામિનારાયણના દાસની સેવા કરે છે તો તે બહુજ મોટા છે. તો તે મોટા સંતની વાતો બહુ જ મોટા પુન્યવાળાને મળે છે. તેની જે સેવા કરે છે તેમાં કાંઈ અલ્પ સરખો દોષ જોઈને અવગુણ ન લેવો. કેમ જે આ તો નિવૃત્તિ માર્ગવાળા છે, છતાં તે પ્રવૃત્તિમાં વર્તે છે. તો તેમાં અલ્પ દેહનો સ્વભાવ જોઈ તેમાં અવગુણ જોવો તે મોટી ખોટ છે. દોષના જોનારાએ ખોટ કાઢી તેથી સંત તથા ભગવાન શું કલ્યાણકારી નહિ ? તે તો કલ્યાણકારી જ છે. ને શ્રીકૃષ્ણમાં દોષ શિશુપાળે કાઢ્યો તો શું તે શ્રીકૃષ્ણ કલ્યાણકારી નહિ ? તે તો કલ્યાણકારી જ છે. તેમજ સંતની સેવા કરે તેમાં દોષ કાઢે તો શું તે ભગવાન કલ્યાણકારી ન કહેવાય ? તે તો કલ્યાણકારી જ છે. પણ જેને અવળી બુદ્ધિ હોય તેને અવળું સુજે છે. ને જે નિવૃત્તિને વિષે વર્તે છે તે કરતા તો આજ સંતની સેવા કરે છે તે જ અધિક; તો તે સંત તો સંત જ છે. તો જ તે સત્સંગનો મહિમા તો ચાર વેદ ને ષટ્શાસ્ત્ર ન કહી શકે તો આ દુનિયામાં બીજા શું કહી શકે ? તે જ તેની સેવામાં રહેતો હોય તેમાં તો દોષ જ નથી ને નથી. ને સારાનો જોગ રાખે ને પોતે જ વિચાર રાખે તો પણ તેમાં દોષ જ ઘટતો નથી. ને તેમાં માને કરીને ગરીબ હરિજનને નમાય નહિ, ને તેની આગળ દીન વચન બોલાય નહિ, તો તો તેમાં મોટી ખોટ છે. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે મોટા આગળ માન નથી આવતું પણ બીજા ગરીબ હરિજનની આગળ તો માન રહે છે. ત્યારે શ્રીજીએ કહ્યું જે, તમે નાનપ મોટપ સમજો છો તેમ નાનપ

મોટપ નથી. ને મોટપ તો પ્રગટ પૃથ્વીએ જે સાક્ષાત્ સ્વામિનારાયણના ઉપાસનાના માર્ગમાં ચાલનારા જ મોટા છે. પણ તે સિવાય કોઈ મોટા જ નથી. તે પ્રત્યક્ષ ભગવાનની આજ્ઞામાં વર્તનારા જ મોટા છે. તે સિવાય તો ગમે તેવા સિદ્ધ દશાવાળા હોય પણ તે તો છોટા જ છે. ને તે છોટા જ આ દુનિયામાં મોટા લાગે છે. પણ તે તો ભૂચર ગણાય છે. ને પ્રગટને જાણનારા ખેચર ગણાય છે. ને જે ભૂચર છે, તે હાથીની પેઠે મોટો આ દુનિયામાં ભક્ત કહેવાય છે ને તેને આખી દુનિયા જાણે છે. તેથી તે મેરૂ ઉપર ચડે ને હાથી જ ગણાય છે તો પણ તે પૃથ્વીમાં જ હાલનારા ગણાય છે. તો તે પરોક્ષ ભક્ત પામે નહિ પ્રાપ્તિ. તે વાત પ્રસિદ્ધ શાસ્ત્રમાં છે ને પ્રગટના નિષ્ઠાવાળા તો આકાશમાં જ ઉડે છે. તે મચ્છર છે. તે આકાશમાં જ ઉડે છે; તે પ્રગટની પીછાનવાળો અલ્પ જીવ હોય, પણ તે તો નારાયણના ચરણમાં જ છે. તો જ તેને દેશકાળ પરાભવ ન કરે. ને પરોક્ષ ભક્ત તો બ્રહ્મા જેવો હોય તો પણ પરાભવને પામશે. ને પ્રગટ ઉપાસક તો નિર્ભય ભક્ત છે ને પરોક્ષ ભક્ત તો ગમે તેવી સ્થિતિને પામ્યો છે. પણ તેની સ્થિતિ તો બ્રહ્માંડ પાર નહિ, તે તો બ્રહ્માંડમાં જ રહેશે. તો અત્યારે સ્વામિનારાયણ આ પૃથ્વીમાં છે. તેની જ મોટપથી સાક્ષાત્ તેની આજ્ઞામાં વર્તનારા જ મોટા છે ને તેની આગળ તો મર ભગવાન જ કે'વાતા હોય પણ તે તો છોટા જ છે. તો તે અહો! મોટપ સંતની કહ્યામાં ન જ આવે. ને જો તેને કોઈપણ કહે તો તે માન્યામાં જ ન આવે. તે તો તે સાક્ષાત્‌ના વિશ્વાસથી જ તે વાત મનાશે. તો જ તે વાત તો તેથી જ છે. તે જ સ્થિતિ એ જ પણ માન છે. માટે બુદ્ધિવાળો પણ આકાશમાં ન જ ઉડી શકે, એટલે વિષય તે ઉલટા અન્ન જેવા નહિ જ થાય. સાક્ષાત્ ઉપાસનાવાળાને તો ઉલટા અન્ન જેવા જ સહજ સ્વભાવે અભાવ રહે છે, ને બીજો સ્પર્શ તો તે પંક તુલ્ય જેને રહે છે. ને નારી તે ભૂત રાક્ષસણી તુલ્ય જાણે. ને પ્રભુ ને પ્રભુના દાસના સાક્ષાત્ આ જ પૃથ્વીમાં ભગવાન કે પ્રભુના દાસને અર્પણ

થયે જે વસ્તુ તેને મળીને જ આનંદમાં રહે છે. ને અન્ય વિષયમાં તો તેને અભાવ જ. ને અન્ય સુખને સ્વપ્નવત્ જ માને છે. ને ત્યાગ ન રાખે છતાં એની મેળે રહેવાય છે, તે જ ખેચર છે. ને ભૂચર ભક્ત તે નિયમે કરીને જ વિષયનો ત્યાગ તે રહેશે. પણ તેનો દેશકાળે નિયમનો ઠા ન રહે. એ જ વાત સિદ્ધાંત છે, ને તે ભક્તને પંચવિષય છે તે ભગવાન સંબંધી જ છે. ને વિમુખને પંચવિષય છે તે તો ભગવાન વિનાના અન્ય ગ્રામ વિષય વિના રહેવાતું જ નથી. તેથી જ હરિજનને ભગવાનની કથા સાંભળે, કીર્તન તે પ્રભુના જ કરે. તે જ રૂપી વિષય છે. તેને તો કથાવાર્તા કરીને ભગવાનની મૂર્તિ, તે ખીલે આવો છો કે નહિ ? ને પક્ષી જેમ માળે તેમ જ પ્રગટ પુરુષોત્તમને તેના જ મળેલા સાક્ષાત્ સંબંધને પામેલા જ મળ્યા છે, તેની પાસે જ વિરામ કરો છો ? કે પ્રગટ પ્રભુ જે સ્વામિનારાયણ તેના આશ્રિતનો સંગ મેલીને કથાવાર્તાને કરો છો ? ને પ્રગટને જે મળ્યા છે ને તેની જ સાક્ષાત્ ભક્તિને કરે છે તે જ ખીલે આવ્યે જ કરે છે. તે આપણે હૃદયમાં તપાસવું.

### ''જે વિન ઉછરંગ ચિત્ત છે કે ઉછરંગ ચિત્ત રે છે''

તે જો હયાતી જ અત્યારે જ સાક્ષાત્ સ્વામિનારાયણ માને, પ્રભુને પોતે જ મળે છે તો જ તેને ચિત્તે આનંદ અહો ! અહો ! આ જ પ્રકારે કાયમ આવા માને. જોવામાં પણ આવે છે. સ્વામી કે તેના દાસ તે જ નેત્ર. કરોડ રૂપિયા આપતા સાક્ષાત્ પામેલા સ્વામિનારાયણ ને તેના દાસના વાસમાં રહેવાવાળા તો બહુ જ મોટા છે. ને તે સિવાયના તો જરૂર ખોટા જમના છે. ને સાચા તો એક આલોક પરલોકમાં પ્રગટ જેવા છે તેવા જ, ગમે ત્યાં જાઈએ તો પણ નેત્રની આગળ રહે છે. તેજ સહિત જ મૂર્તિ માનવી ને તે પ્રભુનો મેલી આશરો વિશ્વાસ તો સાક્ષાત્ સ્વામિનારાયણ કે તેના આશરાને. પામેલા જ તેના આશ્રિત તે હોય તો જ મૃત્યુનો ભય નાશ પામે છે. નહિતર મર નીમ પાળે કે મર હિમાળે જઈ દેહ ગાળે પણ તેની

માથેથી મૃત્યુનો ભય નાશ ન જ થાય. કૃતાર્થ તો જે પ્રગટ પ્રભુના ચરણને પામનારાથી જ કૃતાર્થ થયા જ છીએ. તેનો કોઈ પ્રકારે અવગુણ ન લે, તેને પ્રભુ જે સ્વામિનારાયણનો જ વિશ્વાસ રાખી જ રહે, તે જ જીવ્યો માનવો, તે વિના તો મરેલા પૂતળા જ છે. ને જીવતા તો એ સ્વામિનારાયણ ને તેના દાસ જ જીવે છે. ને બીજા તો જીવે છે તો પણ મરેલા જ છે. ને તેને કદી જીવતા માનવા જ નહિ. માટે જીવતા તો એક સ્વામિનારાયણ જ છે એમ જે માને છે, તે જ તે જીવે છે નહિ તો તે મરે છે એ જ સિદ્ધાંત વાત છે.

ઈતિશ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક સ્વામી જોગી ધર્મપ્રસાદદાસજી વિરચિતા વિનય સીતા પુસ્તક આઠમું સમાપ્ત થતું હવું. ॥ ૮ ॥ **સંવત્ ૧૯૯૪ માગશર સુદિ-૫**

શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક ૯

## સત્ય વસ્તુ તો એક સ્વામિનારાયણ

સ્વામિનારાયણ હરે; અને જેને ધ્યાન કરવું હોય તેને તો ગુણ ઓળખવા. તે જે વખતે તમોગુણ વર્તતો હોય ત્યારે ધ્યાન ન કરવું. ને રજોગુણ વર્તતો હોય ત્યારે પણ ધ્યાન ન કરવું. ને જ્યારે સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે જ ધ્યાન કરવું. ને ભગવાનની મૂર્તિ ધારવી. તો મૂર્તિ ધારવામાં એ ભક્તને કઠણ ન જ પડે. ને રજોગુણ વર્તે ત્યારે ઘાટ સંકલ્પ ઘણાં થાય છે. તે સંકલ્પને જોઈને કચવાવું નહિ. અંતઃકરણ તો જેવું નાનું છોકરું ને વાંદરું તેવું જ છે. તે તો વિના પ્રયોજન ચાળા કર્યા જ કરે છે. પણ એકાંતિકનો સંગ કરીને પ્રગટ પુરુષોત્તમ જેવા અત્યારે આપણને દર્શન દે છે, તે જ ભગવાન ને તે સંતના સંગથી જ ઓળખે છે. તે તો ત્રિગુણાતીત છે, પણ તેને તે ત્રિગુણ ન જ કે'વાય. કારણ કે પ્રગટના સંબંધમાં તો માયા હોતી જ નથી. ને તે ત્રણ ગુણનો સંગ ઘટતો જ નથી. તે ગુણ તો સગુણ બ્રહ્મમાં છે. તે સગુણ બ્રહ્મની ઉપાસના તો ત્રણ ગુણ પાર છે જ નહિ, તે તો તેમાં જ છે. માટે નિર્ગુણ બ્રહ્મ તો એક સ્વામિનારાયણ સાક્ષાત્ અત્યારે સગુણ મૂર્તિ જ દેખ્યામાં જ આવે છે. તે સગુણ તે નિર્ગુણ કરે છે ને દેખ્યામાં તો સગુણપણે છે. નિર્ગુણ છે તો જ તેને જ નિર્ગુણ કરે છે. નિર્ગુણ તો એક અક્ષર છે. તો સાક્ષાત્ મૂર્તિ જ અક્ષર આ પૃથ્વીમાં બિરાજે છે. ને જીવના કલ્યાણને સારુ જીવની રીતે વર્તે છે, તો તેને જ નિર્ગુણ માને તે જ નિર્ગુણ થાય છે. તે થાશે જ. નિર્ગુણ તે પ્રમાણે છે. તે જ રીતે ભગવાનનો આશરો ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ છે. તે કનિષ્ઠ તો મૂઢપણે

જ ભગવાનનો આશરો કહેવાય. તે મૂઢને બ્રહ્મા જેવો ડોલાવે તો પણ ન જ ડોલે. તે આશરો તો જેમ માબાપ, ને નાત જાતનો આશરો છે તેવા જ ખચિત નિશ્ચય તે જ મૂઢ પ્રગટ ભગવાનમાં જોડ્યો છે. તે આશરો તો બહુ જ સરસ છે. પણ તે મારગમાં ભગવાનમાં જેમ નિષ્ઠા છે, તેમ જ વિવેક ન હોવાથી બીજે પણ તેવી જ નિષ્ઠા તે થઈ જાય છે. તો જ તે કનિષ્ઠ છે. પણ તે કલ્યાણના માર્ગમાં તેવો બીજો માર્ગ જ નથી. ને પ્રેમી તો નિષ્ઠામાં બહુ જ અધિક છે. ને પ્રેમીને એક પ્રગટ ભગવાનને વિષે જ પતિવ્રતાનો ભાવ વર્તે છે ને તે પોતાના પતિ વિના ગમે તેવો ઈંદ્ર જેવો જ રૂપાળો પુરુષને દેખે છે, તે તો જેમ સડેલ કૂતરાને દેખે છે ને વૃત્તિ પાછી વળે, તેમ જ પોતાનો પતિ તે કંગાળ હોય કે વૃદ્ધ હોય, અપંગ હોય કે નપુંસક હોય, ને બીજો પુરુષ ગમે તેવો રૂપાળો હોય તો પણ તે તો પોતાના પતિને ઈશ્વરની પેઠે જ સેવે છે. ને તે પોતાના પતિની આજ્ઞામાં ખબડદાર વર્તે છે. તે આજ્ઞામાં ખોટ ન આવવા દે. તે પતિવ્રતા તો ગોપીયું જ હતી. તો જ તેને તુલ્ય કોઈ ભક્ત જ ન કહેવાય. તે ગોપીયુંના દેહે ભગવાનના વિયોગે પ્રાણનો પણ ત્યાગ કરી દીધો. ને દેહનો ત્યાગ કરીને દર્શને ગઈ તે ગોપીયુંના પ્રેમને તુલ્ય કોણ કે'વામાં આવે ! તે તો તે જ છે. ને તે પતિવ્રતાનો ભગવાનમાં ભાવ તે તો બહુ જ ભારે છે. તે હેત જ પ્રગટ પુરુષોત્તમ સાક્ષાત્ હેત પરમાત્મામાં તો અચળ રહે છે. તો જ તે અચળ છે. તે જ સત્ય વસ્તુથી જ સત્યતા ગણાય છે. તે સત્ય વસ્તુ તો એક સ્વામિનારાયણ ગણાય છે. તો જ તે પતિવ્રતાને ભગવાન આધિન થઈ જાય છે. ને તેને તે જ ભજે છે. એવો જ ભાવ તે ભાવ તે પ્રભુનો તેમાં છે. ને જે સમજીને પ્રગટ પ્રભુમાં જેવા જેવા ભગવાનના આકાર છે તેને યથાર્થ જાણે છે, તે અક્ષરમાં આવે રૂપે સ્વામિનારાયણ છે, સાક્ષાત્ દિવ્ય મૂર્તિ પુરુષોત્તમ છે, તેને જ આંહી બેઠા દેખે છે ને જાણે તે પ્રકૃતિ પુરુષથી પર ને સર્વથી પૃથક્ છે. તે વ્યતિરેક છે ને સદા સર્વદા સદા સર્વ વસ્તુમાં વસ્તુરૂપે એક

કહેવા. તે અન્વય સ્વરૂપ છે. તે જ પરમાત્માનું સ્વરૂપ તે અન્વય છે. શાસ્ત્રમાં કહ્યું છે જે, પરમાત્માના આજ ભરતખંડમાં અવતાર થાય છે. તે મચ્છ, કચ્છ, વારાહાદિક સર્વ અવતાર થાય છે. તેને જે મળે છે, તેને જ મોક્ષ છે. તે કાર્ય અવતાર કહેવાય છે. તે જે કાર્ય જીવ કરે છે. તે જીવથી ન જ થઈ શકે. તે કાર્ય તે જ કરે. તે અવતાર છે તે માણસમાંથી માણસ જ થાય છે. ને માણસની ક્રિયા તે માણસે પણ ન જ થઈ શકે. તો માણસમાં અવતાર લઈને માણસની પેઠે વર્તે ને તે જ કાર્ય કરી દેખાડે તે સર્વે અવતાર થાય છે.  તે જ આ પૃથ્વીને  વિષે અવતાર થાવાની રીત છે. તે સર્વેને અતિ આશ્ચર્ય લાગે છે. તેથી તે પાછળ અવતાર પ્રમાણે છે. ને તે અવતારને જે મળે તે હયાતિમાં જ સુખ પામે છે. તેના જ ગુણ ગાઈ ધામે પધારે છે. ને પરમાત્માના અવતાર તો અસંખ્ય થાય છે, ને થઈ ગયા છે, ને આગળ થાશે. તે પરમાત્માની અતિ અદ્‌ભૂત જ કળા છે ! તે જીવનકાળે તો તે જ પરમાત્મા સાક્ષાત્ આ પૃથ્વી પર હોય ને તેના જ દાસને જીવ મળે તેને જ તે પ્રગટ પરમાત્મા મળે છે. ને તેના જ સંકટ તે ટળે છે. ને જે જગતની ઉત્પત્તિકાળે ભગવાન અક્ષરરૂપે વર્તે છે. ને પુરુષ ને પ્રકૃતિરૂપે વર્તે છે, ને વૈરાટ્ પુરુષરૂપે વર્તે છે, તેની પણ રીતને જાણે. બ્રહ્મા, વિષ્ણુ ને શિવરૂપે ને પ્રજાપતિ રૂપે જે ભગવાન વર્તે છે, તથા જીવના કલ્યાણને વાસ્તે નારદ સનકાદિક રૂપે વર્તે છે, તેની રીતને જાણે તેણે જ સમજીને આશરો કર્યો છે. તેમાં જે અક્ષરરૂપે વર્તે, તે શું લક્ષણથી જણાય છે ? ને તે જે અક્ષર તો સર્વના આધાર છે. તે તો સદા સર્વમાં છે, પણ તે તો સદા અલૌકિક છે. તે તો પોતાને સ્વરૂપે જ રહે છે. તે એક જ રૂપે ભાસે છે. તે તો યોગકળાએ છે. તે તો તે અક્ષરરૂપે જ થાય છે. તે જ અક્ષરને સર્વત્ર જુવે છે, તો તો તે ભગવાન જ. તો તે ભગવાન જોવા સારું તે ભગવાનના દાસથી જ જોઈ શકાશે. તે સિવાય તો રસ્તો જ નથી. ને તે ઉત્પત્તિકાળ છે. તેથી જ તે અક્ષર સર્વત્ર છે. તે ઉત્પત્તિકાળે તો અક્ષર ભગવાન છે. ને સ્થિતિકાળમાં

પણ તે જ એક ભગવાન રહે છે. ને પ્રલયકાળે પણ તે જ એક ભગવાન રહે છે. તેમ જ સત્‌શાસ્ત્ર કહે છે. ને બ્રહ્મરૂપે ને બ્રહ્મની દૃષ્ટિથી તે જ બ્રહ્મરૂપે અક્ષર જ પુરુષોત્તમ જ સાક્ષાત્‌ મનાય છે. ને જે પુરુષરૂપે ભગવાન વર્તે તે પોતે જ સર્વોપરી પુરુષોત્તમ ભગવાન તે છે. તે તો ઉત્પત્તિકાળે જ માનવા. પુરુષોત્તમ તે બહુધા શાસ્ત્ર તેને જ એક સર્વ આધાર પુરુષોત્તમ કહ્યા છે. તે જ શાસ્ત્રના જ વિશ્વાસે સર્વોપરી પુરુષોત્તમ માનવા. તે સર્વોપરી એક મહાપુરુષ છે. તે મહાપુરુષનો બહુ જ મોટો પ્રતાપ છે. તે જ પ્રતાપે જ માયાનો નિયંતા તે જ છે. તે માયાને જોનારો છે, તે છતાં તે બ્રહ્મ જ છે. ને માયા તેના જ અંગમાંથી થાય છે. ને પાછી પોતાના તેજમાં તે લીન થાય છે. તે છતાં શાસ્ત્રમાં તો સર્વોપરી તે જ રૂપે છે. પણ તેવા તો અનંત ઈ, તે શુદ્ધ સત્ત્વતનુથી જ મનાશે. તેથી તે સર્વોપરી ને સર્વ આધાર ને સર્વેના નિયંતા ને તે જ સાક્ષાત્‌ એક જ પુરુષોત્તમ તે જ જોયામાં આવશે. તેનું સત્ત્વમય તનુ તેનું છે. તેથી જ તેનું પ્રમાણ છે. ને ઉત્પત્તિકાળમાં તો વાસુદેવ જો તે જ ભગવાન છે. ને તેમાં જ વાસુદેવ તે આવે છે. ત્યારે તેમાંથી જ અવતાર થાય. તો જ તેને વેદમાં સ્તુતિ કરી, તેમાં તે જ એક ભગવાન કહ્યા છે. છતાં તે તો તે માયામાં લોમ જ છે. તે છતાં તે તો બ્રહ્મ સુખે સુખિયા છે. તે તો તેનો જ બાપ સમર્થ છે. તેને જાળવે છે. તેથી જ તેને તે માયા બંધન જ કરતી નથી. ને તે તો બ્રહ્મ છે. તો તેને બ્રહ્મ દૃષ્ટિ કુટસ્થથી જ તે જ સર્વોપરી ભગવાન મનાશે. તે સગુણ બ્રહ્મમાં રહે છે. તેથી જ તે એક પરમાત્મા માનવા, ભજવા તે એક જ સ્થિતિથી જ ગ્રહણ કર્યે જ પ્રમાણ છે. પણ તે બ્રહ્મસ્વરૂપ તેને પ્રમાણે જ નહિ. તે વૈરાટ્‌ના અંગમાંથી બ્રહ્મા, શંકર ને દક્ષ પ્રજાપતિ થયા છે. તે જ તેને એક પ્રભુ સાક્ષાત્‌ માનનારા છે. તે જ આ જ જાતની પ્રકૃતિમાં રહેલા જ પ્રમાણે. આજ આ પૃથ્વીમાં તે જ પ્રભુ છે. તેથી જ શાસ્ત્રને જાણે ને ઉપાસના કરે છે. તો તો તેને જ ભગવાન મનાશે. ને બ્રહ્મા, શિવ, પ્રજાપતિ તેને જ પ્રભુ

શાસ્ત્રે રાજસ પ્રકૃતિવાળામાં તે પ્રભુ કહ્યા છે ને તેના જ ધ્યાન પણ કર્યા છે. તો જ તે મોક્ષની ઈચ્છાવાળાને ઉત્પત્તિકાળે પ્રભુનું સ્વરૂપ તે ન જ માનવું. કારણ કે તે કર્મ ફળને દેવા રૂપ જ પ્રભુ છે. તે તો જે કામ્ય કર્મને તેને સંબંધે તે પ્રભુ છે. તો જ તે પ્રભુ ભૂમાં જ છે. તેને જાણે તે જ બુદ્ધિથી નિશ્ચય છે. ને જીવના કલ્યાણને વાસ્તે નારદ સનકાદિક છે. સત્ત્વગુણ તનુજ આધાર તે અક્ષરરૂપે પુરુષોત્તમ સ્થિતિકાળે રહે છે. કાયમ છે તે જ લક્ષણે જાણવું તેના જ સંગે તે સ્વરૂપ પ્રમાણવું. સાક્ષાત્ દષ્ટિ ગોચર વાત છે તે જાણશો. શુદ્ધ સત્ત્વમય તનુજ મહાપુરુષ છે. તે જ તનુથી તે મહાપુરુષ પુરુષોત્તમ તેના જ સંગથી તે મનાશે. ને વૈરાટ્‌ની મોટપથી તે વૈરાટ્ પ્રમાણવો. તેને જ ઐશ્વર્ય પ્રકૃતિથી તે વૈરાટ્ રૂપે સાક્ષાત્ મનાશે. તેને માને તે પ્રમાણે છે. ને તેને જ માને તે જ પ્રમાણ છે. ને બ્રહ્મા તે સત્ત્વ પ્રકૃતિના પ્રમાણે પ્રમાણ છે ને શિવ તે તામસ પ્રકૃતિના પ્રમાણે પ્રમાણ છે ને બ્રહ્મા, વિષ્ણુ, શિવના દાસ તે પ્રજાપતિ મનાય છે. તે માને જ તે વાત છે. ને ગોપાળાનંદસ્વામી ને ગુણાતીતાનંદસ્વામી જેવા માને, અત્યારે સ્વામિનારાયણ પુરુષોત્તમ છે. તે જ સ્થિતિથી જ તે જ પુરુષોત્તમ સ્વામિનારાયણ છે. તે સિવાય તો સ્વામિનારાયણને માને છે પણ તે સ્વામિનારાયણ કહેવા તે જ તેનો દ્રોહ છે. તે જાતનો દ્રોહ જે ન કરે તેણે જ તે પ્રગટ પુરુષોત્તમ જે સ્વામિનારાયણની સેવા તે કરી છે. તે સેવા તો ગુણાતીત જે ગુણાતીતાનંદસ્વામી ને ગોપાળાનંદસ્વામી જેવાને જે, હાથ જોડે છે, ને તેને જ અનુસરે છે, ને તેની જ સમજણ તે ગુણાતીત સ્થિતિ જ જણાય છે. તે જ સામર્થી તેથી જ છે. તે જ સ્થિતિથી જ તે પ્રમાણ છે. ને જે ગુણાતીત જ થાય છે. તે જ નિર્ગુણ બહ્મ એક સચ્ચિદાનંદ બ્રહ્મના સ્વામી તે જ એક અદ્વિતિય સહજાનંદ તેને જ જુવે છે. દેહભાવને મૂકે તે જ બ્રહ્મ દેખે છે. ને તે જ બ્રહ્મ તે પોતાનું સ્વરૂપ છે. તેમ જ મનાય છે. તે જ તે સર્વોપરી સ્વામિનારાયણ તે જ વડે તેને જુવે તો જ તે મોક્ષ તો એક સદ્‌ગુરુ

બ્રહ્મથી જ છે. તો જ તે જીવના કલ્યાણ તે નારદ સનકાદિકથી મોક્ષ છે. કેમ જે તે જ જીવ ઉદ્ધારવા સારુ આ જ ભૂમિમાં ભમી રહ્યા છે. તો જ પ્રભુ સાક્ષાત્ માને, સ્વામિનારાયણ છે. ને તે જ સમજણથી મોક્ષ છે. તે જ જાતનો મોક્ષ તે થાય છે. તો જ એક સ્વામિનારાયણ ભાસે છે. ત્યારે જ અલૌકિક સુખ તે અહિંયા બેઠા જ લે છે. તે જ વાત તે અતર્ક છે. તે એકાંતિકથી તે મનાશે. ને એકાંતિક સ્થિતિ જ તે જ પ્રમાણશે તે જ ભજને કરીને ભગવાન પ્રગટ ભૂમાં છે. તેને દેખે છે ને માને જ અત્યારે કલ્યાણ તે સાક્ષાત્ થયું છે. એમ જ તેના જીવમાં દઢ માનીનતા તે આ જ દેહે કરીને થાશે. ને તે જ હરિજન તે અત્યારે જ હરિધામે જાય છે. ને દેહભિમાન તે તત્કાળ જ ટળી જાશે. તે આવું મહા અદ્‌ભૂત ભગવાનનાં સ્વરૂપનું જે જ્ઞાન તે નારદ સનકાદિક રૂપે જ અત્યારે જ મોક્ષને પામશે. ને માયાની જે વ્યાધિ તે તત્કાળ સમાવશે. અહો ! આજ ભવમાં ન સાંભળ્યું, ન સુણ્યું તે જ સુખ અત્યારે સંત સમાજમાં છે. તો શીદ દુર્બળ રે'વું ? ન જ દુર્બળ રે'વું. તે તો તેને તુલ્ય તેથી જ તે છે. ને તે જ સુખને આડો પ્રવાહ મોટો માયાનો છે. તે પ્રવાહમાં જે ન વહે તે અચળ સુખ લહે છે ને તે જ માયાના પ્રવાહમાં શિવ, બ્રહ્મા, નારદ ને સનકાદિક તે જો વિષયમાં દોષાધ્યાન ન જ રાખે તે તો તે પણ પ્રવાહમાં તણાય જાય છે. તે માટે સહેજે જ સ્ત્રીને પુરુષમાં હેત થાય છે. ને તે સ્ત્રીથી ઉપજી પ્રજા તેમાં સહેજે જ હેત થાય છે. ને પુરુષને સ્ત્રીમાં હેત થાય છે. તે હેત રૂપી જ માયાનો પ્રવાહ છે ને તે પ્રવાહમાં જે ન વહે, તેને જ પ્રગટ ભગવાનમાં હેત થાય છે. ને સર્વે સુખના સિંધુ, સર્વ થકી પર એવા જ પ્રગટ સગુણ તે જ નિર્ગુણ છે. તે નથી ઓળખાતા તે તો માયાનો જ પ્રવાહ તે જીવને નડે છે. ને તે જ આવરણ તે પ્રગટ ભગવાન જોવામાં વિઘ્ન; તે જ માયાનો પ્રવાહ આડ્ય કરે છે. તે પ્રવાહ તો એક પરમાત્મામાં છે જ નહિ. ને તે જ પ્રવાહ પ્રગટ ભગવાનમાંથી નાશ કરે તો જ તે પ્રવાહમાં ન વહે. નહિ તો ગમે તેવો

હોય પણ તેને વિઘ્ન છે. તે ભાગવતમાં લખ્યું છે જે, બ્રહ્મા જેવાને કુતર્ક થયું જે, ભગવાન હોય તે આમ કેમ કરે ? તો તે માયાને ન તર્યા કહેવાય. ને તે જ માયાનો પ્રવાહ પ્રબળ છે. ને પરમાત્મા પણ તે પ્રબળ સુખના હેતુ છે. તો જ તે પરમાત્માની આજ્ઞા પાળે છે. તે જ કલેશરૂપી જે માયા તે નિવારે છે. ને જેટલી આજ્ઞાને પાળે છે તેટલો તે સુખિયો થાય છે. તે ત્યાગીને જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે ત્યાગીને રે'વું, ને ગૃહસ્થને જે રીતે આજ્ઞા કરી છે તે જ રીતે તે ગૃહસ્થે રે'વું. ત્યાગીને તો અષ્ટ પ્રકારે જ સ્ત્રીનો ત્યાગ રાખવો, ત્યારે જ તેનું બ્રહ્મચર્ય પુરું કહેવાય છે. ને ગૃહસ્થને પણ બ્રહ્મચર્ય કહ્યું છે જે, પોતાની સ્ત્રીનો ત્યાગ રાખવો; ને ઋતુ સમે જ સ્ત્રીનો સંગ કરવો. તેમાંથી જેટલો જેને ફેર પડે છે તેટલો જ તેને કલેશ છે. ને જે ભગવાનથી વિમુખ છે, તેને જે કલેશ છે તે તો પોત પોતાના કર્મથી જ તેને સુખ ને દુ:ખ આવે છે. માટે પ્રગટ પુરુષોત્તમની જે આજ્ઞા તે સુખરૂપ છે તે સિવાય તો સુખ જ નથી. ને એક ભક્ત તો બુદ્ધિવાળો બહુ છે પણ તે પોતાના કલ્યાણનો ઉપાય તે ન જ કરે. ને એકમાં બુદ્ધિ તો થોડી જ છે; છતાં તે કલ્યાણને માર્ગે ચાલે છે. તે ઝાઝી બુદ્ધિવાળો મોક્ષને માર્ગે નથી ચાલતો, ને થોડી બુદ્ધિવાળો તે મોક્ષને માર્ગે ચાલે છે. મોક્ષને માર્ગે ઝાઝી બુદ્ધિવાળો નથી ચાલતો તો તેની બુદ્ધિ દૂષિત છે. ને તે તો કોઈ કાળે મોક્ષને માર્ગે ન જ ચાલે; પણ તેની જે વાત સાંભળે તે પણ ન ચાલે. તે તો જેમ સુંદર ભેંશનું દૂધ હોય ને તેમાં સર્પની લાળ ભળે ને તેને જે પીએ તેના પ્રાણ જાય છે. એવી જ દૂષિત બુદ્ધિવાળો જ્યાં જન્મ ધરે છે ત્યાં ત્યાં ભગવાન કે તેનાં દાસનો દ્રોહ જ કરે છે. મુક્તાનંદસ્વામીએ પૂછ્યું છે, છતાં કહ્યું જે, તે તો ભગવાનની સન્મુખ ન જ થાય ! ત્યારે વળી મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, એવી આસુરી બુદ્ધિ ન થાય તેનું શું કારણ છે ? ત્યારે શ્રીજી પોતે જ કહે છે જે, એક તો ક્રોધ ને બીજું માન, ત્રીજી ઈર્ષા ને ચોથું કપટ એ ચાર વાના પરમેશ્વર ને પરમેશ્વરના દાસ આગળ

રાખે તો તો તે પરમેશ્વરથી જરૂર વિમુખ થાય છે. ને જય-વિજય ભગવાનના પાર્ષદ હતા તો પણ તે ત્યાંથી પણ અસુર થયા છે. ને તે આસુરી બુદ્ધિવાળો જ્યાં જ્યાં જન્મ લ્યે ત્યાં ત્યાં ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ જ કરે છે. તે આસુરી બુદ્ધિ થવાનું કારણ માયા ને માયાનો પ્રવાહ જ છે. તે માયા ને માયાના પ્રવાહમાં જે ન ચાલે તો તેની આસુરી બુદ્ધિ ન થાય. પરમેશ્વર સન્મુખ થાવામાં તે જ અંતરાય છે. ને ત્યાગી થયા ને સારા પદાર્થ જે ભેગા કરી રાખે છે, તો તેને એકાંતિક ત્યાગવાળા પુરુષો કંગાળ ને રાંક જાણે છે. જો તે કંગાળ છે તો જ તે ત્યાગના માર્ગમાં જ રહે છે, છતાં તે ત્યાગને દૂષણ દે તેવા પદાર્થમાં હેત કરે છે; તો તો જય-વિજયની પેઠે આસુરી બુદ્ધિવાળા જ થાશે. ત્યાગી તો ત્યાગે તે ત્યાગી છે. જે પદાર્થને ન ત્યાગે, ને ત્યાગ માર્ગમાં રહે છે, તો તે પદાર્થમાં બીજા ત્યાગી અંતરાય થાય છે, ત્યારે તે જ તે બીજા ત્યાગીનો દ્રોહ કરશે; તો તેની અવશ્ય આસુરી જ બુદ્ધિ થાશે. ને ત્યાગીના માર્ગમાં છે તો પણ તે આસુરી બુદ્ધિવાળો જ થાશે ને ત્યાગીના માર્ગમાંથી પડે છે. ને જે ત્યાગી ભક્તના માર્ગમાંથી પડે તો તો તેને પૂર્વનું પાપ જ નડ્યું છે. અગર તો આ જન્મમાં ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો છે. તેથી જ આસુરી બુદ્ધિવાળો તે થયો છે. તેથી તે અસુર જ છે. તે તો ભગવાન કે ભગવાનના ભક્તને સન્મુખ ન જ થાય. તે તો તે ભક્તનો દ્રોહ જ કરે છે. ને પોતામાં કામ, ક્રોધ ને લોભ આદિ અંતરના શત્રુના દોષથી જે ત્યાગીના માર્ગથી પડે છે, તે યોગભ્રષ્ટ થાય છે; તે તો અંતે જતા તો મોક્ષને પામશે. પણ પોતામાં જ દોષ છે, તે દોષનું મોટા સાધુ ખંડન કરે છે તેથી જ તે મોટાનો અવગુણ લે છે, તો તો તે જરૂર અસુર થાય છે. તે અસુર તો કોઈ દા'ડે ભગવાનની સન્મુખ ન જ થાય; પણ તેની વાત સાંભળે, તે પણ આસુરી બુદ્ધિવાળો થાય છે. પણ દમઘોષના દીકરા જેવા દોષ છે. ને તેના સંબંધવાળા પદાર્થ તે દોષથી ભૂંડા છે. તો તે દેહ પણ તેથી જ ભૂંડું છે. ને દેહના સંબંધી

કુસંગી જ છે. તે કુસંગીને પોતાના માને છે, તે કુસંગીમાં હેત થાશે તો તે દેહ ને દેહના સંબંધીને પોતાના ન જ માનવા. ને પોતાના માને તો તો ચોરાસીના માબાપને પણ પોતાના જ માનવા. તે માવતરનો સંબંધ ન રહ્યો, તો આ મનુષ્ય શરીરના માબાપને પોતાના ન જ માનવા. માન્યે જ કુસંગ તે સત્ય મનાશે. ને તે કુસંગનો સર્વ પ્રકારે ત્યાગ જ રાખવો તે ઘટે છે. તે વસ્તુના ત્યાગે જ ત્યાગ મનાશે. ને ત્યાગી ભક્તથી જ ત્યાગ તે આવશે. તે ત્યાગી જ જીવના સાચા સગા છે. તેની જ સાથે સ્નેહ છે. તે જ સ્વામિનારાયણની સાથે સ્નેહ છે. ને તે જ સંતના સંગથી જ વિષયનો ત્યાગ થાય છે. તો તો તે વિષયનો ત્યાગ કરાવવા સારુ જ સ્વામિનારાયણ આ જ ભૂમિ પર ભમી રહ્યા છે. ને પોતે જ ત્યાગને પાળ્યો છે. તે તો ત્યાગીઓને ઉપદેશ દેવાને સારુ જ છે. ને તે જ વિચારે વિચાર તે એકાંતિકનો ઘટે છે. તો જ તે સ્વામિનારાયણનું કામ કરે છે. તે ત્યાગ તેવા ત્યાગીથી જ છે. તો તો તેમાં સત્તા તે જ છે. તેના જ ત્યાગે ત્યાગ મનાશે. તે જ માને પ્રમાણ છે.

ઈતિશ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક સ્વામી જોગી ધર્મપ્રસાદદાસજી વિરચિતા વિનય સીતા પુસ્તક નવમું સમાપ્ત થતું હવું. ॥ ૯ ॥ **સંવત્ ૧૯૯૪ ના માગશર સુદ ૯**

શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક ૧૦

## સ્વામિનારાયણ તો સ્વામિનારાયણ

સ્વામિનારાયણ હરે...... જેના હૃદામાં ભગવાનની ભક્તિ તે ન હોય તો ગમે તેવો ગુણવાળો હોય, પણ તેના હૃદામાં જો ભક્તિ ન હોય ને તે નારદજી જેવો ગુણવાન હોય તો તે અમને ન જ ગમે. ને તે ગુણવાન તે શું ? ને તે ભક્તિ તે શું ? તેનો ઉત્તર જે, ગુણ તો ત્યાગના ને વૈરાગ્યના, નિયમના ને બ્રહ્મચર્યના, શમ, દમ, સંતોષ, આર્જવ એ આદિક ગુણ છે. તેમ છતાં તેમાં જ ભગવાનની ભક્તિ તે ન જ હોય તો તે શ્રીજીને ન ગમે. ને એક ભક્તિ જ ગમે છે. ને તે ભક્તિ તો સાક્ષાત્ શ્રીજીની જ છે. જે વખતે આ પૃથ્વી ઉપર સાક્ષાત્ દર્શન દેતા જ હોય, ને જે વખતે ગોપાળાનંદસ્વામી ને ગુણાતીતાનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી ને મુક્તાનંદસ્વામી ને પાંચસો પરમહંસ ને દાદાખાચર ને સોમલાખાચર ને જીણાભાઈ આદિક હરિજનો સહિત શ્રીજી મહારાજની સભા છે. તે સભા જેમ દિવ્ય છે ને માયા પર જ છે. ને મનુષ્ય જ આકાર દેખાય છે. ને તે જ મનુષ્ય ભગવાન ને મનુષ્ય જ ભક્ત તે કાયમ છે. ને બ્રહ્માંડનો જે પ્રલય છે તે વખતે તે જ એક ભગવાન ને તે ભક્ત તે જ તેવાને તેવા જ પ્રતાપે યુક્ત ને દિવ્ય છે. ને જે સ્વરૂપ દિવ્ય છે, તે જ મનુષ્ય સ્વરૂપ છે. તે સ્વરૂપ સર્વે કામમાં જ સત્ય ને સદાકાળ રહે છે, ને અત્યારે પણ છે. ને આત્યંતિક પ્રલય તે એક સ્વામિનારાયણ ને તેના દાસનો સદાકાળ વાસ છે. ને સદા તે જ વસ્તુ સત્યતા તે જ છે. તે જ બ્રહ્મ ને સત્તારૂપ તે જ રહે છે. તે જ જાતની ભગવાનની જે નિષ્ઠા તેનું જ નામ તે ભક્તિ છે. ને તે ભક્તિ તો બહુ જ દુર્લભ છે. તે એક કે બે જન્મના પૂન્યે

તે ભક્તિ મળતી નથી. ને તે જ પ્રભુની ભક્તિ તે છે. ને તે મનુષ્યરૂપ જ પ્રભુ સ્વામિનારાયણ ને તેના જ દાસના દાસનું જ કર્યું થાય છે. ને ડોલાવ્યા વિના કોઈથી પાંદડું હલાવ્યું હલે જ નહિ. એ જ રીતે પ્રગટ કાયમ ભૂમિમાં ભમી જ રહ્યા છે. સ્વામિનારાયણ ને તેના દાસને જ કર્તા માને તે જ ભક્ત છે. ને તે જ ભકતમાં જ શ્રીપુરુષોત્તમ ને તેનો જ ભાર હૃદામાં સ્વામિનારાયણને છે. ને તે સિવાય તો સ્વામિનારાયણ પ્રભુને કોઈનો લેશમાત્ર અંતરમાં તે જ ભક્તનો લેશમાત્ર ભાર નથી. ભાર તો એક સાકારનિષ્ઠાવાળા દાસનો દાસ જ સ્વામિનારાયણ જ છે. પોતે જ કહ્યું છે. જેને પ્રગટ પ્રભુની નિષ્ઠા છે, તેના ચરણની રજને પોતે જ સ્વામિનારાયણ જ પોતાને માથે નાખે છે; ને તે જ ભક્તને દુઃખવતા થકા જ મનમાં બીવે છે. ને એ જબર નિષ્ઠાવાળાને જ દર્શને કરીને જ અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે. આવી નિષ્ઠારૂપી જે ભક્તિ તે બહુ સરસ છે. ને તે ભક્તિને તુલ્ય એકપણ સાધન થાતું નથી. ને ભક્તિ તે ભક્તના દર્શનમાં જ સમાયેલ છે. તેથી તેના દર્શને અનંત પતિતનો મોક્ષ છે. આવો જ અદ્‌ભૂત મહા જબર પ્રબળ પ્રતાપ પ્રગટ માને, તેના દર્શનનો જ મહિમા છે. ને તેના દર્શનને સ્વામિનારાયણ ને સર્વે અવતાર માન મૂકી શીશ નમાવે છે. ને તે સ્વામિનારાયણના તો તે અવતારને તો દર્શન જ નથી થાતા. ને દાસના જ દર્શન તે અવતારોને સ્વપ્નમાં પણ તેના જ સાક્ષાત્ પ્રગટના ઉપાસનાના નિષ્ઠાને પામેલાના ન જ થાય. તો તો તે સ્વામિનારાયણ તો એક અવતારી જ છે. છતાં આ જ જાતની મહા અદ્‌ભૂત તે ભૌતિક દેહધારી છે. ને સાકારની નિષ્ઠા તે કઈ છે ? તે જ રીતે આ જ રીતથી સ્વામિનારાયણ તે આ પૃથ્વીમાં રહ્યાં છે ને અવતારોએ તો પોતાની સામર્થી પ્રમાણે કલ્યાણ કર્યા છે. ને સાકારનિષ્ઠાને પામેલાને દર્શને જ અનંત પતિતનો ઉદ્ધાર છે. ને તે જ સાકારનિષ્ઠા તે જેને છે તે ગમે તેવા શાસ્ત્રને સાંભળે, ને ગમે તેનો સંગ કરે, ને ગમે તેવું પોતાનું અંતઃકરણ કુતર્ક કરે; તે છતાં તે જેવા અત્યારે

આ ભૂમિમાં નાટક લીલાને કરે છે, તેવા ને તેવા જ કાયમ રહે છે. તેવી જ સાકારની નિષ્ઠાને પામેલા જ અદ્‌ભૂત લીલા ગણાય છે. ને જે નિરાકાર તેજના બિંબ જેવા ક્યારેય ન જ માને. ને જે નિરાકાર માને તે તો કોઈપણ ઐશ્વર્યને ન જ પામે. ને નાવ વિના સમુદ્રને તરવાને ઈચ્છે તે તુલ્ય તે મૂર્ખ છે. ને આવી સાકારનિષ્ઠા ને પ્રગટ પ્રતાપ કાયમ દેખનારા તો નાવમાં બેસીને સમુદ્ર તરવાને ઈચ્છે છે એવા જ ડાહ્યા છે. તે જ કલ્યાણકારી માને સાક્ષાત્ કલ્યાણ તે મનાશે. આ અદ્‌ભૂત કળા તો કલ્યાણ કરવાની સામર્થી તે સાકારના દર્શનમાં જ છે. તો જ તે ગતિને પામે. તે તો જરૂર ધૂડ્ય જેવું જે, સંસારનું સુખ તે તજે છે, ને ધૂડ્ય જેવા સંસારના સુખ ન તજે તો તો તેણે આજ સ્વામિનારાયણને નજરે જોયા જ ન હોવા જોઈએ. ને જે જોયા હોય તે કાકવિષ્ટા તુલ્ય આ જ નકામું સુખ તે પંચવિષયના ઊલટા અનાજ જેવા રહે, ને તેવા ન જ થાય તે તો આ શું કહ્યું છે, તે તેને લગારે ય ખબર ન જ હોવી જોઈએ. ને જે આવો અદ્‌ભૂત સત્સંગ માને તેને ભગવાનમાં વૃત્તિ એની મેળેજ રે'શે. નહિ તો ગમે તેવો ધર્મવાળો કે વૈરાગ્યવાળો હોય તો તેના સ્વામિનારાયણ ને ઉકરડામાં જેમાં લગારેય સાર નહિ, તેમ તે વૈરાગ્યવાન તે સ્વામિનારાયણને દીઠો જ ગમતો નથી. તે તો નપુંસક જ છે. તો તેથી મોક્ષ થાશે નહિ. ને અત્યારે સાકારની નિષ્ઠા તો આ જ સત્સંગમાં છે. તે સાકાર થયે જ સાકારનિષ્ઠા તે અહો જ દેખવામાં આવશે. જેમ બળીરાજાને વામન ભગવાને ઈંડકટાહ ફોડ્યું ને સાત પાતાળનું એક પગલું કર્યું, તે એક બળીએ જ દીઠું. તેમજ જ તેમને અંતરે આ જ સત્સંગ બ્રહ્મ જ મનાશે. ને બ્રહ્મ માને જ તે વાત મનાશે. ને તે બ્રહ્મ માને જ તે પ્રમાણે છે. તો જ તે સાકારે જ સાકાર પ્રમાણ છે. તે જ પુરુષને ગણે જ મોક્ષ માર્ગ ગણાશે. તે વાતને જ જાણે તે કર્મે પૂન્ય જ હોય, કે'તા તે કર્મે કરીને જ તે પુરુષને કશો બાધ છે જ નહિ. તે તો સદા સાકાર જ સાકાર છે. તો તેના સંબંધને જે પામે તે નિર્ગુણ છે. અને તે વાતને ન જાણે ને પોતાના સાધને

જે મોક્ષ માને તે જડ છે. તેનો જ સંગ તે જડ છે. તે કોઈ ઐશ્વર્યને ન પામે. તે વાત તો અગમ માન્યે મનાશે. અને મનાશે તો અહો ! આનંદરૂપ શું ? જે ગાંડપણમાં તે મનાશે. દુનિયાને તે જ તે ભક્તને તે જ ભક્ત ગણાશે. અહો ! ભક્તનો મહિમા તે ભક્ત જ જાણે પણ લૌકિક શું પ્રમાણે ? જેમ પક્ષી આકાશમાં જ ઉડે છે, ને ઉંચું ચડે છે પણ તેની નજર તો હેઠી જ રહે છે. તે તો દૃષ્ટાંત છે. તેમ જ જીવ તે આકાશમાં ન રહે, સત્સંગ રૂપી આકાશ છે ને તેમાં જ ઉડે છે. તે સત્સંગમાં જ નિવાસ છે. છતાં વિષય સુખની સામુ જુવે, તો જ તે જીવને આ સત્સંગ શું વસ્તુ છે એ સમજાતું નથી. પણ આજ સત્સંગને દિવ્ય વિગ્રહ નેત્રે કરી જુવે તો જ તે દિવ્ય. આજ દેવને પણ દુર્લભ મનાશે. ને ઈશ્વર ગતિથી તેને જોઈ શકતા જ નથી. ને બ્રહ્મ દૃષ્ટિથી તે સાકાર પ્રભુને દેખતો નથી, તે તો તેની જ કરૂણા ઈ જ સાક્ષાત્ પ્રભુ ભૂમાં ભૌતિક દેહે જોઈ શકાશે. તે છતાં તો તે જ છે; તો જ આજ સત્સંગ સમુદ્ર ચંદ્રને જોઈને તેમ જ આ મહાપ્રભુ જે સ્વામિનારાયણને સાકાર કાયમ માનનારા જોઈ ઉછળવા રૂપી દંડવત કરે છે. તે છેલો-છોળ્યું નાખે છે. તે જ આવું ભક્તનું મન પ્રફુલ્લિત જોઈને સમુદ્ર ઉછળે છે. તેમજ ભક્તની મોટપ માને તેની ઉપર શ્રીજી રાજી રહે છે. ને ભક્તને રાજી કરે તે ઉપર શ્રીજી રાજી થાય છે. તે રાજી થાવારૂપ છોળ્યું છે. તે શી રીતે રાજી થાય છે ? શ્રીજી તો સાકારનીનિષ્ઠા તે સારુ જ શ્રીજી આજ સત્સંગમાં સંત સત્સંગી મનાશે તો જ દેવલોક, બ્રહ્મલોક ને વૈરાટ્લોક ને પ્રધાન તે મહાપુરુષ ને વૈકુંઠલોક ને ગોલોક ને સાક્ષાત્ શ્રીજીને રે'વાનું જે અક્ષર તે જ જન્મને પામવાને ઈચ્છા ધરાવે છે. તો તે સારુ પ્રભુના ને તેના દાસના દાસ થાશે. તો જ તે વાત અહો !! અહો !! આનંદ મનાશે. લોકલોકાંતરજનોને તો તો જ તે સાકાર પ્રભુ જ સુખમય છે. પણ નિરાકાર જે માને પ્રભુના દાસને, તે કશું સુખ જ ન પામે. એમ છતાં તે જ પ્રભુ જે સ્વામી પોતે તો તેના દાસને પાછળ કહે છે વાસ, તે જ તજે તને સુખનો ત્રાસ.

તો જ જનને શ્રીજીનો મેળાપ માનવો. તે જ મેળાપ તો સાક્ષાત્ મૂર્તિ ગુણાતીતને તેથી જ શ્રીજી અક્ષરાતીત ગણાય છે. તો તે મૂળ સ્વરૂપ ગુણાતીત તે કાયમ સાકાર જ પ્રભુ જે સર્વોપરી એક સ્વામિનારાયણ ગણ્યે ગણત્રી તે ગણાશે. તો જ પુરુષોત્તમને જ સાકાર કાર્ય કરતા જ લીલા કાયમ પ્રમાણે છે. તે જ સાકારનિષ્ઠા પ્રમાણ છે. તે જ અહો ! પ્રભુ અવતાર ધરી ગયા, તે જ સ્વરૂપ જ નિરાકાર છે કારણ કે તે તો દિવ્ય સ્વરૂપે અગોચર છે. તે તો કોઈ વખત ગોચર થતાં જ નથી. તો તે દિવ્ય સ્વરૂપનું જીવને દર્શન જ નથી. એમ જ શ્રીજીએ(વ.પં.૪) માં કહ્યું છે. તે જ્યારે દર્શન દેવાને ન ઈચ્છે ત્યારે તો આવી રીતે અક્ષરધામમાં દિવ્ય સ્વરૂપે જ રહે છે. માટે મનુષ્યરૂપ શ્રીજી ને તેના દાસ દિવ્ય ને કાયમ નાટક લીલાને કરતા જ માને. પણ જે ખેલ અલૌકિક તે ખેલી રહ્યા, તે સાંભળે શું વળવાનું છે ? તે તો કાયમ પ્રભુ માને જ. કર્તા છે, તે કર્તાથી જ કર્તા સદાય મનાશે. ને વિષય સુખને તે જ નકલ પ્રમાણશે. ને સાક્ષાત્ પ્રભુનું જ સતેજ માણશે. ને તે જ જનને દર્શને પ્રભુ ભૂતળ સાકાર મનાશે. તે તે જ વેદ ન ઈતિ ન ઈતિ કહે છે. તો જ બ્રહ્મભાવ તે શું ? તેને પ્રમાણે તે તો તેના સંબંધમાં આવેલાના જ પ્રમાણે પ્રમાણ છે. અહો !! પ્રગટ સુખને કાયમ કે'તાં કે'તાં કેટલું કહેવું ? તે તો અહો ! જ કહેવું પણ બીજું શું કહેવું ? અને ગોળનો સ્વાદ તે જીભ જ જાણે પણ તે સુખને પૂંઠ શું પ્રમાણે ? એમ છતાં પૂંઠ બોલે તો લાખો મનુષ્ય તેને મૂર્ખ જ પ્રમાણે. ને આજ પૃથ્વીમાં તો લાખો મનુષ્ય છે. તે શું સ્વામિનારાયણ ને તેના દાસને જાણે છે ? નથી જાણતા.ને જો જાણે છે તો પૂંઠના જેવું જ તેના બોલમાં છે. તેથી તે નિષ્ઠાને પામેલા જ પુરુષો તેનું પ્રમાણ કરે છે. તો જ શાસ્ત્રે તે નારદને પ્રભુ જ કહ્યા છે ને દક્ષ પ્રજાપતિના દિકરા અગિયાર હજારનો મોક્ષ કર્યો છે ને સાધુ તે જ મનાય છે. તો પણ જો તેના હ્દામાં સાક્ષાત્ સાકારપણાની લીળા કાયમ વિસ્તારતા થકા પ્રગટ ભૂમાં ભમી રહ્યા તે ન જ માને તો તો તેવા ગુણવાનનું જે બોલવું તે

પૂંઠના જ જેવું જ છે. તેથી જ શ્રીજીએ કહ્યું, ને પ્રહલાદે પણ કહ્યું છે. પ્રગટની નિષ્ઠા વિનાનો સો જન્મનો બ્રાહ્મણ હોય ને સોમવલ્લીનો પીનારો હોય તે કરતા તો સાક્ષાત્કાર માનનારો પ્રગટ પ્રભુનો જ દાસ જે શ્વપચ, જે ઝાંપડો તે તો તે બ્રાહ્મણથી બહુજ અધિક છે. એમ જ પ્રહલાદનું જ વાક્ય છે. તો સાકાર પ્રભુના બળથી જ બળ પ્રમાણવું. તે જ શ્રીજીનું કહેવું છે. તો જ શ્રીજી રાજી છે. તો જ તે મનુષ્ય જ આકાર કાયમ જ છે. એમ(લો.૪) વચનામૃતમાં શ્રીજીએ કહ્યું છે જે, શ્રીકૃષ્ણ તો સદાય મનુષ્ય આકાર જ છે. તો જ તે પ્રગટ સૂર્યથી જ રાતરૂપી જે અંધારૂં નાશ પામે છે. પણ ચિત્રામણથી, આળખેલા સૂર્યથી અંધારું જવાનું કહ્યું નથી. તો તે પ્રગટ સાકાર, કાયમ અદ્‌ભૂત લીલાને કરતા તે જનોના તાપ ત્રણને હરતા તેને જ કર્તા માને ને કાયમ જ માને; તે જ સાકારનિષ્ઠા છે. તે જ આજ મુને મળ્યા છે. તે જ ભગવાન ને તેના જ દાસ ભેળો મારો વાસ છે. તો જ તેને જગતનું બંધન નાસે છે. ને તે જનને જોઈને કાળ ત્રાસે છે. અહો ! સુખના સાગર સાકાર જ સ્વામિનારાયણ ને તેના દાસને જ સાકાર માને. તે જન જગતના જીવને મળવા દુર્લભ છે પણ આજ સત્સંગમાં જ સર્વે જનોને સુલભતા મનાય છે. તો જ તે સત્સંગ તુલ્ય ચૌદ લોકની સંપત્તિ ગણાતી જ નથી. આ જ જાતનો અલૌકિક સત્સંગ છે. તો જ તે તુલ્ય બીજું કેમ મનાશે ? ને જે સંત તુલ્ય શું સમજવું ? તો જ તે સંત સૌથી જ અધિક જ થાય છે. તે વાત(પ્ર.૩ વા.૧૮૧) માં કહ્યું છે. તો જ તે સંત મોટા સાક્ષાત્ પ્રગટ પ્રભુ સ્વામિનારાયણ તે અપાર છે. તો જ તેને હ્રદામાં ધારી પ્રગટ પ્રાપ્તિને માનનારા જ સંત મોટા છે. તો તે સંતથી અવતારો ન્યૂન છે. તે સ્વામીની વાતુ(પ્ર.પ વા. ૨૨) માં કહ્યું છે. તો જ તે અવતારી સ્વામિનારાયણ જ છે. તો તે છતાં જ કાયમ સાકાર માન્યે જ તે વાત મનાશે. તો જ તે સાક્ષાત્ સ્વામિનારાયણ સેવકને સાકાર માન્યે જ અનંત પતિત જીવને ઉદ્ધારે છે. તો તે અવતારે તો ગણત્રીનાનું કલ્યાણ કર્યું છે. ને સાક્ષાત્કાર માનનારા

પ્રગટ સ્વરૂપમાં જ નિષ્ઠાવાળાના જ દર્શને જ અનંત પતિત જ ઉદ્ધરે છે; તો તો તે અવતાર તેની શું મોટપ છે ? ને અવતારના અવતારી સાક્ષાત્ માનનારા પુરુષોત્તમના જ લાડીલા અમૃત તુલ્ય જ કાયમ ભેળા રહી અમૃતરૂપી જ લીલામૃતને પાય છે. તો જ તે તુલ્ય કોણ મનાશે ? નહિ જ મનાય. બાકી બીજાની મોટપ નહિ જ મનાય. બાકી અવતાર તો પોતે જ પોતાની મોટપ કહી ગયા છે. ને સ્વામિનારાયણ તો પોતાના સાક્ષાત્કારને પામેલાની મોટપ પોતે જ ન કહી શકે તો શું બીજો કોઈ કહી શકશે ? નહિ જ કહેવાય. ને તે જે મોટપ કહે તો કેની મોટપ છે ? તો તે મોટપ ને સાક્ષાત્ સ્થિતિ તે પ્રગટ પામેલા જ જાણે. જે વરતાલમાં બે આચાર્ય ભેળા થયા ને પુરુષોત્તમપણાનો વાદ થયો ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, તમે પુરુષોત્તમ કહ્યા તે તો મહાપુરુષ છે. તો મહાપુરુષનો સ્વામિનારાયણનો આકાર છે, તો તેની શું ઉપમા આપવી ? તો તે છતાં સત્સંગિજીવનમાં તો ચાકરની જ ઉપમા આપી છે. તો સ્વામિનારાયણ પોતે જ કહે છે જે, હું તો તે પ્રગટના સાક્ષાત્તાને પામેલાની ચરણ રજ તે માથા ઉપર ચડાવું, ને તેને દુઃખવતા થકા મનમાં બીવ છું. તો તે પોતાના દાસનો પૂરો મહિમા પોતે જ પૂરો પ્રકાશ્યો નથી. તો તે પ્રગટના દાસને કોણ કહે ? માટે તે તો અપાર મહિમા ને મોટપ છે. તે તો જેમ તુવેરનું ઝાડ ને વડના ઝાડમાં ભેદ છે; તેમજ અવતારમાં ને અવતારી પુરુષોત્તમના ભક્તમાં ભેદ છે. ને જેમ જૂં વિંયાય તો લીંખ આવે ને હાથણી વિંયાય તો ભેંશ જેવડું બચ્ચું આવે તેમ જ ભેદ છે. તો પુરુષોત્તમના ભક્ત તે ભેંશ જેવડા મોટા છે. ને અવતાર તો જૂં ને ઠેકાણે છે ને વળી જેમ દિલ્લીના પાદશાહનું નામ શેરખા ને બીજાનું નામ પણ શેરખા, તે તો લબરખા ને ચબરખા તેમ જ ભેદ છે. તે મૂળ સ્વરૂપ મૂર્તિ મૂળ અક્ષરે જ કહ્યું છે. (પ્ર.૩ વા. ૧૦૮) માં કહ્યું છે. તે તો તે જ માને. વાસ્તે જ આજ પ્રગટ સર્વજનને નયનગોચર છે. તે જ કર્તા થકા અકર્તા ને સાક્ષાત્ મુને મળ્યા તેના સંબંધને જ કાયમ મનાશે. તો તે અતર્ક વાત તર્કમાં આવશે.

નહીં તો મર સાધનરૂપી ફાંફાં મારે, કાંઈ વળાવનું નથી. ને જેમ ફટાકિયો ફૂટે ને અવાજ થાય છે ને તોપનો ભડાકો બોલે છે, તેમજ સાકાર ને કાયમ માનવા તે તો તોપનો ભડાકો છે. તે તો તે જ આકાશમાં મનાશે. તે આકાશ તો મૂળ અક્ષર ગુણાતીતાનંદસ્વામી છે. તેથી જ ગુણાતીત થયા વિના તે તોપનો ભડાકો વસમો જ લાગે. તેમ જ અત્યારે સાક્ષાત્કાર એક સ્વામિનારાયણ માનવા તે તો માયાને ઉડાડવાનો ભડાકો જ છે. તે ભડાકે તો અનંત માયા સબળીને બ્રહ્મ તે ઉડાડી જ મૂકે. તો જ તે જ સાક્ષાત્ બ્રહ્મ. સત્સંગ તો એક સત્સંગ જ છે. તેને દર્શને દુષ્કિ્ત નાશે છે. તે જ સ્વામી ગુણાતીતાનંદજીની વાતોમાં કહ્યું છે જે, શાસ્ત્રમાં ભારે ભારે પ્રાયશ્ચિત બતાવ્યા છે. તે તો આવા સાધુના દર્શને ને સમાગમથી નાશ થાય છે. તો તો તે જ અવતારને કાયમ મનાશે. ને તે સ્વામિનારાયણ ને તેના સાક્ષાત્તાને પામેલાને દોષથી નિવૃત્તિ પ્રમાણવી; પણ તે વિના દોષ રાખે તે તો તેને સત્સંગમાં કલ્યાણ છે છતાં દોષ ને કલેશ જણાય છે. તો તો તેને જ સત્સંગમાં અવિનાશી પદવી મળે છે. તો તે સત્સંગ અવિનાશી જ છે. તો જ તે અવતાર પણ આ જ સ્વામિનારાણના સંતને મળવાને ચાહે છે. એવી જ અદ્ભૂત સામર્થી તે જ આજ અકળ સત્સંગમાં કળા છે. તેને જે કળે તેના જ વાસને અવતારો ઈચ્છે છે.

કાયમ સાકાર થકા સર્વેના નયનગોચર છે. તેવા ને તેવા જ સ્વામિનારાયણ ને તેના દાસ રહે છે. તેને જ સ્વામિનારાયણ કહે છે. તે સિવાય પામર ને અવતારો તે શું કરે ? એવો અધિકાર આપ્યો જ નથી. તેની જે મોટપ તે કહ્યામાં ન જ આવે તો તે જ સ્વામિનારાયણ કહાવે છે. તેથી જ તેને કોણ કહે કે, તે તો તે જ છે. તેથી તેની જ મોટપ કે'વાય તે સિવાય શું કહે ? ન જ કહે કારણ કે ફાંસલારૂપી દોરીમાં અવરાયેલા તે આવરણ પર સો પ્રભુ સાક્ષાત્ સ્વામિનારાયણ ને તેના દાસનો જે વાસ તે શું કહે ? તો તે એક સ્વામિનારાયણ જ કહે છે. એવી જ સાક્ષાત્તાને

પામેલાને ભેળો જન્મને ઈચ્છે છે. આવો સત્સંગનો મહિમા માને તેને અહો આનંદ રહે છે. બીજો તો ધામમાં મર જાય પણ પૂર્ણતા નથી. તે પૂર્ણતા તો આજ સત્સંગમાં સાક્ષાત્ સાકાર છે. તેવા જ કાયમ તેમના તે જ તેમાં જ છે. તે જ સાક્ષાત્ નેત્રને આગે જ અહો મનાય છે. તો જ તે સ્વામિનારાયણ ને તેના દાસને તે જ રીતે કાયમ માને તે જ ભક્તિ છે. તેથી તે તુલ્ય મોક્ષનું સાધન શું છે ? માટે જ સાકાર માન્યે જ માનવા તે તુલ્ય મોક્ષનું સાધન નથી. તેને તુલ્ય ધામની ગતિ તે છે. તેથી જ તે ધામ ને ધામના ધણી સાક્ષાત્ સ્વામિનારાયણ છે. સ્વામિનારાયણને સાક્ષાત્ સાકાર કાયમ માને દાસ પુરુષોત્તમ મનાશે. તો જ તેમાં જ પુરુષોત્તમ બહુ જ રાજી છે. તે રાજીપો પુરુષોત્તમનો અહોનિશ આ જ રીતે જ છે. તો જ સુખનો ત્યાગ ન કરવો. તે ભક્તનું સુખ મુખેથી નહિ જ કે'વાય. ને જે કહે તે તો સમુદ્રમાંથી બારું પાણીનું ટીપું નાખ્યા જેટલું કે'વાશે. તે પણ ક્રિશન પુરુષોત્તમ સાક્ષાત્ માને તેનો જ છે. અહો આજ સુખ સાક્ષાત્તામાં છે. તે જ સાક્ષાત્તાથી દોષ તે જોડે છાણ વળગ્યા જેવા થઈને ઘસાઈ જાશે. નહિ તો તે જ દોષ તે જીવને જરૂર પંચવિષયમાં બળાત્કારે લઈ જાશે. ને પંચવિષયના જે દોષ ટાળવા તે તો કાયમ સાક્ષાત્કાર સર્વોપરી પુરુષોત્તમ ને તેના દાસની પાસે કાયમ રે'વાશે. તે જ સાકાર સ્વામિનારાયણ છે. તે જ પુરુષોત્તમ જ સર્વોપરી કાયમ છે. ને જે કાયમ ન માને, તેની તો વાત પણ ન સાંભળવી. ને તેના જ મુખથી સ્વામિનારાયણની વાત સાંભળે તો તો દોષ જ લાગે. કર્તા જ સાક્ષાત્ એક સ્વામિનારાયણ છે. તેને જે કર્તા ન માને તે મૂર્ખનો સરદાર છે. ને તેને જે મળે તે પણ મૂર્ખનો સરદાર ગણાશે.

સંવત્ ૧૯૯૪ ના માગશર વદ-૧ના રોજ દાસના દાસ સ્વામી ધર્મપ્રસાદદાસજી જોગીસ્વામી વિરચિતા વિનય સીતા પુસ્તક દસમું સમાપ્ત થતું હવું. ॥ ૧૦ ॥

શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક ૧૧

## નિર્વિકલ્પ થવાનું કારણ તો સાચા સંત જ છે

શ્રી સ્વામિનારાયણ હરે..... મન છે તે જ જગતની વાસનાએ જ વાસિત છે. તેથી સાક્ષાત્ પુરુષોત્તમ ને તેના દાસને વારંવાર સંભારવા તે સંત હરિજનનું જીવન છે ને પ્રભુ સાક્ષાત્‌ના ચરિત્ર તે નૌકા કે'તા વહાણ છે. તે સ્વામી પુરુષોત્તમના દાસના જે જે લીલા ચરિત્ર તેમાં જ મનને ગુંચવવું. તે જે મનને ગુંચવવાનું જાળું છે, તે જાળું તો જે કાંઈપણ ન જ સમજતો હોય તે જ જનને શ્રીપુરુષોત્તમના ચરિત્ર તે સુખને આપે એવા જ છે. જેમ જાણ્યા વિના કોઈ પ્રાણી તે ઔષધ ખાય છે, તે નિરોગી થાય છે. તેમ આજ સત્સંગના ચરિત્ર ને શાસ્ત્ર જ સુખ આપે તેવા જ મહા અલૌકિક જ છે. તે જ સંત હરિજનને વારંવાર જ સંભારવા. તે જ મનને ભગવાનના ચરિત્રરૂપી ઝાળું તે જ છે. તો જ તેમાં જ સુખ છે. તો તે સુખે જ સુખ છે. તેથી તે મહાસુખને જો ઈચ્છે તેને જ તે ચરિત્ર સંભારવામાં જ લાભ છે. ને તે જ લાભ તો મોટા ઈશ્વરને પણ ન જ મળે. તે જ લાભ; તો જ મનરૂપી પીશાચ વશ થશે ને જગતની જે વાસના તે નાશ થાશે. માટે જગતની જે વાસના તેને જ ઘટાડવી. તે સારુ સાક્ષાત્‌તાને સમાજે સહિત પૂર્ણ પુરુષોત્તમ સંભારવા. તેથી જ વાસનાના મૂળ કપાય છે. તો તે પરમાત્મા પ્રીતિએ સહિત જ દાસના જ દાસના જે ચરિત્ર જ વાસના ઘટાડવાનું સાધન છે. ને જે ઝાઝું ન સમજે તેને તો આ ગામમાં સ્વામિનારાયણ સંત હરિજનની સભા થઈ ,તેમાં જે પૂર્ણ પુરુષોત્તમની જે પૂજા થઈ, તે સમાજે સહિત જ પુરુષોત્તમ સંભારવા. તે જ ચરિત્રરૂપ

જ ફૂલને વિષે મનને વાસવું પણ મનને નવરું ન રે'વા દેવું. તે એક દિવસના ચરિત્રને જો સંભારે તો તેનો જ પાર ન આવે. તો તો સત્સંગ થયા તો દશ પંદર વર્ષ થયા હોય તો તેનો તો પાર જ કેમ આવે ! તે ઉપર ભૂતના વાંસડાની વાત જાણવી. તે વાંસડે ભૂતને કાયમ મહાપ્રભુ જે સ્વામિનારાયણ તે સમાજે સહિત જ સંભારવા. તે જ કરવાનું છે. તેમાં વિરામ ન જ પામવું; તો જ ભૂતરૂપી જે મન તે જરૂર જીતવાનું ટાણું, તે જ પ્રભુ સંત સમાજે સહિત સંભારવા પણ મૂર્ખ વાણિયાની રીત ન રાખવી. કારણ કે વરસ દાડે નામાનો સરવાળો ન કરે તો તો તે મૂર્ખ જ છે. તેમજ પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને આટલી જગતની વાસના હતી; તેમ જ કાયમ વિચાર કરવો. તો જ સંત તે આવા જ છે ને સત્સંગી તે આવા જ છે, ને સર્વોપરી પુરુષોત્તમ નારાયણ તે આવા જ છે. તેમ જ વિચાર કરવો. તે તપે સહિત જ કરવો. પણ ઝાઝા ઉપવાસ કરવા તે અમે નથી કે'તા. તે તો જેના જેવા નિયમ છે તે જ રીતે સાધારણ વર્તવું. ને જે સંત સમાજે સહિત જ પુરુષોત્તમને અત્યારે જ સંભારવા. તે જે વખતે શ્રીજી સંત હયાત હતા તેવા જ સમાજે આજ કાયમ માહાત્મ્યે સહિત અહોભાગ્ય માનવું. સંત ચરિત્ર પ્રમાણવું તે બહાર દેહમાં જ તપ છે. તે જ તપે સહિત જ પણ આગળ વસ્તુ તો અપાર છે. તે અપારે પણ અપાર છે. તો જ દેહનું જ તપ છે. ને જે મનનો ત્યાગ સાચો છે. તે સાંખ્ય છે; તે તો નિયમમાં રે'વું, તે જ સાંખ્ય છે. તે નિયમ મૂકીને કહે જે, હું તો તે ભોક્તા જ નથી. તો તે શુષ્ક જ્ઞાન છે. માટે ગૃહસ્થ સત્સંગીને તો નિયમમાં રે'વું. ને સંત હરિજનને ને શ્રીજીને કાયમ સંભારવા તે સાંખ્ય છે. તે સ્વામીની વાતુમાં કહ્યું છે જે, સત્સંગીને તો વિષય ન જ કે'વાય. તેને તો આજ્ઞા જ છે. ને ધર્મ નિયમ બારું જે થાય તે સાંખ્ય ઘટતી નથી. ને આજ્ઞારૂપી સાંખ્યથી જ તે નિષ્કામી છે. તે જ જ્ઞાનની વિશાળતા છે. તે જ રીતે મનનો ત્યાગ છે. તે જ ત્યાગ સત્ય છે. તો તે ત્યાગ પુરુષોત્તમ ને

તેના દાસને માન્ય છે. તે સિવાય;

**"મન હોય ચંગા તો કાથરોટમાં ગંગા"**

તે વાત શ્રીજીએ ખોટી કહી છે. માટે સર્વોપરી પુરુષોત્તમ સ્વામિનારાયણને સાક્ષાત્ તેના જ દાસ માને જ તે મનનો ત્યાગ સત્ય છે. તે સિવાય તો મન ને દેહનો ત્યાગ ગણાતો જ નથી. તે ત્યાગ તો તેથી જ છે. તે હેતુ માટે શ્રીજી સંતની દૃષ્ટિથી જ વાત પ્રમાણ છે.

**"ત્યાગી તે સમજો સંતને"**

ને ત્યાગી તે જ સાચો જે, ગૃહ-કુટુંબનો મળની રીતે ત્યાગ રાખવો અને તે મળનો ત્યાગ કર્યા પછી તે સ્વપ્નમાંય ન સાંભરે, તેમ જ જે વસ્તુનો ત્યાગ કર્યો તેનો પાછો મનમાં ઘાટ ન થાય, તે જ સાચો ત્યાગી છે. ગૃહસ્થ સત્સંગી તો જેમ જનકે કહ્યું છે જે મિથિલા નગરી બળે તેમાં મારું કાંઈ જ બળતું નથી. તે ગૃહસ્થ વેવાર તો ભગવાનને વચને કરીને જ રાખે. તે ચિંતા તેને જ છે. તો જ તે સાંખ્ય વિચાર તે જ મહાપ્રભુના વચનમાં છે ને તે વચન વિના તો શુષ્ક જ્ઞાન છે. તેવા જ અધર્મનો તો સર્વે પ્રકારે ત્યાગ કરવો તે જ સાંખ્ય કહી છે. ને એકાદશીનો જે ઉપવાસ ન કરે, એકેય નિયમ ન પાળે. તે છતાં તે જ બોલે જે, હું તો નથી જ કરતો તે મૂર્ખ છે. તેવો જે, મૂર્ખ હોય તેને જ પ્રભુ જે સ્વામિનારાયણ ને તેના દાસ તેને વેદાંતિ કહે છે. તે સત્સંગમાં રહે ને નિયમ ન પાળે તો તે સત્સંગ બહાર જ છે એમ શિક્ષાપત્રી આદિકમાં બહુજ રીતે ઘણે ઠેકાણે કહ્યું છે ને તે શ્રીજી ને તેના દાસની જે આજ્ઞા શ્રોતાજનોને સમજાવે તે આજ્ઞા રાખે ને મન આદિક ઈંદ્રિયુંને જાણે, ને નિયમમાં રાખે ને જે તેવા જ મહાપુરુષોનો સંગ કરે તે જ આત્મા માનવો. તે જ સંત શ્રીજીના નિર્માની છે. તે જ પ્રમાણવું ને તે પ્રામાણિક છે. તે સિવાય તો જડ સાથે જડાયો જ પ્રમાણવો. તે જ આત્મા શુદ્ધ છે. તે આત્મા તો મહત્ પુરુષો જ છે તેને મળ્યે તે જ સત્ય સ્વરૂપ છે

તે બંને જે દેહ, ઈન્દ્રિયું, અંતઃકરણ, દેવતાથી પૃથક્ આત્મા છે તે સંત સંબંધ દેહમાં રહે પણ ઘટે નહિ. દેહમાં આ જ રીતના સંબંધ વિના જે વનવાસ કરે ને ત્યાગ જ રાખે તે બહારલો ત્યાગ છે; તે આ દુનિયામાં તો બહુ જ શોભે પણ અંતઃકરણમાં  વાસના જ હોય તો તો અંતકાળ સમે જેવી હૃદયગ્રંથી હોય તેવું જ સુખ તે પામે છે. જેમ ભરતજીને અંતકાળમાં મૃગનું બાળક સાંભરી આવ્યું તો તે ભરતજીને મૃગનો જ અવતાર આવ્યો. મહત્ પુરુષ જે ભરતજીના પિતાશ્રી હતા તેનો જ સંગ તે જ મહત્ પુરુષ બહાર અભ્યંતર છે. તે જ ચૈતન્યમાં જ ગ્રંથી તે જ અંતઃકરણ શુદ્ધ માનનારા જ મહત્ પુરુષ છે. ને તે જ અંતઃકરણની આરોગ્યતાથી દરદ રહિત જ છે, નહિં તો ઔષધને જમે છતાં તે રોગી છે. તે રોગના ટાળનારા તો ધનવંતરી વૈદ્ય જ છે. તે મહત્ પુરુષ જ પ્રમાણવા. તેવા જ સ્વામિનારાયણને ઘરે અસંખ્ય જ છે. તેથી આજ મોક્ષનું બારણું ઉઘાડું છે. આ રસ્તા વિના તો મોક્ષનું દ્વાર બંધ જ છે, ને શ્રીકૃષ્ણાદિક અવતારો ગયા ત્યારબાદ પાછળના તેની જ આજ્ઞા મેલીને ચાલે તેથી કશું મોક્ષ થવાનો નથી. તેમ જ સ્વામિનારાયણ ને તેની આજ્ઞા પાળનાર ગયા ત્યારે હવે શું મોક્ષ થવાનો છે ? તે તો ગોપાળાનંદસ્વામી ને ગુણાતીતાનંદસ્વામી તે જ સાક્ષાત્ શ્રીજી ને પાંચસોહ પરમહંસ સહિત જ માનીનતાને દર્શને જ મોક્ષ છે. ને પરોક્ષથી કશું વળવાનું નથી. તે તો મુખોમુખની જ વાત છે. ને જે પરોક્ષ માને તે તો માળા તથા ધર્મ શું પાળશે ? તે તો જરૂર અનર્થ જ કરશે. ને ધર્મ તો તે મહત્ પુરુષ ને સ્વામિનારાયણ ને સાક્ષાત્‌તાથી જ મળશે. આવો અદ્‌ભૂત શ્રીજીનો પ્રતાપ છે. તે પ્રતાપ મેલી સાધનથી જ સુખ ઈચ્છે તો તે કહ્યું છે જે,

**"મેલો સાધન તણો આંબળો વ્રજવાસીજી"**

ને સાધન તો તેની જ પ્રસન્નતાને સારુ જ કરવા પણ મેલવા નહિ. તે જ આ શ્રીજીનો અચળ સિદ્ધાંત છે. તે જ સિદ્ધાંત શ્રીજી કાયમ રાખી

ગયા છે. પણ તે લઈને ધામે પધાર્યા છે તેમ માનવું નહિ. તે તો સાક્ષાત્ જ પ્રમાણવું. તે જ પ્રમાણે સમજીને દેહનો ત્યાગ ને મન નિર્વાસનિક કરે ને ભગવાનના જ ઘાટ તે થાતા જ હોય ને જગતના ઘાટ ન થાતા હોય તે આપણા સત્સંગમાં મોટો કરવા યોગ્ય છે. એ જ સત્પુરુષ આ જીવના આત્મા છે. તેમાં જ હેત તે આત્મામાં સ્થિતિ છે. ને જેને જગતના ઘાટ ન જ થાય તે આજ સત્સંગમાં મોટા છે. જગતનો ઘાટ ન થાય તેવાને જ પોતાના ભૂંડા ઘાટ તે કે'વા. તે જગતના ઘાટ ન થાય એવા પણ ઘણા જ છે. તેમાંથી પણ કેવાને ઘાટ કહેવો ? જે પોતે સાંભળે ને તે પોતાના જ ઘાટને જેમ મટાડવાની ચાડ છે. એવી જ રીતે બીજાના ઘાટને ટાળવાની ચાડ હોય, તેવો બળિયો જે ભક્ત તેને જ તે ઘાટ કે'વો. તે ઘાટને સાંભળીને તેના જ ઘાટ જ્યાં સુધી ન ટળે ત્યાં સુધી ખાતાં, પીતાં, બેસતાં, સુતા એ આદિક ક્રિયામાં વાત જ કર્યા કરે તેવો બળિયો જે હરિ સાક્ષાત્નો ઉપાસક જે છે, તે જનને જ પોતાના ઘાટ કે'વા. તો આજ તો બહુધા જ છે. આખા બ્રહ્માંડના જીવને ઘાટ ટાળીને વાસના માત્રને ટાળનારા તો આજ સત્સંગમાં બહુ જ સાક્ષાત્ નજરૂં આગે દેખાય છે. તે વ્યાપકાનંદસ્વામીએ આખો ભૂમાપુરુષનો લોક જ ખાલી કર્યો તે એક જ લોક ખાલી કરીને અક્ષરમાં લઈ જાય તેવા પુરુષોત્તમના સાક્ષાત્તાને પામેલા જ લાખો પુરુષો અત્યારે છે ને કાયમ તે અગણિતના સ્વભાવને ટાળે ને જીજ્ઞાસુ જીવને અક્ષરધામ સાક્ષાત્ પમાડનારા જનો જ છે. તે જ પુરુષોત્તમ સ્વામિનારાયણના જ કાયમ આ પૃથ્વી રે'શે ત્યાં સુધી તે સાક્ષાત્ જ છે. ને એકાંતિક ધર્મથી જ જનના સ્વભાવ તે ટળે છે. તે એકાંતિક તો આજ પૃથ્વી રહે ત્યાં સુધી જ છે. તે છતાં તે એકાંતિક ધર્મ તે સર્વોપરી સ્વામિનારાયણે જ સ્થાપન કર્યો છે. તેમાં જ કળિ લગારે જ પ્રવેશ ન કરે તે સાક્ષાત્ સ્વામિનારાયણના ઉપાસક તે તો સાચું; પણ કળી દોષ જ ન જોઈ શકે એવો જ અલૌકિક સાક્ષાત્ સ્વામિનારાયણના દાસ સાથમાં જ

છે. તો તે અહો ! અમૃતપાન તે જે પીએ તે જ અમર થાશે. ને તેના જ કલિમલ કપાશે. અહો ! સ્વામિનારાયણે શું સુખ અત્યારે આપ્યું છે !! ને તેના દાસ તે સુખ ભોગવે છે ને તે દાસ ભોગ ભોગવે તે જ પરના સુખને સારુ છે. ને પોતે તો સર્વોપરી એક સ્વામિનારાયણને જ સુખે સુખિયા છે. તો જ તેને તુલ્ય મોટા અવતારોને તેના તે જ શી રીતે લેવાશે. તે તો જેમ શ્રીજી તેમ જ તે સ્વામિનારાયણના સાક્ષાત્‌તાને તુલ્ય શું છે ? તો તે સાક્ષાત્ પુરુષોત્તમ આજ પૃથ્વીએ છે. તેને જે ન દેખે તે જ અજ્ઞાન છે. તે અજ્ઞાન કાઢવાને સારું જ પોતાનું સર્વસ્વ તે આ જ સત્સંગમાં છે. તે સ્વામીએ વાતુમાં કહ્યું છે જે, આવરદા તો અઠ્ઠાવનથી વધારે નથી. તે છતાં આ દેહ રહ્યું છે તે તો આ સોરઠ દેશના સત્સંગીને સારુ પોતાનું સર્વસ્વ આજ સત્સંગીને અર્થે જ શ્રીકૃષ્ણાર્પણ કર્યું છે. તો જ શ્રીજી આજ સાક્ષાત્ પ્રગટ સત્સંગમાં જ બિરાજે છે તો તે શ્રીજીની દૃષ્ટિથી બીજું કશું જ નજરમાં જ ન આવે ને જે દેખે છે તેને જ મહા અદ્‌ભૂત શ્રી સ્વામિનારાયણ દેખાય છે. તે અહો જ આજ મોટા દોષરૂપી ઘાટોના નાશના જ કરનારા સાક્ષાત્ મહાપ્રભુ જે સ્વામિનારાયણને જ ઘરે છે. ને જે સ્વામિનારાયણના ઘરમાં દોષ જ દેખે છે તે તો મહામૂર્ખ જ છે. તે તો અદ્‌ભૂત પ્રતાપે ને સાક્ષાત્ પ્રગટ પ્રમાણ શ્રી પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણનો જ પ્રબળ પ્રતાપ છે. તે સ્થિતિથી જ આ સત્સંગ અહો જણાય છે. તે અહોથી જ ધર્મ નિયમ નજરમાં જ આવતા નથી પણ તે ધર્મ, નિયમ, બ્રહ્મચર્ય, શમ, દમ, તપ, વ્રત તેના જોવામાં ન જ આવે તે દશા તો મેરૂ ઉપર છે. તેથી જ તે નથી દેખાતો. પણ આ પૃથ્વીમાં જે મુક્ત ફરે છે તેને તો તીર્થ રટન સાચું છે ને માયિક પદાર્થનો વિષ્ટાની સમાન ત્યાગ જ કરવો તે રૂપી વૈરાગ્ય રાખવાની જરૂર છે. ને મા-બાપની સેવા તે કરવાની જરૂર છે. ને અધર્મરૂપી પાપનો ત્યાગ જ કરવો. ને કોઈ પ્રાણી માત્રની હિંસા ન જ કરવી. ને પ્રાણીહિંસા તે મોટો દોષ છે. અહિંસા જ

પરમધર્મ કહ્યો છે. ને પંચદેવની સેવા પ્રમાણી છે. તે જ દેવની સેવાથી મહાપુન્ય થાય છે. ને કામ્ય કર્મની પ્રાપ્તિ તે જ આ જીવને મળે છે. તે ફળ તે સ્વર્ગ પ્રમાણવું ને દયા તે પરમધર્મ કહ્યો છે. તે દયાથી જ આ જગતમાં જશ, કીર્તિની પ્રાપ્તિ તે જ ફળને જીવો પામે છે. આવી દશા જે આ પૃથ્વી ઉપર રહેલા મુક્તની સ્થિતિ કહી છે. ને જે સાક્ષાત્ માનનારા સ્વામિનારાયણના દાસ જ છે તે તો મેરૂની માથે રહેલ છે. ને તે પુરુષને જગત દેખવામાં નથી આવતું; આ જ સ્થિતિ છે, છતાં ધર્મ ની'મ રાખે છે. એવી જ અત્યારે સર્વોપરી સ્વામિનારાયણના દાસમાં છે. તો તો પુરુષોત્તમને શું આધારથી કે'વા ? તે તો તે જ છે. ને પૃથ્વીમાં રહેલા જ સ્વામિનારાયણના જ આશ્રિત છે તે સર્વે જિજ્ઞાસુ જીવને સાથે જ વાસ કરેલા એવા જ અલૌકિક જોવામાં આવે છે. પણ સ્વામિનારાયણને સાક્ષાત્ રીતે જ કાયમ માનનારાને તે જ પ્રભુ સ્વામિનારાયણની જ આજ્ઞામાં જ વાસ વસી રહ્યા છે. તો જ અહો ! અહો !! આવા જ મહાજબરા સામર્થીને પામેલાને દર્શને જ અનંત પતિતનો ઉદ્ધાર છે. તો તે એક જ આધાર જ ગણાય છે. તો જ આવા અદ્ભૂત સ્વામિનારાયણ તે સુખના નિધિ છે. તે છતાં તે દુ:ખી રહે છે તો તે સર્વોપરી એક સ્વામિનારાયણનો આવો મહિમા જાણ્યો જ નથી, નહિ તો દુ:ખ નજરમાં જ ન આવે. ને સુખ સત્સંગમાં જ મનાશે. દુ:ખનું આપનારું દેહ જ દુ:ખરૂપ મનાશે. ને શ્રીજી, સંત, સત્સંગી તે જ સુખના નિધિ જણાશે. અહોપણું જ રહેશે ને શાંતિ જ રહ્યા કરશે. તે શાંતિ અનંત બ્રહ્માંડને ત્રણ તાપથી રહિત કરે તેવી શાંતિ તેમાં છે. તો તો તે સુખ કહેવું જ શું ! તો મોટા મોટા હરિજનનોનો મહિમા પણ શું કહે ? સંત તે સંત જ છે. તો શું તે સંતને કહી શકે ? તે તો સ્વામિનારાયણ પણ કહે છે જે યથાર્થ ભક્તનો મહિમા તો મુથી પણ ન જ કે'વાય. શું હું જેવા ન જ કહેવાય. એ તો અલૌકિક છે તે લૌકિક ન લેખવા. આવો મહિમા જીવમાં પેસે છે ત્યારે જ વાસનારૂપી ડબી ભરાશે

ને વાસના નાશ જ થાશે. તે પ્રભુ સ્વામિનારાયણ સદા સાકાર ને તે કર્તા જ માનવા તે ઉપાસના સર્વોપરી છે. ને તે જ પ્રભુના નવ પ્રકારે જે ગુણ ગાવા તે જ ભક્તિ છે. તે સાક્ષાત્‌માં જ પ્રેમ પ્રવાહ આસક્તિ પૂર્વક હેત જ થાય છે તે જ પ્રેમલક્ષણા ભક્તિ ગણાય. તે જ સ્વામિનારાયણ સર્વ જીવ ઈશ્વરરૂપે થાય તેવા નથી. તે તો સદાય અક્ષરધામમાં જ રહે. તો નિર્ગુણ-સગુણને પણ કોઈ ન કહી શકે. તો તે અક્ષરના બે ઐશ્વર્યને પણ ન જ કે'વાય. તો તો મૂળ અક્ષરને શું કહે ? તો જ સર્વોપરી સ્વામિનારાયણ છે તે જ આત્મા છે. તે તો તે આત્માને જ આધારે ગણાય છે. ને તારતમ્યતા તો પોતાની અંતરજામી શક્તિથી અક્ષરપર્યંતમાં તારતમ્યતા ગણાય છે, તે તો પાત્રને લઈને છે. તે તો જેવું પાત્ર તેવા જ તેમાં પરમાત્મા લેવાના છે. તે જ કર્મફળને આપનારા જ પરમાત્મા છે; તે જ સદા સર્વેમાં પાત્ર પ્રમાણે રહે છે, ને કર્મના ફળને આપે છે. તે જ પાત્રની રીતે જ તે પાત્રને તેમાં જ રહીને કર્મનું ફળ તે જ સાકાર રીતે જ ફળને આપે છે. તે જ તે સદા સાકાર છે. તેને જે નિરાકાર કહે છે તે તો મુદલ સમજતા જ નથી. તે પરમાત્માને જે અગોચર કહે તે એક જ દેશી જ્ઞાન છે. માટે સર્વદેશી જ સાક્ષાત્ પરમાત્મા માનવા તે સમજણ સત્ય છે. તે સમજણ અત્યારે જ સંતમાંથી છે. તે જ સંત માન્યે જ વાત પ્રમાણ છે. તે શું સંતનો જ વિશ્વાસ રાખવો તેથી તે વાત છે. તે જ પ્રગટ પુરુષોત્તમને મળે તે જ કૃતાર્થ થાય છે. તો જ નિર્વિકલ્પ સમાધિ કે'વાશે. તે સિવાય તો મર પ્રગટ પુરુષોત્તમને પામે તો પણ અપૂર્ણપણું રહે છે. ને શ્વેતદ્વિપ જેવો થાઉં તે શ્વેતદ્વિપમાં રહીને નિરન્નપણે ભજન કરવું ને બદરીકાશ્રમમાં તપ કરીને તે જેવો થાઉં, આ જ રીતનો જેને વિકલ્પ રહેતો હોય તો જ તે સવિકલ્પ સમાધિવાળો છે. જે સાક્ષાત્ મળી સ્વામિનારાયણની મૂર્તિ તેથી જ પ્રાપ્તિ છે. તે જ સંત વચનથી વિશ્વાસે તે સ્થિતિ છે. તો જ તે જ એક અદ્વિતીય સ્વામિનારાયણ છે. તેથી જ તે નક્કી છે તો તેને જ મુખ્ય રાખવા. તે જ રાખ્યે જ તે જ

સ્થિતિ છે. તે જ સંત થયે જ સ્થિતિ છે. તે સંત માન્યે સ્થિતપ્રજ્ઞ માનવો ને નિર્વિકલ્પ સમાધિ તે સંતને વિષે જ સ્થિતિ છે. તો જ દોયલા મળવા ભેદુ છે. ભગવાનના દાસ જાણ્યે જ સ્થિતિ કે'વાશે. તો જ નિર્વિકલ્પ થાવાનું કારણ તો સાચા સંત જ છે. એને ઓળખે તેને નિર્વિકલ્પ સમાધિ થાશે.

સંવત્ ૧૯૯૪ના માગશર વદ-૨ ના રોજ દાસના દાસ સ્વામી ધર્મપ્રસાદદાસજી જોગીસ્વામી વિરચિતા વિનય સીતા પુસ્તક અગિયારમું સમાપ્ત થતું હવું. ॥ ૧૧ ॥

શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક ૧૨

## સંસ્કાર માત્રનું કારણ સત્સંગ

સ્વામિનારાયણ હરે....... જો ગોપીયુંએ સત્‌સ્વરૂપ એવા જે શ્રીકૃષ્ણ ભગવાનને વિશે હેત કર્યું તો પણ નિર્ગુણ થઈ ગઈ; તો તે શ્રીકૃષ્ણ ભગવાન નિર્ગુણ છે. તે જ રીતે જ સર્વ ઈન્દ્રિયો(સ્ત્રીઓ) પોત પોતાના ધણીમાં હેત કરે છે તે છતાં તેને તો ગોપીયુંના જેવી પ્રાપ્તિ નથી જ થાતી, તેને તો ઘોરતમ નરકની જ પ્રાપ્તિ થાય છે. માટે નિર્ગુણના સંગથી જ નિર્ગુણ થવાય છે. તો જ નિર્ગુણ તો એક સ્વામિનારાયણ ને તેનો જેને સંબંધ થયો હોય તે તમામ વસ્તુ નિર્ગુણ છે. તો જ તે શ્રીજી પ્રતાપે આજ આ તમામ સંત સત્સંગી નિર્ગુણ છે. તેને નિર્ગુણ ન સમજે તે જ મહામૂઢ છે. તે જ ગીતામાં લખ્યું છે. તે સ્વામીએ પ્ર.૨ વાત ૨૯માં લખ્યું છે તે વાંચી વિચારવું; પણ મચ્છ અર્થાત્ માછલાની જડ બુદ્ધિ ન જ રાખવી. માટે જેવા સંત છે ને જેવા પુરુષોત્તમ છે ને તેના જેવા ગુણ છે તેને ન જાણે તે જ મૂઢ છે. માટે સંત સત્સંગી તે જરૂર નિર્ગુણ છે. તેને નિર્ગુણ ન જ માને તે શઠ પુરુષ છે. તેના તો ભૂલે કોઈ દિવસ દર્શન ન જ કરવા. કારણ કે, તીર્થ પવિત્ર કરે છે ને જપથી શાંતિ મળે છે ને વ્રત તપથી અંતર નિર્મળ થાય ને હોમ યજ્ઞથી ઐશ્વર્ય મળે છે. તેમ જ પુરુષોત્તમ સાક્ષાત્‌તાને પામેલાને જે ને જે પામે તે જ નિર્ગુણ ગણાશે. તે જ શિક્ષાપત્રીમાં લખ્યું છે તે સત્ત્વાદિક ગુણથી રહિત એવા જે, શ્રીકૃષ્ણ ભગવાન તેના જ સંબંધે આત્મનિવેદી ભક્ત તેની ક્રિયા માત્ર નિર્ગુણ થાય છે. તેને જે લૌકિક સમજે તે જ મહાનીચ છે. તે ધર્મે યુક્ત તથા તપે યુક્ત છે છતાં તે

અસત્‌ગતિને જ પામશે. ને સ્વામિનારાયણના સંબંધને પામે તે સત્‌સ્વરૂપ છે. તે સ્વરૂપથી સત્યતા ગણાશે. આવો જબરો સ્વામિનારાયણનો સંબંધ છોડી ભરતજીની તરીખે (જેમ) ધ્યાનરૂપી ફાંસલામાં કદી ન જ આવવું. તે પ્રગટ પ્રભુ સ્વામિનારાયણ મેલી લવિંગીયા મરચાં તે અસત્ય ઈચ્છાથી ધર્મકામ ન જ કરવું. કામ્ય કર્મમાં પ્રીતિ તેને જ શ્રીજી પરોક્ષ છે ને સાક્ષાત્ શ્રીજીથી અહો ! જ રહે છે. તો જ ધર્મરૂપી કર્મ તે એની જ મેળે કાયાની પાછળ છાયાની રીતે તે પુરુષની પાસે ધર્મ સંબંધી, તપ સંબંધી ને યજ્ઞાદિ સુખ તે જ પુરુષને ગોતે તો જ તે સ્વામિનારાયણના જ દાસમાં જ આપણો યોગ કે'તા વાસ છે તો જ ધન્ય ભાગ્ય છે. આવા જ ઘાટથી જ નિર્ગુણ પુરુષ તે ઓળખાશે. પણ જપથી, તપથી, વ્રતથી, યજ્ઞાદિકથી તે પુરુષ તેના સ્વપ્નમાં પણ ન આવે. તે તો સ્વામિનારાયણ સર્વોપરી સાક્ષાત્ નયનગોચરથી સ્થિતિ છે. ને ભરતજીને સાક્ષાત્ નેત્રને આગે ઋષભદેવ ભગવાન નો'તા, ને કામદા જે ગોપી તેના નેત્રની આગે જ શ્રીકૃષ્ણ ભગવાન હતા, તો તે કામનું ત્યાં કશું ઉપજ્યું નહિ. તેમાં સત્તા તો એક પરમાત્માની છે. તેમ જ બ્રહ્મરૂપ થવામાં સત્તા તો એક સંતની જ છે. તે સંત શ્રીજી મહારાજના સાક્ષાત્‌તાને પામેલાની છે, તે સત્સંગ અત્યારે સભર ભરપૂર છે. તો જ સ્વરૂપે તે સત્ય સ્વરૂપ પરમાત્મા સ્વામિનારાયણથી મનાશે. તે સત્યતા તેને ગણાશે. તો જો સ્વામિનારાયણ સર્વોપરી જ છે. તેને એક જ આજ જગતમાં માનવા. તેને તુલ્ય શું સાધન થશે ? તે સાધને જ અહો જ ! સ્વામિનારાયણ સાક્ષાત્ માનવા તો જ બ્રહ્મરૂપ આપણું મનાશે. ને બ્રહ્મ માન્યે જ તે સ્વામિનારાયણ સત્ય છે તે મનાશે. માટે આજ બ્રહ્માંડમાં તો એક સ્વામિનારાયણ જ સત્ય સાક્ષાત્કાર છે. તો તેનો જેને વિશ્વાસ છે એક સ્વામિનારાયણ પ્રમાણે છે, તે સ્વામિનારાયણના પુત્ર તેને જ ઠેકાણે બેઠા છે. તેથી જ સ્વામિનારાયણ કાયમ મનાશે. તે જ આ જગતમાં સ્વામિનારાયણ છે. તે જ

સ્વામિનારાયણે જ જે મૂર્તિયું પધરાવી તે જ રીતે આજ આચાર્ય મૂર્તિયું પધરાવે તેમાં તે જ સ્વામિનારાયણ સાક્ષાત્‌તા ગણાશે. તો જ તેના ઉપાસક સંત હરિજન તે અલૌકિક છે, તો તે આજ દુનિયામાં જીવ તે અલૌકિક તે જાણે છે. તેની જે ક્રિયા તે નિર્ગુણ છે. તો જ સત્ય તે સત્યના નામથી સત્‌સ્વરૂપ સર્વોપરી એક સ્વામિનારાયણ મનાશે. માટે સ્વામિનારાયણ તે તો બહુજ મોટા છે. તે મોટપ તો બ્રહ્મરૂપ થયા વિના ન જ કળાય. માટે બ્રહ્મરૂપ થાય તો જ આ સત્સંગ તે બ્રહ્મરૂપ મનાશે. તો જ સર્વે શુભગુણ આવશે. ને ધર્મામૃત, શિક્ષાપત્રી પ્રમાણે એની મેળે જ વર્તાશે. નહિ તો મર આ સત્સંગમાં મોટા ગણાય. પણ આજ્ઞા તો પાળે તો જ પળે, નહીં તો ન જ પળે. તેમજ આજ સત્સંગ બ્રહ્મરૂપ માને તો જ બ્રહ્મરૂપ થવાશે. સત્ય સર્વોપરી સ્વામિનારાયણ મનાશે ને વિષય વિકાર નાશે છે તેવા જનને મળ્યે જ બ્રહ્મરૂપ મનાશે. તેમાં સ્વતંત્ર તો સ્વામિનારાયણ સાક્ષાત્‌તા એક અદ્‌ભૂત દૃષ્ટિમાં બધા સ્થળમાં સ્વામિનારાયણ આવે છે. તે જ આનંદના સમૂહમાં ઝીલતો રે'શે. તે આનંદ જ બ્રહ્મસત્તા છે. તે સત્તા બ્રહ્મમાં છે. તે સંત બ્રહ્મરૂપ માન્યે જ સર્વોપરી એક અદ્વિતીય સાક્ષાત્ સ્વામિનારાયણ સર્વે સ્થળે જણાશે. તે સાક્ષાત્ મૂર્તિમાન તરીકે દૃષ્ટિમાં આવે છે. તો તે પુરુષોત્તમને વિષે સ્નેહ સજાતિમાન તરીખે હેત તે જે પુરુષને હોય તે સ્નેહમાં જે આડ કરે તેને તેમાં વસમું બહુજ લાગે. તે જેમ પંચામૃત ભોજન જમતા જ હોય તેમાં કોઈ કાંકરાનો ખોબો ભરીને નાખે ને વસમું લાગે, તેવું જ ભગવાન સિવાય બીજો ઘાટ થાય તો જ વસમું જ લાગે. તેમજ સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા જે સ્વામિનારાયણ વિના બીજો જો ઘાટ થાય તો તો કપાળમાં જેમ ડામ દે તેવું જ વસમું લાગે. તેવું જ વસમું ક્યારે લાગે ? તો સ્વામિનારાયણ સાક્ષાત્‌તાને પામેલો એકાંતિક મળે, તેને સેવા કરીને રાજી કરે તો જ તેવો સ્નેહ સાક્ષાત્ સ્વામિનારાયણમાં થાય છે. અગર તો કોઈ પૂર્વનો ભક્ત હોય ને તેનો જ

જનમાંતરમાં જોગ થયો હોય ને જિજ્ઞાસુ જીવને તો અજ્ઞાન જ હોય પણ તે વખતે જે મોટા ભક્તનો જે જોગ થયો તે જ પૂર્વ સંસ્કાર કે'વાય છે. તો જે સંસ્કાર થાય છે તે સત્પુરુષથી થાય છે. તે સત્પુરુષ તો સાક્ષાત્ અત્યારે જ સ્વામિનારાયણ પ્રગટ હોય ને તે પ્રગટ ભગવાનના ઉપાસક ભક્તથી જ સંસ્કાર ગણાશે. તો તે સંસ્કાર પામરને થાય છે. તો સર્વેનું કારણ આ સત્સંગ છે. તે છતાં નિર્ગુણ ન જ થાય તો તો તેની સમજણમાં ફેર છે. તે સમજણ તો સાચા સંતથી જ છે. તેના જ પ્રસંગમાં જે આવે છે ને તે મહત્‌પુરુષનો સંગ કરે છે તે પણ પ્રસંગ તરીકે જ સંગ કરવો. તે પ્રસંગ તો જેવો દેહ ને દેહના સંબંધીનો પ્રસંગ છે, તેવો જ સાક્ષાત્‌તાને પામેલા પુરુષોનો જ કરવો. તે પ્રસંગ બ્રહ્માંડ પાર છે. તે બ્રહ્માંડ શું છે ? તો પિંડ ગણાશે, તે ગણ્યે જ ગણત્રી માત્ર છે. તેમ સ્વામિનારાયણ ને મુખોમુખ મળેલાનો કહ્યો છે પણ દેહાભિમાનનો કહ્યો જ નથી. અને દેહાભિમાની તો જડ પશુવત્ છે. તો શું તેનો સંગ કરવો ? ન જ કરવો. ને સંગ તો સાચા ભગવાનના ભક્ત ભેદુનો કરવો. તે ભક્ત ભેદુથી જ અંતર ભેદાશે. તે શું ? સ્વામિનારાયણના સાક્ષાત્‌તાવાળા ભેદુ મનાશે એટલે તે ભક્તની મોટાઈ આગળ કશી મોટાઈ નજરમાં ન આવે. તો એક જ સર્વોપરી સ્વામિનારાયણના સાક્ષાત્‌તાને પામ્યા તે જણાશે. ને તેને જાણ્યે જ સત્સંગ દુર્લભ મનાશે. ત્યારે પિંડ બ્રહ્માંડ શું ગણત્રીમાં આવે ? ને જો ખરેખરો સત્સંગ જણાય તો જ; નહિ તો ભેખ લે છતાં ફાટી લંગોટીમાંથી મન જ ન છૂટે. ને જગતમાંથી જો મન છૂટે તો જેમ જોગી બોરડીના બોરમાં સલવાણો તેમજ પ્રગટ ભગવાનના ભેદુ ભક્ત વિના જગતમાં બંધાવાનું જ લખ્યું છે.

" જખમ કરી સોટે પણ નારી નેત્ર કરી બાણ ભયે જ ભોગી તે બ્રહ્મા ભવને પણ કાળા કર્યા છે"

પણ જો સાચો થઈને સત્સંગ કરે તો તેમાં ખોટ ન જ રહે. ને ખોટ

રહે છે તે સત્સંગ કરવામાં જ ખોટ છે. તે સત્સંગ તે શું ? તો મહત્ પુરુષનો જ પ્રસંગ છે. ત્યારે સોમલાખાચરે શ્રીજીને પૂછ્યું જે પ્રસંગ તો કરીએ છીએ. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું છે જે, પ્રસંગ તો કરો છો પણ અર્ધો જ અમારો કરો છો ને અર્ધો જગતનો કરો છો. તે જગત તે પંચવિષય છે તે જગતમાંથી પ્રીતિ ટળે તે આત્મા છે. તે આત્મા મટી જુદું કુટુંબ પોતાનું ન માનવું ને ખોટા સંબંધને પોતાના માને તે મૂર્ખ છે. તે આ જીવ ક્યારેક તો બ્રાહ્મણ ને બ્રાહ્મણી થકી ઉત્પન્ન થાય છે; ક્યારેક તો નીચ જાતિથી ઉત્પન્ન થાય છે. ને તે દેહમાં જીવ તો કેવી રીતે વળગ્યો છે ? તો જેમ દરજીને ત્યાં જઈને ડગલો સિવડાવ્યો ત્યારે તે એમ જ માને જે, દરજી તે મારો બાપ છે ને દરજણ તે મા છે. એમ જ માને તે મૂર્ખ કહેવાય છે. તેમ જ આ નકામો દેહ તે પોતાનું માને ને દેહને તો નવે દ્વારે નર્ક ઝરે ને વાત-પીત્ત-કફ એ ત્રણ તત્ત્વનું જ બન્યું છે ને કેવળ નર્કની જ કોથળી છે. છતાં તે દેહને પોતાનું માને તે મૂર્ખ છે ને આ દેહ તો સાવ નકામું છે. તો તે પોતાનું રૂપ માનવું નહિ ને કેવળ સ્વાર્થમય એવા જે દેહના સંબંધીને પોતાના માને તો તો અહંમમત્વના ઘાટ ન જ ટળે ને અહંમમત્વ તો જાત, વર્ણ, આશ્રમનું જે માન મૂકે ને પ્રગટ પુરુષોત્તમનું ભજન કરે તો જ અહંમમત્વ તે ટળે છે. ને જ્યાં સુધી વર્ણ આશ્રમનું માન લે ત્યાં સુધી તેમાં સાધુતા તો આવતી જ નથી. ને આ જ સાધુતા આવે ત્યારે તેને આ જ દેહ સુધુ નકામું થાશે. ને દહેના સંબંધી તે સુધા સ્વાર્થીયા જણાય છે. તો તેમાંથી મમત્વનો ફાંસલો છૂટે છે. ને તેમાંજ પુરેપુરું સાધુપણું આવે છે. ને તેવા જ સાધુને ને પુરુષોત્તમને લેશ માત્ર છેટું રહેતું જ નથી. તેવી સાધુતા તો સાક્ષાત્તા પ્રગટ પુરુષોત્તમ મોહનવર કરે તો જ જાતિ વર્ણ જાય છે. ને સાધુતા તેમાં આવે છે. તે તો શ્રીજીએ કહ્યું છે જે, એવો સાધુ તો હું જ છું તો જ તેમાં એવી સાધુતાથી મોટી પ્રાપ્તિ જ નથી કહી. તો જ આ દુનિયામાં સાધુતા ઓળખવી; પણ ઉપરની ભાત દેખીને ભમાવું જ નહિ. તો સાધુ થયે જ

હરિની સાધ છે. સાક્ષાત્ પરમાત્મા સ્વામિનારાયણની ઓળખાણ માનવી તે સિવાય તો કોઈની પણ સ્વપ્નમાં પ્રગટ પરમાત્મા ન જ આવે. કારણ કે પ્રગટ પરમાત્માનું સ્વરૂપ તો અર્તક છે. તે કોઈના તર્કમાં ન જ આવે. કારણકે પ્રગટ પુરુષોત્તમનું સ્વરૂપ તો સિદ્ધિયું પણ ન જ ધરી શકે. પ્રગટ પુરુષોત્તમ ને પ્રગટ સાક્ષાત્ શ્રીજીના સંતનો વેશ તો ધરાતો જ નથી. જેમ જે રાજા ગાદીએ હોય તેનો વેશ તરગાળો કોઈ દિ ન કાઢે. તેનું કારણ તો સાક્ષાત્ હયાતીમાં સંત તો ન જ ઓળખે. ને સાક્ષાત્ સંતને જે ઓળખે તો સંત ન જ થાય ? તે સંત થાય છે. તો જ શ્રીજી તેને સાક્ષાત્ કળાય છે. ને સાધુ ન જ થાય ને શ્રીજીને જોવાને જે ઈચ્છે છે તે તો નેત્ર સિવાય આભલામાં જોવાને ઈચ્છે તે શું જુવે ? બ્રહ્માંડ આખું જ આવરણમાં અવરાયેલ દેખે છે. તે તો જાત વર્ણને નાશ પામેલાને સાક્ષાત્‌તા સર્વોપરી પુરુષોત્તમ સ્વામિનારાયણને હયાતીના જ કહે છે. ને પરોક્ષના આશરાથી જાત વર્ણનું માન ન ટળે. તે તો શ્રીજી સાક્ષાત્‌થી ટળે છે, નહિ તો તે જ શ્રીજીના સાક્ષાત્‌તાને પામેલાના સંબંધથી જ જાતિવર્ણનું માન નાશ જ થાય છે. પણ તે વિના તો કોટિ સાધન કરે પણ દેહભાવ ન ટળે. ને તે જ પરમાત્મા સ્વામિનારાયણ સાક્ષાત્ પ્રગટની ઉપાસના વિના કદાચ જીવ બ્રહ્મરૂપ થાશે, તો પણ સકામતા નાશ થતી નથી. ને સકામતા તો સાક્ષાત્ સ્વામિનારાયણને મૂકી બ્રહ્મપુર પામવાની ઈચ્છા રહે છે તે સકામ જ ભક્ત છે. તેને પ્રગટ પુરુષોત્તમ ભેગા રહે તો પણ સખા ભાવે રહે; પણ સાક્ષાત્ અક્ષરાતીત જ મારા ભાઈબંધ તરીકે છે તેમ ન મનાય તો અક્ષર મુક્તને પણ દુર્લભ અક્ષરાતીતને પામીને પૂર્ણતા મનાય. ને અક્ષરધામને પામવાને ચાહે તે સકામતા ગણાય છે. માટે પ્રગટ સ્વામિનારાયણ પ્રસંગે પૂર્ણતા માનવી. ને તે સ્વામિનારાયણની સેવા મળતી ન હોય તો તે અક્ષરને ન ઈચ્છવું. એક કાયમ સ્વામિનારાયણ માગવા ને ઈચ્છવી સાક્ષાત્‌તા એટલે ભેળા જ રહે ને તેમાં જ સેવા ન મળે ને છેટે રહે ને આજ્ઞારૂપી

પ્રસન્નતા તે સાક્ષાત્ સ્વામિનારાયણની મળે તો સામીપ્યપણું ન ઈચ્છવું, ને સાક્ષાત્ સ્વામિનારાયણની આજ્ઞારૂપી સેવા ઈચ્છવી. ને તે સેવા સિવાય સાક્ષાત્‌તા તરીકે ભેળા જ રહે છતાં સકામતા મોટા એકાંતિક ગણે છે, તે સકામતા ત્યાગ કરવાની જરૂર છે. ને તેની સકામતા તો સાક્ષાત્ મોટા એકાંતિકના સંબંધથી પ્રાપ્ત થાય છે. તે સેવારૂપી ગમ્યતા આજ સત્સંગમાં ગાયના આંચળ મોટા જ પુરુષો છે. તો તે પુરુષોની ગમ્યતા અર્થાત્ ઓળખાણથી સાક્ષાત્ સ્વામિનારાયણની સમીપથી સેવા ગણાય છે. તે નિષ્કુળાનંદસ્વામીએ ચોસઠ પદીમાં કહ્યું છે જે,

**"સંત સેવ્યા તેણે સર્વે સેવ્યા, ને સંત પૂજ્યે પૂજ્યા સહુ,**
**સંત સેવ્યે સેવ્યા શ્રી હરિ"**

તે સંતના ગમતામાં પરમાત્માનું ગમતું છે. તે પરમાત્મા સ્વામિનારાયણ સાક્ષાત્ પામર જીવના પતિત પાવન પુરુષોત્તમ સ્વામિનારાયણ દૃષ્ટિ ગોચર સાક્ષાત્ છે તે ગમતા(ગમ્યતા) અર્થાત્ ઓળખાણ રૂપી સેવા સમાગમ લાભ લેવો. તો જ નિષ્કામતા પ્રાપ્ત થાય છે. સકામ ભક્તને પ્રગટ ભગવાન મળે છતાં ઐશ્વર્યની ઈચ્છા રહે છે. તો તે સકામ જાણી શ્રીજી તેની સેવા ગ્રહણ કરતા નથી. સાક્ષાત્ ભક્ત નિષ્કામીની સેવા ગ્રહણ કરે છે. સકામ ભક્ત તો શ્રીજીને ગમતો જ નથી. ને એકાંતિકના પ્રસંગમાં આવ્યા સિવાય નિષ્કામતા રૂપી શ્રીજીની ગમ્યતા મળે નહિ. ને શ્રીજીની ગમ્યતા મળવાનો તો આ સત્સંગમાં અથાહ પ્રતાપ છાઈ રહ્યો છે. પણ સકામતાથી પરમાત્માનો પ્રતાપ કળાતો નથી. તે પ્રતાપ તો સાક્ષાત્ શ્રીજી સંત સાક્ષાત્‌તાથી સ્થિતિએ સત્સંગમાં સ્થિતિ એ નિષ્કામતા ગુણ ઘટે છે. ભગવાનના ગુણ-ગુણતારૂપી ઐશ્વર્ય મોટા સંત મહંતમાં છે. તેની બરોબર વર્તવાનો વાદ ત્યાગ કરીને અગિયાર નિ'મ ને ધર્મામૃત, નિષ્કામ શુદ્ધિ પ્રમાણે વર્તવું. તો જ તેના જેવું થવાશે. તેમાં વર્તવારૂપી નિષ્કામતા રૂપી જ ઐશ્વર્યતા પ્રાપ્ત થાશે. છતાં તેને આધિન

વર્તે તે આધિનતા રૂપી ઐશ્વર્ય ને આધિનતા રૂપી સેવા તે ન હોય તો તે ઐશ્વર્યનો ત્યાગ કરે તે નિષ્કામતા મનાશે. તે નિષ્કામ ભક્તને આગે ગણાશે. તે અનંત જીવને ધર્મ મર્યાદામાં ચલાવે, તે છતાં શ્રીજી મોટા સંત તે આધિન વર્તે તે જ નિષ્કામ સેવા ગમ્યતા ગણાય છે. તે સેવા, નિ'મ, પંચવર્તમાનનું માન હોય તો તેનો ત્યાગ કરવો તે જ નિષ્કામતા છે. તેની સકામતા જ ભક્ત ગણાય છે. ને આજ્ઞાથી બ્રહ્માંડની ઉત્પત્તિ ને સ્થિતિ કરવી ને પ્રલય કરવો તે ભક્ત નિષ્કામતામાં ઘટતો જ નથી. તે તો સાક્ષાત્ સકામતા જ દેખવામાં આવે છે. તે જ ઐશ્વર્ય ઈશ્વર અનંત છે. તેની જ જીવ ધ્યાન ઉપાસના કરે છે છતાં નિષ્કામતારૂપી મોક્ષની પ્રાપ્તિ થાતી નથી. તે તો સાક્ષાત્ શ્રીજીના ઉપાસક સ્વામિનારાયણ આજ પૃથ્વીમાં અવતાર ધારણ કરે છે. તેના દાસ જ નિષ્કામ ગુણ ગણે ભક્તજન આ સત્સંગમાં છે. તેના સંબંધની સેવા જ નિષ્કામતા ગણાય છે. ને ઐશ્વર્યમાં રહીને મનુષ્ય સજાતિને સાક્ષાત્ સ્વામિનારાયણ પુરુષોત્તમ જ મને મળ્યા તે સિવાય કોઈ પ્રકારની ઈચ્છા ન હોય, તે જ સાક્ષાત્ કાયમ જ માનીનતા તે જ અહો નિષ્કામતા છે. શ્રીજીને ગમ્યતારૂપી જ સેવામાં નથી તે જ સેવા કરવા સારુ જ સ્વામિનારાયણનો આ પૃથ્વીમાં જન્મ છે. તે સ્વામીએ વાતુમાં કહ્યું છે. પ્ર.૨ વા.૪૧ માં જ લખ્યું છે, તે વિચારીને સ્વામિનારાયણનો આશરો કરવો. ને તે સાક્ષાત્ સ્વામિનારાયણની ગમ્યતા અર્થાત્ ઓળખાણરૂપી નિષ્કામતા ગણાય છે. ને સાક્ષાત્ ન જ મળે તો તો જરૂર સકામતા રહે છે. પ્રભુ મળે તે સારુ કર્તવ્યતા કરવામાં પ્રવૃત્તિરૂપી જ ઈચ્છા રે'શે તેને પણ મોટા એકાંતિક તો સકામ ભક્ત કહે છે. તેથી તે સકામતા ટાળવા સારુ નિષ્કામ ભક્તની સેવા સમાગમ તે કરવાની જરૂર છે. તે સ્વામીની વાતુમાં કહ્યું છે. પ્ર.૨ વા.૭ માં લખ્યું છે. આનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીનો સમાગમ કરવો ને મુક્તાનંદસ્વામીએ સ્વરૂપાનંદસ્વામીનો સમાગમ કરવો. તેમજ

સ્વામિનારાયણના સાક્ષાત્‌તાને પામેલાનો નિષ્કામભાવે સ્વામિનારાયણના નિષ્કામ દાસને સેવા ગમ્યતા રૂપી લાભ લેવો તો સાક્ષાત્ સ્વામિનારાયણનું જ સુખ મળશે. તે જ નિષ્કામ ભક્તની દૃષ્ટિથી જુવે તો સાક્ષાત્ સ્વામિનારાયણ જ્યાં જુવે ત્યાં સ્વામિનારાયણ દેખે છે. તે દૃષ્ટિથી જ નિષ્કામરૂપી ગુણ મળે છે. તે જોવામાં તો અવગુણ જણાય છે, તે દૃષ્ટિ આપણી છે. તો તે જડ દૃષ્ટિનો ત્યાગ કરીને સંતનો વિશ્વાસ રાખવો તો જ નિષ્કામ ભક્તિ મળે. તો સત્સંગ બ્રહ્મરૂપ છે ને સત્સંગમાં જ સ્વામિનારાયણ સાક્ષાત્ બિરાજે છે. તેને પામે છતાં ધામની ઈચ્છા રહે તો જરૂર સકામ મોટા એકાંતિક સાધુ કહે છે. સાક્ષાત્ પ્રભુ જે સ્વામિનારાયણ જ નિષ્કામતારૂપી ગુણને ધરી રહ્યા છે. તે સાક્ષાત્ સ્વામિનારાયણ તે તો કોઈને પણ ઐશ્વર્ય આપતા નથી. ને જે ઐશ્વર્ય આપે તે પુરુષોત્તમ નહિ ને વિષયમાં ને દેહમાં જોડે તે એકાંતિક નહિ. તે મર્મને તો પ્રહલાદે જાણ્યો. જે વિષય સુખને ઈચ્છે તે ભક્ત નહિ ને વિષયને આપે તે ભગવાન નહિ. માટે જેને ભગવદ્ ભક્ત થાવું તેને તો પ્રગટ પ્રભુ સ્વામિનારાયણ વિના કશા સુખને કે ધામને કે ઐશ્વર્યને પામ્યાની ઈચ્છા જ ન રાખવી. ને ઈચ્છા તો એક ગમ્યતાની જ રાખવી. તો તે ભક્તના કર્મ, ધર્મ, વૈરાગ્ય, આત્મનિષ્ઠા આદિક શુભ ક્રિયા તે શુભ છે. તે પણ નિષ્કામ ક્રિયામાં જ અનંત જીવનો ઉદ્ધાર થાય છે. આવા જબરા સાક્ષાત્ સ્વામિનારાયણના એકાંતિકની ક્રિયા જ અલૌકિક છે. તો તે તુલ્ય સાધન કે સુખ ક્યાંય છે જ નહિ. તે જ એકાંતિકને જે જાણે તે નિષ્કામતા છે. ને તેને જે ન જાણે નિષ્કામભક્ત, તે સગુણ બ્રહ્મની ઉપાસના કરે છે. તે ધર્મે યુક્ત હોય, તપે યુક્ત હોય, ભક્તિયે યુક્ત હોય તે છતાં તે ભક્ત સકામ જ છે. તે સકામ ભક્તની છાંયામાં ભૂલે ન જ ઊભું રે'વું. કારણકે તે ભક્તને પ્રભુ પરોક્ષની ગમ્યતા એકાંતિક સંત ગણે છે. તો જ પરોક્ષથી મોક્ષ નથી. મોક્ષ તો સાક્ષાત્ નિષ્કામ ભક્તથી જ છે. ને સકામ તો અર્થાર્થી

જ મોટા સંતો કહે છે. તે સંત અક્ષર જેવા જ છે. તો શ્રીજી ને મોટા સંતનો એક જ સિદ્ધાંત છે. એમ જ ગુણાતીતાનંદસ્વામીએ પ્ર.૨ વા.૨૪ માં કહ્યું છે. તો અલૌકિક સ્વરૂપે શ્રીજીની સાથે આજ પૃથ્વીમાં સાક્ષાત્ બિરાજે છે. ને અનંત એકાંતિકને સાથે લઈને સ્વામિનારાયણ આજ પૃથ્વીમાં છે. તેને ધામે ગયા જે માને તે જ સકામ છે. તે ભક્ત જરૂર દેહરૂપે જ છે. તેને જોઈ શકે તેમાં દૃષ્ટિ એકાંતિકની જ ઘટે છે. તે સિવાય તો ભક્ત છે પણ આંધળો જ છે. એ જ સિદ્ધાંત વાત છે.

સંવત્ ૧૯૯૪ના પોષ સુદિ-૧૧ના રોજ સ્વામી ધર્મપ્રસાદદાસજી જોગીસ્વામી વિરચિતા વિનય સીતા પુસ્તક બારમું સમાપ્ત થતું હવું. ॥ ૧૨ ॥

શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક ૧૩

## દહરવિદ્યા, અક્ષિવિદ્યા અને બ્રહ્મવિદ્યાનું સ્વરુપ અને પ્રાપ્તિના ઉપાય

સર્વકારણના પણ કારણ અને અક્ષરાતીત મહાપુરુષ છે, તે દષ્ટિ તે જ દહરવિદ્યા પ્રમાણવી. તે દહરવિદ્યાથી પરમાત્મા સ્વામિનારાયણ દેખે તે પુરુષોત્તમ શાસ્ત્રમાં કહ્યા છે. તો દહરવિદ્યા તે અક્ષર છે. તેથી પર અક્ષરાતીત કહ્યા છે, તે જોઈ લેવું. અને તે સ્વામિનારાયણનો આશરો કરવો. અને તે દહરવિદ્યા પિંડ બ્રહ્માંડમાં જાણવી અને બ્રહ્માંડ પાર પ્રમાણવી. તે ઉંચું તે ઈંડ કટાહ પર સપ્ત આવરણ તેથી પર અંધકાર છે. અને તેથી પર પ્રકાશ તે ચિદાકાશ છે. તે નીચે પણ સપ્ત પાતાળ સુધી લેવું અને તેથી પર સપ્ત આવરણ છે. અને તેથી પર અંધકાર છે તેથી પર ચિદાકાશ છે. તેથી પર અક્ષરાતીત પુરુષોત્તમ લેવા. ચારે પાસ ગઢની રીતે લોકાલોક પર્વત તેની પાર સપ્ત આવરણ છે. તેથી અંધકાર છે. તેથી પર ચિદાકાશ ગણાય છે. તે ચિદાકાશમાં સ્વામિનારાયણ છે. તે જ બ્રહ્માંડરૂપ વૈરાટ્‌માં પણ છે. પિંડમાં પણ છે. તે બ્રહ્માંડરૂપ તે વૈરાટ્ ગઢ છે. વૈરાટ્‌નાં ઈંદ્રિયુંરૂપ ઉપાધિ તે સપ્ત આવરણ છે. અને વૈરાટ્‌રૂપ ઈશ્વરના દેવતા ઈંદ્રિયુંના છે. તેને બ્રહ્માંડની ઉપાધિ કરવી તે રૂપ અંધકાર માયા છે. તેથી જ પર જીવાત્મારૂપ વૈરાટ્‌નો જીવ છે. તે પ્રકાશરૂપ ચિદાકાશ છે. તેથી પર પુરુષોત્તમ ઉપાસ્ય મૂર્તિ સ્વામિનારાયણ તે છે. પિંડ તે દેહ લોકાલોક રીતે છે. અને સપ્ત આવરણને ઠેકાણે છે. અને વિષયમાં આસક્તિરૂપ અંધકાર માયા પ્રમાણવી. અને વિષયમાંથી આસક્તિ ટળે તે રૂપે પ્રકાશ છે. અને ટાળનાર ઉપાસ્ય સ્વામિનારાયણ

સર્વોપરી મોક્ષદાતા તે જીવના સુખના સાગર છે. તો જ તે મોક્ષના આપનારા એક સ્વામિનારાયણ છે. તે પ્રકાશ પિંડ બ્રહ્માંડ ને વિશ્વમાં એક રજના કોટાનકોટિ કટકા કરે તો પણ તે સાક્ષાત્ આત્મા પરમાત્મા સ્વામિનારાયણ દેખે છે. તેજ દહરવિદ્યા છે. તે સર્વે સ્થળે સર્વોપરી પુરુષોત્તમ સ્વામિનારાયણ સાક્ષાત્ મૂર્તિ રહે છે. દષ્ટિગોચર એકરૂપ અનેક પ્રકારે સ્વામિનારાયણ કહે, તે દહરવિદ્યા તે પુરુષને છે. તે જ પુરુષ આજ પૃથ્વી ઉપર છે. અને તે પરમાત્મા સ્વામિનારાયણ તે જ પુરુષને સર્વત્ર છે. દહરવિદ્યાને મતે છે. પણ પ્રાકૃત જીવને પીછાનમાં ન આવે. કદાચ કોઈ સાધનથી સ્થિતિ કરે છે તો અક્ષિવિદ્યા ગણાય છે. તે અક્ષિવિદ્યા આપ સાધન માન્યતા ગણાય છે. નહિ જ માન્યતા, તે દહરવિદ્યા ગણાય છે. તે બ્રહ્મવિદ્યા ઉપાસ્યના બળે બળ પ્રમાણે છે. અને દહરવિદ્યા તે સર્વત્ર પ્રમાણ જ પુરુષ ગણાય છે. તેથી જ દહરવિદ્યા અગાધ અહો દષ્ટિથી જણાય છે. બ્રહ્મવિદ્યા, બ્રહ્મદષ્ટિને બળે છે. અલૌકિક સાધનથી બળ તે અક્ષિવિદ્યા છે. તે ઉલટ ઈંદ્રિયુંની વૃત્તિ અક્ષિવિદ્યાના એંધાણ લખ્યા છે. તે વિદ્યા, વિદ્યારૂપ માયા છે. તે જો પ્રકૃતિમાં માયા ન હોય તો પુરુષને પ્રકૃતિથી મહતત્ત્વ થયું છે અને તેના કાર્યમાં અન્વય વ્યતિરેકપણું પુરુષ ગણાય છે. પણ સર્વથી પર પરમાત્મા સ્વામિનારાયણ લેવાય. છતાં તે વસ્તુમાં સ્વામિનારાયણ રહે છે. તે જ દહરવિદ્યા ગણાય છે. અને સમાધિ તે અક્ષિવિદ્યા પ્રમાણવી. તેમાં પણ ચિદાકાશ તે સદા સર્વ ઠેકાણે છે પણ તે અક્ષિવિદ્યાવાળા પુરુષ જાણે છે. પણ પ્રાકૃત જીવ નથી જાણતો તેથી જ તે પણ બ્રહ્મવિદ્યા ગણાય છે. તેમ જ કાયમ પ્રકૃતિમાં જો અવકાશરૂપ અવકાશ ન હોય તો મહતત્ત્વરૂપ સંતાન ઘટતું નથી. ને મહતત્ત્વ થયું તો તેમાં ચિદાકાશ સદા છે. તેથી તે દહર વિદ્યારુપ સદા ચિદાકાશ છે તેથી જ તે બ્રહ્મવિદ્યારૂપ સદા ચિદાકાશ છે તો પણ સ્થાનના પ્રમાણે દહરવિદ્યા ગણાય છે. પણ તે પરમાત્મા સ્વામિનારાયણના બળને

ન જણાય; પણ તે બળ તો તેથી જ છે. પણ તેને ન જાણે કે આ બળ મને કોણે આપ્યું છે ? તેમ ન જાણે અને તે બળ તે દહરવિદ્યા છે. બળના આપનારાને કળે, તો જ બ્રહ્મવિદ્યા સાક્ષાત્ સ્વામિનારાયણ ગણાશે. સર્વે આધારરૂપ આકાશ તે જ દહરવિદ્યા છે. ને અક્ષિવિદ્યા તો ધર્મ, વૈરાગ્ય, આત્મનિષ્ઠારૂપ ઈન્દ્રિયું ઉલટ ગણાય છે. તો જ તે દહરવિદ્યા પ્રમાણવી. બ્રહ્મવિદ્યા તે જ અક્ષિવિદ્યા દહરવિદ્યાને બતાવે તેમાંજ સ્થિતપ્રજ્ઞ રહે છે. તે જ બ્રહ્મવિદ્યા સુગમ છે. ગુરુમાં જેને સાક્ષાત્‌રૂપ અક્ષિવિદ્યા તેને સર્વત્ર ઐશ્વર્ય દહરવિદ્યા કે'વાય છે. ઐશ્વર્ય છે છતાં તે સુખને ન ઈચ્છે તે બ્રહ્મવિદ્યા કે'વાય છે. અને ઐશ્વર્યનું સાધન તે અક્ષિવિદ્યા કહેવાય છે. અક્ષિવિદ્યા દેખે તે દહરવિદ્યાવાળો પુરુષ તે સર્વે વસ્તુને જોઈ શકશે તો જ સમ્યક્ આત્મદર્શી પુરુષ અક્ષર સ્વરૂપે વર્તે છે. તે જ દહરવિદ્યા સાક્ષાત્ સ્વામિનારાયણ સર્વે પ્રકારે, સર્વેરૂપે, સકળ ઐશ્વર્યે યુક્ત એકરૂપે અનેક પ્રકારે તે જ પુરુષને જોઈ શકાશે. પણ મૂળરૂપ સ્વામિનારાયણ સાક્ષાત્ નયનને આગે સગુણ મૂર્તિ તે સમ્યક્ ઐશ્વર્ય સમાયેલ સાક્ષાત્ રીતે મને મળ્યા જે પ્રમાણે તે જે બ્રહ્મવિદ્યા મહામુનિ કહે છે. એ જ બ્રહ્મવિદ્યા તે શ્રીજી અન્યથાકર્તુમ્‌થી જણાય છે. તે અન્યથાકર્તુમ્ તો સાક્ષાત્ એક સ્વામિનારાયણ છે. તે જ સગુણ બ્રહ્મ તે નિર્ગુણ બ્રહ્મને જે ન ઈચ્છશે તે તેને જ બતાવે છે; ને જે ઐશ્વર્યને ઈચ્છે તે આપે છતાં ઐશ્વર્ય ગ્રહણ કરે તો દહરવિદ્યા ગણાશે ઐશ્વર્યને આપે છતાં ન ઈચ્છે તે મહામુનિઓ. એ મહામુનિઓ તો જિજ્ઞાસુ જીવોને અભયદાન આપવા રૂપ પ્રાકૃત રીતે વર્તીને અન્યથાકર્તુમ્ શક્તિ સ્વામિનારાયણ નયનને આગે જિજ્ઞાસુ જીવને છે. તે જીવદશા ટાળે તેજ અન્યથાકર્તુમ્ સાક્ષાત્ સ્વામિનારાયણ છે. તેને જોયે જ અન્યથાકર્તુમ્ શક્તિ છે. આવી જ સામર્થી મનુષ્યરૂપ સ્વામિનારાયણ છે. તે જ સજાતિ જિજ્ઞાસુ જીવને ઘટે છે. આ લક્ષણે સાક્ષાત્ સ્વામિનારાયણ સત્ શાસ્ત્ર પ્રમાણે છે. તે જ મુમુક્ષુની દૃષ્ટિથી

મુમુક્ષુને લેખવો. આવો જ પ્રબળ પ્રતાપ પશુવત્ મનુષ્યને ક્યાંથી હોય ! તે તો અક્ષરમુક્તને ગહન વાત છે. તો શું કહેવું ? તે પ્રબળ પ્રતાપ જાણવાને જ સારુ અક્ષરમુક્ત આ પૃથ્વીમાં ભ્રમણ કરી રહ્યા છે. તો પણ ગહન સ્વરૂપ શ્રીજીનું છે. તેથી જ વચનામૃતમાં કહ્યું જે, જેવા ભગવાનને જાણે તેવો જ તેને કરે છે. તોય ભગવાન તો અપાર ને અપાર રહે છે. આવો જ અગાધ મહિમા જાણવા સારુ અક્ષરમુક્ત આ પૃથ્વીમાં વિચરે છે. આવી જ અલૌકિક બ્રહ્મવિદ્યાના ભોગી અક્ષરમુક્ત છે. તે વાક્ય તે શાસ્ત્રમાં કહ્યું છે જે, ગોપીયુંના માર્ગને વેદની શ્રુતિયું ખોળે છે. એવું ગુહ્ય ભગવાનનું સ્વરૂપ છે. તે મહામુનિ અમૃતરસ પાનારા છે. એ જ અન્યથાકર્તુમ્ છે. અહો ! સ્વામિનારાયણને આ જગતમાં શું ઉપમા આપવી ! ને જે લક્ષણ શાસ્ત્રમાં લખ્યા તે ઉપમા અક્ષિવિદ્યાના સજાતિ ભગવાનના લક્ષણ લખેલા છે. તો બીજું કોણ લખી શકે ? સ્વામિનારાયણનો મહિમા તો ગોપાળાનંદસ્વામી કે ગુણાતીતાનંદસ્વામી જેવા જ અક્ષર સ્વરૂપ પોતે જ અગર તો અક્ષરના મહામુક્તો કહે. પુરુષોત્તમનો મહિમા તો અપરંપાર છે. ભગવાનના અવતાર તો કોટાન કોટિ થયા છે. પણ આ જ અરસામાં સ્વામિનારાયણ તો સર્વ અવતારના અવતારી છે. ને શ્રીકૃષ્ણે કેટલો ઉપદશ કર્યો ? ત્યારે એક ઉદ્ધવે જ ઘરનો ત્યાગ કર્યો પણ આજ તો સ્વામિનારાયણના પ્રતાપે સાધુના ઉપદેશે વીશ વીશ વર્ષના સંસારનો ત્યાગ કરે છે. તો જો તેવા મહામુનિ સ્વામિનારાયણના દાસની રીતે વરતતા તો સ્વામિનારાયણે મનુષ્ય વપુ ધારણ કર્યું. પ્રાકૃત ચરિત્ર કર્યા છે. તો જો પાંચસો પરમહંસ તથા સાક્ષાત્ અક્ષર સ્વરૂપ પણ સ્વામિનારાયણના એક રોમનો મહિમા પૂરો ન કહી શકે. આ બધા સ્વામિનારાયણની સાથે રહેનારા પણ સ્વામિનારાયણને પૂરા કહી શક્યા નથી. નહિ તો ગુણાતીતાનંદસ્વામી એ પ્ર.૩ વા.૬૩ માં લખ્યું છે કે, સ્વામિનારાયણ જે પુરુષને બેહદ વાસ આપ્યો છતાં સ્વામિનારાયણ

મનુષ્યરૂપે વર્તતા તે જ મૂર્તિના ભ્રકુટિના વિલાસે અનંત બ્રહ્માંડ ભાંગે ને ઉત્પન્ન થાય છે. એમ જાણી, જાણતા છતાં મહામુનિ શ્રીજીની આજ્ઞામાં વર્તતા, તો પણ પૂરો સ્વામિનારાયણનો મહિમા કહી જ શક્યા નથી. તો હું તે શું કહું ? ન જ કહું. ને જો કહું તો જેમાં કોઈ કહે, પેલી બીજ ક્યાં છે ? તો જવાબમાં કહે કે, મોભાર પર છે. પણ મોભાર પર નથી. આકાશમાં છે. એ જ રીતે કોટિમાંના અંશને અક્ષરમુક્ત કહે પણ અક્ષરસમ પૂર્ણ પુરુષોત્તમનો મહિમા કહે છે. તો જ આવા અદ્‌ભૂત રૂપે સ્વામિનારાયણ છે. મનુષ્ય સ્વરુપે જ અલૌકિક સ્વામિનારાયણ છે તે તો તે જ રૂપને કહે છે. તે જ બ્રહ્મવિદ્યા મહામુનિ સ્વામિનારાયણ સાક્ષાત્ રીતે કહે છે. તો જ અક્ષરરૂપે થઈને પુરુષોત્તમ સ્વામિનારાયણની ઉપાસના કરનારા જ બ્રહ્મવિદ્યાના ભોગી ગણાય છે. અને પોતાને અક્ષર માન્યતામાં આવે છે. તો જ મૂળ મૂર્તિ અક્ષરથી તે જ સ્થિતિ છે. તો સાક્ષાત્ સ્વામિનારાયણ ગુણાતીત સ્થિતિ ગણાય છે. તો જ ગુણાતીતે જ ગુણાતીત મનાય છે. આવા જ સાક્ષાત્ સ્વામિનારાયણ છે. છતાં તે જ સ્વામિનારાયણને જે નિરાકાર કહે છે, તે તો કશું જ સમજતા નથી. સર્વે જીવના કર્મ ફળને આપે છે, તે બ્રહ્મસત્તા પણ બ્રહ્મ કહેવાય છે. કેમ જે અગ્નિ તે નિરાકાર કહેવાય છે, પણ તે જ અગ્નિ તે અગ્નિલોકમાં સાકાર છે. તેમ જળ નિરાકાર કહેવાય છે, પણ તેના લોકમાં વરૂણ તે મૂર્તિમાન છે. તેમ જ પુરુષોત્તમ તે અક્ષરધામમાં સદા મૂર્તિમાન છે. ને પોતાની બ્રહ્મસત્તાએ કરીને અનંત કોટિ બ્રહ્માંડના જીવોને કર્મફળના આપનારા છે. માટે બ્રહ્મસત્તા છે તે પુરુષોત્તમનો પ્રકાશ છે. જેમ સૂર્યદેવ તે મૂર્તિમાન છે; ને તડકો તે નિરાકાર કહેવાય છે. તેમ બ્રહ્મસત્તા નિરાકાર છે; છતાં જીવના કર્મફળને આપે છે. એ બ્રહ્મસત્તાને પણ શ્રીજીએ મૂર્તિમાન કહી છે. ઈંદ્રિયો, અંતઃકરણ અને અનુભવ પૂગે તેવા જ સાક્ષાત્ આ સગુણરૂપે સ્વામિનારાયણ છે. અને શાસ્ત્રે ઈંદ્રિયો પૂગે તેવા જ પરમાત્માને જ કર્મના

ફળને આપનારા કહ્યા છે. તો જ અક્ષિવિદ્યાના સાક્ષાત્ ફળના પમાડનારા પરમાત્મા બ્રહ્મસત્તા છે. તે બ્રહ્મસત્તા પણ જીવને કર્મફળ આપે છે. અને જ્ઞાન, વૈરાગ્ય, આત્મનિષ્ઠાના ફળને જે પામેલા પુરુષો દેશકાળે પણ પરાભવને ન જ પામે. તો દહરવિદ્યાવાળા પુરુષો પણ દેશકાળના આવરણમાં ન જ આવે. જ્ઞાનશક્તિ પરમાત્મા પોતે જ્ઞાનશક્તિએ વિશ્વ રચ્યું છે. તો જ તે વિશ્વથી પરમાત્મા નોખા છે. તે વિશ્વના પ્રલયથી વિશ્વરૂપ પરમાત્મા નોખા છે. તેથી જ તે પ્રલયમાં આવતા નથી અને વૈરાટ્ તે વિશ્વ કહેવાય છે. અને વિશ્વ તેમાં જ રહ્યું છે. અને વિશ્વના કર્તા તે જ તો જ અંતઃકરણના ફળને આપનારા ને અંતઃકરણનું ફળ ધર્મ, વૈરાગ્ય, આત્મનિષ્ઠાના સંબંધે સુખ બુદ્ધિ ચિત્તમાં છે. તે જ પુરુષને દેશકાળે ચિત્તમાં ઉદ્‌વેગ ન જ આવે. તેવા પુરુષનો અહોરાત્રી સમાગમ તે દહરવિદ્યાની રીતે જ્યાં જુએ ત્યાં પરમાત્મા સ્વામિનારાયણ સર્વે ઠેકાણે પરમાત્મા જ સકળ રીતે છે. તો જ અંતઃકરણના ફળને તે જ પુરુષ પામેલા છે. અને દહરવિદ્યા તે જ ગણાય છે. અને બ્રહ્મવિદ્યા તે અનુભવ. સાક્ષાત્ સાકાર સગુણ સ્વરૂપે જોવામાં આવે, તે જ બ્રહ્મવિદ્યા કહેવામાં આવે છે. તે બ્રહ્મવિદ્યા અક્ષરમુક્તોમાં જ છે. તો જો સાક્ષાત્ સાકાર સ્વરૂપે જોવા તે જ બ્રહ્મવિદ્યા અનુભવ જ્ઞાન છે. તે જ પાંચમો વેદ કહેવાય છે. એ ચાર વેદના અર્થ તો તે પાંચમા વેદથી જાણવા. તો જ બ્રહ્મવિદ્યાના ભોમિયાને તે જ પુરુષ દેખે છે. અને તે જ બ્રહ્મવિદ્યામાં સાધન માત્ર સમાયેલા છે. પણ તે કલ્યાણના સાધનનું માન નહિ હોવાથી બ્રહ્મવિદ્યા સાક્ષાત્ સગુણ સ્વરૂપ ધર્મ-ભક્તિના પુત્ર સ્વામિનારાયણ તે જ જણાય છે. તે જ બ્રહ્મવિદ્યા માનવી. તે જ બ્રહ્મવિદ્યા તે આજ સત્સંગમાં સ્વામિનારાયણ સાક્ષાત્ મોટા એકાંતિક સંતમાં રાખી ગયા છે. બ્રહ્મવિદ્યાના કારણ તે મોટા જ પુરુષ છે. તેથી જ સ્વામિનારાયણ ઈંદ્રિયું, અંતઃકરણ ને અનુભવ તે ત્રણેય પૂગેલ સાક્ષાત્‌તા માનતા. સ્વામિનારાયણ બ્રહ્મદષ્ટિથી જ જોઈ શકાશે.

તો જ બ્રહ્મરૂપ તે જ બ્રહ્મ છે. ને બ્રહ્મચર્ય તે જ બ્રહ્મનું સ્વરૂપ સનત ઋષિએ કહ્યું છે. તો જ તે સાક્ષાત્ સગુણે ગુણસાગર સ્વામિનારાયણ પરમાત્મા માનવા. તે જેમ આકાશ ચાર ભૂતમાં છે. તેમજ ચાર ભૂત તે જેમ આકાશમાં રહે છે. પણ તે આકાશ તમોગુણમાંથી ઉપજેલ જ આકાશ તેની જ લીનતા તે થાય છે. પણ સર્વાધાર તો સર્વમાં છે. એવો જ સર્વાધાર આકાશ તો સદા સર્વદા સ્વતંત્ર સાક્ષાત્પણે છે. એવો સાક્ષાત્ આકાશ તેને જ આકારે વૃત્તિ રહે છે. તે જ દહરવિદ્યા તે જિજ્ઞાસુ જનને જાણવી ને બ્રહ્મવિદ્યા ને અક્ષિવિદ્યા ને દહરવિદ્યાને જે ઓળખે છે તે પુરુષ તે બ્રહ્મવિદ્યા સાક્ષાત્ રીતે સર્વોપરી સાક્ષાત્ સ્વામિનારાયણ તે જ સ્વરૂપ અક્ષરાતીત એક સ્વામિનારાયણ સાર્વભૌમમાં મહાપુરુષાદિક તે વંદના કરે છે. છતાં તે સ્વરૂપને જોઈ શકતો નથી. તે તો મહામુક્ત જ અક્ષરધામમાં રે'નારાની કૃપાથી તે જ સ્વામિનારાયણ પુરુષોત્તમ જોવાય છે. પણ તે સિવાય સાધનથી કે ઐશ્વર્ય સત્તાથી તે સાક્ષાત્ સ્વામિનારાયણ તે પુરુષને કદી પણ દર્શન દેતા જ નથી. એવા જ અગમ તે સદ્‌ગુરુની કૃપાથી જ જોવાય છે. તે બ્રહ્મરૂપ સ્થિતિ કરે જ તે સ્વામિનારાયણ અહો આઠો પહોર આનંદરૂપી જ બ્રહ્મસ્વરૂપ તે બ્રહ્મ દિવ્ય ચક્ષુથી જોશે. તે ચક્ષુને ઠેકાણે સત્પુરુષો જ છે. તેને જ આકારે વૃત્તિ કર્યે જ સાક્ષાત્ સ્વામિનારાયણ પ્રમાણવા. તે સાક્ષાત્ આશરો મૂકી વિષય સુખને વાંછશે, તો તે વિષયનું સુખ પણ નહિ જ મળે ને વિષયસુખ કદાચ મળશે તો કશું જ વળવાનું નથી. ને વિષયનું સુખ તો ઊંટની લાદ તુલ્ય બ્રહ્મ દૃષ્ટિવાળા પુરુષો જાણે છે. ને રાખના પડીકાને સમાન વિષય પ્રપંચરૂપી વિખ સમાન ઝેર છે. તો તે ઝેરથી સદ્‌ગુરુની મોજ ત્યાગ કરે છે, પણ સાધનરૂપી પાંપળા ત્યાં કશું કરી શકતા જ નથી. તે ધર્મ, વૈરાગ્ય ને આત્મનિષ્ઠાથી મહાસુખને કોઈપણ ઉલ્લંઘી બ્રહ્મદૃષ્ટિ પોતાની મેળે તરવાને સમર્થ નથી. તે સત્તા તો એક સ્વામિનારાયણે રાખી છે. તો જ સર્વે અવતારના અવતારી એક

જ પુરુષોત્તમ સ્વામિનારાયણ છે. તો જ સ્વામિનારાયણના પ્રતાપે આજ સત્સંગ તે અહો ! અહો ! જ છે. તે સત્સંગની ઉપમા ચાર વેદ કે'વાને સમર્થ નથી. તો જ તે સત્સંગની ઉપમાને બીજો કોણ કહે છે ? નહિ જ કહે. ને સત્સંગના મહિમાને કહે તો તો ગોપાળાનંદસ્વામી કે સાક્ષાત્ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી જ કહેશે. માટે સુખના હેતુ તો મહામુનિ જ છે. તે સિવાય સ્વપ્નના સુખ જેવા ઐશ્વર્યના સુખ તો ઝાટકી નાખેલા કુશકા જેવા જ ધ્રુવજી ને નારદમુનિએ કહેલ છે. તો તે બ્રહ્મ દષ્ટિથી આજ વિષ્ટા ચુંથનારા દેહ તે સડેલ કૂતરા જેવું જણાશે, ત્યારે તે બ્રહ્મનું દર્શન તે ગણાશે. તે જ બ્રહ્મને જાણ્યે જ બ્રહ્મ છે. બ્રહ્મ માન્યે બ્રહ્મ મનાશે. તેમાં સત્તા તો સાક્ષાત્તાને પામેલા પુરુષોને જ છે તે પુરુષો જ સ્વામિનારાયણને સુખે સુખિયા છે. તે જ સુખ-દાસ બ્રહ્મપદ-દાસ પ્રમાણવી.

સંવત્ ૧૯૯૪ના દાસના દાસ સ્વામી ધર્મપ્રસાદદાસજી જોગીસ્વામી વિરચિતા વિનય સીતા પુસ્તક તેરમું સમાપ્ત થતું હવું. ॥ ૧૩ ॥

શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક ૧૪

## ચાર પ્રકારના કુસંગીને જાણવાના લક્ષણ તથા તેનો ત્યાગ કરવાના ઉપાય

સ્વામિનારાયણને સન્મુખ થવા નથી જ દેતા તે ચાર પ્રકારના કુસંગ. તે જીવને મુક્ત થવા નથી જ દેતા ને વિષયમાં જ રાખે છે. કહેતા તે માયાનું બંધન તૂટવા નથી જ દેતા. તે માયા કઈ ? તો અધર્મરૂપી જ માયા છે. તે જબ્બર જ કુસંગ તે કુડાપંથી જ છે, તેના સંગે ધર્મનો તે નાશ જ થાય છે. તે કુડાપંથી જ મહા અધર્મ ગણાય છે. તો જે તે કુડાપંથીના સંગથી ધર્મ જરા પણ રે'તો જ નથી. મા, બેન, બેટી તેની જરાપણ ગણતી જ નથી. આવો જબ્બર કુસંગ તે જ અધર્મ ગણાય છે. તે અધર્મ સત્સંગમાં ને કુસંગમાં જરા પણ છે. ને મતપંથમાં પણ ઘર કરીને રહ્યો. તે જ કુસંગને નાશ પમાડવા સારૂ સ્વામિનારાયણનું આજ પૃથ્વીમાં જ વિચરવું છે. તો જ સ્વામિનારાયણની દૃષ્ટિથી અધર્મ ડરે છે ને આજ સત્સંગમાં ખાવા-પીવા, લુગડા, કાંટારખા(પગરખા), રે'વાનું એ આદિક કોઈ વસ્તુની ખોટ જ નથી. છતાં આ આચાર્યનો ને કોઠારીનો ને ભંડારીનો ને મંડળમાં મોટેરા સાધુનો દોષ જ બતાવે છે, તે એટલે જ દોષ ઉભો નહિ જ રહે. એ તો જે સ્વામિનારાયણનું ભજન કરે છે, તો તેમાં પણ દોષ દેખાડે એવો કુસંગ જાણીને તે જ કુસંગનો ત્યાગ કરવો. તો તે સત્સંગ અચળ જમાવટ થાશે. ને પરસ્ત્રીથી ન જ ડરે તે જ બહારલો કુસંગ છે ને મતપંથ તે બેન-બેટી ને માની ભાવના ન જ રાખવી, તેને જ દેવ મંદિરમાં અડકે કેતાં તેને અડે છે તેમાં દોષ નથી કે'તા તો તે મતપંથ, અધર્મ કુડાપંથી માનવા. તે કુડાપંથી

મંદિરમાં વટલાય જ નહિ એમ જ કે છે, ને પોતે પણ તે પાપથી ડરતા જ નથી. છતાં ધર્મનું બહાનુ લેશે તે પંથ જ અધર્મ ને મહાપાપી ગણાય છે. તે ધર્મનું બહાનું બતાવી જિજ્ઞાસુ જીવને ગળામાં ફાંસી નાખે છે. ને જીવ તો મુક્ત થવા સારુ જ માથુ નમાવે છે. તેથી કાળરૂપી ફાંસી તે જીવના ગળામાં પડે છે. તેથી જ તેના ચિત્તમાં વટલવાની શંકા ટળે છે. તે ધર્મ પાળવાના જ રસ્તામાં જ ધર્મ નહિ, તો શું બીજે જીવ ધર્મ પાળશે ? નહિ જ પાળે. તે શું વટલવું ને વ્યભિચાર કરવાનું વેદ બતાવે છે ? નથી જ બતાવતા. ને જે પંથમાં ગુરુમાં અધર્મ વટાળ રહ્યો છે તે ધર્મ જ નહિ. તે તો અધર્મ જ છે. પાપીમાં તો પાપ હોય પણ ધર્મમાં પાપને જોઈ કાળ પણ મનમાં કંપે છે. આવો અધર્મરૂપી પંથ તે જીવને ફસાવનારો છે. ને જે વર્ણાશ્રમના ધર્મ નથી પાળતો તે પણ અધર્મ જ છે. ને વર્ણાશ્રમના ધર્મને લોપે છે તે પણ કુડાપંથી જ છે. ને સત્સંગમાં પણ કુડાપંથી છે, તે પોતાનું કુંડુ ન ભરાય તેથી બીજા મહા અલૌકિક સાધુતાવાળા ભગવદીમાં પણ અધર્મ બતાવતા જ હોય તો તેની તો વાત મર સુધી સારી જ કરતો જ હોય, પણ તેની વાત ન જ સાંભળવી. એમ શ્રીજી પોતે કહી ગયા. તે જ કુડાપંથી આજ સત્સંગમાં જ છે. તે પુરુષ ખાતા-પીતા જણાશે. જે વસ્તુ ખાવાની ના પાડી તે જ વસ્તુને ખાય છે ને જે વૈદના આચરણને ન જાણતા જ હોઈ તે વૈદનું ઔષધ પ્રવાહી પીનારા જ આજ સત્સંગમાં કુડાપંથી મહત્ પુરુષે માનેલા છે. તો સત્સંગમાં અથાહ કુડાપંથીને ઓળખીને તેને છેટેથી જ પાય પડવું પણ તેને પોતાના પ્રાણ ન જ આપવા. તે ઓળખાય કેમ ? તો છાશ પણ ગાળતા જ ન હોય, ને અનાજ તે જોયા જ વિના રસોઈ કરે ને ઠાકોરજીને અર્પણ કર્યા વિના લાગ આવે તો જમી લેતા જ હોય. આવી રીતના કુડાપંથી જ આ સત્સંગમાં છે. તે જ રખે જ જીવને ભોળવે, ને સોપારી, એલચીનો મુખવાસ જ કરતા હોય તે જ મહાકુડાપંથી જાણવા. આવા જ અધર્મી કુડાપંથીને ઓળખી તેથી ડરવું.

વેદાંતિ તે મહા અધમ પુરુષ છે. તે મતપંથમાં મૂર્તિની પૂજા ન જ કરતા જ હોય ને બીજાને ભગવાનનું માહાત્મ્ય બતાવતા જ હોય, ને આત્મા શું ? તેમ જ કહેતા હોય. ને ખાવાપીવાની ઈચ્છાથી આજ્ઞાના વિટાને માથે પગ દેતા જ હોય ને સારો વેદાંતિ તે જાણીને વેદની મર્યાદાનો ત્યાગ ન કરે. વેદ મર્યાદાને લોપે તેને મતે કદી પણ પરમાત્મા નથી ને આત્માનું પ્રતિપાદન કરતા જ હોય તે તો પોતાને વેદની મર્યાદા નથી જ પાળવી તેથી જ તે આત્મા પરમાત્માની વાતુ કરે છે. ને શંકર સ્વામીએ પોતાના શિષ્યને વેદ મર્યાદા બતાવી, તે શું નહિ જ સમજતા હોય ? ને આજના જ આધુનિક મર્યાદાનો ત્યાગ કરીને ચાલે તેથી જ તે અધમ પુરુષ ગણાય છે, તે જ વેદાંતિ આ દુનિયામાં પણ છે. તે દુનિયામાં તો જેને કોઈ દેવીની આસ્થા જ નહિ, તે જગતમાં વેદાંતિ અધમ પુરુષ છે. તો તેવા લક્ષણ જાણી તે વેદાંતિનો સર્વે પ્રકારે ત્યાગ કરવો. ને આ બ્રહ્મરૂપ સત્સંગમાં પણ વેદાંતિ છે. તે મહા દુષ્ટ પુરુષ છે. તે દુષ્ટ પુરુષના લક્ષણ બતાવું છું. ને આ બ્રહ્મરૂપ સત્સંગમાં ગોપાળાનંદસ્વામી ને ગુણાતીતાનંદસ્વામી ને શ્રીજી પોતે સ્વામિનારાયણ થાય, તો જ સ્વામિનારાયણના લક્ષણ પોતામાં ઘટાડીને પછે સ્વામિનારાયણ થાવું તે સ્વામિનારાયણે કેવું તપ કર્યુ છે ? ને કેવું બ્રહ્મચર્ય પાળ્યું છે ? ને તે સ્વામિનારાયણે આ સત્સંગની કેવી સેવા કરી છે ? ને કેવી રીતે સાધુનો મહિમા જાણ્યો ? દેવની પૂજા કેવી રીતે કરી છે ? તેવી જ રીતે કરવું તે યોગ્ય છે. તેવી સત્સંગની સેવા માહાત્મ્ય નથી ને મુખથી હું જ તે સ્વામિનારાયણ છું, તે આ સત્સંગમાં વેદાંતિ ગણાય. ને ગોપાળાનંદસ્વામી ને ગુણાતીતાનંદસ્વામી જેમ વરતી ગયા છે, તેમ વરતે છે. તેમ જ વરતે તો તે બોલે તે યોગ્ય છે. તે સિવાય તો પાકો વેદાંતિ કહેવાશે. તેવા અધમ પુરુષને ઓળખી ત્યાગ કરવાની જરૂર છે. શક્તિની ઉપાસના કરનારા પુરુષોનો ત્યાગ કરવો. તે શક્તિપંથી તે આજ દુનિયામાં અથાહ પુરુષ છે. ને મતપંથમાં પણ છે. દુનિયામાં

માયાની ઉપાસના કરનાર શક્તિપંથી કહેવાય છે. તે ભક્તચિંતામણિમાં કહ્યું છે. જેમાં જેને મદીરાનો આહાર કરીને, દેવી પૂજન કરીને ભગવાનને સાથે દેવસામ(દ્વેષ) કરે તે શક્તિપંથી છે. ને મતપંથમાં શક્તિપંથી છે. તે રામ ઉપાસક ને કૃષ્ણ ઉપાસક, જે દેવને સુરા માંસનું નિવેદ થાતું હોય, તે દેવનું નિવેદ જમે તે શક્તિપંથી કે'વાય છે. ને આજ સંગમાં ધર્મ-નિયમ છે. તે નિયમનો ત્યાગ કરે, તે ગૃહસ્થ ભાંગ, અફીણ, માજમ, ગાંજો, ચલમ, બીડી, તમાકુ સુંઘવી દાંતે દેવી, ચા પીવો તેવા જ પુરુષ તે આ બ્રહ્મરૂપ દાદાખાચર, પર્વતભાઈના મારગમાં રહીને પાણી પણ ગાળ્યા વિનાનું જ પીવે છે. તે જ પુરા શક્તિપંથી સત્સંગીમાં છે. ને સંત તે ગોપાળાનંદસ્વામી ને મુક્તાનંદસ્વામીના રસ્તામાં રહે છે. ને આ દેહ તે પોતાનું માને તેથી જ દેશકાળ બતાવીને દ્રવ્ય રાખે તેમાં લેશમાત્ર શંકા ન લાવે ને કોઈ શાસ્ત્રને જાણતા જ હોય તો તેને એમ કે છે જે હવે દેશકાળ એવો છે તે રાખ્યા. તે પૈસામાં જ બધા પાપ રહ્યા છે. તો જ ગોપાળાનંસ્વામીએ કહ્યું છે જ એક પૈસો રાખે તો દિવસને ઉદે એક ગાય માર્યાનું પાપ થાય છે એમ લખ્યું છે. ત્યાગી તે પોતાની પાસે રાખેલ પૈસો ખાય તે જરૂર માંસ જ ખાય છે. ને ત્યાગી થઈ ગૃહસ્થની પાસેથી પરાણે લે તે પણ માંસ ખાય છે. એ આદિક અનંત રીતે શક્તિપંથી આ સત્સંગમાં છે તે ગૃહસ્થનું રૂધિર ખાય છે. તે શક્તિપંથી બહુજ અધમ ગણાય છે કારણ કે પોતે પૈસા રાખે છે ને પોતાની પાસે પૈસા છે ને માગે તે કપટથી ખોટું બોલ્યો કેવાય. તો મનુષ્યનું માંસ ખાય છે. ને આવા જ જોગમાં રહે છે. છતાં માંસને ખાય છે, ને સ્ત્રીનો ત્યાગ કરે છે. છતાં છોકરાની સોબત કરે છે ને કરમૈથુન કરે તે બ્રહ્મવેત્તાના મારગમાં નાસ્તિક છે. ને સ્વપ્નનો ઉપવાસ પડે છતાં ન કરે તે સાધુ જ નથી. તે તો અંતે જરૂર અનર્થ કરશે. તો જ તેવા જ નાસ્તિક ઓળખી તેને તજવાની જરૂર છે. ત્યાં એક દૃષ્ટાંત છે. જે એક ચોર ચોરી કરીને ચાલ્યો તેની પાછળ પગી પગ

લઈ ચાલ્યો ત્યારે તે ચોરને સંતાવાનું રહ્યું જ નહિ. તેથી તે ચોર મડા સુતા હતા તેની ભેળો સુતો ત્યારે મડા બોલ્યા જે, ભાઈ અમે તો મડા પડ્યા છીએ તે અહીં તો બરછીયું સોંસરવી નીકળશે, માટે ભાઈ તપાસ કરીને સૂજે; રખે આ મડાને લજવ, ત્યારે તે બોલ્યો જે હું નહિ મોં લજાવું. પછી પગી પગ લઈ ત્યાં જ ઉભો રહ્યો ત્યારે બીજા જનો કહે આ તો મડા પડ્યા છે. ત્યારે પગીએ કહ્યું, આ મડાને બરછીયું લઈને ઘોંકાવો તો તે ઉઠશે. પછી તે મડાને બરછીયું સોંસરવી કાઢયું, તો પણ તે ન ઉઠ્યો. તેમ પેલું જ ત્રેવડવું. મનમાં પણ છોકરાની સોબત કરમૈથુન કરે તેને મતે કદી સ્વામિનારાયણ જ નથી. તો તે પૂજા કરીને શું પ્રાર્થના કરે ? જે ચાર પ્રકારના કુસંગીથી રક્ષા કરશો. ને કામ ને ક્રોધમાં ફસાયેલા છે, તે નાસ્તિક ગણાય છે. તો તે સ્વામિનારાયણને જરાપણ અંતર્યામી નથી જ જાણતો. તો તેની શું સ્વામિનારાયણ રક્ષા કરે ? તે તો મહા અધમ પાપી જ છે. તે છતાં સ્વભાવ મૂકી સ્વામિનારાયણની પ્રાર્થના કરવાની જરૂર છે. કામ, ક્રોધ, લોભ ને સ્વાદ તે જબ્બર નાસ્તિક છે. તે માંહીલો એકેય દોષ રહે છે, ત્યાં સુધી સ્વામિનારાયણની પ્રાર્થના નહિ જ થાય. માટે દોષનો ત્યાગ કરવો તે જ યોગ્ય છે. તે અંતઃશત્રુ એકેય વરતતો હોય ત્યારે નારદ સનકાદિક જેવા સંત વાત કરે તે પણ મનાય નહિ તો જ આ બ્રહ્મરૂપ સંત સભામાં તો દોષ મનુષ્યભાવ પરઠાવે છે. તે સંત તો જરૂર બ્રહ્મરૂપ છે. તે સંતને બ્રહ્મરૂપ માને તે દોષથી રહિત થવાશે. સંત તે બ્રહ્મરૂપ છે. તો તે સંત જે શ્રીજીનું ભજન કરે છે, તે મૂર્તિ તો અલૌકિક છે. તે પંચવર્તમાને યુકત સંત જે મૂર્તિની પ્રતિષ્ઠા કરી, તે મૂર્તિમાં સાક્ષાત્ શ્રીજી રહીને આ જીવની વિનંતી સાંભળે છે. તે ચિત્ર પ્રતિમામાં સાક્ષાત્ રહ્યા છીએ. તે પ્રતિમામાં રહી તમારી સર્વે આપદાને હરશું, પણ તે ચિત્ર પ્રતિમાને કાગળમાં આળખેલી માનશોમાં કારણ કે પંચવર્તમાનને પાળનારા સંત ને સ્વામિનારાયણને સાક્ષાત્ સંબંધ છે, એમ સત્‌શાસ્ત્ર કહે છે. તો તેમાં

શ્રીજી સર્વે આપદાને હરે છે. એવો અલૌકિક પ્રતાપ ન જાણે તે નાસ્તિક ગણાય છે. તો તે નાસ્તિકને મતે કોઈપણ પરમાત્મા ન જ નથી. ને તે નાસ્તિકનો મત ખોટો છે. કેમ જે તે નાસ્તિકને મતે એક જ પરમાત્મા માન્યા નથી. તે તો કર્મ ખપાવ્યે જ પરમાત્મા માન્યા છે. તે નાસ્તિકનો મત તે ખોટો છે. અધમ ઓધારણ ને પતિત પાવન એવા જે શ્રીકૃષ્ણ ભગવાન ને રામચંદ્રજીને વિષે પરમાત્માનો ભાવ જ નહિ. રામચંદ્ર ને શ્રીકૃષ્ણે દૈત્ય માર્યા તે ત્રીજા નરકમાં પડ્યા છે એમ કહે છે. તેમ જે ચિત્ર પ્રતિમાની મર્યાદા નહિ તે પણ નાસ્તિક ને વેદાંતિ છે. તો શું તે પરમાત્માને અંતર્યામી માને છે ? નથી જ માનતા. તો તે વચન કેનું માને છે ? તે તો મનમુખી જ છે. તેવા મનમુખીનો ભૂલે પણ સંગ ન કરવો. ને સંગ તો તે મૂર્તિમાં ભાવ બેસારે તેવા જ મહામુક્તનો કરવો, તો જ તે પ્રભુની પ્રાર્થના થશે. ને સાક્ષાત્ સ્વામિનારાયણને શરણે નિવાસ જ થશે ને દુષ્ટ કર્મ કપાશે, ને બ્રહ્મસભા તે સાક્ષાત મનાશે. તે બ્રહ્મસભાને વંદના કરાશે. ને પોતાને વિષે કાયમ કૃતાર્થપણું મનાશે. દુઃખનું મૂળ કારણ આ દેહ જ છે. તેની સાથે વેર બંધાશે ને જગત વેવાર તે વેઠ મનાશે. ને સાક્ષાત્ સ્વામિનારાયણની પ્રતિમાની વંદના સંત સભામાં થાશે ને દોષ કલેશ કપાશે. મરીને જે સંત પામવા'તા તે સંત મુને જ મળ્યા તે સાક્ષાત્ સ્વામિનારાયણ મનાશે. કામ, ક્રોધ, માન, અભિમાન, દંભ, મદ દમાશે ને સંત સભા સત્ય મનાશે. ને દુર્લભ સ્વામિનારાયણ મનાશે. અહો ! અક્ષરધામ દેહ છતાં સાક્ષાત્ સ્વામિનારાયણની મૂર્તિ પૂજાથી સ્થિતિ થાશે. ને કામ, ક્રોધ, લોભ, રસાસ્વાદ, માન ને સ્નેહ એ પંચવિષયનું રૂપ સાક્ષાત્ સ્વામિનારાયણે પધરાવેલ પ્રતિમાની પ્રાર્થના કર્યાથી પ્રપંચરૂપ મનાશે. તો જ તે વિષે અંધારું ઘોર કળીનું રૂપ મનાશે. એવી પ્રાપ્તિ તે સ્વામિનારાયણની મૂર્તિના પૂજાના કરનારને જણાશે. ને સાક્ષાત્ મૂર્તિ સ્વામિનારાયણની પ્રતિમાથી સકલ કારજ સરશે. ને આ લોકમાં નિંદા

ને સ્તુતિ તુલ્ય અહોનિશ મનાશે. અક્ષરધામ તે સુગમ થાશે. ને આ વેષે તે તરીકે વર્તાશે. ધર્મમાં આવો પ્રતાપ સાક્ષાત્ સ્વામિનારાયણની મૂર્તિની પ્રાર્થનામાં લાભ સુખ તે મોટા દેવને અગમ છે. તે મૂર્તિની પૂજામાં લાભ રહ્યો છે. તે મુખે કહ્યો જ ન જાય. તે સાક્ષાત્ સ્વામિનારાયણ નયનની આગે સંત સભાયે સહિત મનાશે. તો જ નઠારો સ્વભાવ ત્યાગ કરવો. તેમનો વિશ્વાસ તે સાક્ષાત્ મૂર્તિ સ્વામિનારાયણમાં કાયમ સંત મળ્યે માન્યતા. અનંત બ્રહ્માંડમાં મોક્ષની રીત ને સ્તુતિ કરવાની રીતિ તે સ્વામિનારાયણની મૂર્તિમાં એવા જ અનંત શુભ ગુણ ગણવા. ગુણના સાગર સાક્ષાત્ સ્વામિનારાયણની મૂર્તિમાં એવા જ અનંત શુભગુણ ગણવા. ને ગુણના સાગર સાક્ષાત્ સ્વામિનારાયણના ઉપાસક મહાપુરુષો સ્વામિનારાયણને ઘરે કાયમ પૃથ્વી રહેશે ત્યાં સુધી તે પુરુષો અનંત સાધુ કરશે ને અનંત શાસ્ત્ર કરશે. ને તે જ પુરુષોના સ્પર્શે અનંત તીર્થ ગંગાયું તેના સ્પર્શમાં રહી છે. ને તે જ પુરુષો અનંત શ્રીજીની પ્રતિમામાં દૈવત મેલે છે. તે જ પુરુષોની સાથે શ્રીજીએ આપણને રાખ્યા છે. તો પણ ગંધાતાને અગ્નિની જવાળા જેમ બાળે તેમ જ આ જીવને બાળે ને અનંત બ્રહ્માંડનો ભાર માથે લેવામાં જેમ દુઃખ છે, તેમને જ પંચવિષયમાં અગ્નિના અંગારારૂપી જ સંસૃતિ જે જીવને બંધન આવરણ ને જીવના ગળામાં ફાંસી છે; તે ફાંસીથી મૂકાવનારા શ્રીજી પોતાના હજૂરી સંત તે જીવના સુખને સારુ જ આ પૃથ્વી રહેશે ત્યાં સુધી તે સંત દ્વારે રસ્તો તૈયાર છે. તો તે સંતને સંબંધે શ્રીજીનો સંબંધ ગણાશે. માટે તે

**"સંત રીઝે રીઝયા શ્યામ, ને સંત જમ્યે જમ્યા શ્યામ,**
**ને સંત ગમે ગમ્યા શ્યામ, ને સંત પૂજે પૂજ્યા શ્યામ"**

તો જ તે અત્યારે સંત સંબંધે મોક્ષરૂપી દ્વાર સ્વામિનારાયણ તે કરી ગયા છે. તે (પ્ર.૫૪) માં લખ્યું છે. તો આનંદમાં રહીને ભજન કરશો. પણ એક વાંદરાનું આળું જોઈને બીજા વાંદરા તે ખોતરીને આળું કરે છે

તેમ તો ન જ કરવું; ને કરવું તે તપાસીને કરવું. કર્યા જેવું તો સ્વામિનારાયણનું ભજન કરવું. તેમાં જ લાભ છે. પણ નકામો આ અવસર ગુમાવવો નહિ. ને નાત, સ્ત્રી ને છોકરાની સારું આ ઉંમર નકામી ગુમાવવી નહિ. જે સાક્ષત્‌તાને પામેલા શ્રી પુરુષોત્તમ સ્વામિનારાયણે જ કહ્યું તે પંચવર્તમાનને પાળે ને સાક્ષાત્‌ રીતે સ્વામિનારાયણના ચરણે નિવાસ છે, તેવા જ પરમ વિવેકી પરમ સંતને ચરણે નિવાસ અને ચરણે નમવાની વાત છે. તે કરે તે ડાયો છે. તે સિવાય બુદ્ધિ ગણાતી જ નથી. બુદ્ધિ સંત સેવ્યે તે સંત સાક્ષાત્‌તાવાળા શ્રીજીના સંબંધમાં આવ્યાની હકિકત આ જ ગ્રંથમાં કહી છે પણ વૃથા આ ઉંમર ગુમાવે તેની કહી જ નથી. તે તો શ્રીજીને શીશ નમાવી દાસના દાસ રહેવા વિનંતી કરી છે.

સંવત્‌ ૧૯૯૪ના પોષ સુદ-૭ સાધુ ધર્મપ્રસાદદાસજી જોગીસ્વામી વિરચિતા વિનય સીતા પુસ્તક ચૌદમું સમાપ્ત થતું હવું. ॥ ૧૪ ॥

શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક ૧૫

## ચાર પ્રકારની નિષ્ઠાનું સ્પષ્ટ નિરુપણ

(ગ.પ્ર.૪૭) શ્રીજી મહારાજ જમણે હાથે ચપટી વજાડીને બોલ્યા જે, સર્વે સાંભળો, એક વાત કરીએ છીએ. તે વાત તો સ્થૂળ છે, પણ સુધી સુરત દઈને સાંભળશો તો જ સમજાશે; નહિ તો નહિ જ સમજાય. ને ભગવાનના ભક્તમાં કોઈકને તો ધર્મનિષ્ઠા હોય, ને કોઈકને આત્મનિષ્ઠા હોય, ને કોઈકને વૈરાગ્યનિષ્ઠા હોય, ને કોઈકને ભક્તિનિષ્ઠા હોય. ને ગૌણપણે તો એ ચાર ગુણ હોય છે; પણ તેમાંથી જે નિષ્ઠા પ્રધાનપણે હોય, તે જ તેની નિષ્ઠા કહેવાય છે. ને એક એક પૂર્વે જે નિષ્ઠા કહી તે રીતે વરતે તો તો તેમાં ગુણ છે. તે નિષ્ઠામાં ન જ વર્તે તેટલો તેમાં અવગુણ કે'વાય છે. ને ચાર નિષ્ઠા એકમાં જ આવે તો તે એકાંતિક કે'વાય છે. ને તે પરમ ભાગવત સંત છે. ને તે જ સિદ્ધદશા કે'વાય છે. તો તે ચાર નિષ્ઠાવાળા મહા પરમ એકાંતિક સંત તે આ સમામાં આ સત્સંગમાં લાખુ મુક્ત છે; પણ વિષયમાંથી તો મુકાય તેવા એક એક નિષ્ઠાવાળા મુક્ત કે'વાય છે. તે એક એક નિષ્ઠાનું રૂપ રૂડી જ રીતે કહીએ છીએ. તેમાં જે ધર્મનિષ્ઠામાં પોતપોતાનો જે વર્ણાશ્રમનો ધર્મ ને અહિંસારૂપ પોતપોતાના ધર્મમાં નિષ્ઠા કે'તા રુચિએ યુક્ત વરતે ને તે ભક્તને ભગવાનને સારુ મંદિર કરવામાં રુચિએ યુક્ત છે ને ભગવાનને સારુ બાગ બગીચા કરવામાં રુચિવાળો જ હોય ને તે ભક્તને ભગવાનને નિવેદ કરવામાં રુચિવાળો જ હોય. ને ભાગવત ધર્મેયુક્ત જે ભગતમાં ભાવ તે ભક્તિ કે'વાય છે. ને મંદિર કરવા ને નૈવેદ્ય કરવા ને મંદિરમાં લીંપવું ને વાળવું તે

ભક્તિ કે'વાય છે. ને તે મંદિરમાં લીંપતો હોય તેમાં ભાવ છે. તે પણ ભક્તિ કે'વાય છે. ને તે જ જાણે પણ ભક્તિ કહેવાય. ને તે નિષ્ઠા ભાગવત ધર્મ છે. તો તેનું ફળ સરખું જ છે. તેથી જે ભક્તિથી પ્રાપ્તિ થાય છે. તે જ ધર્મથી પ્રાપ્તિ થાય છે. માટે ચાર પ્રકારે ભક્તિ કે'વાણી ને તેમાં ધર્મ પણ ચાર પ્રકારે છે જે કહીએ છીએ. ને પોત પોતાના વર્ણાશ્રમનો ધર્મ પાળવો. તે પણ ધર્મ કહેવાય છે. ને અહિંસા તે પણ ધર્મ કે'વાય છે. ને બ્રહ્મચર્ય તે પણ ધર્મ કે'વાય છે. ને તે ધર્મનિષ્ઠા છે. તો તે પણ ચાર નિષ્ઠા કે'વાણી છે. ને આત્મનિષ્ઠા તે પણ ચાર પ્રકારે છે. તે ધર્મ પાળવો તેમાં સુખ દુઃખ સહન કરવું. ને તેમાં ધીરજ રાખવી ને ભક્તિ કરવી તેમાં પણ વિવેક રાખવો. ને ભગવાનના ભક્તનો સંગ કરવામાં સ્વભાવનો ત્યાગ કરવો પણ ભક્તના સંગનો ત્યાગ ન જ કરવો, તે પણ આત્મનિષ્ઠા ગણાય છે. ને કાયમ ભાગવત ધર્મમાં સ્થિર સ્થિતિ તે પણ આત્મનિષ્ઠાથી રે'વાય છે. ને તે ધર્મમાં રુચિ તે વૈરાગ્ય કે'વાય છે. ને દુઃખમાં રુચિ તે પણ વૈરાગ્ય છે. કેમ જે જગતમાં ધર્મ પાળવો તે જ દુઃખ છે. તેમાં રુચિ તે વૈરાગ્ય છે. ને ભગવદ્ ભક્તના સંગમાં રુચિ તે વૈરાગ્યથી ભક્તમાં થાય છે. ને તેવા સમાજે રુચિ કાયમ રહે તે વૈરાગ્ય વિજળીનો પ્રજ્જ્વલિત રહે છે. તેવો જ તે વૈરાગ્ય કે'વાય છે. આમાં મુખ્ય તો ભાગવત ધર્મ ગણાય છે. તેમાં ચારેય નિષ્ઠા સમાયેલ છે. ને એક એકમાં ચાર નિષ્ઠા તે છે. તે જ વાત સૂક્ષ્મ છે. તે સુધી સુરત દઈને સાંભળે તો જ માલૂમ પડે છે. પણ વાત મૂર્તિમાન છે ને સ્થૂળ છે. તેથી જ સ્થૂળ વાત કહી છે. ને આત્મનિષ્ઠા તે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ શરીરથી ને ત્રણ અવસ્થાથી રહિત વર્તે તે આત્મનિષ્ઠા છે. ને પોતાના ઈષ્ટદેવને તુલ્ય બીજું ન જ મનાય તે પણ આત્મનિષ્ઠા છે. ને તે આત્મસત્તાએ વરતવું તેમાં વિઘ્ન આવે તેને સહન થાય તે આત્મનિષ્ઠા છે. તે જ અંગ ગણાય છે. તે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ ને જાગ્રત ને સ્વપ્ન એમાં અરુચિ તે વૈરાગ્ય છે. ને પોતાના ઈષ્ટદેવ વિના

કોઈમાં રુચિ જ નહિ તે વૈરાગ્ય. ને તે વૈરાગ્યમાં વિઘ્ન પાડે તેમાં રુચિ જ નહિ તે વૈરાગ્ય. ને વૈરાગ્યમાં સહાયતા કરે તેમાં જ પ્રીતિ તે વૈરાગ્ય છે. ને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ ને જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ તેના જે ધર્મમાં રે'વું તે ધર્મ. ને તે પોતાના જે ઈષ્ટદેવના જ અવતાર થઈ ગયા તેને પોતાના જ ઈષ્ટદેવની મરજી જાણે તે ધર્મનિષ્ઠા કે'વાય છે. ને તે પરમાત્માના વચને વર્તે તે પોતાને ઈષ્ટ તે ધર્મનિષ્ઠા છે. ને તેમાં જે સહાયતા થાય, તેમ જ પોતે કરે તે કાયમ કરાય તે ધર્મનિષ્ઠા ગણાય છે. ને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ ને જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ તે રહિત પરમાત્મામાં પ્રીતિ તે ભક્તિનિષ્ઠા. સર્વેથી પર ને સર્વેના કારણ તે પોતાના જ ઈષ્ટદેવને ભક્તિનિષ્ઠાને તે જ પરમાત્માને બતાવે તેમાં જ પ્રીતિ તે ભક્તિનિષ્ઠા ને તે કાયમ રહે તેમાં સહાયતા કરાય તે જ રખાય તે જ ભક્તિનિષ્ઠા ગણાય છે. તો જ તે ચાર નિષ્ઠામાં આ આત્મનિષ્ઠામાં એક એકના ચાર રૂપ ને એક એકમાં ચાર ભેદ તે કહ્યા છે. તે એક એ નિષ્ઠામાં રહે ત્યાં સુધી તે ચાર નિષ્ઠા સમાન કે'તા સરખી છે. એટલે ભક્ત તે સમાન ગણાય પણ તેના લક્ષણથી વિજાતિ ગણાય. તેથી જ ભેદ માનવામાં આવે છે તે ભક્ત ગણાય. ને તેમાં વિભાગ અગણિત છે. ને ભક્તની દૃષ્ટિથી જ માલુમ પડે છે. ને વૈરાગ્યમાં પણ ચાર નિષ્ઠા છે તે કહીએ છીએ. તે વૈરાગ્યનું મુખ્ય રૂપ તો અરુચિ જ ગણાય છે. ને ત્યાગ કરેલી વસ્તુનો મળવત્ રીતે અભાવ તે પણ વૈરાગ્ય છે. ને ત્યાગમાં આડ કરે તેનો દ્વેષ થાય તે વૈરાગ્ય ગણાય. ને તેવે જ સમાજે સ્નેહ તે વૈરાગ્ય છે. ને તેમાં આત્મનિષ્ઠા તે શું ? જે વિષયમાં વેર છે તે છતાં ધીરજથી તેમાં સ્થિર થવાય છે તે આત્મનિષ્ઠા કે'વાય છે. ને વૈરાગ્ય યુક્ત સમાજે સમભાવ; પ્રકૃતિનો ત્યાગ કરાય તે પણ આત્મનિષ્ઠા છે. ને પદાર્થને દેખે છતાં મળવત્ ગણે તે વૈરાગ્યનિષ્ઠા ગણાય છે. ને વૈરાગ્યને વિષે નિષ્ઠાથી નિષ્ઠા કે'તા આત્મનિષ્ઠા જ ગણાય છે. એ જ ચાર પ્રકારે આત્મનિષ્ઠા તે વૈરાગ્યમાં સમાયેલ છે તે જાણવી.

ને વૈરાગ્યમાં ધર્મનિષ્ઠા તે સમાયેલ છે. ને વૈરાગ્યથી થાય તે ની'મમાં રે'વાથી થાય છે. ને વૈરાગ્યની આજ્ઞા તે જ ધર્મ ગણાય છે. ને તે વૈરાગ્યને આકારે વૃત્તિ તે ધર્મ છે. ને વૈરાગ્યને મળે ફળ તે ધર્મ મનાય છે. આવી જ રીતે વૈરાગ્યમાં ધર્મ તે સમાયેલ છે. તે ધર્મે ધર્મ ઉપાસક ગણાય છે. ને વૈરાગ્યમાં ભક્તિ સમાયેલ છે. તે જાણી જ લેવી. તે વૈરાગ્યે વિષયમાં અરુચિથી જે વસ્તુમાં રુચિ તે જ ભક્તિ ગણાય છે. ને તેનો જે પક્ષ રખાય તે પણ વૈરાગ્યમાં ભક્તિ ગણાય છે. ને તે જ વસ્તુમાં રામ મનાય તે વૈરાગ્યે ધર્મ દઢ ગણાશે. તે જ વૈરાગે શીર મોડ ધર્મ વૈરાગ્યમાં છે. ને જે આ જ ચાર રસ્તે ચાલે તે જેમ દેવળને શીર ધજા ચડે તે જ રીતે મોક્ષે છે; શીર છે. તે વૈરાગ્યમાં ભેદ ચાર ને અભેદ એક મનાશે. જિજ્ઞાસા જાણશે તે જાણે છે. તે બ્રહ્માંડને પાર છે. આજ ચાર નિષ્ઠાને પામેલ પરમાત્મા પ્રમાણ પ્રમાણે છે તે જાણશો. તે લખ્યે નહિ જ મનાય. ગુરુ ગમ્ય ગતિ છે. તે ભક્તિનિષ્ઠા સ્વરૂપથી થયેલ ગતિ છે. તે ભક્તિનિષ્ઠા મુખ્યત્વે પ્રેમ પ્રવાહ છે ને પ્રગટ પ્રભુના સ્વરૂપ વિના બીજામાં પોતાના મનની વૃત્તિ તે ધારી જ ન શકે, તે ભક્તિનિષ્ઠા ગણાય છે. ને જે ભક્તને પ્રગટ સ્વરૂપ સાક્ષાત્‌તાને પામેલામાં પ્રીતિ તેવી તો પોતાના પુત્ર કલત્રાદિકમાં નહિ પ્રીતિ, તે ભક્તિનિષ્ઠા ગણાય છે. ભક્તિનિષ્ઠાથી ચાર નિષ્ઠા ગણાય છે. ભક્તિનિષ્ઠામાં આત્મનિષ્ઠા સ્થિર પ્રેમ એથી તે ભક્તિનિષ્ઠામાં સ્થિર દઢતા ગણાય છે. ને ભક્તિનિષ્ઠામાં પ્રગટ પ્રભુને વસ્ત્ર અલંકાર ધરાવવામાં ધીર કે'તા વિવેક તે ભક્તિનિષ્ઠામાં આત્મનિષ્ઠા ગણાય છે ને ભક્તિનિષ્ઠામાં ભક્ત ભગવાનની નિષ્ઠા તે ભક્તિનિષ્ઠામાં આત્મનિષ્ઠા ગણાય છે. ને તે ભક્તિનિષ્ઠા સજાતીય બ્રહ્મ તે ભક્તિનિષ્ઠામાં આત્મનિષ્ઠા ગણાય છે. તે અનુભવ અનિકેત સાક્ષાત્ સ્વામિનારાયણ ગમ્યતા ગણાય છે. ને ભક્તિનિષ્ઠામાં ધર્મ, ભક્તનો ભક્તિનિષ્ઠામાં ધર્મનિષ્ઠા ગણાય છે. ને ભક્તિનિષ્ઠા રે'વી તે તેની

આજ્ઞામાં કાયમ સાક્ષાત્ સ્વરૂપ ગમ્યતા ગણાય છે. તે ભક્તિનિષ્ઠામાં ધર્મનિષ્ઠા ગણાય છે. ને ભક્તિનિષ્ઠામાં પ્રવૃત્તિ સત્તા સુખ તે ભક્તિનિષ્ઠામાં ધર્મનિષ્ઠા ગણાય છે. ને ભક્તિનિષ્ઠામાં નિષ્ઠા ઠામ ધર્મનિષ્ઠા ગણાય છે. ગમતું કરાય છે. તે સાક્ષાત્ ભક્તિનિષ્ઠામાં ધર્મ પળાય છે. તે ભક્તિનિષ્ઠામાં ધર્મનિષ્ઠા ગણાય છે ને તે ભક્તિનિષ્ઠામાં ઘર ગણાય છે. તો જ તે જ ભક્તિનિષ્ઠામાં ધર્મનિષ્ઠા સુખ ગણે છે. તે વસુંધરા પ્રગટ સાક્ષાત્ સ્વરૂપનિષ્ઠામાં આજ્ઞા ઘર ગણાય છે. તે ભક્તિનિષ્ઠામાં ચાર ધર્મનિષ્ઠા ગણી છે. ભક્તિનિષ્ઠામાં વૈરાગ્યનિષ્ઠા ને પદાર્થમાં અસ્થિર ને ભક્તિનિષ્ઠા અસ્થિરમાં સ્થિર કરાવે તે ભક્તિનિષ્ઠામાં વૈરાગ્યનિષ્ઠા ગણાય છે. ને ભક્તિનિષ્ઠામાં પોતાનું દેહ કલેશ ગણાય છે. છતાં તેથી જ ભક્તિ કરાય છે. તે છતાં તેમાં દેહ દુઃખરૂપ મનાય તે ભક્તિનિષ્ઠામાં વૈરાગ્યનિષ્ઠા ગણાય છે. ભક્તિનિષ્ઠામાં દુઃખ છે, છતાં સુખ મનાવે તે ભક્તિનિષ્ઠામાં વૈરાગ્યનિષ્ઠા ગણાય છે. ને ભક્તિનિષ્ઠામાં દેશકાળે સુખ રહે તે વૈરાગ્યનું ફળ. ભક્તિનિષ્ઠાને સજાતિય વૈરાગ્યનિષ્ઠા ભક્તિનિષ્ઠામાં ગણાય છે. આમાં ધર્મનિષ્ઠા, આત્મનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા ને ભક્તિનિષ્ઠા તે ચારેયના સામાન્ય ગુણ ગણ્યા છે. તે સર્વેમાં મુને અધિક નિષ્ઠા એક અને બીજી સામાન્ય ગણી તો જ તેને સાક્ષાત્ પ્રાપ્તિ આજ પૃથ્વીમાં પરમાત્માની છે. જો ચારમાંથી એકપણ નિષ્ઠા હોય તો તેને સત્પુરુષો ભક્ત ગણે છે. ને આ વાતમાં ભક્તિ, વૈરાગ્ય ને આત્મનિષ્ઠા ને ધર્મને સંબંધે સાક્ષાત્ સ્વામિનારાયણ ગણ્યા છે. તો જ આત્મનિષ્ઠા તે પ્રકાશ છે. ને વૈરાગ્ય તેજ નો રસ્તો છે. ને ધર્મ તે સ્થાન છે ને ભક્તિ તે લાભ છે. તે ચાર નિષ્ઠામાં ભારે તેથી પર તેને પરમપુરુષ પરમાત્મા છે. તો જ સર્વોપરી સ્વામિનારાયણ એક અવતારી પુરુષોત્તમ ગણાય. તો જ તે જ સ્વામિનારાયણ કાયમ આ પૃથ્વીમાં છે. આ વાત તો દર્પણ તુલ્ય છે. તો નિષ્ઠા તે નેત્રથી જ જોવાય

છે. ને તે નેત્રરૂપી સત્પુરુષો છે. ને તે જ સત્પુરુષોને જાણે તે મુમુક્ષુ છે. સ્થિરનિષ્ઠા તે મુમુક્ષુને સાક્ષાત્ સ્વામિનારાયણ છે. ને ચારેય નિષ્ઠા તે સ્પષ્ટ એક સરખી છે. એક નિષ્ઠાથી અગણિત બ્રહ્માંડમાં સર્વોપરી પરમાત્મા એક સ્વામિનારાયણનું કર્યું થાય છે. તે જ સાક્ષાત્ પરમ પુરુષ પુરુષોત્તમ છે. ને સ્વયં જ્યોતિ તો મહાપુરુષ છે તે જ શુદ્ધ સત્ત્વતનુ મહાપુરુષનું સ્વામી ગોપાળાનંદે તે પોતાની વાતોમાં કહ્યું છે. ને બહુધા શાસ્ત્ર તે મહાપુરુષને જ પુરુષોત્તમ કહે છે ને પુરુષોત્તમ તો એક સ્વામિનારાયણ એક એકાંતિક છે. તો પુરુષોત્તમ પરમાત્મા સ્વામિનારાયણ એક એકાંતિકમાં જ છે. તો જ સર્વોપરી એક દૃષ્ટિથી છે. તો તે સ્વામિનારાયણ જીવના સાચા સગા ગણાશે. ત્યાં એક દૃષ્ટાંત જેમ અગાધ સમુદ્ર તે પુરુષોત્તમ સ્વામિનારાયણ છે ને અગાધ જળ ગણાય છે તે અક્ષર છે. ને તે જળમાં અસંખ્ય જંતુ તે મુક્ત ગણાય છે. તો જ મુમુક્ષુઓ ચાર નિષ્ઠાને દેખે, ચાર નિષ્ઠા રાખે, વડાઈ અહો સ્થિતિનિષ્ઠા થાય. તે જેના એક એક રોમે અનંત બ્રહ્માંડ પરમાણુ તુલ્ય ઉડતા ફરે એવું પુરુષોત્તમનું ધામ છે ને પુરુષોત્તમ સર્વોપરી સમાજે ચાર એક સ્વામિનારાયણ ભજવા. તેનું ધ્યાન કરવું ને તે સર્વોપરી પુરુષોત્તમને જોવા તે મુક્ત સમાજે સહિત ને એક આધાર સર્વોપરી પુરુષોત્તમ સ્વામિનારાયણ તે અક્ષર સ્થિતિથી એક આધાર સ્વામિનારાયણ લેખવા. નહિ તો દેખ્યા છતાં ન જ દેખ્યા ગણાય. માટે સમાજે અને બ્રહ્મરૂપ અક્ષરે પર પરમપુરુષ પુરુષોત્તમ જોયા ગણાય છે ને નિષ્ઠારૂપી ધર્મ તે કાયમ રાખવો. ને તે નિષ્ઠામાં સાધુરૂપી ગુરુ સ્વરૂપ અક્ષર થયે એક સર્વોપરી સ્વામિનારાયણ આધાર છે. ને તો જ તે જ સ્વામિનારાયણ ભજવા યોગ્ય શાસ્ત્ર કહે છે. તો જ શાસ્ત્રમાં અવતારી સ્વામિનારાયણના જ લખાણ લખ્યા છે. તે જ સ્વામિનારાયણ એક તે અનંત અવતારના અવતારી પુરુષોત્તમ છે. તો તે પુરુષોત્તમનો મહિમા તો અપાર છે. કારણ કે

સ્વરૂપાનંદસ્વામીને દર્શને જ કલ્યાણ લખ્યું છે, તો જ તે સ્વરૂપાનંદ સંત તે અલૌકિક છે. ને તેના દર્શને કલ્યાણ થાવું તે બહુજ સુગમ છે. પણ સત્સંગીના સંબંધે પુરુષોત્તમનો સંબંધ છે, તો જ તે સત્સંગીના દર્શને મોક્ષ છે. તો બીજા સંતનું શું કહેવું ? તો જ તે સંતના સંબંધે પુરુષોત્તમ અગણિત જીવનું કલ્યાણ કરે છે. એવા જ સ્વામિનારાયણ તે અવતારના અવતારી છે. તે જ પુરુષોત્તમનો મહિમા તો અનંત બ્રહ્માંડ તે રાખના પડીકા છે. તે પામર જીવને સંત સંબંધે થવાશે. ઈ તો સાવ નકામા થઈ જાય છે તો પુરુષોત્તમ સ્વામિનારાયણ જોવા તે તુલ્ય શું મોટપ ગણવી ? માટે આધાર એક સ્વામિનારાયણનો રાખી અક્ષરમુક્તની મોટપ ગણી છે. માટે બ્રહ્માંડમાં રહ્યા થકા પુરુષોત્તમ સદાકાળ અક્ષરમાં રહે છે. તો જ સ્વયં જ્યોતિ મહાપુરુષ પણ બ્રહ્માંડ કે બ્રહ્માંડ પાર સર્વોપરી સ્વામિનારાયણના રૂંવાડાને કદી દેખતો જ નથી. તે મહાપુરુષને બ્રહ્માંડ તો માયાનું કાર્ય ગણાય છે. તે જ બ્રહ્માંડમાં તો તે મહાપુરુષ સ્વયં જ્યોતિ માયાના કાર્યમાં તો મહાપુરુષ જ ગણાય છે પણ તે બ્રહ્માંડમાં સ્વામિનારાયણ તે ખેલ ખેલી અનંત લીલા કરે છે પણ તે મહાપુરુષ તે કદી સ્વામિનારાયણના દર્શન સ્વપ્નમાં પણ કરી શકે તેમજ નથી. તો જ તે બ્રહ્માંડમાં વિચરતી વિજાતીય શું સ્વામિનારાયણને જાણે છે ? નથી જ જાણતી. તે જ સર્વોપરી સ્વામિનારાયણ સાક્ષાત્ સંતથી જણાય છે. તો 'સંત જ મીલાવે રામ' એમ શાસ્ત્રમાં જ લખેલ છે. સંત તે સૂર્ય દર્પણથી જ બતાવે છે. મુમુક્ષુજનને સૂર્ય તે સંત ગણાય, દર્પણ તે શાસ્ત્ર ધર્મ બતાવે તે દર્પણ વદન તે સારૂ જ જુવે તે મુમુક્ષુ ખપવાળા સારૂ શ્રીજી સ્વરૂપ તે જોશો તે સંત વચન વિશ્વાસથી વાત પ્રમાણ છે. તે મેલી સંત વિશ્વાસ શ્રીજીનું સ્વરૂપ જોવું. ઈશ્વર ને હાથીની ગતિથી પાશેર ખાંડ વેકરામાં નાખે તે હાથી કદી જ ન ખાઈ શકે. ને કીડીરૂપી મુમુક્ષુ સંત સંબંધ સુગંધથી તરત પુરુષોત્તમ મળે છે. માટે સુખના બેલી સંત જ છે. ને મહત્ પુરુષો

ઐશ્વર્ય તે અંધારુ ઘોર માને છે. તે મહાપુરુષની મોટપ તે મોટામાં મોટું પાપ છે. ને તે ઈશ્વર પોતાની મોટપને મૂકી અક્ષરધામમાં નહિ જ જાય. શ્રીજી સંત સંબંધે અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. તો જ તે જોઈ અલૌકિક અવતારી સ્વામિનારાયણના સુખે સુખ લેવું. ને ઐશ્વર્યમાં કાકવિષ્ટાની રીતે ફસાય તે મોટા પહાડમાં ઝાડવા જ છે; તે ઝાડવા ઐશ્વર્યરૂપી હિંસોરા મારે છે. તે ઈશ્વરની મોટપ જોઈ ત્યાગ જ કરવી. ને શ્રીજીએ તો વેદરસમાં ચતુર્ધામુક્તિને હે સંતો તમારે કદી પણ ન જ ઈચ્છવી એમ કહ્યું છે. ચતુર્ધામુક્તિ અપાર દુઃખનો દધિ જ છે, તે ઝાઝા પાણીમાં બૂડવું નહિ. એજ દાસના દાસને વિનંતી છે.

સંવત્ ૧૯૯૪ના મહાસુદિ-૧૨ દાસના દાસ સાધુ ધર્મપ્રસાદદાસજી જોગીસ્વામી વિરચિતા વિનય સીતા પુસ્તક પંદરમું સમાપ્ત થતું હવું.॥ ૧૫ ॥

શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ
શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ
શ્રી ગુણાતીતાનંદાય નમો નમઃ

# વિનય સીતા પુસ્તક ૧૬

## જે તત્વને જોવું હોય તેની દષ્ટિને પામવાનું

વચનામૃત ગઢડા પ્રથમનું ૫૧મું સર્વોપરી સર્વત્ર પૂર્ણ પુરુષોત્તમ જોવાની દૃષ્ટિ પુરુષોત્તમમાં જ છે. વચનામૃત ગઢડા પ્રથમના ૫૧માં મહારાજને પૂર્ણાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે. દસ ઈંદ્રિયું તો રજોગુણની છે. ને પંચભૂત તો તમોગુણના છે. ને અંતઃકરણ તો સત્ત્વગુણના છે માટે એ સર્વે ઈંદ્રિયું ને અંતઃકરણ તો માયિક જ છે. તેણે કરીને પરમાત્મા કેમ જોયામાં આવે ? જો માયિક ઈંદ્રિયું તો માયિક જ વસ્તુ જોવાઈ છે. તો પરમાત્મા પણ માયિક ઠર્યા. ત્યારે પૂર્ણાનંદસ્વામી આદિક સર્વે સંતે કહ્યું જે હે મહારાજ તમે પ્રશ્ન પુષ્ટ કરી આપ્યો. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, એનો તો ઉત્તર તો એમ જ છે. જે આ પચાસ કોટિ યોજન પૃથ્વી છે તો તે પૃથ્વીની જ દૃષ્ટિથી તો પૃથ્વી જ જણાય છે. તે ઘટપટ આદિક અનેક વસ્તુ તે પૃથ્વીમાં જ થયા છે. માટે પૃથ્વીની દૃષ્ટિથી એ સર્વે દેખાતા જ નથી એવી પૃથ્વી તે પણ જળના એક અંશમાંથી થઈ છે. ને અંશ એટલે દશમો ભાગ ગણાઈ છે. ત્યારે પુછ્યું જે, તે પૃથ્વી આદિકના દશ અંશ તે શું સમજવાનું છે ? એ પ્રશ્ન છે. તેનો ઉત્તર તો એજ છે.

(૧) ચારભૂતનો વિભાગ પાડ્યો તે પણ અંશ
(૨) ને જળમાં પણ પૃથ્વી છે.
(૩) ને તેજમાં પણ પૃથ્વી છે.
(૪) ને વાયુમાં પણ પૃથ્વી છે.
(૫) ને આકાશમાં પણ પૃથ્વી છે.

(૧) એવી જ રીત્યે ચાર ભૂતમાં અનુસ્યુત પૃથ્વી રહે તે પૃથ્વીનો અંશ ગણાય છે.

(૨) ને જીવ પ્રાણીના શરીરને પ્રગટ કરવા તે પણ પૃથ્વીનો જ અંશ ગણાય છે.

(૩) ને જીવને રહેવા તરીકે આધાર ધામ તે પૃથ્વી જ ગણાય છે.

(૪) ને આ લોક તથા પદાર્થ આદિક અનંત વસ્તુ તે જીવને રસ્તે પૃથ્વીમાં ગણાય છે.

(૫) ને પંચભૂતના દેહ પણ પૃથ્વીના ગણાય છે. કારણ કે સ્થૂળ ભાવથી જળ, તેજ, વાયુ, આકાશને અડકે છે એ પણ પૃથ્વીનો એક અંશ છે.

(૬) આકાશ અંશ શબ્દ તે પૃથ્વીથી જ જણાય છે. તે પણ પૃથ્વીનો જ અંશ છે.

(૭) ને જળ, તેજ, વાયુ, આકાશ આદિ પૃથ્વીના ઈશ તે પ્રભુ પૃથ્વીમાં જ ગણાય છે તો જ તે પૃથ્વીની દૃષ્ટિથી તે પૃથ્વી પણ અંશ ગણાય છે.

(૮) આ પૃથ્વી ઈશ ગુણ તે પૃથ્વી ભક્ત તે ગુણ અભિમાન ગણાઈ છે. આવી જ રીતે પૃથ્વી પણ એક અંશ ગણાય છે.

(૯) ને પ્રભુ ગંધરૂપ પૃથ્વીની દૃષ્ટિથી એક સમાન ગણાય છે. આ પૃથ્વી અંશ મુખ્ય ગણાય છે.

અને જળની દૃષ્ટિથી જોઈએ તો એકલું જળ જણાય જાય છે. તે પણ તેજના એક અંશમાંથી થાય છે. હવે જળની દૃષ્ટિ તે શું સમજવું ? અંશ વિભાગ દશ તે આપના અનુભવમાં હોઈ તે કરી બતાવો એમજ અમારી વિનંતી પૂર્વક પ્રાર્થના છે. તે કૃપા કરીને કહો. જળ દૃષ્ટિ તો રસ ગણાય છે. તેજ રસની દૃષ્ટિથી જળ તત્ત્વના દશ અંશ ગણાય છે.

(૧) જળમાં કોમળતા તત્ત્વ પદાર્થને કોમળ કરે છે. તે પણ જળ અંશ ગણાય છે.

(૨) પિંડી ભાવ જળમાં જણાય છે. તો તે પણ જળતત્ત્વ અંશ ગણાય છે.
(૩) ને જળ કરતા તેજ મોટું છે. છતાં તૃષાની નિવૃત્તિ કરે છે. તો જ તે જળ અંશ ગણાય છે.
(૪) ને પીંડીકરણ કરવાપણું એટલે ભેળા કરવાપણું. એક જળ અંશ ગણાય છે.
(૫) જળ ને પૃથ્વીને વિજાતિપણું છે. પણ જળ પૃથ્વીથી નોખું પડે તો પૃથ્વી ફાટી જાય છે. એ પૃથ્વી તે જળમાં ભાવરૂપી ભક્ત છે, તો જ જળ અંશ તત્ત્વ ગણાય છે.
(૬) જળ કરતા તેજ મોટું છે. પણ તેજ તે જળથી ઓલાય છે. તો ઉપરક આ ગુણ છે. જળમાં પણ ગુણ અભિમાન તરીખે ઈશ્વર ગણાય છે.
(૭) જળમાં ભીનું કરવાનો ગુણ છે. એટલે પંચભૂતનું સજાતિ જળ છે. તે ગુણ જળમાં અંશ તત્ત્વ ગણાય છે.
(૮) ને પ્રાણી માત્રનો પ્રાણ તે જળ છે, એટલે ભૂતપંચ લેવા અંશ તત્ત્વ ગણાય છે.
(૯) આ રીતે જળમાં બહુજ પણું છે. એજ રીતે જળ અંશ તત્ત્વ ગણાય છે સર્વમાં
(૧૦) મૂળ જળ તત્ત્વથી રસ કારણ છે. તો તે તત્ત્વ ગણાય છે. તે ઈશ્વર પરમાત્મા ગણાય છે. તે પ્રભુની શાને ગણાય છે. આ અંશ સ્થાનરૂપ જીભા ઈંદ્રિયથી જાણવું તત્ત્વ ગણાય છે.

(૧) તેજ તે વાયુના એક અંશમાંથી થાય છે. એટલે એક અંશ સમજવું. તેજ તે ચક્ષુ સ્થાનથી જાણવું. તેમાં રૂપ તત્ત્વ તે મુખ્ય ગણાય છે. તે તત્ત્વ તે ગુણના ગુણી છે. તો પૃથ્વી તેજનો અંશ ગણાય છે. કારણ કે તેજનો વિભાગ તે પૃથ્વી કરે છે. એજ અંશ તત્ત્વ તેજ ગણાય છે.
(૨) રસને ગ્રહણ કરે છે. એ મોટા તથા નાનાને ગ્રહણ કરે તે મોહભૂત મનાશે. આ તેજ તત્ત્વ અંશ તત્ત્વ ગણાય છે.

(૩) રસને પચાવવાપણું તે તેજ રસનો માત્રાથી ગણાય છે. તેજ અંશ તત્ત્વ ગણાય છે.

(૪) વાયુની ઉપાસના તેજ કરે છે. તેથી જ અગ્નિમાંથી વાયુ ઉપજે છે. આ તેજ અંશ તત્ત્વ ગણાય છે.

(૫) તેજે આકાશને આધાર માનેલ છે. તે અંધારામાં પ્રકાશનો મહિમા મનાય છે. આ તેજ તત્ત્વ ગણાય છે.

(૬) તેજ તે વાંકો સમજવો તે પંચભૂતમાં રહે ને તેને દુઃખ આપે છે. એ તેજ અંશ ગણાય છે.

(૭) તેજમાં વૈરરૂપી વૈરાગ ભૂતમાં માનવો તો તેજ તત્ત્વ ગણાય છે. અંશ તત્ત્વ ગણાય છે.

(૮) તેજ તત્ત્વને આકાશ આદિક ભૂત કરતા દહન શક્તિ વિશેષ ગણાય છે. તેજ તે ઈશ્વર ઐશ્વર્યે ઈશ્વર સમજવા એ તેજ અંશ તત્ત્વ ગણાય છે.

(૯) તેજમાં પ્રકાશ છે. છતાં તે પ્રકાશને પાછળ અંધારું રહે છે. ગુણમાં ગુણ મનાય પણ પોતાના દોષ ન જોઈ શકાય, તેજ તત્ત્વ ગણાય છે. તેજ અંશ તત્ત્વ ગણાય છે.

(૧૦) તેજ રૂપમાં રૂપ, ગુણમાં ગુણ, મોહમાં મોહરૂપ વિષે મૂળ ગણાય છે. અંશ અંગ ગણાય છે.

(૧) વાયુ ને આકાશના એક અંશમાંથી થાય છે. તે અંશ દસ ઈંદ્રિયું લેવી તેમાં નવ કઈ ઈંદ્રિયું મુખ્ય લેવી ? વાયુ તત્ત્વમાં માનવી. વાયુ તે પૃથ્વીમાં અટકે છે. કે'તા રોકાય છે. તે સ્થૂળ અંશ તત્ત્વ ગણાય છે.

(૨) વૃક્ષાદિક ને કંપાવે છે. ને તરણાદિકને ભેગા કરે છે. તે જ અવગુણથી વાયુ પૃથ્વીમાં રોકાય છે. એ અંશ તત્ત્વ ગણાય છે વાયુ.

(૩) વાયુના જોરથી પૃથ્વી તે આકડાના તુરથી રીત્યે ઉડી જાય, છતાં પૃથ્વીની રક્ષા કરે એજ વાયુમાં ગુણ છે. એજ વાયુ તત્ત્વ અંશ ગણાય છે.

(૪) ને વાયુના આધાર વડે આકાશમાં જળ રહે છે. તે પરસેવો તે જીવના દેહમાં ગણાય છે. મેઘનું જળ વડવાનળ અગ્નિનું પેશાબ ગણાય છે. છતાં વાયુના પામવાથી શુદ્ધ ગણાય છે. તે વાયુ પરમાર્થી ગુણથી આવા જળને શુદ્ધ કરે છે. આ વાયુ અંશ તત્ત્વ ગણાય છે.

(૫) અગ્નિ પત્થરમાં રહે ને કાષ્ટમાં રહે તે અરૂપ માનવો અગ્નિ. અગ્નિ વાયુની ઠોકરરૂપે અગ્નિ પ્રદિપ્ત છે. કેગરમાં(ચંદનમાં) શું ? આજ્ઞામાં રહેલ માનવો. પણ કેગરના કાષ્ટને રાખ કરે છે. તેનો પણ આત્મા વાયુ છે. એ જ આમાં વાયુ છે. અગ્નિનો એ જ વાયુમાં માયાનો ગુણ સુગંધ દુર્ગંધ છે. એ જ વાયુ અંશ તત્ત્વ ગણાય છે.

(૬) વાયુ આકાશમાં જ રહે છે. છતાં વાયુ તે આકાશ સરખો થતો જ નથી. એ જ ભક્તિભાવ વાયુમાં અંશ તત્ત્વ અંગ ગણાય છે.

(૭) વાયુ તત્ત્વ, આકાશ, તેજ, જળ, અગ્નિ પૃથ્વી આદિક ભૂતમાં અનુસ્યુત છે. એટલે તે ચાર ભૂતમાં મળ્યો છે તે વાયુ તત્ત્વ અંશ ગણાય છે.

(૮) વાયુ તે આકાશથી ને તેજથી ને જળથી ને પૃથ્વીથી વાયુ ગણાય છે. પંચભૂતમાં જ વાયુ ભૂત ગણાય છે. અંશ અંગ વાયુ તત્ત્વ ગણાય છે.

(૯) વાયુ પૃથ્વીથી ભિન્ન, જળથી ભિન્ન, તેજથી ભિન્ન માનવો. આ કહ્યા જે ભૂત તેથી ઉત્તમ ભક્ત ગણાય છે. વાયુ ગણવો ઉત્તમ અંશનો ભક્ત ગણાય છે. અંશભૂત અંગતત્ત્વ ગણાય છે.

(૧૦) વાયુ તે સ્પર્શભૂતના આધાર ને ઈંદ્રિયુનો આત્મા છે. ને પોષણ કરનાર સર્વોપરી સ્પર્શની દૃષ્ટિથી એક સ્પર્શ જણાય છે. એક વાયુ તત્ત્વ અંશ અંગ ગણાય છે. તત્ત્વના જોવાથી તત્ત્વ છે.

(૧) આકાશ છે તે તામસાહંકારના એક અંશમાંથી જ ઉત્પન્ન થાય છે. તે આકાશ શ્રોત્ર ઈંદ્રિયના એક સ્થાનમાંથી જણાય છે. આકાશ

અંશ પૃથ્વીમાં અંશ અવકાશ ભૂત તત્ત્વ ગણાય છે. પૃથ્વીમાં કકડા રૂપે નોખું પડે છે તે માનવું. તત્ત્વ અંગભૂત અંશ સમજવું, તે આકાશના મૂળ તત્ત્વથી સમજવું. એ જ આકાશ તત્ત્વ ગણાય છે.

(૨) આકાશ તે પૃથ્વીમાં રહે છે. ને પૃથ્વીની ક્રિયા માત્ર પણ આકાશમાં જ થાય છે. પણ પૃથ્વીનો વિકાર તે આકાશમાં લેશ માત્ર અડતો જ નથી. આ જ રીત્યે પૃથ્વીથી આકાશ નિર્લેપ છે. આ જ રીત્યે આકાશ અંશ તત્ત્વ અંશ ગણાય છે.

(૩) જળને વિષે આકાશ રહે છે, તેથી જળ તે નિર્મળ છે. તો જ જળ પૃથ્વી તત્ત્વ ગંધ થકી ને પૃથ્વીનો મેલ તે જીવના શરીરમાંથી ટાળે છે. આ જ રીતે આકાશ અંશભૂત ગણાય છે.

(૪) પૃથ્વી પ્રતિ જળ ને જળ પ્રતિ તેજ ને તેજ પ્રતિ વાયુ ને વાયુ પ્રતિ આકાશ સર્વત્ર જોવા, એવી જ જળને ઉપાસના આકાશની છે. તો પણ આકાશના ગુણ જુદા છે. ને જળના ગુણ જુદા જ છે. તે જ આકાશ અંશ અંગભૂત ગણાશે.

(૫) આકાશ તે અગ્નિમાં જ રહે છે. તેથી જ અગ્નિ પોતાનો જે આહારરૂપ ક્રિયા કરવા સમર્થ થાય છે. છતાં તેનું માન આકાશને છે જ નહિ; આ જ રીતે આકાશ છે. નિર્માની પૃથ્વી પ્રતિ અંશ આધાર અંગભૂત ગણાય છે.

(૬) આકાશ તે વાયુમાં રહે છે. અગ્નિમાં રહે છે. તે જળમાં રહે છે. ને પૃથ્વીમાં રહે છે. પણ પૃથ્વીના વિકાર કકડા આકાશને અડતા જ નથી. ને જળનું કારણ ઈ સત્તા તે આકાશને અડતી જ નથી ને તેજ તે કરતા ભોક્તા તે આકાશને છે જ નહિ. તેમજ વાયુ તે દશ ઈંદ્રિયુનો આત્મા છે. ને પૃથ્વી, જળ, તેજ નો પ્રતિ વાયુ છે. તે કાયમ હંમેશ આકાશમાં રહે છે. એવો જ વાયુ તેનો અંશભૂત આકાશ અંશ ગણાય છે.

(૭) એમ જ છતા આકાશ તે પૃથ્વીની સ્થિરતા રાખે તે જળની સ્થિરતા રાખે ને તેજની સ્થિરતા રાખે ને વાયુની સ્થિરતા રાખે એટલે ચાર ભૂતના દોષ ન જ જુવે તે જ અંગ અંશભૂત ગણાય છે.

(૮) આકાશ તે અંશભૂત કાળ જીવોનો દેહ તે અલ્પ જણાય છે. તેમાં જ ચાર ભૂતમાં આકાશ તે અલ્પજ્ઞ તરીકે જણાય છે. તે જ આકાશ અંશભૂત અંગ ગણાય છે.

(૯) ને આકાશમાં ભૂત ઈંદ્રિયું દેવતા આદિક પ્રાણધારી પ્રાણ સહિત આકાશમાં રહે છે. પણ એ સર્વે ભક્તને આકાશ તે અગોચર ને અગમ ને અપાર પ્રમાણમાં મનાય છે. આ જ આકાશ અંશભૂત અંગ ગણાય છે.

(૧૦) આ આકાશ સર્વે વિભાગ તે શબ્દવેધી ગુરુ શબ્દથી જણાય છે. એ જ મૂળ આકાશ તત્ત્વ અંશ ગણાય છે. શબ્દથી જ આકાશ વિભાગ છે.

એવો જે આકાશ તે તામસ અહંકારના એક અંશમાંથી થાય છે. તે તામસ અહંકાર રાજસ અહંકારની દૃષ્ટિથી જ જોઈએ તો ભૂત ઈંદ્રિયું અંતઃકરણ એ જ સર્વેના ગુણ લક્ષણથી જાણવા. સ્વરૂપ સ્વભાવ સમજવા ને ઉત્પત્તિમાં તત્ત્વના નામ દર્શાવવા છે. ને તત્ત્વના નાશમાં ચાર પ્રકારના પ્રલય ગણાય છે. નિત પ્રલય ને નિમિત્ત પ્રલય ને પ્રાકૃત પ્રલય ને આત્યંતિક પ્રલય છે. તત્ત્વના અંશ ૧૦ માં ત્રણ પ્રકારનો અહંકાર તે ત્રણ અંશ ગણાય છે.

(૧) રાજસાહંકાર તત્ત્વ અંગ અંશ ગણાય છે.

(૨) તામસાહંકાર ગણાય છે.

(૩) સાત્ત્વિક અહંકાર ભૂત અંશ ગણાય છે.

(૪) એજ ત્રણેયની ઉત્પત્તિ અંગ અંશ ગણાય છે.

(૫) ને એનો લય(પ્રલય) તે અંશ ગણાય છે.

(૬) ઉપર લખાયા આ જ પાંચને ઈશ્વરના અંશ જગત ધારણ કરે છે. એ જ અંશ અંગ ગણાય છે.

(૭) ને જગત એ ભૂત ને ઈંદ્રિયું અંતઃકરણ તે માયા ગણાય છે. પણ એકબીજામાં મળે ત્યારે માયા ગણાય છે. એ જ અંગ અંશ ગણાય છે.

(૮) પણ માયા તે અહંકાર અનાદિ બ્રહ્મરૂપ ગણાય છે. એ જ અહંકાર અંશ અંગ ગણાય છે.

(૯) અહંકાર તે જગત ધારણ કરે છે. છતા કુટસ્થ બ્રહ્મ ભૂત ગણાય છે. આ જ અહં અંશ અંગ ગણાય છે.

(૧૦) ને અહંકાર ત્રણ પ્રકારનાથી મૂકાવું નિર્મળથી એટલે શુદ્ધ રજ ને શુદ્ધ સત્વ ને શુદ્ધ તમથી રહિત એટલે એક એક ગુણમાં રહેવું એ જ અંગ ગણાય છે.

(૧) એટલે પ્રકૃતિ પુરુષ પણ મહામાયાના એક અંશમાંથી થાય છે. તે અંશ તો પ્રકૃતિના ભાવ ગણાય છે. આ જ માયા તે પ્રકૃતિ એટલે સ્વભાવને વશથી મોટી છતા નાની ગણાય છે. એજ પ્રકૃતિ અંશ અંગ ગણાય છે.

(૨) ને પ્રકૃતિ તે ત્રણ અંગ અંગી અંશ ગણાય છે.

(૩) ને ત્રણ અંગવાળી માયા તો નાશવંત છે. તો તે અચળ શી રીત્યે છે ? તે માયા તત્ત્વ તો ધર્મ અંશપતિ ફળ અંશ તે ગતિ ફળની પ્રાપ્તિ માયા આમ અચળ છે. આ તત્ત્વ માયા અંગ અંશ ગણાય છે.

(૪) માયા રાજસ અચળ રાગ, મોટપ ને સુખ. એ જ ત્રણ ગુણે માયા અચળ ગણાય અંગ અંશ ગણાય છે.

(૫) ને માયા તામસ અચળ મોહ, કલેહ ને ફળ પરીણામ અચળ ગણાય છે, એ જ માયા અચળ છે. તે જ માયા અંગ અંશ ગણાય છે.

(૬) ને માયા ત્રણ ગુણે યુક્ત ક્ષણિક એટલે નહિ સ્થિર માયા નાશવંત અચળ ગણાય છે.
(૭) ને માયામાં ત્રણ ગુણ ગંભીર ને કોઈનો નહિ નાશ છતાં ક્ષોભરૂપ ભય છતાં અચળ એ જ અંગ ગણાય છે.
(૮) ને માયા તો ત્રણ ગુણવાળી જ નિર્વિશેષ ગણાય છે. આ જ અચળ ગણાય છે. અંગ અંશ માયા સમજવી.
(૯) ને ત્રણ ગુણ ભક્તિભાવ અચળ માયા અંશ અંગ ગણાય છે.
(૧૦) આ માયા તે માયા મિશ્રિત જીવથી જ જીવન છે. આ અંગ અંશ ગણાય છે.

(૧) એવી જે માયા તે પણ મહામાયાના અંશમાંથી થાય છે. મહામાયા તો જડ ચીદ્ રૂપે ને એ પ્રકૃતિનો આધાર મૂળમાયા મહામાયા તે ગણાય છે. ને મહામાયા દયા અંશ અંગ ગણાય છે.
(૨) ને મહામાયા કાયા જ ગણાય છે. એજ અંગ અંશ ગણાય છે.
(૩) જે મહામાયા હું જ ગણાય છે. એજ અંગ અંશ ગણાય છે.
(૪) ને મહામાયાને મહાપુરુષનું વીર્ય ગણાય છે. એજ અંશે અંગ ગણાય છે.
(૫) ને મહામાયા તો મહાપુરુષનું સુખ ગણાય છે. એ જ અંગ અંશ ગણાય છે.
(૬) ને મહામાયા તો મહાપુરુષનું ઐશ્વર્ય છે. એ જ અંગ અંશ ગણાય છે.
(૭) ને મહામાયા તો મહા અદ્ભૂત જ્ઞાન તે વૈરાગ્યે ને ભક્તિનું મૂળ ફળ તે મહામાયા છે. એ જ અંશ અંગ ગણાય છે.
(૮) ને મહામાયા તો મહાપુરુષને નિર્ભયતા લેવાય છે. એ જ અંગ અંશ ગણાય છે.
(૯) ને મહામાયા તો મહાપુરુષનો સંકલ્પ લેવો એ જ અંગ અંશ ગણાય છે.

(૧૦) ને મહામાયા તો મહાપુરુષની અણસમજણ તે શું, તો મુક્તે સહિત પુરુષોત્તમનું દર્શન એ જ અંગ અંશ ગણાય છે.

એવી જે મહામાયા તે મહાપુરુષના એક અંશમાંથી થઈ છે. એવો જે મહાપુરુષ તે પણ અક્ષર બ્રહ્મના એક દેશમાંથી થયો છે. તો તે મહાપુરુષના દસ અંશ જાણવાની અમારી ઈચ્છા છે.

(૧) ને મહાપુરુષ તો મહામાયાનો નિયંતા અંશ અંગ ગણાય છે. તેનું નામ પુરુષ છે.

(૨) ને મહાપુરુષ તો પોતે એકલો તે પ્રકૃતિના કાર્ય નાશ પામ્યા તે સંકોચથી ગણાય છે. એ જ મહાપુરુષનું અંગ અંશ ગણાય છે.

(૩) ને મહાપુરુષ તો ક્ષેત્રજ્ઞમાં માયાનો છે. તો તે જીવની ગતિ છે. એ જ અંશ અંગ ગણાય છે.

(૪) ને મહાપુરુષ તો સ્વયં જ્યોતિ તરીકે ઈશ્વર ગણાય છે. એ જ અંગ અંશ ગણાય છે.

(૫) ને મહાપુરુષનો પોતાનો પુત્ર ઈશ્વર વૈરાટને માયાનો બાધ ન જ થાવા દે. તેથી જ તે પુરુષોત્તમ ગણાય છે. એ જ મહાપુરુષ અંશ અંગ ગણાય છે.

(૬) ને મહાપુરુષ તે પુરુષોત્તમની આજ્ઞા સ્વીકારી તેથી જ તે અક્ષર મુક્ત ગણાય છે. એ જ મહાપુરુષ અંશ અંગ ગણાય છે.

(૭) ને મહાપુરુષ તો અક્ષર મુક્ત છે. તો જ પ્રકૃતિથી વિજાતિય છે. એ જ મહાપુરુષ અંગ અંશ ગણાય છે.

(૮) ને મહાપુરુષ તે અક્ષરમુક્તમાં ન્યૂન છે. શાથી ? જે એ એમ જ માને છે જે આ કોઈએ આજ્ઞા ન જ સ્વીકારી ને મેં જ સ્વીકારી છે. તે જ અજ્ઞાન અવસ્થાથી અજ્ઞાન ઘટે છે. ને એમ ન જાણે તો અક્ષર તથા મુક્તમાં અજ્ઞાન મનાશે. એ જ મહાપુરુષ અંશ અંગ ગણાય છે.

(૯) ને મહાપુરુષની ભૂલ તે શું ? જે, અક્ષર ને અક્ષર મુક્તનું સુખ ને માયાનું સુખ તે સમાન મનાય છે. એ જ મહાપુરુષ અંશ અંગ ગણાય છે.

(૧૦) ને મહાપુરુષ તે મહા આંધળો જ ગણાય છે. કારણ કે પોતાની ભૂલ ને પોતાના અજ્ઞાનનું ઐશ્વર્ય પ્રભુતાઈ દૂર કરી દાસના દાસ તેના પણ દાસ તે મહાપુરુષથી થવાશે જ નહીં. માટે પ્રગટ રૂપને ઐશ્વર્યવાન ન જ જાણે તે વાત ઐશ્વર્યવાનને જાણવાની છે. એ જ મહાપુરુષ અંશ અંગ ગણાય છે.

ને અક્ષર બ્રહ્મ તો પુરુષોત્તમ નારાયણનું ધામ છે. ને ધણી તરીકે પ્રભુના માનવામાંજ આવે છે. તો જ અંગ અંશ તે મહાપુરુષને નહિ ને દેશ અંશથી જ અક્ષરનો મહિમા તે અમારા માન્યામાં આવે છે. તે દશ દેશ ને સૂર્ય માથે આવે ત્યારે જ કલ્પાશે તે સૂર્યને ઠેકાણે અક્ષર ગણાય છે.

(૧) તેમાં અક્ષર દેશ પૃથ્વી માન્યતા છે.

(૨) ને અક્ષર દેશ તો જળ ગણાય છે.

(૩) ને અક્ષર દેશનો તેજ એટલે ? પ્રકાશ જણાય છે.

(૪) ને અક્ષર દેશ તો વાયુ છે. તે જેમ વાયુ ને આધારે જળ અદ્ધર રહે છે. તેમજ અક્ષર આધાર ગણાય છે.

(૫) ને અક્ષર દેશ તો આકાશ એટલે ? માન રહિત અક્ષર દેશ છે.

(૬) ને અક્ષર દેશ તો અહંકાર એટલે ? પ્રભુ સતા(છતા) જીવ ઈશ્વર આદિક ગણાય છે.

(૭) ને અક્ષર દેશ તો પ્રધાન ને પુરુષ ને ધામ તે જીવ ઈશ્વરનો વિરામ એટલે ? સુષુપ્તિ લેવી.

(૮) ને અક્ષર દેશ તો મહામાયા છે. તે ભાગવતમયતનુ ધામ ગણાય છે.

(૯) ને અક્ષર દેશ તો દશ દેશવાળો પુરુષ જણાય છે. તે મહાપુરુષ

લેવો તે પણ અવતારાદિક સમેત દેશ ગણાય છે.

(૧૦) ને આ લોકનો મુક્ત પણ અક્ષર દેશ ગણાય છે.

(૧) ને આ લોકના મુક્તને જીવવાની ઈચ્છારૂપી વાસના ન ટળે.

(૨) ને ધર્મ પાળે છે. તે જગતને બતાવવા સારું.

(૩) ને આ લોકના મુક્તને વૈરાગ્ય રૂપ ઐશ્વર્ય છે; પણ તે રાગ ટળતો જ નથી.

(૪) ને જ્ઞાનરૂપ વિખ્યાતિથી જ આ લોકમાં ચિરંજીવી છે.

(૫) ને આ લોકના મુક્તને આત્મનિષ્ઠા છે. પણ પૃથ્વીની ઉપાસના છે.

(૬) ને આ લોકના મુક્તમાં ભક્તિ છે પણ વિખ્યાતિ રૂપ ફળ પમાડે છે.

(૭) ને આ લોકના મુક્તનો ધામ પૃથ્વી માયા ગણાય છે.

(૮) ને આ લોકના મુક્તને પશુ પક્ષી ભક્ત મનાય છે.

(૯) ને આ લોકના મુક્તને આ કહ્યા જે ગુણ હોય પણ આ લોક વિખ્યાતિમાં જ ઉપાસના છે.

(૧) ને દેવલોકના મુક્તમાં ધર્મ છે. પણ ધણી વિનાનો છે. તેથી રાગ કોણ ટાળે ? પળે ધર્મનું ફળ મળે.

(૨) ને દેવલોકના મુક્તમાં વૈરાગ્ય છે, પણ અમર પદવીનો ત્યાગ ન જ થાય તેથી જ દેવલોકરૂપ વેશ્યાવાડાનો ત્યાગ ન જ થાય.

(૩) ને દેવલોકના મુક્તમાં જ્ઞાન છે. પણ ભક્ત દેવમાં ઈર્ષા જણાય છે.

(૪) ને આત્મનિષ્ઠા છે પણ મરણનો ભય નથી જતો.

(૫) ને દેવલોકના મુક્તમાં ભક્તિ છે. પણ ત્યાંથી ઉંચું જવાતું જ નથી.

(૬) ને દેવલોકના મુક્તને ઉપાસના છે પણ ફળની છે. તેથી જ દેવ પદવી ભોગવે છે.

(૭) ને દેવ લોકના મુક્તને ધામ છે. પુન્યનું ફળ ભોગવીને જમપુરી જતી નથી.

(૮) ને દેવલોકને અનેક ગુણ છે. પણ ગંભીરતા જણાતી જ નથી જ. દેવનું મંડળ ડોલે છે.

(૯) ને દેવને દેવ પદવીનું દાન કરે છે. પણ રાગ સોતું છે.

(૧) ને બદ્રીનાથના મુક્તમાં તપ છે. પણ ધારા પ્રમાણે છે.

(૨) બદ્રીનાથના મુક્તમાં જ્ઞાન છે. પણ પોતાના ધારા પ્રમાણે તેથી જ પ્રકૃતિ જણાય છે. (૨)

(૩) ને બદ્રીનાથના મુક્તમાં આત્મનિષ્ઠા છે. પણ ધારા પ્રમાણે છે. તેથી જ તપ હું જ કરું છું એમ મનાય છે.

(૪) ને બદ્રીનાથના મુક્તમાં ભક્તિ છે. પણ પોતાના તપમાં મળતું આવે તો જ પ્રેમ થાય.

(૫) ને બદ્રીનાથના મુક્તોને ઉપાસના છે. પણ તપમય ભક્તમાં છે. પણ પોતાના ધારા પ્રમાણે.

(૬) ને બદ્રીનાથના ભક્તને ધામ છે, પણ ત્રણ અવસ્થા રૂપ ઘટે છે.

(૭) ને બદ્રીનાથના મુક્તને પ્રગટ ભક્ત ને પ્રગટ ભગવાન તે પણ તપમય મનાય છે.

(૮) ને બદ્રીનાથના ભક્ત ને ઉપાસના છે પ્રગટ પ્રભુની; પણ તપમાં મળતું આવે તો.

(૯) ને બદ્રીનાથના ભક્તને કહ્યા જે ગુણ પણ મૂઢ છે. તેથી જ તપને ઝાલે છે.

(૧) ને શ્વેતદ્વિપના મુક્તમાં કારણ શરીરને ટાળવા પુરતો ધર્મ છે.

(૨) ને શ્વેતદ્વિપના મુક્તમાં વૈરાગ્ય છે. પણ સ્થૂળ દેહને સૂક્ષ્મ દેહ એ બે દેહને ટાળવા પૂરતો જ છે.

(૩) ને શ્વેતદ્વિપના મુક્તમાં જ્ઞાન છે. પણ કાળનો આહાર કરે છે. ને જ્ઞાનીને કોઈ પ્રકારનો આહાર જ નથી.

(૪) ને શ્વેતદ્વિપના મુક્તમાં ભક્તિ છે. ને પાંચ વખત શ્વેતપતિ દર્શન દે છે. પણ કારણગ્રંથિ ગળતી જ નથી.

(૫) ને શ્વેતદ્વિપના મુક્તમાં આત્મનિષ્ઠા તો છે. પણ સ્થાનને ઓળખતા જ નથી.

(૬) ને શ્વેતદ્વિપના મુક્તને ધામ છે. તે ધામમાં કાળ કલ્પ પર્યંત આવતો જ નથી.

(૭) ને શ્વેતદ્વિપના મુક્તનું ધામ તે શ્રીજીને ગમતું જ છે. છતાં કારણગ્રંથિથી જ ધામનું સુખ નથી જ આવતું.

(૮) ને શ્વેતદ્વિપના મુક્તને ઉપાસના તો છે. તેથી જ કાળનો આહાર કરવાની મોટપ છે.

(૯) ને શ્વેતદ્વિપના મુક્તને પ્રગટરૂપ પ્રભુ ને તેના દાસ તેનું ને પોતાનું બળ છે. એ જ પ્રગટની ઉપાસનામાં ખામી છે.

(૧) ને વૈકુંઠના મુક્તને ધર્મ તો છે, પણ પ્રગટ પ્રભુના ધારા પ્રમાણે નહીં ને પોતાના ધારા પ્રમાણે છે.

(૨) ને વૈકુંઠના મુક્તમાં વૈરાગ્ય તો છે. પણ સ્ત્રી આદિકનો ત્યાગ ન જ થાય.

(૩) ને વૈકુંઠના મુક્તમાં જ્ઞાન તો છે. પણ ઐશ્વર્ય તરીકે ચાર હાથથી જ પ્રભુ મનાય છે.

(૪) ને વૈકુંઠના મુક્તને ભક્તિ તો છે, પણ ચાર ચરણની ઉપાસનાથી જ છે.

(૫) ને વૈકુંઠના મુક્તને ધામ તો છે, પણ ધર્મ જ મનાય છે.

(૬) ને વૈકુંઠના મુક્તને ઉપાસના તો છે, પણ પ્રગટ ભગવાન ને તેના કરતા અધિક ધર્મ મનાય છે.

(૭) ને વૈકુંઠના મુક્ત તે આત્મનિષ્ઠામાં પ્રભુની ઉપાસના લે છે.

(૮) ને વૈકુંઠના મુક્તને ભાગવતીતનુ જ આ કહ્યા તે, માલમ પડે છે.
(૯) ને વૈકુંઠના મુક્તને પ્રાકૃત પ્રલયમાં ધર્મરૂપ સ્થાનનો માગ જ દેવો પડે છે.

(૧) ને ગોલોકના મુક્તમાં પ્રેમ મુખ્ય જ છે.
(૨) ને ગોલોકના મુક્તને પ્રેમમાં જ્ઞાન મનાય છે.
(૩) ને ગોલોકના મુક્તમાં વૈરાગ્ય તો છે જ નહીં પણ પ્રેમમાં મળતો જ વૈરાગ્ય રાખે છે.
(૪) ને ગોલોકના મુક્તમાં આત્મનિષ્ઠા પ્રેમમાં જ આવી જાય છે.
(૫) ને ગોલોકના મુક્તમાં ધર્મ તે ધણી જ મનાય છે.
(૬) ને ગોલોકના મુક્તને ધામ તે ચતુર્ધા મુક્તિ તે અલૌકિક છે.
(૭) ને ગોલોકના મુક્તને ઉપાસના તો છે પણ આત્મનિષ્ઠા વિનાની એટલે રતીદેવ.
(૮) ને ગોલોકના મુક્તને ગોલોકમાં પણ પ્રગટરૂપ કૃષ્ણ ગણે છે.
(૯) ને ગોલોકના મુક્ત તે માન્યથી જ વાત પ્રમાણે છે.

(૧) ને અક્ષર મુક્તમાં ધર્મ તો છે. શ્રીજીને તુલ્ય ધર્મ મનાતો જ નથી.
(૨) ને અક્ષર મુક્તમાં જ્ઞાન તો છે પણ પ્રગટમાં સહાયતાથી.
(૩) ને અક્ષરમુક્તમાં વૈરાગ છે પ્રગટ પ્રભુ સિવાય.
(૪) ને અક્ષરમુક્તમાં આત્મનિષ્ઠા તો છે પણ પરાત્પર મનાય છે.
(૫) ને અક્ષરમુક્તમાં ભક્તિ તો છે, પણ પ્રગટ પ્રભુના ગમતામાં લેવી.
(૬) ને અક્ષરમુક્તમાં હેત તો છે પણ પોતાના દેહના જ જેટલો.
(૭) ને અક્ષરમુક્તમાં રહેવું તે જ સ્વભાવ ઘટે છે.
(૮) ને અક્ષરમુક્તમાં જ ઉપાસના ખચીત જ ઠેરાવાશે.
(૯) ને અક્ષરમુક્ત સિવાય લખ્યા ગુણની નહિ જ ગણતી.

(૧) ને ઉત્તમ અક્ષર મુક્ત તો ધર્મને ન જ દેખે ને પ્રગટ પ્રભુ દેખે.
(૨) ને ઉત્તમ અક્ષરમુક્ત પ્રગટની પાસે વૈરાગને ઠોકર મારે છે.
(૩) ને ઉત્તમ અક્ષરમુક્ત તો જ્ઞાન તે વિજ્ઞાનથી જ્ઞાનને રાખના પડીકા માને છે.
(૪) ને ઉત્તમ અક્ષરમુક્તિ રૂપી સ્વભાવ કાયા તરીકે ને કાયાની પાછળ છાંયા જરૂર દોડે છે, પરાભક્તિથી.
(૫) ને ઉત્તમ અક્ષર ભક્તને આત્મનિષ્ઠા તો તે ભક્તને ભક્તમાં જ છે.
(૬) ને ઉત્તમ અક્ષર મુક્તને ઉપાસના તો ઉપાસ્ય પ્રગટ પ્રભુ સ્વામિનારાયણ છે.
(૭) ને ઉત્તમ અક્ષર મુક્તને ધામ તો ધણી સ્વામિનારાયણ છે.
(૮) ને ઉત્તમ અક્ષર મુક્તને માનેથી આ જ ગુણ છે.
(૯) ને ઉત્તમ અક્ષર મુક્તમાં જેમ સમુદ્ર જીવ છે. તેમજ ભગવાનમાં તે, ને તેમાં ભગવાન છે.

(૧) ને અક્ષર છે તે મૂળ પૃથ્વીપતિ ને તેના જે મુક્ત ને મુક્તના સુખ ઐશ્વર્ય તે અક્ષરનો દેશ એક ગણાય છે.
(૨) ને અક્ષર તો ગોલોકપતિ ને મુક્ત ને તેવા ગુણ ઐશ્વર્ય તે અક્ષરનો એક દેશ ગણાય છે.
(૩) ને અક્ષર તો વૈકુંઠપતિને વૈકુંઠ મુક્ત ને તેના સુખ ઐશ્વર્ય તે અક્ષરરૂપ એ દેશ છે.
(૪) ને અક્ષર બદ્રિપતિ ને બદ્રિપતિના મુક્ત ને તેના સુખ ઐશ્વર્ય તે રૂપ દેશ છે.
(૫) ને અક્ષર શ્વેતદ્વિપપતિ ને તેના મુક્તને તેના સુખ ઐશ્વર્ય રૂપ તે અક્ષર દેશ ગણાય છે.
(૬) ને અક્ષર વૈકુંઠનાથ ને વૈકુંઠના મુક્ત ને તેના ઐશ્વર્યને સુખ રૂપ તે

અક્ષર દેશ ગણાય છે.

(૭) ને અક્ષર દેવલોકપતિ ને તેના મુક્ત ને તેના સુખ ને ઐશ્વર્ય રૂપ અક્ષર દેશ ગણાય છે.

(૮) ને અક્ષર મહાપુરુષ પુરુષોત્તમ અક્ષરનો કનિષ્ટ મુક્ત ને તેના સુખ ને ઐશ્વર્ય તે અક્ષરરૂપ દેશ ગણાય છે.

(૯) ને અક્ષર મધ્યમ મુક્ત ને તેના ઐશ્વર્ય ને પ્રભુતારૂપ સુખને ભુલથી માને તો પ્રભુ સ્વામિનારાયણ નોખા મનાય છે. એ જ તે રૂપ અક્ષર દેશ ગણાય છે.

(૧૦) ને અક્ષરના નવ લક્ષણથી ભરપૂર છે. છતાં નોખા સર્વોપરી સ્વામિનારાયણ રૂપ સૂર્યથી જ દશ દેશ કલ્પાશે. ને સ્વામિનારાયણ રૂપ સૂર્ય તેથી જ દશ દેશ કલ્પે. આ લખ્યા સૂર્યરૂપી દેશ સ્વામિનારાયણથી પોતે જ સ્વામિનારાયણ છે. તો જ મોહરૂપ તમનો નાશ કરે તે જ પોતે સ્વામિનારાયણ છે. એમ જ પંચાળાના સાતમા વચનામૃતમાં લખેલ છે.

અને તે અક્ષર થકી પર અક્ષરાતીત એવા જે, પુરુષોત્તમ ભગવાન તે છે. અને જે કારણ હોય તે પોતાના કાર્યને વિશે વ્યાપક હોય ને તેથી જુદું પણ રહે છે. માટે એ સર્વેના કારણ જે પુરુષોત્તમ ભગવાન, તેની દૃષ્ટિએ કરીને જોઈએ, ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહિ એવા જે ભગવાન તે જ કૃપા કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે. ત્યારે જે જીવ સંતનો સમાગમ કરીને એ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એના ઈંદ્રિયું, અંતઃકરણ એ સર્વે પુરુષોત્તમ રૂપ થઈ જાય છે. ત્યારે તેણે કરીને ભગવાનનો મહિમાએ સહિત નિશ્ચય થાય છે. જેમ હીરો તે હીરા વતે જ વેંધાય છે, તેમ ભગવાનનો નિશ્ચય તે ભગવાન વતે જ થાય છે. ને

અક્ષરદેશને પણ મૂર્તિમાન મહિમા સહિત ને ગુણે યુક્ત ને બધા પ્રકારે સર્વોપરી પુરણબ્રહ્મ સ્વામિનારાયણ માન્યા છે તે પણ એક હીરો જ ગણાય છે. ને શ્રીજી સ્વામિનારાયણ પુરુષોત્તમ પણ હીરો છે, એ બંન્ને હીરાની કિંમત તો થઈ શકે જ નહિ, પણ હીરાના જાણતલ તે હીરો કાનથી સાંભળ્યે જ હીરાનું શું પ્રમાણ કરે છે ? તેમાં દષ્ટાંત છે જે એક ભરવાડને હાથ હીરો આવ્યો તે ભેંશની કોટે બાંધ્યો. તેની કિંમત શું કરવી ? ને તે તો કિંમત શરદ પૂનમ રૂપી ચંદ્રથી મધરાતે ચંદ્ર માથે આવ્યેથી ને મુક્તરૂપી પાણીથી ને સોનાની થાળી રૂપી મધ્યમ મુક્તથી ને હીરા રૂપી ટેબલથી ને અવતારો રૂપી મહિમા ધરા તે બિલોરી કાચની હોઈને વળી પૃથ્વી ભરાય એટલા જ હીરા થયા ને મૂળ હીરો છે, તેમાંથી થયા જે હીરા તે કિંમતે કરીને તથા આકારથી ને કોઈ પ્રકારથી ન્યૂન નહિ, ને પછી તે બધા હીરા ભેળા જ  કરે છે. ને પછી કોઈ પણ આંધળાને પાસે કહીએ જે આમાંથી પેલો હીરો ગોતી લે જે હીરાની કિંમત નથી તેની પાસે આ કહ્યો જે હીરો તે આંધળાને હાથથી વેધાશે જ નહિ ને વેધાશે તો પ્રગટ સંત ને પ્રગટરૂપ અક્ષર ને પ્રગટ પુરુષોત્તમની કિંમત તો સંત ને અક્ષર મુક્તથી જો શ્રીજી તો સર્વોપરી ને સદા સર્વમાં જ રહે છે માટે સંતમાં જ વળગવું ને ગંધાતા જ વિષયમાં પણ જીવ વળગે છે. તો આવા જ રૂડા સંત છે. ને કાળ માયા તો જેના સામું ન જ જોઈ શકે એવા જ પરમ પુરુષથી પુરુષોત્તમનો નિશ્ચય થાય છે. પણ વિષયમાં આંધળા થઈને પુરુષોત્તમનો નિશ્ચય ન જ કરવો ને સ્ત્રીનો ત્યાગ ને સ્નેહનો ત્યાગ ને રસાસ્વાદનો ત્યાગ ને માનનો ત્યાગ ને વળી સાક્ષાત્ સ્વામિનારાયણના ઉપાસકની આગળ આપણું ડા'પણ ચતુરાઈ મેલીને તે જ પુરુષને હાથ જોડી વિનયે સહિત તે જ પુરુષની આગળ વરતવું તો જ હીરા વત્યે જ હીરો વેધાશે; નહિ તો હીરો છે પણ કાંકરો મનાશે, ને આવા સર્વોપરી સ્વામિનારાયણ ને પુરણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ને તેના જનને શું જાણે ? ન જ જાણે.

ને અમને તો એમ જ થાય છે જે, સંત શ્રીજીનાને હાથ જોડ્યા સિવાય ન જ સમજવું. ને સંત વિના સુખ તો જેમ સ્ત્રી વિના પુત્ર ન જ માનવો. તેમ જ સાક્ષાત્ સંતથી સુખના ભંડાર ને પાપને ટાળે એવા જે ભક્તિ પુત્ર સહજાનંદ તો કોઈ વખત સ્વપ્નમાં પણ નહિ જ આવે; તો ધામ નહિ જ મળે ને ધામના ધણીથી જ ધામ મળે છે. જેમ ગાયથી જ ગાયનું દૂધ છે તેમ જ શ્રીજી સંતથી ધામ રૂપ ને દોષથી રહિત થવાય છે. ને આમાં સહજાનંદનો મહિમા તો કહેવા સામર્થી નથી મુજ તણી. ને મેં તો શ્રીજી સંતને કહ્યા છે, તો જ શ્રીજી સંતથી જ આજ મુને કરૂણા થઈ છે. ને આમાં મુને મળ્યા સંતથી જ હું તે સંત માનું છું એમ સામર્થી મારી છે.

ઈતિશ્રી દાસના દાસની વિનંતી છે સંવત્ ૧૯૯૪ના મહાસુદિ-૧૨ દાસના દાસ સાધુ ધર્મપ્રસાદજી જોગી વિનંતી સાથ પ્રગટરૂપ વિનય સીતા પુસ્તક સોળમું સમાપ્ત થતું હવું. ॥ ૧૬ ॥

॥ ઈતિશ્રી વિનય સીતા સમાપ્તા ॥